વિશ્વભરમાં ૧૫,૦૦,૦૦૦૦ નકલોનું વેચાણ

વિચારો અને અમીર બનો

નેપોલિયન હિલ



VISIT…

LANZAROTE

Caliente.COM

વિશ્વભરમાં ૧૫,૦૦,૦૦૦૦ નકલોનું વેચાણ

વિચારો અને અમીર બનો

નેપોલિયન હિલ



વિચારો અને
અમીર બનો

(નેપોલિયન હિલનું ધૂમ મચાવનાર પ્રસિદ્ધ પુસ્તક
“Think & Grow Rich ”નું ગુજરાતી અનુવાદ)

નેપોલિયન હિલ

ડાયમંડ બુક્સ

ISBN : 978-81-228-2626-9

પ્રકાશક : ડાયમંડ પૉકેટ બુક્સ પ્રા. લિ.

X -30, ઓખલા ઇંડસ્ટ્રિયલ એરિયા, ફેઝ-II ,

નવી દિલ્હી-110020

ફોન : 011-41611861, 40712100

ફેક્સ : 011-41611866

ઇ-મેઇલ : sales@dpb.in

વેબસાઇટ : www.dbp.in

સંસ્કરણ : 2011

VICHARO ANE AMIR BANO

By Napolion Hill

પ્રકાશકીય

આશરે એક શતાબ્દી સુધી આખા યુરોપ અને અમેરિકામાં ધૂમ મચાવનાર આ પુસ્તકનું સંશોધિત અને સંપાદિત ગુજરાતી અનુવાદ પ્રસ્તુત કરતા અમે ઘણો આનંદ અનુભવી રહ્યાં છીએ. આ પુસ્તકની વિશેષતા છે, વ્યાવહારિક પૃષ્ઠભૂમિ પર સફળ અને ધનવાન થનાર વ્યક્તિઓના નિયમોનું રહસ્યોદ્ઘાટન કરવું, જે એ બધા માટે સુગમ હોય જેઓમાં આગળ વધવાની યોગ્યતા હોય છે અને જેઓ યોગ્ય માર્ગ-નિર્દેશનના અભાવે પોતાના લક્ષ્ય સુધી પહોંચી શકતા નથી. એન્ડ્રૂઝ કાર્નેગી, જેને અમેરિકી ઇતિહાસમાં 'પોલાદના સમ્રાટ' માનવામાં આવે છે, જેઓએ નેપોલિયન હિલને સૌ પ્રથમ આ માર્ગ દર્શાવતા વિનંતી કરી કે આના પર વ્યવહારિક રૂપમાં શોધ કરીને પોતાનો નિચોડ વિશ્વ સમક્ષ રજુ કરે. જ્યારે આ પુસ્તક શોધ(ખોજ) રૂપે પ્રકાશમાં આવ્યું ત્યારે તત્કાલીન અમેરિકી રાષ્ટ્રપતિએ ખુલ્લા હૃદયે સ્વાગત કર્યું અને સમગ્ર રાષ્ટ્રમાં પ્રસાર કરવાની કામના કરી. ત્યારથી માંડીને આજ સુધી કરોડો લોકોએ આ સૂત્રોનો ફાયદો લીધો અને પોતાના સ્વપ્નોને મુર્તિમંત કર્યા.

આ જ પુસ્તકનો પ્રસ્તુત અનુવાદ થોડા સંશોધિત અને સંપાદન રૂપે એટલા માટે કરવામાં આવ્યો કે ઘણા બધા વિવરણો તેમજ વ્યાખ્યાઓ આપણા ગુજરાતી વાચકો માટે બિનવ્યવહારૂ બની ગઈ છે. જેની પૂર્તિ પોતાના કેટલાક અનુભવો વડે કરવામાં આવેલ છે. પરંતુ મૂળ પ્રસારમાં વર્ણવાયેલ તેર સિદ્ધાન્ત અને તેનું લાગૂકરણ અક્ષુણ્ણ રાખવામાં આવેલ છે. અમને પૂરો વિશ્વાસ છે કે આ પુસ્તક વિદ્વાન વાચકોને ગમશે અને પૂરા ઉમળકા સાથે તેનું સ્વાગત કરશે.

વાચકોની નિરંતર સફળતાની કામના સહિત-

મૂળ લેખકને પ્રાપ્ત કેટલીક પ્રસિધ્ધ પ્રતિક્રિયાઓ

આપના ખંત માટે હું આપને અભિનંદન આપવા ઈચ્છું છું. જે વ્યક્તિ આટલા લાંબા સમય સુધી શોધ કરીને પોતાનો નિષ્કર્ષ બહાર લાવે છે તે ચોક્કસ પણે દરેક માટે અમૂલ્ય હોય છે. આપના 'માસ્ટર માઈન્ડ' સિદ્ધાન્તના વિવેચને મને અત્યંત પ્રભાવિત કર્યો છે.

-વુડરો વિલ્સન

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ

યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા

મને ખબર છે કે આપનું આ પુસ્તક દરેકનું ખૂબ જ ભલું કરી રહ્યું છે. ધન સંબધિત મૂલ્યથી ક્યાંય વધારે મોટી કિંમત આની છે, ઉપયોગ કરનારાઓમાં એ ગુણોને વિકસિત કરવાની પ્રેરણા, જેને ધનના માપદંડથી માપી શકાય નહી.

-જ્યોર્જ ઈસ્ટમેન

વિચારો અને અમીર બનો
મૂળ સંસ્કરણ માટે લેખકીય

આ પુસ્તકના દરેક અધ્યાયમાં એ ધન-પ્રાપ્તિના રહસ્યોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેના દ્વારા ૫૦૦થી વધારે ધનાઢ્ય વ્યક્તિઓ અખૂટ ધન પેદા કરી શકે અને તેના વિશે મેં ઘણા સમય સુધી વિશ્લેષણ કરીને મારા તારણો કાઢ્યા છે.

સૌ પ્રથમ લગભગ ૨૫ વર્ષ અગાઉ એના વિશે મારૂં ધ્યાન એન્ડ્રૂઝ કાર્નેગી દ્વારા આકર્ષિત કરવામાં આવ્યું. જ્યારે હું નાનો બાળક હતો ત્યારે એક પ્રિય અને ચતુર વૃદ્ધ સ્પોર્ટમેને આ વિચારો મારા મગજમાં રોપ્યા હતા. પછી તેઓ એક ખુરશીમાં પ્રસન્ન મુદ્રામાં મારી સામે એ જોવા માટે બેસી ગયા કે તેઓની કહેલી વાતોનું પૂરૂં મહત્વ સમજી શક્યો છું કે નહી.

જ્યારે તેઓએ જોયું કે મારી સમજણમાં તેમના વિચારો આવી ગયા છે, ત્યારે પૂછ્યું કે શું હું વીસ વર્ષ અથવા તેનાથી વધુ સમયગાળો આને વિશ્વની આગળ લાવવામાં ગાળી શકીશ કે નહી, જેથી આ રહસ્યોથી અજાણ લોકો અસફળતાને જ વેંઢાર્યા ન કરે. મેં કહ્યું કે ચોક્કસ હું એવું કરી શકીશ, એન્ડ્રૂઝ કાર્નેગીના સહકારથી મેં મારો વાયદો નિભાવ્યો.

હજારો લોકો દ્વારા વ્યવહારિક-પરિક્ષામાં ખરા ઉતરેલ રહસ્યોને આ પુસ્તકમાં પ્રગટ કર્યા છે. જેનો પ્રયોગ જીવનના દરેક ક્ષેત્રમાં થઈ શકે છે. આ શ્રી એન્ડ્રૂઝ કાર્નેગીનો વિચાર હતો કે આ જાદુઈ નિયમ-જેણે તેઓને આશાતીત સમૃદ્ધિ પ્રદાન કરી- તે સાધારણ લોકો સુધી પહોંચવો જોઈએ. જેઓની પાસે ધન કમાવાના સાધનો પર શોધખોળ કરવાનો સમય નથી. તેઓની અપેક્ષા હતી કે આ નિયમોની ચકાસણી જીવનના દરેક ક્ષેત્રના લોકો માટે કરીશ. તેઓનો જ વિચાર હતો કે આના વિશે દરેક શાળા અને કૉલેજોમાં શીખવવામાં આવે અને જો તેને યોગ્ય રીતે શીખવવામાં આવશે તો શૈક્ષણિક તંત્રમાં એક ક્રાન્તિ આવી જશે અને શાળાઓમાં પસાર કરવામાં આવતો સમય પણ લગભગ અડધો જ થઈ જશે.

શ્રી કાર્નેગીનો અનુભવ શ્રી ચાર્લ્સ એમ.શ્વાબ અને તેમના જેવા યુવકોને આશ્વસ્ત કરી ગયો કે શાળા અને કૉલેજોમાં દેખાડવામાં આવેલ ધન-ઉપાર્જન વિશેનું વ્યાવસાયિક શિક્ષણ લગભગ નકામું જ છે. તેઓ એ તારણ પર એ કારણોસર પહોંચ્યા કેમ કે આવા કેટલાય નવયુવકોને તેઓએ પોતાના વ્યવસાયમાં લીધા, જેઓનું શાળાનું ભણતર નહી જેવું હતું, પરંતુ આ નિયમોને લાગૂ કરવાનું જ્ઞાન પ્રાપ્ત થયા બાદ તેઓમાં ગજબની નેતૃત્વ શક્તિ ઉત્પન્ન થઈ ગઈ. આ સિવાય તેઓના કોચિંગથી તે દરેક વ્યક્તિએ જાતે સફળતા મેળવી જેઓએ આ નિર્દેશોનું પાલન કર્યું.

'ફેથ' કે 'વિશ્વાસ'ના અધ્યાયમાં 'ધી યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ સ્ટીલ કૉર્પોરેશન' એક બૃહદ કંપનીની અદ્‌ભૂત વાર્તાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ કંપનીને બનાવનાર અને ચલાવનાર એક યુવક હતો જેને શ્રી કાર્નેગીએ કહ્યું હતું કે તેમનો ફોર્મ્યુલા સંપૂર્ણ રીતે પ્રભાવશાળી હશે પણ એ શરતે કે આનો પ્રયોગ કરનાર પોતાના જીવનમાં આને લાગૂ કરવા માટે તૈયાર હોય. તે યુવકનું નામ હતું ચાર્લ્સ એમ.શ્વાબ, જેણે આ ફોર્મ્યુલા દ્વારા ધન અને અવસર બન્ને ક્ષેત્રમાં અસાધારણ સફળતા મેળવી. ઉપરછલ્લું જણાવું તો આ ફોર્મ્યુલાના ઉપયોગ વડે લગભગ છ અરબ ડૉલરની કમાણી કરવામાં આવી.

આ તથ્ય—જેઓ શ્રીમાન કાર્નેગીને ઓળખે છે તે બધાને ખબર છે— ઘણું બધું જણાવે છે કે આ પુસ્તકના પઠન-પાઠનથી તમને શું શું મળી શકે છે પણ એ **શરતે કે તમને પોતાને એ ખબર હોય કે તમે શું ઈચ્છો છો.**

પાછલા લગભગ વીસ વર્ષની પરખ-પ્રક્રિયામાંથી પસાર થયા અગાઉ પણ લાખો લોકોએ આ જ્ઞાનનો લાભ લઈને શ્રી કાર્નેગીની યોજના અનુસાર કામ કર્યું હતું. ઘણા તો લાખો કમાયા. તમે લોકોએ આ નિયમો દ્વારા પોતાના ઘરમાં સમરસતા અને શાંતિ પ્રાપ્ત કરી. એક પાદરીએ આનો ઉપયોગ એટલી ખુબીથી કર્યો કે એક મૉલમાં ૭૫ હજાર ડૉલરથી વધુ કમાણી પ્રાપ્ત કરી.

સિનસિનાટીના એક દરજી આર્થરનેશનો ધંધો લગભગ દેવાળીયાપણાના આરે પહોંચી ગયો હતો. તેમણે પોતાના ધંધાને 'પરીક્ષણ પશુ' ગિની પિગની જેમ પ્રયુક્તિ કરીને આ ફોર્મ્યુલાને લગાડ્યો અને ધંધાને ખૂબ ચમકાવી દીધો. આર્થરનેશ તો અત્યારે હયાત નથી પરંતુ તેઓનો ધંધો સરસ રીતે ચાલી રહ્યો છે. આ પરીક્ષણ એટલું લોકપ્રિય બન્યું કે સ્થાનિક દૈનિક પત્રો અને પત્રિકાઓએ લાખો ડૉલરની પ્રશંસા મફતમાં જ કરી નાંખી.

પછી આ રહસ્ય ડલ્લાસના સ્ટૂઅર્ટ ઓસ્ટિન બિયરને પ્રાપ્ત થયું, જેના માટે તેઓ એટલા બધા તૈયાર હતા - કે તેમણે પોતાનો વ્યવસાય ત્યજી કાયદાનું શિક્ષણ મેળવ્યું અને મોટી સફળતા હાંસલ કરી.

મેં આ રહસ્ય અંગે જેનિંગ રેન્ડોલ્ફને પણ જણાવ્યું જે દિવસે તેઓ કૉલેજમાંથી સ્નાતક બનીને બહાર નીકળ્યા હતા. તેઓએ આનો ઉપયોગ એટલી ખૂબીપૂર્વક કર્યો કે આજે તેઓ 'કૉંગ્રેસના સભ્ય' તરીકે પોતાનો ત્રીજો નિયમ પૂરો કરી રહ્યાં છે અને જો તેઓ આગળ પણ તેનો ઉચિત પ્રયોગ કરશે તો 'વ્હાઇટ હાઉસ' પણ તેઓથી દૂર નથી.

બીજા એક વ્યક્તિ છે શ્રી કે.જી.ચેપ્લિન, જેઓ લા-સૈલે એક્સટેન્શન વિશ્વવિદ્‌યાલયમાં વિજ્ઞાપનના વ્યવસ્થાપક હતા. ત્યારે તેઓની સંસ્થા બહુ સારી રીતે

ચાલતી નહોતી. અત્યારે તેઓ તે જ વિશ્વવિદ્યાલયના પ્રમુખ છે. આ સંસ્થામાં તેઓએ ફોર્મ્યુલાનો ઉપયોગ એટલી અસરકારક રીતે કર્યો કે આજે શિક્ષણ સંસ્થાઓમાં 'લા-સૈલે'નું નામ દેશની અગ્રગણ્ય સંસ્થાઓમાં કરવામાં આવે છે.

જેના પ્રમાણો આ પુસ્તકમાં સેંકડો વખત આપવામાં આવ્યા છે, જે રહસ્યનો હું ઉલ્લેખ કરી રહ્યો છું એનું કોઈ સ્પષ્ટ નામ નથી — કદાચ ગોપનીય-અનામ હોવાને કારણે એ આટલું અસરકારક રહ્યું છે કારણ કે જેઓ તેને શોધ કરવા માટે તૈયાર છે, તેઓ તેને શોધી જ લેશે. આ જ કારણે શ્રી કાર્નેગીએ ચુપચાપ મારી જેમ એ નામ રહિત રહસ્યને અવતરિત કર્યું હતું.

જો તમે આનો પ્રયોગ કરવા તૈયાર છો તો તમે આને આશરે એક વખત તો દરેક અધ્યાયમાંથી મેળવી જ શકશો. હું આ સ્પષ્ટતા કરવા મારા વિશેષાધિકારનો ઉપયોગ કરવા ઈચ્છું છું કે જ્યારે તમે તૈયાર હશો ત્યારે તે તમને મળી જ જશે. પરંતુ જ્યારે તમે પોતે પોતાની રીતે,પોતાની મેળે શોધશો, તો તમને વધુ લાભદાયી નિવડશે .

જ્યારે આ પુસ્તક તૈયાર થઈ રહ્યું હતું ત્યારે મારા દીકરાએ, જે કૉલેજના છેલ્લા વર્ષની તૈયારી કરી રહ્યો હતો, સહસા બીજા અધ્યાયની પાંડુલિપિ ઉઠાવી અને આ રહસ્યને પોતાની મેળે શોધી લીધું. તેણે તેનો ઉપયોગ એટલી ખૂબીપૂર્વક કર્યો કે સીધે-સીધું તેને જવાબદારીયુક્ત પદ પ્રાપ્ત થયું અને વેતન પણ સામાન્ય માણસને મળતા વેતન કરતાં ક્યાંય વધારે. તેની આખી કથાને બીજા અધ્યાયમાં દર્શાવવામાં આવેલ છે. જ્યારે તમે તમે તેને વાંચશો તો તમારા મનમાં કોઈ એવો ભાવ-જે અત્યારે હશે-નહી હોય કે આ પુસ્તક અતિશયોકિત ભરેલા દાવાઓ કરે છે. મને ભરોસો છે કે મારા પુત્રની વાર્તા અત્યાર સુધી મળેલ કોઈ પણ નિરાશા કે નિષ્ફળતાની હતાશાને દૂર કરવા માટે અસરકારક સાબિત થશે. નિષ્ફળતાનું કારણ ભલેને માંદગી કે શારીરિક અક્ષમતા હોય, મારા પુત્રની કથા જેમાં કાર્નેગીનો ફોર્મ્યુલા—પ્રયોગ વર્ણવાયો છે, તમારી નિરાશાના અફાટ રણમાં અંતિમ આશાનું કિરણ બનીને આવશે.

આ રહસ્યમય નિયમ કે ફોર્મ્યુલાનો પ્રયોગ રાષ્ટ્રપતિ વુડરો વિલ્સન દ્વારા બીજા વિશ્વ યુદ્ધમાં કરવામાં આવ્યો હતો. આને તાલિમના માધ્યમથી યુદ્ધમાં લડનાર પ્રત્યેક સિપાહીને સંતાડીને જણાવામાં આવ્યો. રાષ્ટ્રપતિ વુડરો વિલ્સને ખુદ મને જણાવ્યું કે યુદ્ધમાં આવશ્યક ધન એકઠું કરવા માટે આ નિયમનો પ્રભાવ અત્યંત અસરકારક સાબિત થયો હતો.

આશરે વીસ વર્ષ પૂર્વે માનનીય મેન્યુઅલ એલ.ક્વેજોને (ત્યારે ફિલીપાઈન્સ દ્વીપ સમૂહના રેસીડેન્ટ કમિશનર)પણ આ જ રહસ્યથી પ્રેરણા પામીને પોતાના લોકોને સ્વતંત્ર કરવાનું અભિયાન ચલાવ્યું. આખરે તેઓ પોતાના ઉદ્દેશ્યમાં સફળ બન્યા, ફિલીપાઈન્સ સ્વતંત્ર બન્યું અને તેઓ જ એ સ્વતંત્ર રાષ્ટ્રના પ્રથમ પ્રમુખ બન્યા.

આ જ રહસ્ય અંગે એક અદ્દભુત બાબત એ છે કે જેઓ આને પ્રાપ્ત કરે છે તેઓ ખૂબ ઓછા પ્રયાસે ભાવ અને સફળતાના ઝંઝાવાતમાં ઉડવા લાગે છે. તેઓ માટે નિષ્ફળતા તો જાણે અસંભવ જ બની જાય છે. જો તમને હજુ પણ સંશય હોય તો એ નામોના ઇતિહાસને ખુદ પારખી જુઓ, જેઓના નામ આ પુસ્તકમાં આવે છે. ત્યારે તમે પોતે જ સફળતાના આ રહસ્યથી આશ્વસ્ત બની જશો.

પરંતુ અહી એ વાત સ્હેજ પણ સાચી નથી કે નથી કરતાં કશું પણ સારૂં છે. હું સતત જે રહસ્યનું પ્રમાણ આપી રહ્યો છું એને કોઈ પણ કિંમત ચૂકવ્યા વગર મેળવી શકાતું નથી, તો પણ એ કિંમત એની સરખામણીમાં ખુબ જ અલ્પ છે જે તમે મેળવો છો. ન તો ધન વડે ખરીદી શકાય છે, ન તો તેને મેળવ્યા પછી તમે તેને ગુમાવી શકો છો. તેના બે કારણ છે — આ બે ભાગમાં પ્રાપ્ત થાય છે. પ્રથમ ભાગ તો તેઓ પાસે હોય જ છે જેઓ તેને મેળવી ચૂક્યા છે અને બીજો જેને માટે તેઓ તૈયાર છે.

જેઓ તૈયાર છે તેઓ માટે આ ઘણો અસરકારક હોય છે. શિક્ષણ સાથે તેને કંઈ લેવાદેવા નથી. મારા જન્મ થયા અગાઉ બહુ પહેલા થૉમસ એડીસન પાસે એ હતું જેનો તેઓએ અત્યંત ચતુરાઈથી તેનો પ્રયોગ કર્યો અને વિશ્વના અગ્રગણ્ય સંશોધક બની ગયા. એ પણ વિદિત છે કે તેઓનું શાળાકીય શિક્ષણ માત્ર ત્રણ માસ સુધી ચાલ્યું હતું.

આ રહસ્ય એડીસનના એક વ્યાપારી સાથીદારને ખબર હતું. આરંભમાં તેઓ વર્ષના ૧૨,૦૦૦ ડૉલર જ કમાઈ શકતા હતા - પછી તો તેઓએ ઘણું ધન પ્રાપ્ત કર્યું અને જ્યારે સક્રિય વ્યવસાયમાંથી સેવા-નિવૃત્ત થયા ત્યારે તે સમયે પણ તેઓ યુવાન લાગી રહ્યાં હતા. તેઓની કથા પ્રથમ અધ્યાયમાં વર્ણવામાં આવી છે. તેનાથી તમને પૂરો ભરોસો થઈ જશે કે ધન-સમ્પતિ તથા વૈભવ તમારી પહોંચની અંદર કે હાથવેંત જ છે, તમે જે ઈચ્છો છો તે બની શકો છો તથા ન કેવળ ધન બલ્કે પ્રસિદ્ધિ, માન્યતા અને સુખ એ બધા માટે ઉપલબ્ધ છે, જેઓ આ આશિષોને મેળવવા માટે સંપૂર્ણપણે કૃતનિશ્ચયી છે.

હું આને કેવી રીતે કરૂં, હું જાણું છું ? આ પુસ્તકને પુરૂં કરતા સુધી તમારી પાસે આ પ્રશ્નનો ઉત્તર હશે. તમને આ કાં તો પ્રથમ અધ્યાયમાં મળશે અથવા આ પુસ્તકના અંતિમ પૃષ્ઠ પર મળશે.

જ્યારે શ્રી કાર્નેગીના અનુરોધ પર હું વીસ વર્ષ સુધી આ વિષય પર સંશોધનકાર્ય કરી રહ્યો હતો, ત્યારે મેં સેંકડો પ્રસિદ્ધ વ્યક્તિઓના જીવનની સફળતા/પ્રાપ્તિ/ઉપલબ્ધિઓનું વિશ્લેષણ કર્યું. તેમાંથી બહુધા લોકોએ સ્વયં એ સ્વીકાર્યું કે તેઓને સફળતા કાર્નેગીના આ રહસ્યને કારણે જ પ્રાપ્ત થઈ છે. તે લોકોમાં સામેલ છે :

હેનરી ફોર્ડ

જૉન વાનામેકર

જ્યૉર્જ એસ. પાર્કર

હેનરી એલ. ડોહર્ટી

જ્યોર્જ ઈસ્ટમેન

જૉન ડબલ્યુ ડેવિસ

વિલ્વર બ્રાઈટ

ડૉ. ડમટિડ સ્ટારર જોર્ડન

ચાર્લ્સ એમ. શ્વાબ

ડૉ. ફ્રેન્ક ગુવસાઉલુસ

કિંગ જિલેટ

જજ ડેનિયલ ટી. રાઈટ

થૉમસ એ. એડીસન

એફ. ડબલ્યુ વુલવર્થ

એડવર્ડ એ. ફિલીન

આર્થર બ્રિસબેન

ડબ્લુ.એમ.હાર્વડટૈફ્ટ

એડવર્ડ ડબ્લુ બૉક

ઈલબર્ટ એચ. ગૈરી

જૉન એચ. પૈટરસન

સ્ટુઅર્ટ ઑસ્ટિન વિયર

જ્યૉર્જ એમ. એલેક્ઝાંડર

જેન્નિંગ્સ રેનડોલ્ફ

ક્લેરેન્સ ડારો

વિલિયમ રિગલે જુનિયર

જેમ્સ જે. હિલ

ઈ. એમ.સ્ટેટકર

સાઈરસ એચ.કે.કર્ટીસ

થીયોડોર રુઝવેલ્ટ

ઈલબર્ટ હઉબર્ડ

વિલિયમ જેન્નિંગ્સ બ્રાયન

જે. આડગેન આર્મર

હેરિસ એફ. વિલિયમ

ડેનિયલ વિલર્ડ

રાલ્ફ એ. વીક્સ

જૉન ડી. રોકફેલ્લર

ફ્રેન્ક એ. વાન્ડરલિંપ

કર્નલ રૉબર્ટ એ. ડૉલર

એડવિન સી બાર્ન્સ

વુડરો વિલ્સન

લુથર બરબૈંક

ફ્રેન્ક એ. મુન્સે

ડૉ. એલેક્ઝાંડર ગ્રેહામ બેલ

જુલીયેસ રોઝેન વૉલ્ડ

ડૉ. ફ્રેન્ક કરાને

જે. જી.ચેપ્લીન

આર્થર નેશ

આ નામ એ સેંકડો પ્રસિદ્ધ અમેરિકનોના છે, જેઓએ કાર્નેગી રહસ્યને સમજીને આર્થિક અને અન્ય ક્ષેત્રોમાં વિપુલ માત્રામાં યશ પ્રાપ્ત કર્યો. વસ્તુત આ નામ તો માત્ર તે હજારો નામોનો અંશ માત્ર છે જેઓ કાર્નેગી ફોર્મ્યુલાને લીધે ઉચ્ચ હોદ્દા પર પહોંચ્યા. સાચું કહું તો હું એવા કોઈ પણ માણસને ઓળખતો નથી જે આ રહસ્યનો જાણકાર હોય અને પોતાની અભિરુચિના શિખરે પહોંચી શક્યો ન હોય. પરંતુ, આવું

કહેવું વધુ સારૂં ગણાશે કે હું એવા કોઈ વ્યક્તિને ઓળખતો નથી જેણે આ રહસ્યને જાણ્યા વિના કોઈ પણ ક્ષેત્રમાં નોંધપાત્ર સફળતા મેળવી હોય. આ બન્ને કારણોને આધારે હું એ નિષ્કર્ષ ઉપર આવી શકું છું કે આ રહસ્યનું જ્ઞાન એ સંપૂર્ણ જ્ઞાન કરતા વધુ આવશ્યક છે, જેને આપણે સામાન્ય રીતે 'શિક્ષણ'થી સંબોધીએ છીએ.

આખરે આ 'શિક્ષણ' છે શું? આનો જવાબ વિસ્તારપૂર્વક આપવામાં આવ્યો છે.

જ્યાં સુધી શાળામાં જવાની વાત છે, ઉપર જણાવેલ લોકોમાંથી બહુ ઓછા લોકો શાળાકીય શિક્ષણ મેળવી શક્યા હતા, એ પણ બહુ ઓછા સમય માટે. જૉન વાનામેકરે મને જણાવ્યું હતું કે તેઓને શાળાકીય શિક્ષણ એ રીતે મળેલ જેમ જળમાંથી સવારી 'જળ ખંખેરીને નીકળી જાય'. હેનરી ફૉર્ડ તો ક્યારે હાઈસ્કૂલ સુધી પહોંચી શક્યા નહોતા, કૉલેજ જવાનો તો પ્રશ્ન જ ન હતો. હું શાળાકીય શિક્ષણનું મહત્વ ઓછું નથી આંકતો પરંતુ એ જણાવી રહ્યો છું કે એ લોકો, જેઓએ આ રહસ્યને સમજીને પોતાના જીવનમાં તેનું લાગૂકરણ કર્યું. ઘણા મહત્વપૂર્ણ હોદ્દાઓ અને સ્થિતિ સુધી પોતાના જીવનમાં પહોંચી શક્યા, ભલે એમનું શાળાકીય શિક્ષણ નહીવત્ જ કેમ નહોતું. અર્થાત્ આ રહસ્યના જ્ઞાન આગળ શાળાકીય શિક્ષણ અથવા □□પચારિક શિક્ષણનું મહત્વ જ રહેતું નથી. વારંવાર જે રહસ્યનો હું વારંવાર હવાલો આપું છું, જેમ જેમ તમે આ પુસ્તકને વાંચતા જશો, તે પાના પરથી ઉછળીને તમારી સામે આવીને ઉભું રહી જશે, એ શરતે કે તમે તેનું સ્વાગત કરવા માટે તૈયાર હશો. ત્યારે તમે તેને ઓળખી જશો. પછી ભલે તમને તેના લક્ષણ પ્રથમ કે અંતિમ અધ્યાયમાં મળે, જ્યારે એ સામે આવે ત્યારે થોડું ઊભા રહો અને થોભો કારણ કે સાક્ષાત્કારની આ ક્ષણ તમારા જીવનમાં એક ક્રાન્તિકારી પરિવર્તન-કેન્દ્ર સાબિત થશે.

હવે આપણે પ્રથમ અધ્યાયમાં પ્રવેશ કરવાના છીએ, જેમાં તમને મારા પ્રિય મિત્રની વાર્તા મળશે. તેઓએ આ કેન્દ્રસ્થ રહસ્યને ઓળખ્યું અને વેપારમાં ચમત્કારિક સફળતા પ્રાપ્ત કરી. તેમની કથા વાંચતા તમને થશે કે આ રહસ્ય દ્વારા જીવનની પ્રત્યેક વિકટ સમસ્યાનું સમાધાન મેળવી શકાય છે. પ્રશ્નો તો એના એ જ છે જેનો સામનો આપણામાંથી દરેક જણ કરે છે. એટલે કે એ કે જેના દ્વારા આપણે આપણો રોટલો કમાઈએ છીએ, આશાન્વિત બનીને સાહસ સાથે કાર્ય કરીએ છીએ, ધન એકઠું કરીએ છીએ અને જીવનનું સુખ ભોગવીએ છીએ.

આ પુસ્તકને વાંચતી વખતે તમે યાદ રાખો કે આ પુસ્તક સત્યો પર આધારિત છે અને કોઈ કાલ્પનિક કથા નથી. આનો ઉદ્દેશ્ય છે એક સાર્વભૌમ સત્યનું ઉદ્ઘાટન કરવું કે જેના દ્વારા જેઓ શીખવા તૈયાર છે કે શું કરવું અને કેવી રીતે કરવું? એના માધ્યમ વડે તેઓને એક નવી શરૂઆત કરવાની પ્રેરણા પ્રાપ્ત થશે.

તમે પ્રથમ અધ્યાય વાંચવાનો શરૂ કરો એ અગાઉ હું એક સલાહ આપવા માગું છું જેનાથી કાર્નેગી —રહસ્યને ઓળખવાનો એક પુરાવો મળી શકશે. તે આ છે : દરેક મોટી ઉપલબ્ધિ, બધી અર્જિત સંપત્તિની શરૂઆત એક વિચાર- એક આઈડીયાથી જ થાય છે. જો તમે આના માટે તૈયાર છો તો સમજો કે અડધું રહસ્ય તો તમને ખબર પડી જ ગઈ છે. હવે જેમ બાકીનો ભાગ સામે આવશે, તમારૂં મન તેને તરત ઓળખી લેશે.

- નેપોલિયન હિલ, ૧૯૩૭

વિષય સૂચિ

૧

વિચાર-શક્તિ

એ માણસ, જેણે થૉમસ એ. એડીસનની સાથે ભાગીદારી કરવાનો 'વિચાર' કર્યો.

સત્ય છે કે 'વિચાર વસ્તુ છે' અને એ પણ શક્તિશાળી વસ્તુ -ખાસ કરીને જ્યારે તેનાથી ધ્યેયની સ્પષ્ટતા, ખંત અને તેને ધન-સંપત્તિ અથવા અન્ય ભૌતિક વસ્તુઓમાં બદલવાની અદમ્ય ઈચ્છા પણ સંકળાયેલ હોય.

આશરે ત્રીસ વર્ષ પૂર્વે એડવિન સી. બાર્ન્સને આ સત્ય હાથ લાગ્યું કે ખરેખર વિચારોથી શ્રીમંત બની શકાય છે. આ સત્ય પહેલી વારમાં જ નહી પરંતુ ધીમે ધીમે અવતરિત થયું હતું, જ્યારે મનમાં મહાન એડીસન સાથે વ્યાપારી-સહયોગી બનવાની અદમ્ય ઈચ્છા જાગૃત થઈ હતી.

બાર્ન્સની આ અદમ્ય ઈચ્છાની એક લાક્ષણિકતા હતી કે તેઓ સ્પષ્ટ હતા. તેઓ એડીસનની સાથે કામ કરવા ઈચ્છતા હતા, તેઓ માટે નહી. હવે તેને ધ્યાનપૂર્વક નિહાળો કે કેવી રીતે તેઓએ પોતાની અદમ્ય ઈચ્છાને એક વાસ્તવિકતામાં ફેરવી. ત્યારે તમે એ તેર સિદ્ધાન્તો (નિયમો)ને સારી રીતે સમજી શકશો કે જેનાથી તેઓ શ્રીમંત બન્યા.

સૌ પ્રથમ જ્યારે તેઓના મનમાં આ ઈચ્છા ઝબકી ત્યારે તેઓ સ્હેજ પણ એ પરિસ્થિતિમાં નહોતા કે તેને કાર્યાન્વિત કરી શકે. બે મોટી સમસ્યાઓ તેમની આગળ હતી, ન તો તેઓ એડીસનને ઓળખતા હતા, ન તો તેઓ પાસે ન્યૂજર્સીથી ઓરેન્જ સુધી જવા માટેનું રેલવેનું ભાડું હતું.

ચોક્કસ આ સમસ્યાઓ મોટાભાગના માણસોને પોતાની ઈચ્છા પૂર્ણ કરવા માટે હતોત્સાહિત કરી શકતી હતી. પરંતુ શ્રી બાર્ન્સની આ ઈચ્છા કોઈ સામાન્ય ઈચ્છા નહોતી પરંતુ તેઓ એટલા ઊંડનિશ્ચયી હતા કે આ મુસાફરીને તેઓએ માલગાડી દ્વારા પૂરી કરી અને માલગાડીમાં ઓરેન્જ પહોંચ્યા.

ત્યાં જઈને તેઓ શ્રી એડીસનની પ્રયોગશાળામાં ગયા અને પોતાના મંતવ્યની ઘોષણા કરી કે તેઓ અહીયા આ મહાન સંશોધક સાથે વેપાર કરવા માટે આવ્યા છે. વર્ષો બાદ તેઓ સાથેની પ્રથમ મુલાકાત અંગે જણાવતા શ્રી એડીસને જણાવ્યું કે,"તેઓ

મારી સામે હતા, એક ચીથરેહાલ સાધારણ લાગતો માણસ પરંતુ તેઓના મુખ પર પોતાની વાત પૂર્ણ કરવાનો એક અદમ્ય સંકલ્પ હતો. લાંબા વર્ષો સુધી ઘણા માણસો સાથે થયેલ અનુભવોએ મને શીખવ્યું કે જ્યારે કોઈ ગહન ઈચ્છા કરે છે, પોતાનું સમગ્ર ભવિષ્ય જ દાવ પર લગાવી દે છે તો તે ચોક્કસ સફળ બને છે. તેઓનો સંકલ્પ જોઈને મેં તેઓને મોકો આપ્યો. પછીની ઘટનાઓએ સાબિત કર્યું કે મેં કોઈ જ ભૂલ કરી નથી." યુવાન બાર્ન્સને તે સમયે એડીસને શું કહ્યું તેનું કોઈ જ મહત્વ નથી, મહત્વ તો એ વિચારનું છે કે જે એડીસનના મનમાં આવ્યો.એ એડીસનનું પોતાનું અવલોકન હતું. આ મોકો આપવા પાછળ બાર્ન્સની વેશ-ભૂષા,દેખાવ વગેરેનું એટલું યોગદાન નહોતું જેટલું તેમના મનમાં ઉદ્ભવતી વિચાર-શ્રૃંખલાનું. જો દરેક વાચકના મનમાં આ કથનનું મહત્વ સ્પષ્ટ થઈ ન શકે તો ચોક્કસપણે બાકીનું પુસ્તક વાંચવાની કોઈ જરૂર રહેતી નથી.

જો કે પ્રથમ મુલાકાત દરમ્યાન જ બાર્ન્સને એડીસન સાથે ભાગીદારી નહોતી મળી. તેઓને માત્ર નજીવા પગારે એડીસનની કચેરીમાં કામ મળ્યું હતું. એવું કામ કે જે એડીસન માટે કશું મહત્વ ધરાવતું નહોતું પરંતુ બાર્ન્સ માટે તે અત્યંત મહત્વપૂર્ણ કામ હતું કેમ કે તે કામ દ્વારા બાર્ન્સને પોતાનો'માલ' (યોગ્યતા)પોતાના ભાવિ 'ભાગીદાર' ને દર્શાવવાનો અવસર મળ્યો હતો.

કેટલાય મહિનાઓ વીતી ગયા. એવું કંઈ ખાસ બન્યું નહી કે જેનાથી બાર્ન્સને લાગે કે તે પોતાના મૂળ લક્ષ્ય ભણી વધુ નજદીક જઈ રહ્યા છે. પરંતુ તેમના મનમાં કંઈક થઈ રહ્યું હતું-મનમાં ને મનમાં તેઓની એડીસન સાથે વ્યાપારી-સહયોગી બનવાની ઝંખના વધુ બળવત્તર બની રહી હતી.

મનોવિશ્લેષકોનું માનવું છે કે 'જ્યારે કોઈ પણ માણસ કોઈ પણ વસ્તુને મેળવવા માટે પૂર્ણ રીતે તૈયાર થતો હોય છે, ત્યારે જ તે તેની સામે સાકાર સ્વરૂપમાં પ્રગટ થાય છે.' બાર્ન્સ માત્ર વ્યાપારી સહયોગ માટે જ તૈયાર ન હતા, પરંતુ તેઓનો સંકલ્પ પણ હતો કે તેઓ ત્યાં સુધી તૈયાર રહેશે જ્યાં સુધી તેમને તેઓનું ઈચ્છિત લક્ષ્ય મળી ન જાય.

તેમણે પોતાને ક્યારેય એવું કહ્યું નહી, "અરે જવા દો! મને લાગે છે કે આ બધું છોડીને મારે ક્યાંક સેલ્સમેન જ બનવું પડશે." એ સાથે જ તેઓ એવું પણ કહેતા રહ્યાં : "હું એડીસન સાથે વ્યાપારિક સહયોગ કરવા માટે આવ્યો હતો અને હું એ કરીને જ ઝંપીશ, ભલે એમાં મારૂં આખું જીવન પસાર થઈ જાય." વાસ્તવમાં તો તેઓને એ જ ચાહના હતી. જો માણસમાં પોતાના ધ્યેય અંગેની પૂરેપૂરી સ્પષ્ટ સમજ હોય તો તેની જીવન-ગાથા જ બદલાઈ જાય છે. જો તે પોતાનો ધ્યેય માટે એક ઝનૂન પેદા કરી લે તો જ તેને તે પ્રાપ્ત થઈ શકે છે. શક્ય છે બાર્ન્સને તે સમયે પોતાની મનસ્થિતિનું

પૂર્ણ રીતે જ્ઞાન નહી હોય તો પણ તેઓનો ખંત, ધ્યેયની સ્પષ્ટતા તથા ઈચ્છાની અદમ્યતાએ તે બધા વિરોધોના સૂપડાં સાફ કરી નાંખ્યા જે ક્યારેક તેઓ પર પૂર્ણ પણે હાવી થઈ ગયા હતા.

પરંતુ જ્યારે અવસર આવ્યો તો એ રૂપમાં જેની બાર્ન્સને આશા નહોતી રાખી, ન તેના જેવું તેમણે વિચાર્યું હતું. કહે છે કે તક હંમેશા સંતાઈને અને કમનસીબીનો પોષાક પહેરીને જ આવે છે- જાણે કે આપણા પરાજયનું પ્રતીક હોય, જ્યારે થાય છે તેનાથી ઊંધું. કદાચ એટલે જ લોકો તેને ઓળખી શકતા નથી.

ત્યારે એડીસને કાર્યાલયના કામ માટે એક નવા યંત્રની શોધને સંપૂર્ણ કરી હતી જે એ સમયે 'એડીસન ડિક્ટેરીગ મશીન'(હવે એડીફોનના રૂપમાં) ઓળખાતી હતી. એડીસનના સેલ્સમેનો આ શોધ અંગે વધારે ઉત્સાહી નહોતા. તેઓનું માનવું હતું કે આને વેચવા માટે ઘણા પાપડ વણવા પડશે. પણ બાર્ન્સે પોતાના માટેનો અવસર આમાં જોયો. જે પ્રચ્છન્ન રૂપમાં આવ્યો. આ યંત્ર દ્વારા જેના વિશે તેના શોધક(એડીસન) અને બાર્ન્સ સિવાય કોઈ આશ્વસ્ત નહોતા. બાર્ન્સને લાગ્યું કે તે એડીસનનું આ ડિક્ટેરીગ યંત્ર વેચી શકે છે. તેણે એડીસનને આ જ કહ્યું અને તેને તક મળી. તેણે માત્ર મશીન જ ન વેચ્યું પણ એટલી સફળતા મેળવી કે એડીસને બાર્ન્સને આખા દેશમાં તેનું વિવરણ(વર્ણન)અને વિક્રય કરવા માટે અનુબંધિત કરી લીધો. ત્યારે જ આ વ્યાપારીક સંબંધ મહાન બન્યો હતો:'એડીસન દ્વારા બનાવેલ અને બાર્ન્સ દ્વારા લગાવાયેલ યંત્ર!'

આ તો એ બન્નેના વ્યાપારિક જોડાણનો આરંભ માત્ર હતો જે ત્રીસ વર્ષ કરતા વધુ મુદત સુધી યથાવત્ રહ્યો. આનાથી બાર્ન્સે ન કેવળ ઘણા નાણાં મેળવ્યા પરંતુ મહત્વપૂર્ણ એ વાત સિદ્ધ થઈ ગઈ કે એક માણસ "પોતાના વિચારથી શ્રીમંત બની શકે છે. "

બાર્ન્સની આ ઈચ્છા કેટલું ધન આપી ગઈ ! તે રકમ જાણવી ઘણું અઘરું છે પરંતુ ઓછામાં ઓછા વીસ ત્રીસ લાખ ડૉલર કરતાં ઓછી કમાણી તો નહી જ હોય. પરંતુ આનાથી મોટી વાત તો એ જાણવા મળી કે એક સ્પષ્ટ ઝંખના અદમ્ય ઈચ્છા બનીને મૂર્ત રૂપમાં પ્રગટ થઈ શકે છે. જો યોગ્ય સિદ્ધાન્તોનો ઉપયોગ કરવામાં આવે તો.

બાર્ન્સે ફક્ત એક ઈચ્છા સેવી હતી કે મહાન એડીસન સાથે કામ કરવાની અને કરોડપતિ બની ગયો. શરૂઆતમાં તેની પાસે શું હતું, સિવાય પોતાની ઈચ્છાની અનુભૂતિની અને ઊંડ વચનબધ્ધતાની કે 'આને પૂર્ણ કરીને જ ઝંપીશ.'

તેની પાસે શરૂઆતમાં ન તો રોકાણ કરવા માટે પૂરતા નાણાં હતા ન તો વધારે ભણતર ન કોઈ પ્રભાવ.પરંતુ આગળ વધવાની ધગશ હતી, પોતાની જાત પર ભરોસો

હતો અને વિજેતા બનવાની પ્રચંડ ઈચ્છા શકિત! આ મોટા ત્રણ હથિયારોથી તે સંસારના સર્વાધિક મહાન સંશોધકની સાથે જોડાયેલ 'નંબર વન' માણસ બની શક્યો.

હવે આપણે એક એવી સ્થિતિને જોઈશું અને તે વ્યક્તિનું અદયયન કરીશું જેની પાસે ઈચ્છાઓના નક્કર પુરાવા હતા, પરંતુ તે બધું જ ગુમાવી બેઠો કારણ કે પોતાના ઈચ્છિત દયેયથી ત્રણ ડગલાં પાછળ જ રહી ગયો હતો.

સોનાથી ત્રણ ફૂટ દૂર

નિષ્ફળતાનું એક સામાન્ય કારણ હોય છે એક કામચલાઉ પરાજય મળતાં મેદાન છોડીને નાસી છૂટવું. આ ભૂલ કદાચ ક્યારેક ને ક્યારેક તો દરેક માણસ કરતો જ હોય છે.

જ્યારે ગોલ્ડ-રશ(સોનાની શોધ)નો જમાનો હતો, ત્યારે જો આર.યુ.ડાર્બી ખોદકામ કરી શ્રીમંત બનવા માટે પશ્ચિમ ભણી નાઠા. તેઓને સ્હેજ પણ ખબર નહોતી કે પૃથ્વીમાંથી અનેક ગણું વધારે સોનું માણસનું મગજ ખોદીને કાઢી શકાય છે. તેઓએ કોદાળીઓ લઈને પોતાનું નસીબ અજમાવાનો પ્રારંભ કર્યો. મહેનત તો ખૂબ જ હતી પરંતુ તેઓની સોના પ્રત્યેની તૃષા પણ અદમ્ય હતી. સપ્તાહોની મહેનત બાદ તેઓને ચમકીલી ધાતુની થોડીક જ માટી પ્રાપ્ત થઈ. હવે તેઓને એક યંત્ર જોઈતું હતું જે ધાતુ-માટીની સપાટી સુધી પહોંચી શકે. ચુપચાપ પોતાની ખાણ છોડીને તેઓ પોતાના ઘેર વિલિયમ બર્ગ, મેરીલેન્ડ પરત જતા રહ્યાં અને પોતાના સગાં-વ્હાલાઓને જણાવ્યું કે ખાણ મળી ગઈ છે પણ તેઓને ખોદકામ માટે યંત્રની જરૂર છે. તેઓએ ઈચ્છીત મશીન માટે નાણાં એકત્રિત કર્યા અને તેને ત્યાં મોકલી આપ્યા. ત્યારે ડાર્બી તેમના કાકાને તેમની સાથે લઈને કામ માટે ખાણમાં પાછા ફર્યા.

ત્યાર બાદ તે ધાતુ-માટીની પ્રથમ ખેપ ' ઓગાળવા' માટે મોકલવામાં આવી ત્યાંથી રીપોર્ટ આવ્યો કે આ ખાણ તો કોનોરાડોની સૌથી સમૃદ્ધ ખાણ છે. એકાદ એવી બીજી ખાણ મળી આવે તો મશીનનો બધો ખર્ચ ચૂકતે થઈ જાય અને પછી તેઓને પોતાનો નફો મળે.

જેમ-જેમ ડ્રિલીગ મશીન નીચે ઉતરતું ગયું અને તેઓ અને તેમના કાકાની આશાઓ દૂચે દૂચે જવા લાગી. ત્યારે અચાનક જ માટીમાંથી સોનાનો ભૂકો આવતો બંધ થઈ ગયો. તેમનું સ્વપ્ન તૂટી ગયું. જો કે તેઓએ ધણું જ ખોદકામ કર્યું પરંતુ પછીથી સોનું નજરે ન ચઢ્યું. થોડાક જ ડૉલરમાં મશીન વેચી નાંખી. તેઓ ટ્રેનમાં પોતાના ઘેર પાછા ફરી ગયા. મશીન ખરીદવાવાળો માણસ એક ક્ષુલ્લક(નકામો) માણસ જ લાગતો હતો.જો કે ક્ષુલ્લક(નકામા)લાગતા માણસો મુરખ જ હોય છે, પણ આ માણસ એવો નહોતો. તેણે માઈનિંગના એન્જિનીઅર ને બોલાવીને કેટલીક ગણતરીઓ કરાવી. તે

એન્જિનીઅરે જણાવ્યું કે પાછલી યોજના એ કારણે નિષ્ફળ થઈ હતી કેમ કે પાછલા માલિકને ખાણો વિશે કોઈ પણ પ્રકારનું જ્ઞાન નહોતું. તેની ગણતરીથી ખબર પડી કે જો ડર્બીએ તથા તેના કાકાએ ફક્ત ત્રણ ફૂટ વધારે ખોદકામ કર્યું હોત તો તેઓને પુષ્કળ સોનું મળત. તે વ્યક્તિને ત્યાં જ પ્રચૂર(વિપુલ) માત્રામાં સોનું પ્રાપ્ત થયું. તેણે તેને લાખો ડૉલરમાં વેચ્યું. કેમ કે તેણે યોગ્ય વિશેષજ્ઞ પાસેથી સલાહ લીધી. મશીનરી ખરીદવા માટેના મોટા ભાગના નાણાં તો આર.યુ.ડાર્બીએ જ ઉપલબ્ધ કરાવી દીધા હતા, એ સમયે જ્યારે તે યુવાન હતો. બાકીના નાણાં તેના સગાં-વ્હાલાઓ અને પાડોશીઓએ આપ્યા હતા કારણ કે તેઓને તેના પર વિશ્વાસ હતો. ઘણા સમય પછી ડાર્બીએ પોતાની શક્તિથી અનેક ગણી કમાણી કરી. જ્યારે તેને ખબર પડી કે કેવી રીતે તીવ્ર ઈચ્છા વડે સોનું પ્રાપ્ત કરી શકાય છે, જો કે આ જ્ઞાન તેને ત્યારે મળ્યું જ્યારે તે જીવન-વીમાના વ્યવસાયમાં આવ્યો. તેમણે ધીમે ધીમે પોતાનું દેવું પૂરેપૂરું વાળી દીધું.

તેઓને એ હંમેશા ડંખ્યા કરતું હતું કે કેવી રીતે તેણે એક ખૂબ જ મોટો ખજાનો ગુમાવી દીધો હતો જ્યારે અખૂટ સોનું પ્રાપ્ત કરવાથી માત્ર ત્રણ ફૂટના અંતરે જ હતા. પરંતુ તેઓ આ અનુભવથી બોધપાઠ શીખ્યા કે "ભલેને હું સોનાથી ત્રણ ફૂટના અંતરે જ રોકાઈ ગયો પણ હવે જીવન-વીમામાં કોઈ ગમે તેટલી મને મનાઈ કરે પણ હું તેને વીમો વેચીને જ રહીશ."

આજે ડાર્બી તે મહત્વના પચાસ લોકોના જૂથમાં છે જેઓ આખા વર્ષમાં ઓછામાં ઓછો દસ લાખ ડૉલરનો વીમો વેચી જ લે છે. પોતાના'ડફોળપણા'માંથી પાઠ શીખીને તેઓએ 'ટકી રહેવાનું' શીખી લીધું. દરેક સફળતાની પૂર્વે આ પ્રકારની નિષ્ફળતાઓ તો આવે જ છે. જ્યારે પણ મનુષ્ય પર પરાજયનું ભૂત સવાર થઈ જાય છે ત્યારે તેનું પ્રથમ ડગલું હોય છે:'ભાગો!' મોટા ભાગે લોકો આવું જ વર્તન કરતાં હોય છે.

૫૦૦ લોકોથી વધારે અત્યંત સફળ લોકોએ મને જણાવ્યું કે મોટામાં મોટી સફળતા, નિષ્ફળતા પછી જ મળતી હોય છે. નિષ્ફળતા એક મૃગજળ જેવી હોય છે જેને સફળ લોકોને નિષ્ફળતાનો ભય દેખાડવામાં મજા આવે છે.

ખંતના પચાસ સેન્ટનો બોધપાઠ

જીવનમાં મળેલા ઘણા કટુ અનુભવોથી મળેલ બોધપાઠમાંથી ડાર્બીને એક યોગ્ય શીખ મળી કે મનાઈ કરવાનો મતલબ હંમેશા 'ના' જ નથી હોતો.

એક વખત અપરાહ્નમાં તે પોતાના કાકાને તેમની 'જુ'ની મિલમાં ઘંઉ દળવામાં મદદ કરી રહ્યા હતા, કાકાનું એક મોટું ફાર્મ હતું જેમાં મોટાભાગના'અડધ-ભાગિયા' લોકો

રહેતા હતા. ત્યારે ચુપચાપ દરવાજો ખૂલ્યો અને એક શ્યામવર્ણની કન્યા ત્યાં અંદર આવી અને ચુપચાપ દરવાજા પાસે બેસી ગઈ.

તેમના કાકાએ તે છોકરીને રુક્ષતાથી પૂછ્યું : "તારે શું જોઈએ છે?" તેણે ધીમેથી કહ્યું કે "મારી માતાએ કહ્યું છે કે પચાસ સેન્ટ તેને આપી દો." "હું કશુંય નહી આપું" બૂમ પાડીને કાકાએ કહ્યું "ઘેર પાછી જા!" "ઠીક છે!" પણ તે છોકરી હલી પણ નહી!

કાકા પોતાના કામમાં ગુંથાઈ ગયા અને તેઓએ એ જોયું નહી કે તે છોકરી ત્યાંથી ગઈ નથી. અચાનક તેમની દૃષ્ટિ પડી અને બૂમ પાડીને કહ્યું કે "તું ગઈ નથી. હું તને કશું નહી આપું. હવે જા નહી તો હું તને ફટકારીશ."

છોકરીએ છતાં એમ જ કહ્યું કે "ઠીક છે!", પણ ખસી નહી! હવે કાકા જેમાં તેઓ અનાજનો લોટ ભરી રહ્યા હતા તે ગુણને ખસેડી નાંખી અને એક લાકડી લઈને તે છોકરી તરફ વધ્યા. તે વિસ્તારમાં ગોરા લોકોની અવહેલના કાળા લોકો કરી શકતા નથી. ડાર્બીને લાગ્યું કે તેઓ એક હત્યાને નજરે જોનાર સાક્ષી બનવાના છે. તેઓને ખબર હતી કે તેમના કાકા ખૂબજ ક્રોધી અને વાતે-વાતે છંછેડાઈ જવાનો સ્વભાવ ધરાવતા હતા. પરંતુ તેમને આવતા જોઈને તે છોકરી ઊંડતાથી ઊભી થઈ ગઈ અને પૂરા જોરથી બૂમ પાડી કે "મારી માને પચાસ સેન્ટ જોઈએ જ! "

કાકા અચાનક થંભી ગયા...તે છોકરીની આંખમાં જોયું અને લાકડી એક બાજુ મૂકીને ગજવામાંથી અર્ધા ડૉલર કાઢીને તે છોકરીને આપી દીધા.

છોકરી તે લઈને દરવાજા તરફ ગઈ પરંતુ તેની આંખો કાકાને જોતી રહી, જેમના ઉપર તેણે અત્યારે-અત્યારે વિજય પ્રાપ્ત કર્યો હતો. જ્યારે તે છોકરી જતી રહી તો કાકા તે છોકરીને બારીમાંથી દસ મિનીટ સુધી નિહાળતા રહ્યા. તેઓ તે પ્રસંગ પર વિચાર કરી રહ્યા હતા.

ડાર્બી પણ આ જ પ્રસંગ વિશે વિચારી રહ્યા હતા. આ એક કાળી છોકરીના એક ગૌરવર્ણીય વયસ્ક વ્યક્તિ પર વિજયનું પ્રથમ દૃશ્ય હતું. તેણે વિચાર્યું કે એ છોકરી એવું કઈ રીતે કરી શકી હતી, કાકાને એવું શું થયું કે તેઓએ પોતાનું ખૂંખારપણું છોડીને એક સીધાસાદા ઘેટાનું રૂપ ધારણ કરી લીધું? તે છોકરીમાં એવી કઈ શક્તિ હતી, જે તેમના પર સવાર થઈ ગઈ. આવા જ પ્રશ્નો ડાર્બીના મનમાં પણ ઉદ્‌ભવી રહ્યા હતા, જેનો જવાબ તેઓને ત્યારે મળ્યો જ્યારે તેઓએ આખી વાર્તા મને સંભળાવી હતી. અકસ્માતે આ વાર્તા તે જ જગ્યા પર સંભળાવામાં આવી જ્યાં એ ઘટના ઘટી હતી. હું પણ આ ઘટનાના ૨૫ વર્ષો સુધી તે શક્તિની સમીક્ષા કરતો રહ્યો જેણે એક નિર્બળ અભણ શ્યામવર્ણી, કન્યાને એક સંપન્ન ગૌરવર્ણના વડીલ પર વિજય અપાવ્યો હતો.

અમે એક જુની 'મિલ' ની પાસે ઊભા હતા, ત્યારે ડાર્બીએ આ અસાધારણ વિજયની આખી વાર્તા સંભળાવી, અને પૂછ્યું: "તમારો શું વિચાર છે. એ કઈ તાકાત હતી જેણે મારા કાકાને આ પ્રકારે હતપ્રભ કરીને પરાજીત કરી દીધા હતા ?"

આ પ્રશ્નનો જવાબ આ જ પુસ્તકમાં વર્ણિત સિદ્ધાન્તોમાંથી મળી જશે. ઉત્તર આખો અને સંપૂર્ણ છે-પૂર્ણ વિવરણ સાથે અને નિર્દેશોથી સજ્જ જેનાથી કોઈ પણ આને સારી રીતે સમજી શકે અને તેની તાકાતનો પૂર્ણતયા પ્રયોગ કરી શકે જે તે બાળકીને અચાનક મળી ગઈ હતી.

પોતાના મનને પૂરી રીતે ખૂલ્લું કરીને રાખશો તો તમને એ વિભિન્ન શકિતનો કબ્જો મળી જશે જેની ઝાંખી આગળના અધ્યાયમાં પણ પ્રાપ્ત થશે. આ જ પુસ્તકમાં ક્યાંક તમને એ વિચાર પણ મળશે જે તમારી સમજણને પ્રખ્યાત કરી દેશે અને એ તમારા જ લાભને સારૂ તમને પણ અસીમિત શકિત પ્રદાન કરશે. આ અંગેની જાગૃકતા તમારા મગજમાં આ અધ્યાયમાં પણ ઝબકી શકે છે અથવા તો આવનાર અધ્યાયોમાં પણ તેની ચમક સ્પષ્ટ થઈ શકે છે. આ સમય તમને તમારી વિશેના હાર કે નિષ્ફળતામાં લઈ જશે અને એવો પાઠ ભણાવશે કે જેને તમે હારના કારણોમાં વિસરી ચુકયા હતા.

જયારે મેં મિત્ર ડાર્બીને આ શકિત બાબતે જણાવ્યું તો તેમને પણ પોતાના પાછલા ત્રીસ વર્ષોના જીવન-વીમાના સેલ્સમેનના અનુભવોનું સ્મરણ થયું અને માની લીધું કે આ પાઠ ને કારણે જ તેમને આ ક્ષેત્રમાં સફળતા મળી છે જે તેઓએ તે નિર્બળ કન્યા પાસેથી પ્રાપ્ત કર્યો હતો.

ડાર્બીએ કહ્યું:"અત્યારે પણ મારા સંભવિત ગ્રાહકો મને પૉલીસી ખરીદ્યા વિના ટાળવાનો પ્રયત્ન કરે તો મને પેલી 'જુ'ની મિલ પાસે ઊભેલી છોકરીનું મોં દેખાય.જાણે તેની અવગણનાથી ભરેલી મોટી મોટી આંખો - અને હું પોતાને કહું છું:"આ વેચાણ તો મારે કરવું જ રહ્યું. સાચું કહું તો મોટા ભાગનું મારૂં વેચાણ (જીવન-વીમા પૉલીસીનું) એવા જ લોકોમાં થયું જેઓએ પહેલા મને ચોખ્ખો 'નન્નો' ભણી દીધો હતો."

તેણે પોતાની ગોલ્ડમાઈનમાં ત્રણ ફૂટથી મળનાર પરાજયનો પણ ઉલ્લેખ કર્યો, પરંતુ કહ્યું, "તે પરાજય તો જાણે કે ગુપ્ત વરદાન હતું. તેણે જ મને શીખવ્યું કે ભલેને ગમે તેટલો વિરોધ હોય, ટકી રહો. આ એ પાઠ હતો જે મારે કોઈ પણ સફળતા માટે શીખવાનો જ હતો."

ડાર્બીની આ કથા લાખો લોકો દ્વારા વાંચવામાં આવશે- તેઓ દ્વારા પણ જેઓ જીવન-વીમો વેચવાનું કામ કરે છે. લેખક એ જણાવવા ઈચ્છે છે કે મિ.ડાર્બીના આ બન્ને અનુભવ તેઓ દ્વારા દરેક વર્ષે દસ લાખ ડૉલરથી પણ વધારે વીમા પૉલીસી વેચવામાં મહત્તમ સહાયક બન્યા છે.

જીવન ક્યારે અપરિચિત છે તો ક્યારેક સંપૂર્ણ પરિચિત. સાચું કહું તો સફળતા અને નિષ્ફળતાના મૂળ આપણા સામાન્ય અનુભવોમાં સંતાયેલ હોય છે. ડાર્બીના અનુભવ સામાન્ય અને સીધા સાદા હોવા છતાં તેની નિયતિને આધીન હતા- એટલે જ તેઓ માટે એટલા જ મહત્વપૂર્ણ હતા જેટલું જીવન ખુદ ! આ બન્ને નાટકીય અનુભવોથી તેઓને એટલો બધો લાભ મળ્યો કેમ કે તેઓએ તેનું ગહન વિશ્લેષણ કર્યું અને તેમાંથી બોધપાઠ પણ શીખ્યા હતા.પરંતુ એ માણસ શું કરે જેની પાસે ન તો એવો અંદાજ છે ન તો સમય કે તે પોતાની નિષ્ફળતાઓને વિશ્લેષિત કરી સફળતાનો નિયમ પ્રાપ્ત કરી શકે. એ કઈ રીતે એ કળા શીખે કે જે નિષ્ફળતાને સફળતામાં પલટાવી દેનાર તકોને નિસરણી બનાવી દે?

આવા જ પ્રશ્નોના ઉત્તર શોધવા માટે આ પુસ્તક લખવામાં આવ્યું છે. તેનો ઉત્તર એ તેર સિદ્ધાન્તોના (નિયમો) વર્ણનમાં સંતાયેલ છે. પરંતુ યાદ રાખો, કે જ્યારે તમે આને વાંચો ત્યારે બની શકે છે કે તમારા માનસમાં કોઈ વિચાર, ધ્યાન કે યુક્તિ ઝબકે, જેનાથી તમે તમારા જીવનની વિભિન્નતા પર વિચાર કરવા માટે બાધ્ય બનો. સફળતા પ્રાપ્તિનો મૂળ વિચાર તો આ જ સંકલ્પ છે. આ પુસ્તકમાં આપવામાં આવેલ સિદ્ધાન્ત પણ તમારા માનસમાં આવા વિચારો ઉત્પન્ન કરશે જેનાથી ઉપયોગી મુક્તિ, યુક્તિ કે આયોજન તમારા મગજમાં ઉભરાતા રહે.

આગળ વધીને આ સિદ્ધાન્તોનું વિવેચન કરતા અગાઉ; મારા મતે તમને એ હક્ક છે, એક દરખાસ્ત પ્રાપ્ત કરવાનો..."જ્યારે ધન-સંપત્તિ આવવાની ચાલુ થાય છે તો એટલી ઝડપે અને એટલી વિપુલ માત્રામાં આવશે છે કે તમને એવું લાગશે આ બધી નિર્બળતાના વર્ષોમાં ક્યાં સંતાઈ રહી હતી" આ એક અદ્ભુત કથન લાગી શકે છે. વિશેષ કરીને તે સામાન્ય ધારણાના સંદર્ભમાં જે પ્રમાણે ધન-સંપત્તિ તેઓની પાસે આવે છે જેઓ સખ્ત મહેનત ઘણા લાંબા સમય સુધી કર્યા કરે છે.

જ્યારે તમે વિચારો અને અમીર બનો પ્રક્રિયા પ્રારંભ કરો છો તો તમે જોશો કે ધન-સંપત્તિની શરૂઆત માનસિક સ્થિતિથી જ થાય છે. જેમાં મહેનતથી વધુ જરૂરી છે ઉદ્દેશ્યની સ્પષ્ટતા. તમારામાંથી કદાચ દરેક માણસ જાણવા ઈચ્છશે કે ધન-સંપત્તિ આપનારી માનસિક સ્થિતિ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય. મારે ૨૫ વર્ષો સુધી ગહન શોધ અને ૨૫૦૦૦ લોકોના જીવન-વિશ્લેષણ માટે ઝઝુમવું પડયું કારણ કે હું જાણવા ઈચ્છતો હતો કે માણસ કેવી રીતે ધનવાન બની શકે છે.

સત્ય તો એ છે કે તે શોધ વગર આ પુસ્તક લખી પણ ન શકાત.

એ સંદર્ભમાં એક મહત્વપૂર્ણ સત્યનો ઉલ્લેખ યથાયોગ્ય છે :

એ વ્યાપારિક મંદી જે ૧૯૨૯માં પ્રારંભ થઈ હતી, જે પોતાની વિનાશકારી ભુમિકા ત્યાં સુધી ભજવતી રહી જ્યાં સુધી પ્રેસીડેન્ટ રૂઝવેલ્ટે પોતાનો હોદ્દો સંભાળ્યો નહી.

ત્યારબાદ તો મંદી જાણે કે ગાયબ જ થવા લાગી. એ પ્રકારે જેમ એક વિજળીવાળા થિયેટરમાં લાઇટ્સ એવી રીતે ધીમે ધીમે વધારે છે કે તમને એ લાગે જ નહી કે ક્યારે પ્રકાશે અંધકારને ગળી લીધું, એ જ રીતે તે સમયનો ડર લોકોના મનમાંથી હણાતો ગયો અને એક વિશ્વાસ બનીને ઉભરી આવ્યો.

તમે જરા ઝીણવટથી જોશો તો લાગશે કે જેમ જેમ તમે આ પુસ્તકમાં વર્ણિત સિદ્ધાન્તના દર્શન ઉપર તમે કાબેલિયત મેળવતા જાઓ છો, તમારી આર્થિક સ્થિતિ સુધરવા લાગે છે અને જે કાર્ય તમે કરો તે તમારા લાભ માટે એક સંપત્તિ બની જશે. એવું થવું સ્હેજ પણ અશક્ય નથી.

વસ્તુતઃમાનવતાની સૌથી મોટી નબળાઈ છે, સામાન્ય માણસની 'અસંભવ' શબ્દ સાથેની જાણકારી. માણસને કાયમ ખબર હોય છે ક્યા નિયમો ઉપયોગી નહી નિવડે. આ પુસ્તક એવા જ લોકો દ્વારા લખવામાં આવ્યું છે જેઓ એવા નિયમોની શોધમાં છે જેનાથી બીજાના જીવન સફળ બન્યા અને એ નિયમોને જાણવા માટે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરવા તત્પર રહ્યા છે.

ઘણા વર્ષો અગાઉ મેં એક ઉત્તમ શબ્દકોશ ખરીદેલો અને પ્રથમ કાર્ય એ કર્યું કે તેમાંથી શબ્દ 'અસંભવ' ઉડાવી દીધો. તમારા માટે આ કોઈ મૂર્ખતાપૂર્ણ કાર્ય નહીં જ હોય.

સફળતા તેઓને મળે છે જેઓ સફળતા પ્રત્યે જાગૃત હોય છે.

અને નિષ્ફળતા તેઓના હિસ્સામાં આવે છે જેઓ નિષ્ફળતા પ્રત્યે વધારે સચેત હોય છે.

આ પુસ્તકનો મૂળ હેતુ દરેકના મનમાંથી નિષ્ફળતાની જાગૃત ચેતનાને હણીને સફળતા પ્રત્યે જાગૃત કરવાનો છે. એક બીજી નબળાઈ મોટાભાગના લોકોમાં જોવા મળે છે, દરેક વ્યક્તિ, પરિસ્થિતિને પોતાની ધારણા અને વિશ્વાસના માપદંડથી માપતી હોય છે. કેટલાક લોકો જે આ પુસ્તકને વાંચશે, કદાપિ વિશ્વાસ નહી કરે કે કોઈ પણ વિચારવા માત્રથી શ્રીમંત બની શકે છે. તેઓ સંપત્તિ અને સફળતાના વિશે વિચારી જ શકતા નથી કારણ કે તેઓને ગરીબી, તંગી, મૂશ્કેલી,નિષ્ફળતા અને પરાજયના વિચારોમાં ખોવાયેલા રહેવાની આદત પડી ગઈ છે.

આ દુર્ભાગ્યશાળી વ્યક્તિઓના વિશે વિચારવું મને એ પ્રસિદ્ધ ચીની મહાનુભાવની યાદ અપાવે છે, જે અમેરિકામાં અમેરિકી ઢંગથી શિક્ષણ પ્રાપ્ત કરવા આવ્યો હતો. જેણે શિકાગોના વિશ્વ વિદ્યાલયમાં પ્રવેશ લીધો હતો. એક દિવસ પ્રેસીડેન્ટ હાર્પરની આ પૂર્વીય સજ્જન સાથે થોડી ક્ષણ પુરતી મુલાકાત થઈ અને તેઓએ તેમને પૂછ્યું કે તેમને અમેરિકનોમાં શું ખાસ બાબત લાગી ?

"હું જણાવું, " તે ચીનીએ કહ્યું " તમારા બધાની આંખોનો એક વિચિત્ર વળાંક! દરેકની આંખોમાં એક સમાન વળાંક હોય છે. " વારૂ, અને અમે અમેરીકી ચીનાઓની આંખ વિશે શું કહીએ છીએ?

વસ્તુતઃજે આપણી સમજણમાં નથી આવતું તેની ઉપર આપણે વિશ્વાસ કરવા જ માગતા નથી. આપણે સમજીએ છીએ કે આપણા વિચારોની સરહદો(સીમાઓ) બધાથી યોગ્ય સરહદો(સીમાઓ) છે- એટલે કે બીજાઓની આંખો થોડીક વાંકી છે, કારણ કે તેઓની આંખો આપણા જેવી નથી!

લાખો લોકો હેનરી ફોર્ડના નસીબ, હુન્નર અને જે કંઈ પણ કારણ હોય તેમની સફળતાની અદેખાઈ કરે છે. કદાચ એ લાખો લોકોમાં તેમની સફળતાનું રહસ્ય કોઈ એકાદ સમજી શક્યો હશે અને જેઓ તેમને જાણે છે તેઓ તેમના સ્પષ્ટ, સીધાસાદા અને સામાન્ય હોવાને કારણે કદાચ શરમના માર્યા તેમનો ઉલ્લેખ નથી કરતા. એક સામાન્ય દૃષ્ટાંતે આ 'રહસ્ય'ને સ્પષ્ટ કરી દીધું.

થોડા વર્ષો પૂર્વે ફોર્ડે નક્કી કર્યું હતું કે તેઓ પોતાની, આધુનિક સમયમાં 'વી-૮' મોટર બનાવશે. તેઓએ તેના માટે ૮ સીલીંડરવાળું એક જ માળખાનું એક એન્જીન બનાવવાનો વિચાર કર્યો અને પોતાના એન્જિનીઅરોને કહ્યું કે એ એન્જીનની ડિઝાઈન તૈયાર કરો. જો કે ડિઝાઈનો કાગળ ઉપર ઉતારવામાં આવી પરંતુ બધા એન્જિનીઅરો એક જ મતના હતા કે એક માળખામાં આઠ સીલીંડરોવાળું એન્જીન બંધ બેસશે નહીં.

ફોર્ડે કહ્યું " ગમે તેમ હોય પણ આમ કરો !"

"પરંતુ" એન્જિનીઅર બોલ્યા "આ અશક્ય છે! "

"કામ શરૂ કરો, " ફોર્ડે આદેશ આપ્યો:"અને ત્યાં સુધી કામ કરતા રહો જ્યાં સુધી સફળતા પ્રાપ્ત ન થાય. સમયનું કોઈ જ બંધન નથી. "

એન્જિનીઅરોએ કામ શરૂ કરી દીધું. જો તેઓએ ફોર્ડની નોકરીમાં રહેવું હોય તો તેઓ પાસે બીજું કામ નહોતું. છ માસ પસાર થઈ ગયા-તો પણ કંઈ થઈ શક્યું નહી. એન્જિનીઅરોએ દરેક સંભવ પ્રયાસો કરીને જોઈ લીધું તો પણ કશું જ થયું નહી. યોજના 'અસંભવ'જ રહી

વર્ષના અંતે ફોર્ડે પોતાના એન્જિનીઅરો સાથે વાતચીત કરી તો તેઓએ જણાવ્યું કે તેઓને કોઈ માર્ગ જડ્યો નહી જેની મારફતે તેઓ પાતાના માલિકના હુકમનું પાલન કરી શકે.

"કામ કરતા રહો," ફોર્ડે ઘોષણા કરી,"મારે આ ડિઝાઈન જોઈએ જ અને હું આવું એન્જીન મેળવીને જ ઝંપીશ."

એન્જિનીઅરોએ કામ ચાલુ રાખ્યું...અને એક દિવસ, જાણે એક જાદુઈ ચમત્કાર થયો અને એ રહસ્યમય ડિઝાઈન તૈયાર થઈ ગઈ.

એટલે કે ફોર્ડની "ઊંડ વચનબદ્ધતા" તેમને એક વધુ વખત વિજયશ્રી આપી ગઈ.

જો કે આ વૃતાંતનું વિવરણ વર્ણવાયું નથી, પરંતુ વૃતાંતનો સાર અને નિચોડ યોગ્ય છે. જો તમે તમારા વિચારો વડે સમૃદ્ધ બનવા ઈચ્છો છો, તો આમ જ કરો. તમારે દરિયામાં લોટો ભરવા જવાની કોઈ જરૂર નથી.

હેનરી ફોર્ડ સફળ રહ્યા કેમ કે તેઓ જાણતા હતા કે સફળતાનો નિયમ શું છે અને તેને કેવી રીતે લાગૂ કરી કરાય. ફોર્ડની આ વિજય-ગાથાને વાંચતા તમે એ પંક્તિઓને પસંદ કરી લો જેમાં તેમની સફળતાનું સહસ્ય સંતાયેલ છે. જો તમે એવું કરી શકશો અને હેનરી ફોર્ડના શ્રીમંત બનવાના નિયમોને રેખાકિંત કરી ઓળખી શકો, તો તમે પણ તમારા મનગમતા ક્ષેત્રમાં તેમના જેવી જ સફળતા મેળવી શકશો.

"તમે તમારા ભાગ્યના માલિક છો, પોતાના આત્માના કપ્તાન છો, કારણ કે... "

જ્યારે કવિ હેનલેએ આ મહાન પંક્તિઓ લખી તો તેમણે લખવું જોઈતું હતું કે તમે તમારા ભાગ્યના માલિક છો;આત્માના કપ્તાન છો "કારણ કે આપણી પાસે આપણા વિચારોને નિયંત્રિત કરવાની તાકાત છે. "

તેઓએ આપણને જણાવવું જોઈતું હતું કે એ આકાશી તત્વ જેમાં આખી પૃથ્વી, જેમાં આપણે વસીએ છીએ, ફરીએ છીએ, વાસ્તવમાં એક ઊર્જાનો પ્રકાર છે તો અત્યંત શીદરતાથી કંપિત થાય છે અને આપણા માનસમાં ઉદ્‌ભવતા વિચારો અનુસાર એ પોતાને ઢાળી લે છે અને સાહજીક રૂપે પ્રભાવશાળી બનીને એ આપણા વિચારોને તેના ભૌતિક મૂળ રૂપ પ્રદાન કરે છે.

જો કવિએ આપણને આ મહાન સત્ય જણાવી દીધું હોત તો આપણી સમજમાં પણ આવી જાત કે આપણે કેમ આપણા ભાગ્યના સ્વામી છીએ તથા પોતાના આત્માના કપ્તાન છીએ. તેમણે પુરી તાકાતથી સ્પષ્ટ કરી લેવું જોઈતું હતું કે આ શકિત વિનાશક કે સર્જનાત્મક વિચારોમાં કોઈ (ભેદભાવ)તફાવત કરતી નથી અને પ્રેરિત કરે છે કે આપણે પોતાની ઈચ્છાનુસાર ધનવાન કે ગરીબ બની જઈએ.

તેમણે જણાવવું જોઈતું હતું કે આપણું મગજ આપણા પ્રભાવી વિચારોથી ચુંબકીય બની જાય છે અને આપણે એવું વિચારવા લાગીએ છીએ જેવું આપણે ઈચ્છીએ છીએ.

તેમણે જણાવવું જોઈતું હતું કે પ્રચુર માત્રામાં ધન અર્જીત કરતા પહેલા આપણે આપણા મગજને ધનપ્રાપ્તિ હેતુ ઉત્કટ ઈચ્છા વડે પ્રેરિત કરી લેવું જોઈએ અને

આપણને ધન પ્રત્યે એટલા જાગૃત કરી દે કે એ જ ઈચ્છા આ ઉદ્દેશ્ય પ્રાપ્તિ માટેની યોજના બનાવવા માટે વિવશ કરી દે.

પરંતુ હેનલે તો કવિ હતો, કોઈ વિચારક કે દાર્શનિક નહી. એટલે જ તેણે આ મહાન સત્યને કાવ્યના સ્વરૂપમાં અભિવ્યક્ત કરી સંતોષ મેળવી લીધો અને જેઓ તેને માનવાવાળા હતા તેમને સ્વતંત્રતા આપી દીધી કે આ સત્યની તેઓ પોતાની રૂચિ અનુસાર વ્યાખ્યા કરી લે.

ધીમે ધીમે આ સત્ય આપણી પર ખૂલ્લું થતું ગયું અને સ્પષ્ટ થતું ગયું કે આ પુસ્તકમાં વર્ણવાયેલ સિદ્ધાન્તોનું રહસ્ય આપણા આર્થિક ભાગ્યનો ઈશ્વર છે.

હવે આપણે પ્રથમ સિદ્ધાન્તની પરખ કરવા માટે તૈયાર છીએ. આપણું મગજ ખૂલ્લું રાખીએ અને વાંચતી વખતે એ યાદ રાખીએ કે આ સિદ્ધાન્તોના જન્મદાતા કોઈ એક માણસ નથી. એ સિદ્ધાન્તોનો સાર એ ૫૦૦ લોકોના જીવનના અનુભવમાંથી લેવામાં આવ્યો છે જેઓ ખરેખર વિપુલ માત્રામાં ધન એકઠું કરવામાં સફળ રહ્યા— એ લોકો ગરીબીમાં જન્મ્યા, અલ્પ માત્રામાં શિક્ષણ પ્રાપ્ત કર્યું અને સ્હેજે પણ પ્રભાવશાળી નહોતા. પરંતુ આ સિદ્ધાન્ત એ લોકોના કામમાં આવ્યા. તમે પણ પોતાના લાભાર્થે તેને કાર્યાન્વિત કરવા માટે સક્ષમ છો.

તમને આવું કરવું દુષ્કર નહી પણ સરળ લાગશે. આગળનો અધ્યાય વાંચતા અગાઉ હું તમને જણાવવા ઈચ્છું છું કે તેમાં તથ્યાત્મક સૂચના છુપાયેલી છે જે તમારી આર્થિક નિયતિને પૂરેપૂરી રીતે બદલી શકે છે, જેવી રીતે મહત્વપૂર્ણ પરિવર્તન એ બે લોકોના જીવનમાં લાવી ચૂકી છે જેનું વર્ણન આમાં કરવામાં આવ્યું છે.

હું તમને એ પણ જણાવવા ચાહું છું કે એ બન્ને લોકો અને મારી વચ્ચે એ પ્રકારનો સંબંધ છે કે તેમની બતાવેલી સૂચના સાથે હું રમત કરી શકું તેમ હતો જ નહી- જો હું એવું ઈચ્છું તો પણ. તેમાંથી એક મારો ૨૫ વર્ષોથી વધારે સમયથી સફળતા-જેનું મૂળ કારણ આગળના અધ્યાયમાં વર્ણવાયેલ સિદ્ધાન્ત છે-એ સિદ્ધાન્તોમાં છુપાયેલ મહાન શક્તિને રૂપાંતરિત કરવું છે અને એ કારણે આ વ્યક્તિગત સંબંધને આગળ લાવવાનું □□ચિત્ય પણ જરૂરી છે.

૧૫ વર્ષ પૂર્વે મેં સલેમ કૉલેજ, સલેમ પશ્ચિમ વર્જીનિયામાં એક દિક્ષાન્ત-ભાષણ આપ્યું હતું જેમાં મેં દ્વિતીય અધ્યાયમાં આપવામાં આવેલ સિદ્ધાન્તનું વિપુલ માત્રામાં ઉદાહરણ આપ્યું હતું. તેનો એટલો બધો પ્રભાવ પડયો કે એક નવ-સ્નાતકે એની સાબિતી આપી હતી-તેને દર્શનનો એક ભાગ જ બનાવી લીધો. તે યુવાન માણસ આજે કૉંગ્રેસ(એક પ્રકારની સંસદ)નો સભ્ય છે અને આજના પ્રશાસનતંત્રનો મહત્વપૂર્ણ હિસ્સો છે. બરાબર આ પુસ્તકના પ્રકાશક પાસે જતા પહેલાં તેણે મને પોતાના પત્રમાં આગળના અધ્યાયમાં આપવામાં આવેલ સિદ્ધાન્ત વિશે પોતાનો અભિપ્રાય લખીને મોકલ્યો હતો.

તેણે એ વાત એટલી સ્પષ્ટતાથી જણાવી કે મને એને મારા આમુખનો એક ભાગ બનાવવો ઉચિત લાગ્યું. તેનાથી તમને સંભવિત લાભોનું સ્પષ્ટ પ્રમાણ મળી શકશે.

''પ્રિય નેપોલિયન,

વર્તમાન કૉંગ્રેસના સભ્ય તરીકેની મારી સેવાએ મને લોકોના મનમાં ઊંડાણથી પ્રવેશ કરવાની તક આપી છે અને આ જ સંદર્ભમાં હું એક અભિપ્રાય આપવા ઈચ્છું છું જે કદાચ હજારો યોગ્ય લોકો માટે ફાયદાકારક પૂરવાર થાય.

માફી ઈચ્છતા હું એ જણાવવા ઈચ્છું છું કે જો આ અભિપ્રાય ઉપર કાર્ય કરવામાં આવશે તો કદાચ આપના માટે આ વર્ષોની મહેનત અને જવાબદારીનું કારણ બને. તો પણ હું આ અભિપ્રાય આપી રહ્યો છું કારણ કે હું જાણું છું કે તમે લોકોને ઉપયોગી સેવા આપવા માટે કેટલા આતુર રહો છો.

સને ૧૯૨૨માં તમોએ સલેમ કૉલેજમાં દિક્ષાન્ત-ભાષણ આપ્યું હતું. ત્યારે હું ત્યાં સ્નાતક બનનાર જૂથમાં સામેલ હતો. તમારા એ ભાષણે મારા મગજમાં એક વિચાર નાંખ્યો જેના કારણે જ આજે મને મારા દેશના લોકોની સેવા કરવાની તક પ્રાપ્ત થઈ છે અને આ જ વિચાર મારા ભવિષ્યને ઉજ્જવળ બનાવવામાં પણ પ્રભાવકારી સાબિત થશે જો મને આગળની સફળતા મળતી રહે છે.

મારો અભિપ્રાય છે કે તમો તમારા એ દિક્ષાન્ત-ભાષણને એક પુસ્તકનું રૂપ પ્રદાન કરો જેનાથી અમેરિકાના લોકોને તમારા અનુભવ અને મહાન વ્યક્તિઓની સાથે સહયોગનો લાભ મળી શકે; એ લોકોના અનુભવનો લાભ- જેઓએ અમેરિકાને વિશ્વનો સૌથી ધનાઢ્ય દેશ બનાવ્યો છે.

મને તમારૂં ભાષણ એવી રીતે યાદ છે જાણે કે હમણાં જ અપાયું હોય, જેમાં તમે હેનરી ફોર્ડ દ્વારા પ્રયોજાયેલ પ્રણાલીઓનું ઉદાહરણ આપ્યું હતું. હેનરી ફોર્ડનું શાળાકીય શિક્ષણ નહીવત્ હતું. તેઓ પાસે ન તો ધન હતું ન તો પ્રભાવશાળી મિત્રોનો સહકાર છતાં પણ આટલી બુલંદી પર પહોંચવામાં સફળતા મેળવી. તમારા ભાષણ સમાપ્ત કરતા અગાઉ મેં નક્કી કરી લીધું હતું કે ભલે ગમે તેટલી મૂશ્કેલી આવે 'હું પણ જીવનમાં કંઈક કરીને દેખાડીશ.'

આગલા કેટલાક વર્ષોમાં ઘણા બાળકો પોતાનું શાળાકીય શિક્ષણ પૂર્ણ કરી લેશે. કદાચ તેઓમાંથી દરેકને આવો જ વ્યવહારીક સંદેશ જોઈતો હશે જેવો તમારી પાસેથી મને મળ્યો હતો. આ કાર્ય તમે જ કરી શકો છો કારણ કે તમે કેટલાય લોકોના કેટલાય પ્રશ્નોનો ઉકેલ શોધ્યો છે. તેનાથી તે બાળકોને ઘણો જ લાભ થશે.

જો કોઈ સંભાવના હોય તો તમે આટલી મહાન સેવા લોકોને પ્રદાન કરી શકો તો આપને મારો એક બીજો અભિપ્રાય આપું છું કે દરેક પુસ્તકની સાથે તમારા દ્વારા

બનાવવામાં આવેલ એક ‘પર્સનલ એનાલિસીસ ચાર્ટ ’પણ હોય, જેનાથી એ પુસ્તકને ખરીદનારને પોતાને દરેક બાબત પૂર્ણ સમજમાં આવે અને મારી જેમ તેઓ પણ સમજી શકે કે સફળતાના માર્ગમાં શું શું રોડાની જેમ ઉપસી આવી શકે છે.

આ પ્રકારના પુસ્તકમાં વાચકોની સામે તેમની નબળાઈઓ અને ગુણોનો નિષ્પક્ષ સંગ્રહ હોય અને તેઓની સમજમાં આવી જાય કે સફળતા અને નિષ્ફળતાની વચ્ચે શું અંતર હોય છે.

હવે લાખો લોકો, મંદીના સમયપછી જીવનમાં પુનઃસ્થાપિત થવા માગે છે. હું મારા વ્યકિતગત અનુભવથી કહી શકું છું કે આ બધા પ્રામાણિક લોકો તમને પોતાની સમસ્યાઓ જણાવવા અને તમારી પાસેથી તેનું સમાધાન મેળવવાનું ખુલ્લા હૃદયે આવકારશે.

તમને ખબર જ છે કે જીવનમાં પુનસ્થાપિત થવા ઈચ્છનારને કઈ કઈ મૂશ્કેલી સામે બાથ ભીડવી પડે છે. આજે અમેરિકામાં હજારો લોકો એવા છે જેઓ જાણવા ઈચ્છે છે કે કઈ રીતે પોતાના વિચારોને ધન-સંપત્તિમાં ફેરવી શકાય છે? કેવી રીતે વગર નાણાંએ કામનો આરંભ કરી શકાય છે અને કેવી રીતે ખોટને લાભમાં પરિવર્તિત કરી શકાય છે. જો કોઈ એવું કરી શકે છે તો તે તમે જ છો.

જો તમે તમારા પુસ્તક છપાવો તો હું ઈચ્છું છું કે તેનો પ્રથમ ગ્રાહક હું જ હોઉં- જેના પર તમારા હસ્તાક્ષર હોય. મારો વિશ્વાસ રાખો, શુભકામનાઓ સાથે’’

તમારો શુભચિંતક

જેન્નિંગ્સ રેન્ડોલ્ફ

અમીર બનવા માટે ઉપાડો પ્રથમ પગલું

२

ધન-સંપત્તિ તરફ પ્રથમ પગલું

દરેક ઉપલબ્ધિઓનો પ્રારંભ-બિંદુ: ધનસંપત્તિ તરફ

પ્રથમ ડગલું

ત્રીસ વર્ષોથી વધારે સમય અગાઉ એડવિન સી. બાર્ન્સ માલગાડીથી ઓરેન્જ, ન્યૂજર્સીમાં ઉતર્યો તો તેમની વેશ-ભૂષા ચીથરેહાલ જેવી હતી પરંતુ તેમના વિચાર એક સમ્રાટ જેવા હતા.

જ્યારે તેઓ સ્ટેશનના પાટાઓ પરથી થૉમસ એડીસનના કાર્યાલયની તરફ જઈ રહ્યા હતા ત્યારે તેમનું મગજ અત્યંત સક્રિય હતું. તેઓ માનસિક રૂપે એડીસનની બાજુમાં ઊભેલા હતા. તેઓ પોતાને કહેતા સાંભળી રહ્યા હતા કે તેમની એક માત્ર અદમ્ય ઈચ્છા છે કે એડીસનના વ્યાપારિક સહયોગી બની શકે. તે મહાન સંશોધકની સાથે કાર્ય કરવાની તેમની તીવ્ર ઝંખના હતી.

બાર્ન્સની આ ઈચ્છા માત્ર એક આશા નહોતી- ન ફક્ત એક કામના-પરંતુ એક ધબકતી ઈચ્છા જે દરેક ભાવ પર હાવી હતી અને તદ્દન સ્પષ્ટ હતી.

જ્યારે તેઓ એડીસનની નજીક પહોંચ્યા, તો તેઓ પાસે આ કોઈ નવી ઈચ્છા નહોતી, આ તો ઘણા સમયથી તેમની ઉરમાં ધબકી રહી હતી. કદાચ સૌથી પહેલાં આ એક કામનાના રૂપમાં જ તેમના માનસમાં ઉભરી હોય- પણ એડીસનની સામે પહોંચીને આ માત્ર એક કામના જ રહી ગઈ નહોતી.

થોડા વર્ષો પશ્ચાત્ એડવિન સી.બાર્ન્સ ફરી એડીસનની સામે હતા - એ જ કાર્યાલયમાં જ્યાં તેમની પ્રથમ મુલાકાત થઈ હતી. એ સમયે તેમની ઈચ્છા એક હકિકતનું રૂપ ધારણ કરી ચૂકી હતી. હવે તેઓ, જે બાર્ન્સને ઓળખતા હતા, તેઓની ઈર્ષા કરતા હતા કેમ કે જીવને તેમને એક અનોખો 'બ્રેક' ઉપહાર રૂપે આપ્યો હતો. આજે લોકો ફક્ત તેમની સફળતા અથવા વિષય જોતા હતા, તે મૂશ્કેલીઓને નહી કે જે તેમને સફળતા મેળવવા માટે વેઠવી પડી હતી.

વસ્તુતઃબાર્ન્સને સફળતા મળી હતી કેમ કે તેઓએ એક સ્પષ્ટ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે પોતાની સમસ્ત શક્તિ, બધું જ દાવ પર લગાવી દીધું હતું. તેઓ એ જ દિવસથી એડીસનના સહયોગી નહોતા બની ગયા , જે દિવસે તેઓ એડીસનને મળ્યા હતા. તેઓને પહેલા ખુબજ નાનકડું કામ કરવું પડયું હતું- પરંતુ તેઓ તેનાથી સંતુષ્ટ હતા કે તેઓ પોતાના લક્ષ્ય પ્રાપ્તિની દિશા ભણી એક ડગલું ઉપાડી ચૂક્યા હતા.

એ પ્રથમ મુલાકાત બાદ પાંચ વર્ષ પછી તેમને મનગમતી તક પ્રાપ્ત થઈ હતી. તેના પહેલા તો ઈચ્છા પૂર્ણ થાય તેવા કોઈ ચિહ્નો પણ જણાઈ રહ્યા નહોતા. તેઆના પોતાના સિવાય બધા જ તેમને એડીસનના વેપાર- ચક્રમાં લગાવવામાં આવેલ એક સામાન્ય કળ-પૂર્જો જ સમજી રહ્યા હતા. પરંતુ ખુદ બાર્ન્સ એ જ સમયથી પોતાને એડીસનના ભાગીદાર સમજી રહ્યા હતા- એટલે કે તે જ દિવસથી જે દિવસે તેઓ ત્યાં કામે લાગ્યા.

એક સ્પષ્ટ ઈચ્છાશક્તિનું આ એક અજોડ ઉદાહરણ હતું. બાર્ન્સે પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કર્યું કારણ કે તેઓની એડીસનના ભાગીદાર બનવાની તીવ્ર ઝંખના હતી. તેઓએ એક યોજના બનાવી અને પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી દીધું.

પોતાની એ એક ઈચ્છાને તેઓ ત્યાં સુધી ઉછેરતા રહ્યા જ્યાં સુધી એક ઝનૂન બનીને એક સ્પષ્ટ સત્યમાં પરિણમી નહી.

જ્યારે તેઓ ઓરેંજ પહોંચ્યા ત્યારે તેઓએ ક્યારેય પોતાને એવું ન કહ્યું, કે "મને ગમે તે નોકરી આપવા માટે હું એડીસનને રાજી કરી લઈશ." પણ તેઓએ કહ્યું કે "હું એડીસનને મળીને તેમને નોટીસ આપીશ કે હું તેઓ સાથે વેપાર કરવા આવ્યો છું."પરંતુ તેઓએ એવું કશું કહ્યું નહી," જો એડીસનની સંસ્થામાં મને મનગમતું કામ ન મળી શક્યું તો હું બીજી તક પર નજર રાખીશ." પરંતુ તેઓએ પોતાને એવું ચોક્કસ કહ્યું કે "હું ગમે તે કરી લઈશ- જે પણ એડીસન કહેશે, પરંતુ હું તેમનો વ્યાપારિક સહયોગી બનીને જ ઝંપીશ." "દુનિયામાં એક જ વસ્તુ મારા માટે છે-એ છે એડીસનનો વ્યાપારિક સહયોગી બનવું-તેને માટે ભલે ગમે તે થાય હું મારા સમગ્ર ભવિષ્યની બાજી લાગવી દઈશ અને એ સ્થિતિ પ્રાપ્ત કરીને ઝંપીશ."

એટલે કે બાર્ન્સે પરત ફરવાના બધા રસ્તાઓ પોતાના માટે જાતે બંધ કરી લીધા હતા. સ્થિતિ હવે એ હતી — જીતો અથવા બરબાદ થઈ જાઓ!

બાર્ન્સની સફળ-વાર્તાનો આ જ સાર છે. જેમ બહુ સમય પહેલા એક સેનાપતિને એક કિલ્લો જીતવો જ હતો જે સમુદ્રની પેલે પાર હતો. તેણે પોતાના આખા લશ્કરને વહાણોમાં બેસાડી સમુદ્ર પાર કરાવી દીધો અને પછી વહાણો સળગાવી દેવડાવ્યા. ત્યારે તેણે પોતાના સૈનિકોને કહ્યું, કે "આ વહાણો મેં એ માટે સળગાવી દેવડાવ્યા કારણ કે

હવે આપણે પાછા જવાના નથી. કાં તો અહીયા જીતીશું કાં તો બધા ખલાસ થઈ જઈશું.''

એ દરેક માણસ જે કોઈ કામમાં સફળ બને છે, તે આવું જ કરે છે. જ્યારે પાછા ફરવાનો કોઈ માર્ગ રહેતો નથી ત્યારે જ તે પૂરી શક્તિ વડે પોતાનું મનગમતું પદ પ્રાપ્ત કરી શકે છે. જો પાછા ફરવાનો થોડો ઘણો પણ અવકાશ હશે તો પૂરી શક્તિ વડે આગળ વધી શકાશે નહી. અદમ્ય ઈચ્છાને પૂર્ણ કરવાની એક માત્ર રીત છે જે સફળતા-પ્રાપ્તિ માટે એક અનિવાર્ય સાધન છે.

એક વખત શિકાગોમાં એવી ભયાનક આગ ફાટી નીકળી કે વેપારીઓના બધા જ ગોદામો, જે સ્ટેટ સ્ટ્રીટ પર હતા, બળીને ભસ્મ થઈ ગયા. હવે બધા વેપારીઓમાં વાતચીત થઈ કે શું કરી શકાય? ક્યાંક બીજી સારી જગ્યાએ જઈને ફરીથી કામ કરી શકાય અથવા અહીયા જ બીજીવાર ગોદામો તૈયાર કરવામાં આવે. એક સિવાય બધાનો મત એવો હતો કે ક્યાંક બીજે જઈને નવું કામ શરૂ કરવામાં આવે. પરંતુ એક માણસ જે ત્યાં રોકાવા માટે તૈયાર હતો, ''હું તો અહીયા જ રોકાઈને મારું ગોદામ ફરીથી બનાવીશ. તમે જો જો હું અહીયા જ સૌથી મોટો સ્ટોર બનાવીશ ભલેને ગમે તેટલા અકસ્માતો થયા કરે.''

આ આશરે ૫૦ વર્ષો અગાઉની ઘટના છે. આજે એ સ્ટોર પોતાનું મસ્તક ઉન્નત રાખીને ઉભો છે જાણે કે અદમ્ય ઈચ્છાની મૂર્તિમંત ઇમારત હોય. એનો નિર્માતા, માર્શલ ફીલ્ડ, જે બીજાએ કર્યું હતું એ પણ કરી શકતો હતો. જ્યારે ભવિષ્ય ધુંધળું દેખાય અને મહેનતની બહુ દરકાર ના હોય ત્યારે મોટાભાગના લોકો વિજય વિચારતા નથી હોતા. પણ અહી માર્શલ ફીલ્ડ અને બીજા વેપારીઓનો તફાવત સામે આવે છે અને આજ ઝનૂની જીદ એડવિન સી.બાર્ન્સને અન્ય હજારો ઉદ્યમીઓથી જુદા પાડે છે. એડીસનની સાથે કામ કરવાવાળા હજારો હશે, પરંતુ કોઈ પણ એડવિન સી.બાર્ન્સની સફળતાની તોલે આવી શક્યું નથી.આ જ ઝનૂન સફળતા અને નિષ્ફળતા અથવા અસાધારણ સફળતા અને સામાન્ય સફળતાનો તફાવત દર્શાવે છે.

નાણાંની ઝંખના દરેક માણસને હોય છે પરંતુ શું લાખ વાર ઈચ્છા કરવાથી ધન હાથમાં આવી જાય છે? પરંતુ જ્યારે આ ઝંખના એક અદમ્ય ઈચ્છા બની જઈ ઝનૂન બની જાય ત્યારે ધનપ્રાપ્તિની સ્પષ્ટ યોજના સાકાર બને છે અને ઉપાયો સુઝવા લાગે છે. જો આ ઝનૂનની સાથે ખંત પણ ભળે તો આવો માણસ નિષ્ફળતાથી ડર્યા વિના પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કરવામાં સફળ બને છે અને ધન-સંપત્તિ મેળવે છે.

ધન-પ્રાપ્તિની આ અદમ્ય અને ઝનૂની ઈચ્છાને નક્કર સ્વરૂપ પ્રદાન કરવા માટે થોડાક વ્યવહારૂ પગલાં લેવાની જરૂર હોય છે. જેને નીચે સ્પષ્ટ કરવામાં આવ્યા છે.

પ્રથમ: પહેલાં પોતાના મગજમાં પૂર્ણ રીતે સુનિશ્ચિત કરો કે તમારે કેટલા નાણાં જોઈએ છે? ફક્ત આવું કહેવું પુરતું નથી કે"મારે ખુબ બધા નાણાં જોઈએ છે." તમારે એક ચોક્કસ રકમની ઈચ્છા કરવી જોઈએ.(તેની પાછળ મનોવૈજ્ઞાનિક કારણ છે, જેની આવનાર અધ્યાયમાં સ્પષ્ટતા કરવામાં આવશે.)

દ્વિતીય: એવું પણ ચોક્કસપણે વિચારો કે તમે એ ચોક્કસ રકમના બદલામાં તમે શેનું અને શું બલિદાન આપવા તૈયાર છો.(કંઈ પણ અથવા કશુંય નહીથી ગાડું ગબડવાનું નથી.)

તૃતીય: એક તારીખ નક્કી કરો કે ક્યાં સુધી તમે ઈચ્છો છો કે આ રકમ તમારા હાથમાં હોય, જે તમારે જોઈએ જ છે?

ચતુર્થ: તમારી ઈચ્છા પૂર્ણ કરવા માટે એક ચોક્કસ યોજના નિર્ધારિત કરો ભલે તમે તેને માટે તૈયાર હો કે ન હો એના પર તત્કાળ કાર્ય કરવાનું આરંભી દો.

પંચમ: હવે સ્પષ્ટ શબ્દોમાં તેને લખી લો કે તમારે કેટલી રકમ જોઈએ છે તેને મેળવવા માટે તમે-શું શું અર્પણ કરવા માટે તૈયાર છો અને તેને માટે તમે કઈ ચોક્કસ યોજના બનાવી છે?

ષષ્ઠ: હવે પોતાના સ્પષ્ટ કથનને દિવસમાં ઓછામાં ઓછું બે વાર બોલો:એક વખત જ્યારે તમે સવારે સૂઈને ઊઠો ત્યારે અને બીજી વાર જ્યારે તમે રાત્રે સુવા માટે જાઓ. જ્યારે તમે આને વાંચો:**અનુભૂતિ કરતાં વિશ્વાસ કરો કે એ રકમ તમારી પાસે આવી જ ગઈ છે.**

આ મહત્વપૂર્ણ છે કે આ છ પગલાંની સાથે આપવામાં આવેલા નિર્દેશોનું અક્ષરશઃ પાલન કરો- ખાસ કરીને છઠ્ઠા પગલાંની સાથે જે નિર્દેશ આપવામાં આવ્યા છે.

તમારી ફરિયાદ હોઈ શકે છે કે આ અશક્ય છે, આવું અનુભવવું કે મારી પાસે રકમ આવી ગઈ છે (જ્યારે ખરેખર નથી આવી). આ સ્થિતિમાં તમારી અદમ્ય ઈચ્છા તમારી સહાયતા કરશે.જો ખરેખર ધનની તમન્ના છે અને અને તમારી ઈચ્છા એક ઝનૂનનું રૂપ ધારણ કરી ચૂકી છે. તો તમને પોતાને સમજવામાં વધારે મહેનત કરવી નહી પડે કે તમે ચોક્કસ તે મેળવી જ લેશો. તમારું લક્ષ્ય ધન-પ્રાપ્તિ છે અને એના માટે પૂર્ણ રીતે કટિબદ્ધ હોવું પણ આવશ્યક છે.

જેઓ ધનની બાબતે પૂર્ણ રીતે જાગૃત રહે છે, કેટલાય નાણાં રોકે છે. મગજમાં આ વાત સાંભળી - સાંભળીને બેસી ગયા છે કે તમારે ધન મેળવવું જ છે. ઈચ્છાની અદમ્યતા તમને પોતાને આશ્વસ્ત કરી દેશે કે જાણે રકમ તમારી પાસે જ છે. જે લોકો માનવ-મસ્તિષ્કના કાર્ય સિદ્ધાન્તોથી અજાણ છે તેઓ જરૂર કહી શકે છે કે આ નિર્દેશ અવ્યવહારૂ છે. પરંતુ આ તેઓ માટે ખાસ કરીને સહાયક સાબિત થશે જેઓ

શ્રમનું મહત્વ નથી સમજી રહ્યા. આ પગલું એન્ડ્રૂઝ કાર્નેગીની શોધ છે જેઓએ સાધારણ મજુર તરીકે, સ્ટીલના કારખાનામાં કામ શરૂ કર્યું હતું પરંતુ એક અત્યંત મામુલી શરૂઆત છતાંય એ જ કાર્ય-સિદ્ધાંતો પર કામ કરતા કરતા અબજોપતિ બની ગયા હતા.

આ જ્ઞાન પણ મદદગાર સિદ્ધ થશે કે આ છ પગલાંનું ઝીણવટભર્યું વિશ્લેષણ ખુદ થૉમસ એડીસને પણ કર્યું હતું અને એને અત્યંત ઉપયોગી માન્યું હતું, ન તો ધન-પ્રાપ્તિના માર્ગમાં બલ્કે કોઈ પણ સ્પષ્ટ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે. તેઓએ જાતે તેની પ્રશંસા કરી હતી.

એ પગલાંને ઉપાડવા માટે ગમે એવા'કઠીન શ્રમ'ની કોઈ દરકાર નથી- ન કોઈ બલિદાનની પણ માંગ છે. તેને લાગૂ કરવા માટે કશા પણ ખાસ ની જરૂર નથી પરંતુ એને યોગ્ય રીતે લાગૂ કરવા માટે પ્રખર કલ્પના-શકિત તો જોઈશે જ. કેમ કે ત્યારે જ તમારી સમજણમાં આવશે કે ધન-પ્રાપ્તિ કોઈ તુક્કા, નસીબ કે નિયતિના ભરોસે છોડી શકાતી નથી. આ સફળતા પણ આવશ્યક છે કે જેઓએ અખૂટ ધન મેળવ્યું તેઓએ પોતાની ઈચ્છા-શકિત, સ્વપ્નશીલતા અને ઝનૂનનો સંપૂર્ણપણે ઉપયોગ કરીને જ આવું કર્યું હતું. કોઈ પણ તુક્કાથી ધનાઢ્ય બન્યું નહોતું.

અહીંયા સમજી લો કે તમે ક્યારેક ઘણું ધન કમાઈ શક્યા હોત, જો તમારી અંદર ધધકતી ઈચ્છા ન હોય અને આ વિશ્વાસ ન હોય કે તમે આને નિશ્ચિત રીતે પ્રાપ્ત કરી શકો છો.

એ પણ યોગ્ય છે કે સૃષ્ટિની ઉત્પત્તિથી જ આ વાતનું ઉદાહરણ મળે છે કે દરેક મહાન નેતા ચોક્કસપણે એક સ્વપ્નદૃષ્ટા હોય છે. આજે ખ્રિસ્તી-ધર્મી વિશ્વની સૌથી વધારે શકિતશાળી પ્રજા છે કેમ કે તેના સંસ્થાપક પણ એક સ્વપ્નદર્શી જ હતા. તેઓએ કલ્પના વડે આ પ્રજાનું ભવિષ્ય અને આધ્યાત્મિક પૃષ્ઠભૂમિ પર નિહાળ્યું હતું અને આજે એ નક્કર રૂપ પ્રાપ્ત કરી ચૂક્યું છે.

સત્ય તો એ છે જો તમે અખૂટ કે મહા ધનવાન બનવાની વાસ્તવિકતાને સ્વયં કલ્પનામાં નથી નિહાળી શકતા તો તમારૂં વધતું જતું બેંક બેલેન્સ પણ નહી નિહાળી શકો.

જો અમેરિકી ઈતિહાસ પર દૃષ્ટિપાત કરો તો સ્પષ્ટ થશે કે એ બાબતે અમેરિકામાં ક્યારેય સ્વપ્નદર્શી માટે વ્યવહારૂ સત્ય મેળવવા માટેની આટલી બધી તકો ઉપલબ્ધ નહોતી જેટલી આજે ઉપલબ્ધ છે. પાછલા છ વર્ષોમાં આર્થિક પડતીએ બધા જ લોકોને એક જ સ્તર ઉપર લાવીને મૂકી દીધા છે. હવે એક નવી હરીફાઈની શરૂઆત થનાર છે. આગામી આ વર્ષોમાં મોટી—મોટી કિસ્મતો ઉઘડનારી છે. હવે આ હરિફાઈના નિયમો પરિવર્તિત થઈ ગયા છે. બધા હવે પરિવર્તિત વિશ્વમાં વસી રહ્યા છે. જેમાં પ્રજાના

પક્ષમાં જ વાયરો વાય છે. જેઓને કોઈ તકની આશા નહોતી તેઓ જ આ યુગના વિજેતા હશે કારણ કે પરિસ્થિતિઓ જ એવી છે. એ મંદી આજે ખતમ થવાને આરે છે જેમાં વૃદ્ધિ અને વિકાસ જાણે લકવાગ્રસ્ત બની ગયા હતા.

હવે આ વિશ્વની માંગ છે નવા વિચાર, નવી રીતભાત અને નવા આગેવાન. જેઓ ધન-પ્રાપ્તિની હરીફાઈમાં સામેલ છે તેઓને આ સ્થિતિથી પુષ્કળ પ્રોત્સાહન મળી રહ્યું છે. હવે યુગને આવશ્યકતા છે નૂતન શિક્ષણ-પદ્ધતિ, નૂતન વિક્રય રણનીતિ અને નૂતન સાહિત્યની, રેડિયોના નવા ફીચર્સની. પરંતુ આ આખી હરિફાઈમાં વિજયી બનવા માટે બધાથી વધારે તત્વની જરૂરિયાત છે, એ તો છે ઉદ્દેશ્યની સ્પષ્ટતા, પોતાની ઈચ્છાનું સંપૂર્ણ અને સ્પષ્ટ જ્ઞાન અને એ બધાને પ્રાપ્ત કરવા માટે જવલંત ઈચ્છા.

વ્યાપારિક મંદીના યુગે જ્યાં એક યુગને મૃત ઘોષિત કર્યો ત્યાં બીજા યુગનો આરંભ પણ કર્યો. એના બદલે વિશ્વમાં વ્યાવહારિક સ્વપ્નદર્શીઓ જોઈએ જેનામાં ઈચ્છાશક્તિ અને પોતાના સ્વપ્નોને નક્કર સ્વરૂપ આપવાની ક્ષમતા પણ હોય. આ સ્વપ્નદર્શીઓ દરેક યુગમાં અને હંમેશા સભ્યતાના માળખાના નિર્માતા રહ્યા છે અને રહેશે.

જેઓ ધનપ્રાપ્તિ માટે ઉત્સુક છે તેઓએ યાદ રાખવું જોઈએ કે વિશ્વના વાસ્તવિક આગેવાનો એ લોકો જ બની રહ્યા છે જેઓ પોતાની નિરાકાર કામનાઓને નક્કર વાસ્તવિકતાઓમાં પરિવર્તિત કરી શકે અને એ આવેગાત્મક વિચારોને ગગનચુંબી ઈમારતો, શહેરો, કારખાનાઓ, હવાઈ જહાજો, સ્વચાલિત વાહનો અને એ દરેક સુવિધામાં તબદીલ કરી શકે જેના વડે જીવન સરળ બની શકે છે.

સહનશક્તિ અને ખૂલ્લું મગજ આજના સ્વપ્નદર્શીઓની વ્યાવહારિક જરૂરિયાત છે. જેઓને નવીન વિચારોનો ભય લાગે છે તેઓ તો કાર્ય શરૂ થતાં અગાઉ જ હાર સ્વીકારી લે છે. હકીકત તો એ છે કે આજથી વધારે સમય એવા નવ-નિર્માતાઓ માટે ક્યારે પ્રોત્સાહક રહ્યો નથી. એ સારૂં છે કે ‘કવર્ડ વેગન’ એટલે કે વધારાનું કંઈક ઉમેરવાના જમાના જેવી હવે પરિસ્થિતિ સ્હેજ પણ રહી નથી અને કોઈ વિકટ પરીક્ષામાંથી પસાર થવાની જરૂર પણ નથી, પરંતુ તેઓની સામે વિશાળ વ્યાપારિક, વાણિજિયક અને [illegible]દ્યોગિક વિશ્વ ઉભું છે. જેને યોગ્ય બીબાંમાં ઢાળીને નવીન દિશાઓની તરફ લઈ જવાની સર્વોચ્ચ આવશ્યકતા છે.

જેઓ ધન દોલતમાં પોતાનો હિસ્સો સુરક્ષિત કરવા ઈચ્છે છે તેઓએ જોવાનું છે કે પોતાની સ્વપ્નદર્શીતા અનુસાર મહેનતમાં કોઈનો પણ ખરાબ પ્રભાવ ન પડવા દે. તેઓએ જો એમ કરવું છે તો એ વિષયના પ્રથમ-નિર્માતાઓની ભાવનાઓને આત્મસાત્ કરવી પડશે. જેઓએ આ સભ્યતાને મૂલ્યવાન બનાવી અને પોતાના દેશમાં સાનૂકુળ તકો મેળવીને એના બજારો અને ખાણોને સમૃદ્ધ કરી.

આપણે એ ન ભૂલવું જોઈએ કે કોલમ્બસ એક અજાણ્યું વિશ્વ શોધવા નીકળ્યો હતો અને તેણે એના માટે પોતાનું સર્વસ્વ દાવ પર લગાડી દીધું હતું- અને આખરે એને શોધી કાઢ્યું.

કોપરનિક્સે બ્રહ્માંડમાં ઘણાય લોકોની સંભાવનાનું શમણું સેવ્યું હતું અને એને સ્પષ્ટ કરી દેખાડ્યું. જ્યારે તેણે પહેલાં આ કહ્યું હતું લોકોએ એને બિન-વ્યવહારૂ અને પાગલ વગેરે કહ્યો પરંતુ પછીથી તેણે પોતાને સાચો પુરવાર કરી દીધો-બલ્કે આખુંય વિશ્વ એની વાત માનવા લાગ્યું અને એક વખત ફરીથી એના મનની સત્યતા સાબિત થઈ કે :સફળતાને માફી માંગવાની કોઈ જરૂર નથી અને નિષ્ફળતાને કોઈ બહાનું સ્વીકાર્ય નથી.

જો કોઈ પણ વસ્તુમાં તમને પૂર્ણ વિશ્વાસ છે કે તમે સાચા છો તો નિસંકોચ તેને કરો. પોતાના સ્વપ્નોને ચરિતાર્થ કરો. કોઈની દરકાર કર્યા વગર કે તમારી ક્ષણિક નિષ્ફળતા માટે તેઓ શું કહેશે કેમ કે તેઓને ખબર નથી કે દરેક નિષ્ફળતામાં અવર્ણનીય સફળતાના બીજ છુપાયેલ હોય છે.

હેનરી ફોર્ડ એક ગરીબ અને અશિક્ષિત વ્યક્તિ હતા જેણે એક ઘોડા વિનાની ગાડીનું શમણું સેવ્યું હતું. તેમણે લભ્ય સાધનો વડે કાર્ય કરવાનો આરંભ કર્યો તથા યોગ્ય તક કે રાહ જોયા વગર પોતાના કામે લાગી ગયા અને આજે તેમના સ્વપ્નનું મૂર્તિમંતરૂપ આજે આખી દુનિયામાં મોટરકાર સ્વરૂપે ફરી રહ્યું છે. કેમ કે તેમને પોતાના સ્વપ્નને સત્યમાં ફેરવવાના પ્રયત્નમાં કોઈ ભય લાગતો નથી, એણે જેણે પૈડાંને ફેરવ્યા છે એટલા તો સંસારમાં કોઈ બીજાએ નહીં ફેરવ્યા હોય.

થૉમસ એડીસને વિજળીથી ચાલતા દીવાનું સ્વપ્ન નિહાળ્યું હતું અને દસ હજારથી વધારે નિષ્ફળ પ્રયત્નો બાદ પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કર્યું. જેઓ વ્યવહારૂ સ્વપ્નદર્શી હોય છે 'તેઓ મેદાન છોડી નાસી જતા નથી.'

રાઈટ બ્રધર્સે એક એવી સવારીની કલ્પના કરી હતી જે હવામાં ઉડી શકે-હવે તેમના સ્વપ્નોની વાસ્તવિકતા આખાય વિશ્વમાં ઉડતી ઉડતી વિચરી રહી છે.

વ્હેલએ 'સિગાર'સ્ટોર્સની આખીય શ્રૃંખલાની કામના કરી હતી અને આજે 'યુનાઈટેડ સિગાર સ્ટોર્સ' અમેરિકાના દરેક ખૂણે મોજુદ છે.

લિંકનનું સ્વપ્ન હતું કે શ્યામવર્ણ ગુલામોને મુક્તિ મળે અને સ્વપ્નની વાસ્તવિકતા-ઉત્તરીય અને દક્ષિણી અમેરિકામાંના સંયોજનમાં-જોવાના અમૂક વર્ષોથી વંચિત રહ્યા. (તેમના મૃત્યુ પશ્ચાત જ આ ઝંખના સત્યમાં પરિણમી.)

માર્કોનીએ એક એવા તંત્રની કલ્પના કરી હતી કે જે આકાશી પદાર્થોના અમૂર્ત બળને યોગ્ય દિશામાં નિયંત્રતિ કરી શકે. હવે વાયરલેસ અને રેડિયો સેટોની હાજરી

એમની કલ્પનાને સત્યમાં પરિણમતું ઉદ્દ્ઘોષિત કરી રહ્યા છે. માર્કોનીના આ પ્રયોગને કારણે મહેલ અને ઝુંપડી પાસે-પાસે આવી ગયા છે. લગભગ સમસ્ત વિશ્વના દેશો એક-મેકના પાડોશી બની ગયા છે. એના દ્વારા અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ એક નાનકડી સૂચના વડે કરોડો-અબજો લોકો સાથે વાર્તાલાપ કરી શકે છે. રોચક સત્ય એ છે કે આના સંદર્ભમાં માર્કોનીના 'અમૂક મિત્રો'એ તેમને જેલભેગા અને પાગલોની હૉસ્પિટલમાં પહોંચાડવાનો પાકો પ્રબંધ કરી લીધો હતો. જ્યારે તેમણે જાહેર કર્યું કે તેઓએ એક એવા સિદ્ધાંતની શોધ કરી લીધી છે જેના વડે તાર(દોરડા)વિના તેઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ સંદેશો મોકલી શકે છે. ભૌતિક સાધનો વગર આવું કરવું અવિશ્વસનીય લાગ્યું અને એ કારણે જ તેમના મિત્રોને ભરોસો પડયો નહોતો. આજના યુગમાં તો આવા સ્વપ્નદર્શી લોકો એ લોકો કરતાં પણ વધારે સારૂં કાર્ય કરી શકે છે.

આજે વિશ્વ નવીન શોધખોળથી માત્ર ટેવાઈ ગયું નથી પરંતુ તે નવા શોકકર્તાઓને, નવા સ્વપ્નદર્શીઓને પુરસ્કારથી નવાજવા આતુર રહે છે.

"દરેક મહાનમાં મહાન શોધની શરૂઆતમાં ફક્ત એક સ્વપ્ર સંતાયેલું હોય છે."

" બીજમાં વૃક્ષ અને ઇંડામાં પક્ષી અને આત્માના વિશાળ દર્શનમાં એક દેવદૂત જાગૃત રહે છે- કારણ કે વાસ્તવિકતાનું બીજ સ્વપ્નમાં જ રોપાતું હોય છે."

અરે વિશ્વના સ્વપ્નદર્શીઓ! જાગો! ઊઠો! અને પોતાના મનની ઈચ્છા સાકાર કરો. હવે તમારો સિતારો બુલંદી પર છે. મંદીએ તમારી સમક્ષ એક તક રજુ કરી છે જેની તમે વાટ જોઈ રહ્યા હતા. તેણે લોકોમાં સૌમ્યતા, સહનશીલતા અને ખૂલ્લું મગજ આપ્યું છે. આજે વિશ્વમાં તકોની વિપુલતા છે. આવી સ્થિતિ આ અગાઉ પહેલાં ક્યારેય થઈ નહોતી.

ધધકતી ઈચ્છા જ એ પ્રયાણ-કેન્દ્ર છે જેમાં કોઈ પણ સ્વપ્નદર્શી ઉડ્ડયન કરે છે. સ્વપ્નાઓ ઉદાસીનતા, આળસ અને મહત્વકાંક્ષાના અભાવે જીવીત રહી શકતા નથી.

હવે આ વિશ્વ સ્વપ્નદર્શીઓની ન તો મશ્કરી કરે છે ન તો તેઓને અવ્યવહારૂ કહે છે. જો તમને કંઈ અવિશ્વાસ હોય તો ટેન્નેસીમાં જઈને જુઓ કે કેવી રીતે એક સ્વપ્નદર્શી રાષ્ટ્રપતિએ અમેરિકાની સમસ્ત જળશક્તિને નિયંત્રિત કરી નાંખી છે. થોડાક જ વર્ષો પહેલાં આ સ્વપ્નનું મૂલ્ય એક (પાઠ) શિખામણથી વધારે કંઈ નહોતું.

મંદી દરમ્યાન તમે ઉદાસ રહ્યા, હારતા રહ્યા અને પોતાની ઈચ્છાઓનું ગળું ટૂંપતા રહ્યા. હિમ્મત રાખો કેમ કે આ અનુભવે તમારી અંદર એક એવું આધ્યાત્મિક તત્વ ભરી દીધું છે જેના કારણે તમારા સ્વપ્નોનું મૂલ્ય અજોડ થઈ ગયું છે.

યાદ રાખો કે જેઓ પણ વિશ્વમાં સફળ બન્યા છે તેઓનો આરંભ ક્યારેય સારો રહ્યો નહોતો, ન હવે પછી પણ હશે. કેટલાય હૃદય-ભાંગનાર વિઘ્નો પછી જ તેઓ પોતાના લક્ષ્ય સુધી પહોંચી શક્યા છે. આવા લોકોના જીવનમાં નિર્ણાયક પરીવર્તન કેન્દ્ર કોઈ ને કોઈ વિઘ્ન દ્વારા જ આવે છે જ્યારે તેઓ પોતાના સાથે પૂર્ણ પરિચિત બની જાય છે.

જૉન બન્યનની પ્રસિદ્ધ રચના 'ધી પિલગ્રિમ્સ પ્રોગ્રેસ' જે અંગ્રેજી સાહિત્યની સર્વોત્તમ રચનાઓમાંની એક તરીકે જાણીતી છે. જેનું સર્જન તેઓએ એવા સમયે કર્યું હતું જ્યારે ધર્મ વિશેના પોતાના વિચારો માટે તેઓને શિક્ષા કરવામાં આવી હતી અને બંદીગૃહમાં પૂરી દેવામાં આવ્યા હતા.

ઓ. હેનરીએ પોતાની સુષુપ્ત પ્રતિભાને ત્યારે ઓળખી જ્યારે કમનસીબે, તેઓ ઓહિયોના બંદીગૃહમાં બંદી હતા. જ્યારે દુર્ભાગ્યે તેઓને ત્રાસ પમાડ્યો ત્યારે તેઓએ પોતાની કલ્પનાને ઉદીપ્ત કરી અને જાણ્યું કે તેઓ કોઈ દયનીય ગૂન્હેગાર નથી બલકે એક મહાપુરુષ છે. જીવનની પ્રકૃતિ વિચિત્ર છે પરંતુ અપાર અસીમિત બુદ્ધિની પ્રકૃતિ પણ વિશેષ વિચિત્ર છે જેના ધારક પોતાની ક્ષમતાને ઓળખવામાં કેટલીય દંડનીય સ્થિતિઓમાંથી પસાર થાય છે ત્યારે જ તેઓ પોતાની ક્ષમતાને ઓળખી શકે છે જેના થકી તેઓ કલ્પના શક્તિ વડે પોતાના ઉપયોગી વિચારો શોધી શકે છે.

વિશ્વના મહાનતમ્ શોધક એડીસન એક વૈજ્ઞાનિક અગાઉ ચિંથરેહાલ ટેલીગ્રાફિક ઑપરેટર હતા. તેઓ અસંખ્ય વાર નિષ્ફળ રહ્યા હતા-"જ્યારે તેમની મેઘા જાગૃત થઈ તો તેમણે મહાન શોધ કરી નાંખી."

ચાર્લ્સ ડીકન્સે કાળા વાસણો પર લેબલ લગાવવાનું કામ શરૂ કર્યું હતું. તેમના પ્રથમ પ્રેમની ત્રાસદી તેમના આત્માના ઊંડાણમાં ઉતરી ગઈ હતી જેણે છેવટે તેઓને વિશ્વના એક મહાનતમ લેખક બનાવી દીધા. પછી તેઓએ 'ડેવિડ કૉપરફીલ્ડ' અને અન્ય મહાન રચનાઓનું સર્જન કર્યું હતું અને પોતાના વાચકોને અનોખા ખજાનાની ભેટ આપી. આમ તો મોટાભાગે પ્રેમમાં મળેલ નિષ્ફળતા માણસને દારૂડીયો અને દુશ્ચરિત્ર બનાવી દે છે કેમ કે આવા લોકો સમજી શકતા નથી કઈ રીતે શક્તિશાળી પ્રેમભાવને સર્જનાત્મક રૂપમાં પરીવર્તિત કરી શકાય.

હેલન કેલર તો પોતાના જન્મ બાદ તરત જ મુંગા-બહેરા અને અંધ બની ગયા હતા. પરંતુ એમની જબરજસ્ત વિકલાંગતા છતાં તેઓ વિશ્વના ઇતિહાસમાં એટલો મહાન દરજ્જો મેળવી શક્યા. તેમનું જીવન જીવતું જાગતું ઉદાહરણ છે કે કેવી રીતે પરાજય એક વાસ્તવિકતા બની શકતી નથી ત્યાં સુધી જ્યાં સુધી સ્વયં તેનો સ્વીકાર કરી લેવામાં ન આવે.

રોબર્ટ બન્ર્સ એક અભણ ગામડીયો હતો, ગરીબીથી અભિશાપિત અને દારૂડીયો.પરંતુ તેણે પોતાના મનોભાવોને કવિતામાં અવતરિત કરીને એ વિશ્વને વધુ સમૃદ્ધ કર્યું-તેણે જગ-ઉપવનમાંથી કંટકોને દૂર કરી ત્યાં ગુલાબો ખીલવ્યા.

બુકર ટી. વૉશિંગ્ટન ગરીબીમાં જનમ્યા હતા. જાતિ અને શરીરના વર્ણને લીધે તેઓ એક અપંગ-જેવા વ્યક્તિ હતા. પરંતુ તેઓ પાસે સહનશીલતા અને દરેક વિષય માટે ખુલ્લો દૃષ્ટિકોણ રહેતો હતો-કારણ કે તેઓ સ્વપ્નદર્શી હતા, તેઓએ સમસ્ત માનવજાત ઉપર પોતાની છાપ મૂકી છે.

બિથોવન બહેરા અને મિલ્ટન અંધ હતા પરંતુ તેઓનું નામ આ વિશ્વમાં જીવંત રહેશે કેમ કે તેઓની અંદર વિચારોને સુસ્થિત કરીને સ્વપ્નોને હકીકતમાં ફેરવવાની યોગ્યતા હતી.

આગળના અધ્યાયમાં પ્રવેશ કરતાં પહેલા એ માટે પોતાના મનમાં એક નૂતન આશા, વિશ્વાસ, સાહસ અને સહનશીલતાની જ્યોત પ્રગટાવો. જો તમારામાં એ તણખો(ચિનગારી)છે અને વર્ણિત સિદ્ધાંતોનો મર્મ સમજવાનું જ્ઞાન છે તો તમારી જરૂરિયાત મુજબનો દરેક સામાન યોગ્ય સંજોગોમાં તમને પ્રાપ્ત થશે."દરેક કથન, પુસ્તક અને શબ્દ તમારી સહાયતાર્થે તમારા માનસપટલ પર ઉપસી આવશે એ ખુલ્લી બારીઓના માધ્યમ દ્વારા તમારી સન્મુખ હશે તથા એ દરેક પ્રિય મિત્ર તમારી સહાયતા હેતુ તમારા કંઠમાં બાહુઓ પરોવીને ઊભો હશે." આ જ તફાવત છે ફક્ત 'ઝંખના' કરવામાં અને તેનું પ્રતિફળ મેળવવામાં. કોઈ વ્યક્તિ કોઈ વસ્તુને ત્યાં સુધી મેળવી શકતો નથી જ્યાં સુધી તે તેને મેળવવા માટે તૈયાર નથી હોતો. મનમાં પોતાની નિષ્ઠા પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા હોવી જોઈએ. મનને હંમેશા ખૂલ્લું રાખો કારણ કે મન ત્યાર પછી વિશ્વાસ, સાહસ અને નિષ્ઠાનું માપદંડ થઈ શકતું નથી

યાદ રાખો કે જીવનમાં દૃચુ લક્ષ્ય રાખવા માટે કોઈ વિશેષ પ્રયાસ કરવો પડતો નથી. દયનીયતા અને ગરીબીને મેળવવા માટે જે પણ કરવું પડે તેનાથી વિશેષ સમૃદ્ધિ અને વૈભવ મેળવવા માટે કરવું પડતું નથી. એક મહાન કવિએ આ સાર્વભૌમ સત્યને નીચે પ્રમાણે પ્રગટ કર્યું છે-

"મેં જીવન પાસે એક દમડી માંગી

મને એ પણ ન મળી;

મેં જે કંઈ કર્યું, છતાં;

મારો તુચ્છ ખજાનો વધ્યો નહી.

કેમ કે જીવન એક કઠોર સ્વામી છે

તે એ જ આપે છે જે આપણે માગીએ છીએ;

પણ એક વાર વેતન ઠરાવાયું

તો પછી આપણે કામ તો કરવું રહ્યું!

જ્યારે મેં જીવન પાસે મજુરી માંગી

એ જ મને મળી,

ત્યારે મને ખબર પડી

કે જીવન એ સર્વ ખુશી આપણને આપે છે

જે ખરેખર તેની પાસે ઈચ્છીએ છીએ''

સંકલ્પ - પ્રકૃતિને હરાવી દે છે

આ અધ્યાયની પરાકાષ્ઠા સમયે હું એક એવા માણસ સાથે વાચકોનો પરિચય કરાવવા ઈચ્છું છું જે મારા પ્રમાણે તદ્દન અસાધારણ વ્યક્તિ હતો. મારો એની સાથેનો પરિચય આશરે ૨૬ વર્ષ અગાઉ થયો હતો, એના જન્મ થયા બાદ થોડા સમય બાદ જ એ જ્યારે વિશ્વમાં આવ્યો ત્યારે એની પાસે કાન જેવી કોઈ વસ્તુ નહોતી. જ્યારે દાક્તરને બતાવ્યું તો તેઓનો મત હતો 'શક્ય છે કે આ જીવનભર મુંગો-બહેરો જ રહે.'

મેં ડૉક્ટરના આ મતને પડકાર્યો. છેવટે આ મારો અધિકાર છે કારણ કે એ બાળકનો હું પિતા હતો. મેં પણ વ્યક્તિગત રીતે એક મત કેળવ્યો અને સંકલ્પ લીધો પણ મેં એને મારા હૃદય સુધી જ સીમિત રાખ્યો. મેં નક્કી કર્યું કે મારો દીકરો ચોક્કસ જોઈ- સાંભળી શકશે અને બોલી પણ શકશે. પ્રકૃતિએ મને એક કર્ણ-રહિત બાળક તો આપી શકે છે પણ આને એક અસાધ્ય નબળાઈ માનવા માટે બાધિત કરી શકતી નથી.

મેં નક્કી કરી લીધું હતું કે મારું બાળક બોલશે, સાંભળશે અને જોશે. મને ભરોસો હતો કે કોઈ ને કોઈ માર્ગ ચોક્કસ સુઝશે.. મારા માનસમાં ઈમરસનની અમર- પંક્તિઓ વારંવાર ગુંજી રહી હતીઃ ''દરેક વસ્તુનો હેતુ હોય છે આપણને વિશ્વાસનો પાઠ શીખવવાનો. આપણું કાર્ય ફક્ત એ હેતુને સ્વીકારવું માત્ર છે.

આપણા દરેક માટે માર્ગદર્શન હોય છે અને જો આપણે ધ્યાનથી સાંભળીશું તો આપણે યોગ્ય શબ્દ પણ ગ્રહણ કરી લઈશું''

યોગ્ય શબ્દ શું? ઈચ્છા! મારી સૌથી વિશેષ એ જ ઈચ્છા જ હતી કે મારું બાળક, મુંગુ, બહેરું ન રહે. જ્યારથી મેં આ ઈચ્છા કરી ત્યારથી અનુક્રમે બળવત્તર બનતી

ગઈ.

કેટલાય વર્ષો અગાઉ મેં લખ્યું હતું ,“આપણી હદો ત્યાં જ હોય છે જ્યાં આપણા મસ્તિષ્કમાં નિર્ધારિત કરી લઈએ છીએ.” હવે પ્રથમવાર મેં વિચાર્યું કે શું ખરેખર આ વાસ્તવિકતા છે. મારા નવજાત શિશુની સામે બિછાના પર સૂતા સૂતા હું આ વિચારી રહ્યો હતો. બાળકમાં શ્રવણ શક્તિ નહોતી. જો તેણે સાંભળવાનું અને બોલવાનું શીખી લીધું તો પણ તે જીવનપર્યંત અંગહીન જ રહેશે. ચોક્કસપણે એ એક મર્યાદા હતી જે બાળકના માનસમાં નહોતી.

હવે હું શું કરી શકું! હું ઈચ્છતો હતો કે ગમે તે રીતે બાળકના માનસ સુધી મારી જ્વલંત ઈચ્છાને પહોંચાડી શકું. કાશ આ કામ વગરનું બાળક મારી આ અદમ્ય ઈચ્છાને સમજી શકતું હોત. મેં વિચાર્યું કે જ્યારે એ બાળક થોડું ઘણું સમજદાર થઈ જશે હું તેના મનમાં મારી એ ઈચ્છાને ઠાંસી ઠાંસીને ભરી દઈશ. પછી પ્રકૃતિ પોતાની રીતે એને એક વાસ્તવિકતામાં ફેરવશે.

આ બધી વાતો મારા મનમાં ઉભરાઈ રહી હતી પણ મેં એને મારા મનમાં જ રાખી અને કોઈની સામે જાહેર કરી નહીં- પરંતુ મારી આ પ્રતિજ્ઞાને કે હું મારા પૂત્રને મૂક-બધિર રહેવા દઈશ નહીં-નિત્ય મનમાં ને મનમાં દોહરાવતો રહ્યો.

જેમ મારૂં બાળક મોટું થતું ગયું તેને આજુબાજુની વસ્તુઓની ખબર પડવા લાગી. મેં જોયું કે એની પાસે સાંભળવાની બહુ જૂજ શક્તિ હતી. જ્યારે એ ડગલા ભરતા શીખવાની ઉંમર સુધી પહોંચ્યો તો તેણે બોલવાનો કોઈ જ પ્રયાસ કર્યો નહી. પરંતુ અમે તેના પ્રયત્નોથી સમજવા લાગ્યા હતા કે તે થોડું ઘણું સાંભળી શકે છે. આજ હું જાણવા ચાહતો હતો. મને વિશ્વાસ હતો કે જો તે થોડુંક સાંભળી શકે છે તો વધારે પણ સાંભળવા લાગશે પછી એવું બન્યું કે જેનાથી મને આશાનું કિરણ મળ્યું. એ તદ્દન આકસ્મિક રીતે થયું.

અમે એક વિકટરોલા(ગ્રામોફોનનું વાજું) ખરીદ્યું. હવે એ બાળકે એનું સંગીત સાંભળ્યું તો એ જાણે આનંદવિભોર બની ગયો અને એ વાજાં પર પોતાનો હક્ક જમાવી દીધો. થોડાક જ દિવસો પછી તેની પસંદગીની કઈ કઈ રેકર્ડો છે, એની ખબર પડી ગઈ. એમાંથી એક રેકર્ડ હતી, “ઈટ્સ એ લોન્ગ વે ટુ ટિપપેરરી” એક વખત તેણે એક રેકર્ડને વારંવાર વગાડી અને આશરે બે કલાક સુધી વગાડ્યા કરી. તે વિકટરોલા સામે દાંત ભીસીને ઊભો રહ્યો. એની આ ટેવનું મહત્વ અમને પાછળથી જાણવા મળ્યું જ્યારે અમે ‘બોન કંડકશન’ સિદ્ધાંત વિશે સાંભળ્યું.

જ્યારે એણે એ વિકટરોલા પર પોતાનો અધિકાર જમાવી દીધો તો મેં જોયું કે જ્યારે હું તેના કાનની પાછળના માસ્ટરાઈડ બોનને અડકીને બોલતો હતો-એટલે કે મારા હોઠ એના કાનની પાસે ઉપસેલ હાડકાની નજીક હોય-ત્યારે એ મારો અવાજ સ્પષ્ટ પણે

સાંભળી શકતો હતો. આનાથી મને એક દિશા મળી અને હું મારી અદમ્ય ઈચ્છા-કે મારો પૂત્ર ક્યાંક મૂક-બધિર ન રહી જાય-ને વાસ્તવિકતામાં ફેરવવાના પ્રયત્નોમાં લાગી ગયો. એ સમયે એ અટકી-અટકીને થોડાક શબ્દો બોલવાનો પ્રયાસ પણ કરવા લાગ્યો હતો. જો કે આખુંય વાતાવરણ હતોત્સાહિત કરનારૂં હતું, પરંતુ નિષ્ઠાને સમર્પિત ઈચ્છા માટે કશું પણ અશક્ય હોતું નથી.

જ્યારે મેં જોયું કે એ મારો અવાજ થોડો ઘણો સાંભળવા, સમજવા લાગ્યો છે તો મેં ધીમે—ધીમે મારી અદમ્ય ઈચ્છા- કે એ સારી રીતે બોલી-સાંભળી શકે- એના મનમાં ભરવાનું પ્રારંભ કરી દીધું. મેં સહસા જોયું કે તેને સૂતા પહેલાં વાર્તાઓ સાંભળવામાં ઘણો આનંદ મળે છે તો મેં એવી વાર્તાઓ રચવાનો પ્રયાસ કર્યો જે તેનામાં આત્મવિશ્વાસ, કલ્પનાશક્તિ અને સાંભળવા—બોલવાની ઉત્કટ ઈચ્છા ભરવાનો પ્રયત્ન કરે.

એક એવી વાર્તાને મેં નાટકીય રૂપે નવો રંગ આપવાનો પ્રયાસ કર્યો. એનો ઉદ્દેશ્ય હતો કે એના મગજમાં આ વિચાર ભરી દઉં કે એની બિમારી કોઈ રોગ નથી બલ્કે એના માટે એક 'એસેટ'(સંપત્તિ) પણ હોઈ શકે છે. તો પણ મને એ ઉક્તિ ઉપર પૂર્ણ વિશ્વાસ હતો કે,"દરેક વિપત્તિ પોતાની સાથે કોઈ ને કોઈ સરખો લાભ આપનાર બીજ પણ ઉત્પન્ન કરે છે," મારે એ કબૂલ કરવું રહ્યું કે મને ત્યાં સુધી સમજમાં નહોતું આવી રહ્યું કે કઈ રીતે નબળાઈ એક તાકાત બની શકે છે. તો પણ, મેં મારા પ્રયાસો ચાલુ જ રાખ્યા અને સૂતી વખતે તેને સંભળાવામાં આવનારી વાર્તાઓમાં નીત નવા રંગો ભરીને એને સંભળાવતો રહ્યો. એ અપેક્ષા પણ કરતો રહ્યો કે એ દિવસ તત્કાળ આવે જ્યારે એની આ મૂશ્કેલી દૂર થાય.

તો પણ તર્ક મને ચેતવી રહ્યો હતો કે જ્યાં કર્ણહીનતા હોય ત્યાં સાંભળવાનો સરળ ઉપાય કઈ રીતે શોધી શકાય એમ છે? પરંતુ નિષ્ઠા સંચાલિત ઈચ્છાએ આ તર્કને બાજૂ પર હટાવી દીધો અને મને મારા પ્રયાસો ચાલુ રાખવા માટે પ્રેરિત કરતી રહી. હવે જ્યારે હું એ સ્થિતિનું આજે વિશ્લેષણ કરૂં છું ત્યારે હું સમજું છું કે ચમત્કારિક પરિણામ પાછળ મારા પૂત્રનો મારા પરના વિશ્વાસનું બહુ મોટું યોગદાન રહ્યું છે. મેં એને જે પણ જણાવ્યું, એની પર એણે ક્યારેય સવાલ ઊભા કર્યા નથી. મેં એને સ્પષ્ટ કર્યું કે એની પાસે જે કંઈ છે તે તેના મોટા ભાઈ પાસે નથી અને એનું કારણ સ્વયંભૂ તેની સમક્ષ ખૂલ્લું થશે. ઉદાહરણ રૂપે એની પાસે કાન ન હોવાને કારણે શાળામાં શિક્ષકવર્ગ એના પ્રત્યે વધારે સતર્ક રહેશે અને એની ઉપર વધારે ધ્યાન પણ આપશે. એવું શિક્ષકો કર્યું પણ ખરૂં. એની માતા (મારા પત્ની) એની સાથે જઈને એ ખાતરી પણ કરી લેતી હતી કે એના શિક્ષકો એમ જ કરે. જ્યારે એ મોટો થઈ ગયો અને સમાચાર પત્રો વહેંચવાનું કામ કરવા લાગ્યો(એનો મોટો ભાઈ સમાચાર પત્રો વહેંચવાનું

કામ પહેલાંથી કરવા લાગ્યો હતો) તો એમાં બહાદૂરીનું મૂળ તત્વ વધારે હતું. એનું કારણ સહાનુભૂતિ એકલું નહોતું કે એના કાન નહોતા.

ધીમે ધીમે અમે અનુભવ્યું કે એની શ્રવણશક્તિમાં વધારો થઈ રહ્યો હતો. એ સિવાય પોતાની મૂશ્કેલીથી હવે એ આક્રાન્ત પણ લાગતો નહોતો. હવે એ લગભગ સાત વર્ષનો થયો તો એણે પહેલાં એ લક્ષણ દેખાડ્યા જેનાથી લાગ્યું કે અમારો કીમિયો સફળ થઈ રહ્યો છે. ઘણા મહિનાઓ સુધી તેણે સમાચારપત્રો વહેંચવાના કામ માટે પોતાની માતાને વિનંતિ કરી પણ એને અનુમતિ મળી નહી. એની માતાને લાગી રહ્યું હતું કે આ બહેરા છોકરાનું ખૂલ્લેઆમ રસ્તાઓ પર ફરવું એને વધારે અસુરક્ષિત ન બનાવી દે.

છેવટે તેણે આખોય મામલો પોતાના હાથમાં લઈ લીધો. એક દિવસ એ નોકરો સાથે રસોડાની બારી પર ચઢીને બહાર પહોંચ્યો અને બાજુના મોચી પાસેથી છ સેન્ટ લઈ સમાચારપત્રો ખરીદ્યા અને એને વેચવા લાગ્યો. એવું એણે સાંજ સુધી કર્યું. ત્યાર બાદ પોતાનો હિસાબ કર્યો-છ સેન્ટ મોચીને પાછા આપ્યા બાદ એણે ૪૨ સેન્ટ કમાયો. જ્યારે રાત્રે અમે ઘેર પાછા ફર્યા તો તે સૂઈ ગયો હતો- તેની કમાણી તેની મુઠ્ઠીમાં તેણે કચકચાવીને પકડી રાખી હતી.

એની માતાએ એની મુઠ્ઠી ખોલીને એમાંથી સેન્ટના સિક્કા કાઢ્યા અને લાગણીના અતિરેકમાં એ રડવા લાગી. પણ મને એ યોગ્ય લાગ્યું નહી- અરે પોતાના પૂત્રના પ્રથમ વિજય પર આ વળી આંસુનો ધોધ કેવો? મારી પ્રતિક્રિયા તદ્દન વિરુદ્ધ હતી- હું મનભરીને પ્રસન્ન થયો કે મારી તરકીબ અસરકારક સાબિત થઈ અને એનામાં મારી નિષ્ઠાએ પોતાની ખુબીને પ્રગટ કરી.

પરંતુ એની માતાને લાગી રહ્યું હતું કે એનો પુત્ર ધન કમાવા માટે પોતાના પ્રાણને જોખમમાં મૂકી રહ્યો હતો. પરંતુ મારો વિચાર હતો કે તે સ્વ-નિર્ભર વેપારી છે અને એનો વિશ્વાસ ૧૦૦ ટકા વધી ગયો હતો. એ પોતાની પહેલ ઉપર વેપારમાં ગયો અને વિજેતા બન્યો. મને એનો આનંદ હતો કે એનામાં પોતાની કાબેલિયતને પારખવાની યોગ્યતા છે જે અને એની સાથે હંમેશાં રહેશે. પછીના પ્રસંગોએ પૂર્ણ રીતે સિદ્ધ કરી દીધું. જ્યારે એના મોટાભાઈને કોઈ વસ્તુ જોઈતી હોય તો ભોંય પર આળોટીને લાતો ઉછાળતો અને પોતાની મનગમતી વસ્તુ મેળવી લેતો હતો. પરંતુ અમારો 'નાનો બહેરો' બાળક આવું કશુંય કરતો નહોતો. એ મનગમતી વસ્તુ પ્રાપ્ત કરવા માટે યોજના ઘડતો, નાણાં મેળવતો અને પછી પોતાની વસ્તુ જાતે ખરીદતો હતો. હજુ સુધી તે એવું જ કરે છે. ખરેખર મારા નાના પુત્રએ મને શીખવ્યું કે પોતાની નબળાઈને કેવી રીતે લક્ષ્ય મેળવવા માટેની મજબૂત નિસરણી બનાવી શકાય છે. એ લાચારી અને કમજોરીઓને વિઘ્ન નહી બલ્કે પ્રગતિનું બહાનું સમજવું જોઈએ.

એ નાનો બહેરો બાળક એ જ સ્થિતિમાં શાળાકીય અને કૉલેજનું શિક્ષણ પ્રાપ્ત કરતો રહ્યો-પોતાના શિક્ષકોને સાંભળ્યા વગર-જ્યાં સુધી તેઓ તેના કાન પાસે આવીને જોરથી બૂમ ન પાડે. બધિરો માટેની શાળામાં નહી બલ્કે એ સામાન્ય શાળામાં જ ગયો હતો.

અમે એને(બધિરો માટેના પ્રયોજાયેલ) ચિહ્ન-ભાષા શીખવા દેવા પણ ઈચ્છતા નહોતા. અમે ઈચ્છતા હતા કે એ સામાન્ય જીવન જ જીવે અને સામાન્ય બાળકોની જેમ બધામાં હળે-ભળે. અમે અમારા નિર્ણય પર અડગ રહ્યા. જો કે આના બાબતે અમારી શાળાના સંચાલકો સાથે ઉગ્ર ચર્ચાઓ થયા કરતી હતી હતી. જયારે એ હાઈસ્કૂલમાં હતો ત્યારે અમે તેને માટે એક વિજ સંચાલિત 'હિયરીગ એડ'પણ ખરીદ્યું હતું પણ એ તેના માટે નકામું જ રહ્યું. શિકાગોના ડૉ.જે. ગૉર્ડન વિલ્સને જયારે એક બાજુના કાનની શસ્ત્રક્રિયા કરી ત્યારે ખબર પડી કે કુદરતે એનું શ્રવણ- તંત્ર બનાવ્યું જ નથી.

પરંતુ જયારે તે પોતાની કૉલેજ-શિક્ષણના છેલ્લા સપ્તાહમાં હતો (એ શસ્ત્રક્રિયા પછી આશરે ૧૮ વર્ષો પછી) ત્યારે એવું કશુંક બન્યું જે તેના જીવનની યુગાન્તકારી ઘટના બની ગઈ. જો કે હતો તો એક તુક્કો જ પણ પરીક્ષણ માટે એની પાસે એક બીજું વિજ સંચાલિત 'હિયરીગ એડ' મોકલવામાં આવ્યું. કેમ કે પ્રથમ પરીક્ષણ ઉપયોગી સાબિત થયું નહોતું. એ અત્યંત ઉદાસીનતાથી એ ચકાસી રહ્યો હતો. સહસા એણે એ યંત્ર બેદરકારીથી પોતાના માથા પર મૂક્યું. જેમ એને બેટરી સાથે જોડ્યું તો જાણે ચમત્કાર જ થઈ ગયો. એક તિલસ્મી ચમત્કાર વડે એની સાધારણ શ્રવણ-શક્તિપ્રાપ્ત કરવાની ઈચ્છા એક વાસ્તવિકતામાં પરિણમી. પ્રથમ વખત એણે એવી રીતે સાંભળ્યું જેવી રીતે કોઈ પણ સામાન્ય વ્યક્તિ સાંભળે છે."ખરેખર ઈશ્વર મહાન રચનાકાર છે અને ચમત્કારો કરે છે. "

પોતાના બદલાઈ ગયેલ વિશ્વમાં આનંદાતિરેકથી લગભગ ખુશીનો માર્યો સીધો ટેલિફોન પાસે ગયો અને પોતાની માતા સાથે એકદમ નિરાંતથી વાતો કરી અને એનો અવાજ એકદમ સ્પષ્ટ સાંભળ્યો. બીજા દિવસે એણે પોતાની કૉલેજના પ્રાધ્યાપકો અને અધ્યાપકોનો સ્વર એકદમ સરસ રીતે સાંભળ્યો. પહેલા તો એ તેઓને ત્યારે જ સાંભળી શકતો હતો જયારે તેઓ તેના કાન આગળ આવીને બૂમો પાડતા હતા. હવે એ કોઈની પણ સાથે ખુબ વાતચીત કરી શકતો હતો. એનું વિશ્વ એકદમ જ બદલાઈ ગયું. એણે પ્રકૃતિની ખામીને એમ જ સ્વીકારી લીધી નહી અને પ્રકૃતિને પોતાની ભૂલ સુધારી લેવા માટે વિવશ કરી દીધી.

જો કે અમારી ઈચ્છા હવે અસરકારક બનવા લાગી હતી પરંતુ હજુ પૂર્ણ જીત મળી નહોતી. હજુ એ બાળક માટે પોતાની નબળાઈને એક ચોક્કસ લાભમાં બદલવી બાકી

હતું.

પોતાની સિદ્ધિની ઉપલબ્ધિના મહત્વને જાણ્યા વિના નૂતન વિશ્વમાં આનંદવિભોર, એણે 'હિયરીગ એડ' બનાવનાર કંપનીને એક પત્ર લખ્યો જેમાં પોતાના મધુર અનુભવને વર્ણવ્યો. ખબર નહી પણ એ પત્રમાં જાહેર હતું કે ગોપિત હતું, કે એ કંપનીએ એને ન્યુયોર્ક આવવાનું નિમંત્રણ પાઠવી દીધું. જ્યારે એ ફેકટરીમાં ફરી રહ્યો હતો, સાથે ત્યાંના મુખ્ય એન્જિનીઅર પણ હતા. ખબર નહી એ છોકરાને ત્યાં શું પ્રેરણા થઈ કે એણે એક પ્રસ્તાવ મૂક્યો-જેણે એની ખામીને એક ચોક્કસ લાભનો સોદો બનાવી દીધો જે એને આખી જિંદગી ખુશી અને ધન આપનાર પુરવાર થવું જોઈએ.

એ પ્રસ્તાવનો સાચો સાર એ છે:જો તે પોતાનું વૃતાંત અને સહસા શ્રવણ- શક્તિના સુધારા અંગે પોતાનો અનુભવ લખે તો આનાથી એના જેવા લાખો લોકોને બહુ મોટો લાભ પ્રાપ્ત થશે. ત્યારે જ એણે નિશ્ચય કર્યો કે પોતાનું શેષ જીવન તે બધિરોની સેવામાં પસાર કરશે. પછી એક માસ સુધી તે ગહન-શોધમાં વ્યસ્ત રહ્યો જેમાં હિયરીગ એડની માર્કેટીગની પ્રણાલી પર વિચારણા કરી અને સમસ્ત વિશ્વના બધિરો સાથે સીધા સંપર્ક અંગેના માર્ગોની શોધ કરી. જ્યારે સંપર્કો સ્થાપિત થઈ ગયા તો એણે દ્વિવર્ષીય યોજના ઘડી જે એની શોધ પર આધારિત હતી. જયારે એણે પોતાની યોજના કંપની સમક્ષ રજુ કરી તો એને એવો હોદ્દો આપવામાં આવ્યો, જે દ્વારા એ પોતાની મહત્વાકાંક્ષાને ચરિતાર્થ કરી શકતો હતો.

જ્યારે એ કામ કરવા ગયો ત્યારે એણે સ્વપ્નમાં પણ વિચાર્યું નહોતું કે નિયતિએ એને હજારો બધિરોનો ઉદ્ધારક બનાવી દીધો છે. એની સહાયતા વિના એ હજારો પોતાના મૂક વિશ્વમાં માથાં પછાડ્યા કરત. જ્યારે એ હિયરીગ એડ બનાવનાર કંપની સાથે કામ કરવા લાગ્યો તો એક દિવસ એણે મને એની કંપની દ્વારા ચલાવાતા એક વર્ગને ચલાવવા માટે બોલાવ્યો. હેતુ તો એ જ હતો કે બધિરોને સાંભળવાની સગવડતા પ્રદાન કરવી. મેં કદીયે આવું શિક્ષણ અગાઉ આપ્યું નહોતું માટે મને થોડો સંશય હતો કે મારો સમય બરબાદ જ ન થઈ જાય. પરંતુ ત્યાં એક પ્રદર્શન દેખાડવામાં આવ્યું જેમાં મારા એ વિચાર, જેમાં હું બધિરોના મનમાં સાંભળવાની ઈચ્છાને પ્રદિપ્ત રાખવા આતુર હતો,એ વિચાર એક નૂતન અને વિશાળ ફલક પ્રદાન કર્યું. મેં નિહાળ્યું કે મારી જ યુક્તિનો પ્રયોગ કરી બધિરોને સાંભળવા અને બોલવાની કળા શીખવવામાં આવી રહી હતી. આ જ એ કીમીયો હતો જેના દ્વારા હું પાછલાં કેટલાય વર્ષોથી મારા બહેરા પૂત્રને બહેરાપણાંથી બચાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

એ રીતે નિયતિનું ચકર ફર્યું કે ન તો ફકત મારો પૂત્ર બ્લેયર જ પોતાની શ્રવણ-શક્તિ મેળવી શકયો બલ્કે મારી સાથે મળીને એણે એવું અભિયાન ચલાવ્યું કે જેનાથી

સિદ્ધ થઈ ગયું કે 'જન્મજાત બહેરાશ'(ડેફ મ્યુરિઝમ)ને સુધારીને લાખો બધિરોની શ્રવણ-શક્તિ પ્રદાન કરી શકાય છે. જો આ એક માટે બની શક્ય બન્યું તો બીજાઓ માટે પણ ચોક્કસપણે થઈ જ જશે.

એમાં કોઈ સંશય નથી કે જો હું અને બ્લેયરની માતા એના મનમાં એ ઈચ્છાને જીવંત ન રાખી શકત તો તે હજુ સુધી બહેરો જ રહેત. જેમ અગાઉ હું ઉલ્લેખ કરી ચૂક્યો છું. બ્લેયરના જન્મના સમયે જ ડૉક્ટરે ચોખ્ખું જણાવી દીધેલ કે આ બાળક આજીવન મૂંગો અને બહેરો જ રહેશે. થોડા સપ્તાહો અગાઉ આ બાબતોના વિશેષજ્ઞ ડૉ.ઈરવિંગ વૂરહીઝે બ્લેયરની પૂરેપૂરી તપાસ કરી. એને સાંભળીને તેઓ વાસ્તવમાં નાખુશ થયા કે બ્લેયર આરામથી સાંભળી-બોલી શકતો હતો કેમ કે તેમની તપાસ અનુસાર"સૈદ્ધાંતિક રીતે આ યુવક સાંભળી - બોલી શકે નહીં" જો કે એક્સ-રેની છબિ સ્પષ્ટપણે દર્શાવી રહી હતી કે એની ખોપરીમાં કાન માટે કોઈ છિદ્ર જ નથી. એવું પ્રતીત થઈ રહ્યું હતું કે બ્લેયરના મનમાં અમારા દ્વારા ભરવામાં આવેલ તીવ્ર ઈચ્છાએ પ્રકૃતિને પણ પોતાની ભૂલ સુધારવા માટે વિવશ કરી દીધી હતી અને મસ્તિષ્ક અને શ્રવણતંત્રની વચ્ચેની ખાઈ પાર કરી દીધી. આ સત્યને હજુ સુધી ચિકિત્સા ક્ષેત્રના વિશેષજ્ઞ સ્વીકારી શકતા નથી કે આખરે આ કઈ રીતે બની શક્યું. જો હું કલ્પના કરૂં કે પ્રકૃતિએ આ ચમત્કાર દેખાડ્યો તો કદાચ ઉચિત નહીં ગણાય. પરંતુ આ અનુભવે મારા વિશ્વાસને વધુ ઊંડ બનાવી દીધો કે જો કોઈ માણસની જ્વલંત ઈચ્છાને નિષ્ઠાનો સહારો મળી જાય તો એના માટે કશું પણ અસંભવ નથી.

સત્ય તો એ છે કે અદમ્ય ઈચ્છાની પાસે કેટલાય ગુપ્ત માર્ગો છે પોતાને નક્કર રૂપમાં ચરિતાર્થ કરવા માટે. બ્લેયરના મનમાં આવી ઈચ્છા ઉદ્ભવી અને એને શ્રવણ-શક્તિ પ્રાપ્ત થઈ ગઈ. વસ્તુતઃએનો આ અભિશાપ બીજાઓ માટે વરદાન સાબિત થઈ ગયો. હવે એ લોકોનો ઉદ્ધારક બની ગયો છે અને એ કંપની તેને એક તગડા વેતનનો હોદ્દો પણ આપેલો છે.

એ 'સફેદ અસત્ય' જે અમે તેના માનસમાં બાળપણથી ઠાંસીને ભર્યા હતા-કે તેનું બધિરપણું તેની નબળાઈ નહી બલ્કે એક વરદાન સાબિત થશે, સત્ય સાબિત થયું. વસ્તુતઃજો અદમ્ય ઈચ્છાને ઊંડી નિષ્ઠાનો આધાર મળે તો દરેક સ્વપ્ન હકીકતમાં પરિણમી શકે છે. આ ગુણ તો દરેક મફતમાં મેળવી શકે છે, જો મનમાં આવી પ્રબળ કામના હોય તો.

લોકો સાથેના મારા લાંબા અનુભવમાં મને વાત્સવમાં એવો કોઈ પ્રસંગ મળ્યો નથી જે આનાથી વધારે ઈચ્છાની અદમ્યતા અને નિષ્ઠાનો ચમત્કાર દેખાડી શકે. હંમેશા લેખકો એ વિષય ઉપર લખવાની ભૂલ કરે છે જેના વિશે તેમને પોતાના અનુભવથી કોઈ જ ઊંડુ જ્ઞાન કે શિખામણ પ્રાપ્ત થયેલ નથી. હું આને મારૂં સદ્દભાગ્ય જ ગણું છું કે

ઈચ્છાની પ્રબળતાની કસોટીમાં ક્યાં મારે એની શોધ કરવી પડી નથી- મારા પોતાનાએ જ મને એ તક આપી દીધી. કદાચ નિયતિનો જ આ ચમત્કાર છે આ બધું મારા પૂત્રના જીવનમાં આપ્યું અને અદમ્ય ઈચ્છા શક્તિની કસોટી થઈ ગઈ. જો ઈચ્છાશક્તિ પ્રકૃતિને એની ભૂલ સુધારવા માટે વિવશ કરી શકતી હોય તો આ માનવામાં કોઈ સંદેહ નથી કે એની સામે કોઈ ટકી શકતું નથી.

મેં બ્લેયરના મનમાં આ ઈચ્છા ભરી દીધી અને એની સૌથી મોટી ક્ષતિ એના માટે વરદાન સાબિત થઈ. એની ઈચ્છા ફળવંત બની. જે રીતે એની ઈચ્છા પૂરી થઈ એ કંઈ વધારે કઠીન નહોતું-એના ત્રણ મુખ્ય ભાગ છે:પ્રથમ મેં મારા વિશ્વાસને ઈચ્છા સાથે જોડી દીધો અને એને મેં મારા પૂત્રના માનસમાં ઊંડીભૂત કર્યો. બીજું મેં સતત આ ઈચ્છા પ્રત્યે એને સચેત રાખીને પ્રેરિત કરતો રહ્યો અને ત્રીજું-એણે મારી પર સંપૂર્ણ ભરોસો મૂક્યો.

જ્યારે આ અધ્યાય પૂર્ણતા ભણી જઈ રહ્યો હતો ત્યારે મેડમ શ્યૂમેન-હીકના મૃત્યુના સમાચાર પ્રાપ્ત થયા. એ ખબરમાં એક નાનકડો ફકરો હતો જેમાં આ મહિલાના ગાયિકાના સંબંધે મહાન સફળતાનું પ્રમાણ અપાયું હતું. હું આ ફકરાનું અવતરણ આપવા ઈચ્છું છું કારણ કે એમાં પણ ઈચ્છાની પ્રબળતાના સગડ આપવામાં આવ્યા છે.

પોતાની કારકીર્દીની શરૂઆતમાં મેડમ શ્યૂમેન-હીક વિયેના-કોર્ટ ઑપેરામાં પોતાના સ્વરની પરીક્ષા માટે ગયા પરંતુ ત્યાંના નિર્દેશકે એમની પરીક્ષા લીધી નહી. એ વિચિત્ર ચીથરેહાલ છોકરીને જોઈને એ નિર્દેશકે રૂક્ષતાથી કહ્યું:તારા દિદાર અને વ્યક્તિત્વ કેવાં છે, શું ક્યારેય તું ગાયિકા તરીકે સફળ થઈ શકે છે? મારી દીકરી ! સારૂં તો એ છે તું આ વિચાર જ પડતો મૂકી દે. એક સિલાઈ મશીન ખરીદી લે અને કામે લાગીજા. તું ક્યારેય ગાયિકા બની શકે નહી.“ક્યારેય” તો એક દીર્ઘ સમય હોય છે. નિશંક વિયેના ઑપેરાકોર્ટના એ નિર્દેશકે સંગીતની કળા અને કળાકૌશલ્યના પારખી લીધા હતા પરંતુ તેમને એ ખબર નહોતી કે જ્યારે ઈચ્છા એક ઝનૂનનું રૂપ ધારણ કરી લે છે ત્યારે શું પ્રલય લાવી શકે છે. જો એમને એનો રજમાત્ર આભાસ હોત તો એ એ જિનીયસને તક આપ્યા વિના પાછા ન ધકેલી કાઢત.

કેટલાય વર્ષ અગાઉ મારા એક વેપારી સહયોગી બિમાર પડયા-ધીમે ધીમે એમની હાલત બગડતી ગઈ અને આખરે એમને દવાખાનામાં દાખલ થવું પડયું- એક શસ્ત્રક્રિયા માટે જ્યારે તેમને ઑપરેશન રૂમમાં વ્હીલચૅરમાં લઈ જવા આવી રહ્યા હતા, મેં એમને નિહાળ્યા કે શું આ દુબળો-પાતળો અશક્ત માણસ આવડા મોટા ઑપરેશનને સહી શકશે? શું ઑપરેશન ક્યારે પણ સફળ બની શકશે? ડૉક્ટરે મને ચેતવણી આપી હતી કે આ ભાઈનું બચવું અત્યંત કઠીન છે. પરંતુ આ તો માત્ર

ડૉક્ટરનો અભિપ્રાય માત્ર હતો! એ દર્દીનો મત તો હતો નહી. જ્યારે એમને વ્હીલ ચૅરમાં ઑપરેશન માટે અંદર લઈ જવામાં આવી રહ્યા હતા, તેઓએ ક્ષીણ અવાજમાં મને કહ્યું, પરેશાન થશો નહી, ચીફ! હું થોડા દિવસમાં અહીંથી સાજો થઈને બહાર નીકળીશ. એમની પાસે ઊભેલી પરિચારિકાએ પણ મારી પર દયામણી દૃષ્ટિ ફેંકી. પરંતુ એ સારા થઈ ગયા. જ્યારે બધું સમું-સૂતરું પાર પડી ગયું ત્યારે ડૉક્ટરે કહ્યું એમને બચાવનારી એક માત્ર શકિત એમની જીજીવિષા કે જીવવાની શકિત જ હતી. તે બચી શકે તેમ નહોતા પરંતુ પોતાની હિમંતથી મૃત્યુનો અસ્વીકાર કરી દીધો.

હું વિશ્વાસના આધારે ઉદ્દભવતી અદમ્ય ઈચ્છાશક્તિનો ચાહક થઈ ગયો છું. મેં જોયું છે કે આ શકિત એક અત્યંત નિમ્ન સ્તરે શરૂઆત કરનાર વ્યક્તિને ધન અને તાકાતના શિખરે પહોંચાડી શકે છે. મેં જોયું છે કે આ તાકાત બિમારોને કબરમાં જતા રોકી દે છે, બધેથી હારી ગયેલા કેવી રીતે આ તાકાતથી પાછા જીવનમાં આવી પહોંચીને ખુશખુશાલ બની જાય છે. મેં મારા પુત્રના મામલામાં આ સ્પષ્ટ પણે જોયું કે કઈ રીતે પ્રાકૃતિક રીતે અપંગ છોકરો આ તાકાતના આધારે એક સામાન્ય, સાધારણ અને ખુશખુશાલ જીવન વિતાવી શકે છે.

કઈ રીતે આ તાકાતને યોગ્ય રીતે લગાડીને શકાય કે ઈચ્છા પૂર્ણ થઈ શકે? આનો જવાબ આ અદયાય અને આગળના અદયાયોમાં પણ આપવામાં આવ્યો છે. આ જ એ સંદેશ, જે કદાચ સર્વાધિક દીર્ઘ મુદતનો અને પૂરી રીતે હતાશ કરનાર મંદી ઉપરાંત અમેરિકાથી આખાય વિશ્વને આપવામાં આવી રહ્યો છે. તાર્કિક રીતે આવું વિચારવું યોગ્ય છે કે આ સંદેશ એ દરેકને મળશે જેઓ આ મંદીના શિકાર બની ચૂકયાછે, જેઓ આ સમયગાળામાં પોતાનું સર્વસ્વ ગુમાવી બેઠા છે અને પોતાના છિન્નભિન્ન જીવનને પુનઃ યથાસ્થિત કરવું પરમ આવશ્યક છે. મારી એ દરેક પ્રત્યે શુભકામના છે કે જેઓની કોઈ પણ જાતની ઉપલબ્ધિ હોય, એની શરૂઆત એક ધધકતી, અદમ્ય ઈચ્છાથી જ થાય જેનાથી તેઓ પોતાનું લક્ષ્ય નિશ્ચિત રૂપે મેળવી શકે.

માનસિક રાસાયણિક પ્રકિરયાનો એક રહસ્યમયી નિયમ જે ક્યારેય સ્પષ્ટ રીતે સમજી શકાય નહી, એને પ્રકૃતિએ પોતાની અદમ્ય ઈચ્છાના આવરણ હેઠળ સંતાડીને રાખે છે જે પોતાનું પ્રાપ્ય, પ્રાપ્ત કરીને જ રહે છે તથા જેના માટે અસંભવ એક અર્થહિન શબ્દ છે અને પરાજય એક નિરર્થક ભાવ!



શ્રીમંત બનવા તરફ ઉપાડો બીજું પગલું

3

વિશ્વાસ

ઈચ્છા-પ્રાપ્તિ પ્રત્યે નિષ્ઠા અને એનું માનસિક દૃશ્યાવલોકન

વિશ્વાસ મનનો મુખ્ય ભાગ છે, જ્યારે તેમાં વિચારોનું સ્પંદન ભળે છે ત્યારે આપણું અચેતન મન તરત જ તેને ગ્રહણ કરી એને સાકાર એકરૂપ બનાવે છે અને અનંત મેઘા સાથે જોડી દે છે, જેવી રીતે પ્રાર્થના કરતી વેળાએ થાય છે.

વિશ્વાસ, પ્રેમ અને મૌનભાવ સૌથી શક્તિશાળી અને મુખ્ય ધનાત્મક ભાવાવેશ છે. જ્યારે આ ત્રણેય જોડાય છે તો એ આપણા વિચાર-સ્પંદનને આ પ્રકારે 'રંગીન' બનાવી દે છે કે તે તત્કાળ અચેતન સુધી પહોંચે છે અને તેનું નિરાકાર સમરૂપ અનંત મેઘા સાથે તત્કાળ પ્રતિભાવ કે રિસ્પોન્સ ગ્રહી લે છે.

પ્રેમ અને વિશ્વાસ એ માનસિક આવેગ છે જે માણસના આધ્યાત્મિક પક્ષ સાથે જોડાય છે. આનો વિરોધી મૌન ભાવ વિશુદ્ધ જૈવિક આવેગ છે જે ભૌતિક શરીર સાથે સંબંધ રાખે છે. આ ત્રણેય ભાવોનું પરસ્પર મિશ્રણ કે સમન્વય સિમિત ક્ષેત્ર, યથા માનવ મન અને અનંત મેઘા વચ્ચે એક સીધું સંપર્ક સૂત્ર કાયમ કરી દે છે.

વિશ્વાસ કેવી રીતે વધારવો

સ્વગત પ્રેરણા(ઑટો સર્વેક્ષણ)ના સિદ્ધાન્તના મહત્વને સમજવા માટે ઈચ્છાનું કોઈ મૌખિક કે સ્થૂળ ધન-સંપત્તિમાં પરીણમવાની પ્રક્રિયા સમજવી આવશ્યક છે. આનું સમ્મિલિત સ્વરૂપ વિશ્વાસ ઉત્પન્ન કરે છે.

વસ્તુત:વિશ્વાસ એક મનસ્થિતિ છે જે વારંવાર પ્રાપ્ત નિર્દેશો દ્વારા ઉત્પન્ન કરવામાં આવે છે. જે નિર્દેશ અચેતન મન ગ્રહણ કરે છે. આ જ શ્રૃંખલા સ્વગત પ્રેરણાની પણ થાય છે.

ઉદાહરણ સ્વરૂપે એ હેતુ કે જેના માટે તમે આ પુસ્તક વાંચી રહ્યા છો. સ્પષ્ટ પણે સામાન્ય વાચક જાણવા ઈચ્છે છે કે કઈ રીતે તમારી અદમ્ય ઈચ્છા એક નિરાકાર ભાવથી એક ભૌતિક ઉપલબ્ધિ- ધન-સંપત્તિમાં પરિવર્તીત થઈ જાય. હવે જે નિર્દેશ

સ્વગત પ્રેરણા અને અચેતન મનને આશ્વસ્ત કરી શકે છે કે જે તમારી ઝંખના છે તે તમને ચોક્કસ પ્રાપ્ત થશે જ. આ જ વારંવાર તમારા અચેતન મનમાં પ્રવેશ કરી વિશ્વાસનું સ્વરૂપ ગ્રહણ કરી લેશે- જેના માટે તમારૂં મન કેટલીય યોજનાઓ વિચારશે.

જો વિશ્વાસ નહી હોય તો વિશ્વાસ કેવી રીતે ઉત્પન્ન કરી શકાય? આ પ્રક્રિયા એટલી જ જટીલ છે જેટલું એ માણસ સમક્ષ લાલ રંગનું વર્ણન કરવું, જેણે ક્યારેય લાલ રંગ દીઠો જ નથી એ વિશ્વાસ ઊંડતાથી આવે છે. જ્યારે તમે આ પુસ્તકમાં વર્ણવાયેલ તેર સિદ્ધાંતોને સંપૂર્ણ રીતે આત્મસાત્ કરી લેશો તો કદાચ તમને આ પ્રક્રિયાનું સ્પષ્ટ સ્વરૂપ સમજમાં આવશે.

સામાન્ય રીતે પોતાના અચેતન મનને સતત અમૂક નિર્દેશો દ્વારા દૃઢિકરણ (પૃષ્ટિકરણ)વિશ્વાસની પ્રગતિ ઘણું બધું સ્પષ્ટ કરી શકે છે. એને સમજવા માટે હવે આ દૃષ્ટાંત સમજો કે માણસ ક્યારેક અપરાધ બોધ કેવી રીતે મેળવે છે. એક મોટા અપરાધ શાસ્ત્ર વિશેષજ્ઞનો મત છે કે "જ્યારે માણસ અપરાધના સંપર્કમાં આવે છે ત્યારે સાહજીક રીતે તેની ઘૃણા કરે છે, પરંતુ જ્યારે અપરાધનો દીર્ઘ સંપર્ક રહે છે તો તેને સહન કરવા લાગે છે પછી તેનો અભ્યસ્ત બની જાય છે અને જો વધારે દિવસો સુધી એની જ સંગતમાં રહે તો એ તેનાથી પ્રભાવિત થઈને એવા જ કામો કરવા લાગે છે."

એટલે કે જ્યારે કોઈ વાત વારંવાર તમારા અચેતન મસ્તિષ્કમાં ભરી દેવામાં આવે છે તો સ્વભાવતઃએ એક વિશ્વાસ બનીને ઉભરી આવે છે. એ સારૂ દરેક વિચાર જ્યારે ભાવાવેશમાં બદલાઈ જાય છે તો એનામાં વિશ્વાસ ઉત્પન્ન થવા લાગે છે. હવે એ આપણી પર આધારિત છે કે કેવો વિશ્વાસ પોતાની જાતમાં ઉત્પન્ન કરવો. ઘણા લોકો- બલ્કે મોટાભાગના- આમ જ વિચારતા હોય છે કે એમને તો બરબાદી અને ગરીબી જ મળે છે. ધીમે ધીમે આ જ વિશ્વાસ તેમની ધનાત્મક પ્રવૃત્તિ ઉપર અંકુશ મેળવીને ઋણાત્મક વૃત્તિને ઉપસાવવા લાગે છે અને ધીરે ધીરે આ જ વિચારસરણી ભૌતિક કે નક્કર સ્વરૂપે તેમની સમક્ષ આવવા લાગે છે.આ વિચારસરણીથી મુક્તિ મેળવવી એ જ સફળતા તરફ ડગલું માંડવું છે. જો તમારૂં અચેતન મન આ વિચારસરણીથી ટેવાયેલું છે કે તમને હંમેશા નિષ્ફળતા કે બરબાદી જ મળે છે કે તમારૂં નસીબ જ એવું છે - તો જરૂરી છે કે આ વિચારસરણીને સુધારવામાં આવે અને ઊંડે ઉતરી ગયેલ આ ભાવનાને બહેલાવવામાં આવે.

આ બહેલાવને વધુ પ્રભાવશાળી બનાવવા માટે તમારે આવું વિચારવું આરંભ કરી દો કે જે તમે ઈચ્છો છો તે પહેલેથી તમારી પાસે છે. ધીમે ધીમે આ ભાવ તમારા અચેતન મનમાં એક નાનકડી આશાનો સંચાર કરશે અને તમારી વિચારવાની પ્રવૃત્તિમાં ફેરફાર આવવા લાગશે. જો કોઈ વ્યક્તિ સાથ કે સંગતના કારણે અપરાધી થઈ શકે

છે તો નિર્વિવાદપણે સારી સંગત તેને આવી મનોવૃત્તિથી મુક્ત પણ રાખી શકે છે.જો તમે ધનાત્મક વિચારશો તો તેને સફળતાની ખેવનાને ધીમે ધીમે પોતાનો વિશ્વાસ બનાવી લેશો તો સફળતા ચોક્કસપણે તમારા પગમાં આળોટશે.

જેમ અગાઉ કહેવાયું છે કે-

વિશ્વાસ એ માનસિક સ્થિતિ છે જે સ્વત: પ્રેરણા અથવા સ્વગત પ્રેરણાથી પ્રસ્ફુરિત થાય છે.

કદાચ એટલા માટે ધર્મમાં આસ્થાનો મૂળ મંત્ર સદીઓથી વિશ્વાસ ઉત્પન્ન કરવું માનવામાં આવી રહ્યું છે.

આનુ પ્રથમ ડગલું છે પોતાનામાં વિશ્વાસ રાખવો.

આગળ વધતા પહેલા આને સ્પષ્ટ પણે સમજી લો કે વિશ્વાસ બાહ્ય નિરાકાર છે જે આપણા વિચારોને પ્રાણવાન કરી જીવંત કરે છે.

એ વિચારનું વારંવાર રટણ કરો.

ધન પ્રાપ્તિ માટે પોતાના પર વિશ્વાસ રાખવો એ પ્રથમ ચરણ છે.

વિશ્વાસ જ દરેક ચમત્કારોનો આધાર છે. આ જ દરેક નિષ્ફળતાનો અર્ક(કાટ) છે.

આ વિશ્વાસની જડીબુટ્ટી જ છે કે જે પ્રાર્થનામાં ઓગળી જઈને અનંત મેઘા સાથે સાક્ષાત્કાર કરાવે છે.

વિશ્વાસ એ શકિત છે જે આપણા વિચારોને સ્પંદિત કરીને એક વિભિન્ન વિચારોવાળા માણસનું મિલન અનંત મેઘા સાથે કરાવે છે. આ વિશ્વાસ એ એક અલૌકિક શકિત છે જે આપણી સમક્ષ અનંત મેઘાની શકિતને સ્પષ્ટ કરી શકે છે. આ ધારણાનું વારંવાર રટણ કરીને પોતાનું મન સુખમય બનાવો. આ એક સર્વવિદિત સત્ય છે કે જો કોઈ અસત્યને વારંવાર બેવડાવવામાં આવે તો એ સત્યનું રૂપ ધારણ કરવા લાગે છે.

દરેક માણસ એવો થતો જાય છે જેવા એના વિચારો હોય છે. જો વિચારોમાં વિશ્વાસની પાંખ લાગી હશે તો તે માનસમાં એક ચુંબકિય શકિત ઉત્પન્ન કરે છે.

ઈથર એક મહાન અને મહત્તમ વૈશ્વિક પદાર્થ છે જેમાં શાશ્વત બળોનું સ્પંદન થયા કરે છે. આ સ્પંદન ઋણાત્મક અને ધનાત્મક—બન્ને હોઈ શકે છે અને તેમાં ભય, દયનીયતા, વ્યાધિ, ગરીબી વગેરે સાથે સમૃદ્ધિ, સ્વાસ્થ્ય, સફળતા અને ખુશીના પણ ઘણા બધા સ્પંદનો છુપાયેલ હોય છે. આ જ ઈથરથી માનવ-મસ્તિષ્ક-મન સ્પંદન પ્રાપ્ત કર્યા કરે છે. પરંતુ જો આનાથી પ્રાપ્ત સ્પંદનની આવૃત્તિ માનવમનમાં સંતાયેલ સ્પંદનની આવૃત્તિ સાથે મેળ ખાય તો આ સ્વતઃજ દ્વિગુણિત થઈ જાય છે એટલે જો

આપણા વિચારના ધનાત્મક ભાવ હશે તો તેની અનુગુંજ આપણને સંભળાશે. એ બ્રહ્માંડમાં પણ તથા એ જ પ્રમાણે આપણા વિચારો ઢળવા લાગશે. એટલા જ માટે બધા કહે છે કે ઋણાત્મક વિચાર પોતાના મનમાંથી કાઢીને ફેંકી દો અને ધનાત્મક વિચારોને જ આશરો આપો. તમને એ વારંવાર કહેવામાં આવ્યું છે કે પોતાના ધ્યેય સ્પષ્ટ રાખો અને વારંવાર એનું રટણ કરો. આ જ તમારા વિચાર, સ્મૃતિ, ધારણાનો આધાર બનીને તમારામાં આત્મ- વિશ્વાસ જાગૃત કરે છે.

આત્મવિશ્વાસ ઉત્પન્ન કરવાનું સૂત્ર કે ફૉર્મ્યૂલા

પ્રથમ: મને ખબર છે કે મારામાં મારું સ્પષ્ટ ધ્યેય પ્રાપ્ત કરવાની ક્ષમતા છે. એટલા માટે મારી માંગ છે કે સતત એને મેળવા માટે કાર્યરત રહું. આવું કરવાનું હું વચન આપું છું.

દ્વિતીય: મને ખબર છે કે મારા મગજમાં જે વધારે પ્રભાવશાળી વિચાર છે એ જ મને બહારની ઉપલબ્ધિના રૂપમાં પોતાનું સ્વરૂપ પ્રદાન કરે છે એટલા માટે હું નિત્ય અડધો કલાક આ વિચાર પર મારું ધ્યાન કેન્દ્રિત રાખીશ. હું એ વ્યક્તિ પર મારા વિચારો કેન્દ્રિત કરીશ જે મારી મનગમતી સફળતા હાંસલ કરી ચૂક્યા છે.

તૃતીય: મને સ્વગત-પ્રેરણાના સિદ્ધાંતની ખબર છે કે જો કોઈ ઈચ્છા મારા મનમાં સતત રહેશે તો છેવટે એ પોતાની અભિવ્યક્તિ બહારના વિશ્વમાં પણ શોધવાનો પ્રયત્ન કરતી રહેશે. માટે હું નિત્ય દશ મિનીટ સુધી ઈચ્છાને વિશ્વાસમાં પરિવર્તિત કરવાનો પ્રયાસ કરીશ.

ચતુર્થ : મેં સ્પષ્ટપણે લખ્યું છે જીવનમાં મારો મુખ્ય ધ્યેય શું છે. હું નિરંતર તેને મેળવવાનો પ્રયત્ન કરતો રહીશ અને વિપરિત પરિણામને કારણે પણ ક્યારેય તેનાથી વિમુખ નહી થાઉં.

પંચમ : હું જાણું છું કે કોઈ હોદ્દો કે વસુધા કદીયે કાયમ રહેતા નથી જ્યાં સુધી તેનો આધાર પ્રાપ્ત અને સત્ય ન હોય. એટલે કે હું એવું કોઈ કામ નહી કરું જેનાથી કોઈનું પણ અહિત થતું હોય. હું દરેકના સહકારથી જ કાર્ય કરીશ. હું કોઈનીય પાસે અનૈતિક સેવા નહી કરાવું.

હું આ નિયમોને સદાય સ્મરણમાં રાખીશ અને નિત્ય આને સવાર-સાંજ રટણ કરીશ. હું જાણું છું કે ઋણાત્મકતા મારું કોઈ સ્થાયી હિત કરી શકતી નથી. એ નિયમની પાછળ પ્રગતિનો એ નિયમ છે કે જેને કોઈ પણ સ્પષ્ટ કરી શકતું નથી. આને જ મનોવૈજ્ઞાનિકો સ્વગત-પ્રેરણા કે સ્વતઃપ્રેરણાનું નામ આપવામાં આવે છે.

એનું નામ ગમે તે હોય પણ આ સચોટ રહે છે એ દરેક જણ સ્વીકારે છે. જો ધનાત્મક રૂપનો જ પ્રયોગ કરવામાં આવે તો તેની પ્રભાવશીલતા યથાવત્ રહે છે અને ઋણાત્મક પ્રયોગ સ્વયં-ધ્વંસ્તકારી સાબિત થાય છે.

પરંતુ અહીયા એ પણ સ્પષ્ટ પણે જાણી લેવું જરૂરી છે કે આપણું અચેતન મન ઋણાત્મક કેદ્ધધનાત્મક વિચાર-આવેગોમાં કોઈ ભેદ પારખી શકતું નથી. એ તો એક યંત્રની જેમ કાર્ય કરે છે અને (જેવો માલ ભરશો તેવું જ મળશે)વાવશો તેવું લણશોના સિદ્ધાંત પર કામ કરવાનું છે. જો ભયનો અનુભવ કરશો તો ભય લાગશે અને આશાનો અનુભવ કરશો તો આશા પ્રાપ્ત થશે.

ચિકિત્સાના ઈતિહાસમાં આ ફોર્મ્યૂલાની ખરાઈ કરવાના ઘણા બધા દૃષ્ટાંતો જોવા મળે છે. એક વ્યકિત મિડવેસ્ટર્ન શહેરમાં એક બેંકમાં કામ કરતો હતો. તેનું નામ જોસેફ ગ્રાન્ટ હતું. તેણે બેંકના કાર્યકર્તાઓની જાણ બહાર એક મોટી રકમ ઉધાર(લોન) લીધી. આ નાણાં તેણે જુગારમાં નાંખ્યા અને આખીયે રકમ હારી ગયો. એક બપોરે બેંકના હિસાબ ચકાસણીના એક પરીક્ષક આવ્યા અને હિસાબોની ચકાસણી કરવા લાગ્યા. જેવી ગ્રાન્ટને આ વાતની ખબર પડી તે નાસીને એક હૉટલમાં સંતાઈ ગયો. ત્રણ દિવસ પછી બેંકના કર્મચારીઓ તેને શોધતા શોધતા ત્યાં પહોંચ્યા ત્યારે તે પોતાના બિછાના પર સૂતો સૂતો પ્રાર્થના કરી રહ્યો હતો કે “હે ઈશ્વર હું મરી જઈશ! આ માનહાનિ મને જીવતો નહી છોડે.” થોડી જ વારમાં તેનું મૃત્યુ થઈ ગયું.“”

જે રીતે વિજળી(વિદ્યુત) કાર્ય કરે છે એ જ રીતે સ્વતઃપ્રેરણા પણ પોતાનો પ્રભાવ દેખાડે છે. વિજળી વિનાશ પણ વેરી શકે છે અને વિકાસ પણ કરી શકે છે. આ તો તેના ઉપયોગ પર જ નિર્ભર હોય છે. જો શાંતિ અને સમૃદ્ધિની કામના છે તો સ્વતઃપ્રેરણા એ આપશે. પરંતુ જો તમે ગરીબી અને દયનીયતા તમારી ચેતનામાં ભરતા જશો તો તમને શાંતિ અને સમૃદ્ધિ કઈ રીતે પ્રાપ્ત થશે?

જો તમે ભયથી આતંકિત રહેશો તો શું તમને કદીયે આશા પ્રાપ્ત થઈ શકશે? મળી શકશે?

આ કથન એટલું જ સત્ય છે જેટલું બે અને બે ચાર જ થાય છે. એટલે કે એક ગાણિતીક અને સાર્વભૌમિક સર્વહારા સત્ય છે.

સ્વતઃપ્રેરણા તો એક વાયુ છે અને જે દિશામાં તમે જવા ઈચ્છશો એ જ દિશા ભણી તે વાવા લાગે છે.

સ્વતઃપ્રેરણા નીચે અપાયેલી કવિતામાં સ્પષ્ટપણે સમજાવવામાં આવી છે :

“જો વિચાર્યું કે પિટાઈ ગયા તો પિટાઈ ગયા

જો વિચાર્યું કે હિમ્મત નથી તો નથી

જો વિજયની ચાહના છે કિંતુ વિચારો છો કે જીતી શકતા નથી

તો નશ્ચિતપણે તમે હારશો જ

જો વિચાર્યું કે પરાજય નશ્ચિત છે

કેમ કે વિશ્વમાં આમ જ થાય છે

ફકત ઈચ્છા શકિત વડે વિજય આરંભ થાય છે

આ બધું મનસ્થિતિ ઉપર નિર્ભર છે.

જો સંશય પીછેહઠનો છે તો પીછેહઠ કરશો જ

એટલે હંમેશા આગળ ધપવાનું વિચારો

પોતાના ઊંડ-વિશ્વાસથી આગળ ધપો

તો જ તમારો પ્રયાસ પુરસ્કૃત થશે

જીવન સંઘર્ષમાં વિજય હંમેશા તેજી કે તાકાતવરની થતી નથી

બલ્કે જીતે છે એ, જેને વિશ્વાસ છે કે એ જ જીતશે

મનથી જીતેલા જીતે છે મનથી હારેલાની છે હાર

મનનો સંકલ્પ છે દરેક પ્રયત્નનો સાર

કવિની પંકિતઓમાં પણ ધ્યાન આપવાથી સ્પષ્ટ થઈ જાય છે કે તમારી સફળતા અને નિષ્ફળતા માટે તમે પોતે જ જવાબદાર છો, તમારૂં ભાગ્ય કે નસીબ નહી.

જો સ્વીકારી લો કે જે કંઈ તમે પ્રાપ્ત કરવા ચાહો છો તેના બીજ તમારા મગજના કોષોમાં ધરબાયેલા છે. જો તમે તેને યોગ્ય રીતે જાગૃત કરી શકયા કે અંકુરિત કરી શકયા તો આ તમને બુલંદીઓ સુધી ચોક્કસ પણે લઈ જશે.

જે રીતે એક ઉસ્તાદ સાંરગીના મૃતપ્રાયઃતંતુઓમાંથી અત્યંત મનોહારી રાગોનું સર્જન કરી શકે છે એ જ રીતે તમે તમારી નિષ્પ્રાણ પડેલી મેધાને જીવંત કરી શકો છો.

અબ્રાહમ લિંકનનું જ દૃષ્ટાંત લો. ચાળીસ વર્ષની આયુના મોટાભાગના સમયમાં તેઓ દરેક કાર્યમાં નિષ્ફળ રહ્યા હતા. તેઓ એક બેકાર અને નકામા માણસ જ હતા જ્યાં સુધી તેઓને એક મહાન અનુભવ થયો નહી, જેણે તેમની સુષુપ્ત પડેલી મેધાને જાગૃત કરી દીધી અને તેઓ માત્ર અમેરિકા જ નહી બલ્કે સમસ્ત વિશ્વની એ મહાન વ્યકિત બની ગયા. તેઓનો અનુભવ શોક અને પ્રેમની ભાવનાઓથી ઓતપ્રોત હતો.

એની પ્રાપ્તિ એમને એ સ્ત્રી કે જેને તેમણે સાચો પ્રેમ કર્યો તે એની રૂટલેટના માધ્યમથી થઈ.

આ પણ એક સત્ય છે કે પ્રેમ અને વિશ્વાસના આવેગોમાં મનની સ્થિતિ એક જ પ્રકારની હોય છે. એ જ રીતે પ્રેમને પણ એક નિરાકાર આધ્યાત્મિક પોષાક પહેરાવી શકાય છે. જ્યારે લેખકે શોધ કરી રહ્યા હતા ત્યારે તેમને સેંકડો લોકોની મહાન ઉપલબ્ધિઓનું વિશ્લેષણ કર્યું હતું. ત્યારે તેમને જ્ઞાન લાગ્યું કે મોટે ભાગે દરેક મહાન ઉપલબ્ધિની પાછળ કોઈ ને કોઈ સ્ત્રી સાથેના પ્રેમનું યોગદાન રહેલું હતું. આ પ્રેમનો આવેગ છે જે માણસના હૃદય અને માનસમાં એક ચુંબકિય આકર્ષણ ઉત્પન્ન કરે છે જેનાથી વાતાવરણમાં વ્યાપ્ત ઈથરમાં બહુ જ બારીક સ્પંદન ઉદ્ભવે છે.

જો તમે વિશ્વાસના મહત્વની સાક્ષી ઈચ્છો છો તો એ વ્યક્તિઓની ઉપલબ્ધિઓમાં ડોકીયું કરીને જુઓ જેઓને આત્મવિશ્વાસથી ઘણું બધુ પ્રાપ્ત થયું છે. આ સંદર્ભમાં સૌ પ્રથમ નામ દી નજરીનનું આવે છે. ખ્રિસ્તીધર્મ એ માત્ર એવી શક્તિ છે જે સૌથી વધુ મનુષ્યોને પ્રભાવિત કરે છે અને આ ખ્રિસ્તીધર્મનો મૂળ આધાર જ વિશ્વાસ છે. એના માટે ભલેને ગમે તેટલી કુત્સિત વ્યાખ્યાઓ કરવામાં આવી હોય પરંતુ તેનો મૂળ આધાર વિશ્વાસ કે ભરોસો જ છે.

ખ્રિસ્તના કરીશ્માને ચમત્કારની સંજ્ઞા આપવામાં આવેલ છે પરંતુ વસ્તુતઃવિશ્વાસની જ ઘટનાઓ હતી. વસ્તુતઃજ્યારે આ ચમત્કારો ઘટતા હતા ત્યારે તેનો આધાર વિશ્વાસ જ હતો. સત્ય તો એ છે કે ખ્રિસ્તીધર્મના ધુરંધરો પણ આ સત્યથી ક્યારે પરિચિત થયા નથી.

હવે આપણે એ માણસનો ઉલ્લેખ કરવા ઈચ્છીએ છીએ જેણે આધુનિક સભ્યતાને સૌથી વધારે પ્રભાવિત કરી છે—એટલે કે ભારતના મહાત્મા ગાંધી. આ દુબળા-પાતળા દેખાતા માણસ પાસે ન તો પરંપરાગત અર્થમાં કોઈ પણ જાતની શક્તિ હતી-યોગ્ય ધન, સૈન્ય કે કોઈ વિપુલ ભૌતિક ખજાના, ન તો યથા યોગ્ય વસ્ત્ર, ન યથા યોગ્ય આલીશાન રહેઠાણ. પરંતુ તેમની પાસે શક્તિ હતી એ પણ અખૂટ! તેમની પાસે આટલી બધી શક્તિ આવી કઈ રીતે?

તેઓ વિશ્વાસના સિદ્ધાંતને સમજ્યા, એની શક્તિની પિછાણી જેને તેઓએ ઊંડ નિષ્ઠામાં પરિવર્તિત કરી દેશવાસીઓના મનમાં ઠસાવી દીધી.

ગાંધીએ ફક્ત પોતાના વિશ્વાસના જોરે જ એ સમયની સર્વાધિક રાજનૈતિક સત્તાને પરાજીત કરી દીધી. આ તેમના વિશ્વાસનું જ પરિણામ હતું. વીસ કરોડ લોકો એક પ્રાણ-એક દેહ સમાન તેમની આજ્ઞાનું અનુસરણ કરતા હતા.

વિશ્વાસ સિવાય એવી બીજી કઈ શક્તિ છે જે દુનિયામાં આવો ચમત્કાર દેખાડી શકે?

ગાંધીએ વિશ્વાસના સિદ્ધાંતને આત્મસાત્ કરીને આ ચમત્કાર કર્યો હતો.

એક દિવસ ચોક્કસ આવશે જ્યારે આ ધરતી પર જ્યારે માલિક અને ગુલામ આ ચમત્કારિક શક્તિને પારખી લેશે અને એ દિવસ એક નૂતન સભ્યતાના ઉદયનો દિવસ હશે. અત્યારે હાલની મંદીમાં વિશ્વની સામે એ સ્પષ્ટ થઈ ગયું છે કે વિશ્વાસની ઊણપ વેપારમાં કેવો કેર વર્તાવી શકે છે. નિર્વિવાદપણે આ સભ્યતામાં એવા બુદ્ધિશાળી લોકો પણ હશે જેઓ ઓળખે લેશે કે વિશ્વાસની ઊણપ કેવા ભય ઉપજાવી શકે છે. અત્યારના આ અજાણ લોકો સ્ટીલ પ્લાન્ટ્સ, કોલસો કે ટ્રેન તથા સવારી નિર્માણના ક્ષેત્રમાં એક યુગાન્તકારી પરિવર્તન લાવી શકે છે. વેપારમાં સુધારણાની મુખ્ય આવશ્યકતા છે. આમાં શક્તિ અને ભયના તત્વોમાં ભરોસાનું જ્યારે પૂર્ણ રીતે સમન્વય થશે ત્યારે લોકોને યોગ્ય કામ, યોગ્ય વેતન અને નફો પણ પ્રાપ્ત થશે.

આજના યાંત્રિકયુગે માનવીય ક્રિયાકલાપોના આત્મબળને અદૃશ્ય કરી દીધું છે. આજના આગેવાનો મશીનના કળ-પૂર્જાઓ જાણે છે. આવનારના યુગમાં માનક સુખ અને સંતોષની બોલબાલા હશે, નહી કે નફા અને યાંત્રિકી સગવડોની. આ સંદર્ભે વિગતની એક ઘટનાનું વિશ્લેષણ લાભદાયી સાબિત થશે.

આ ઘટના સને ૧૯૦૦ની છે જ્યારે યુનાઈટેડ સ્ટેટ્સ સ્ટીલ કોર્પોરેશનની સ્થાપના કરવામાં આવી રહી હતી. તેનો ઇતિહાસ વાંચતી વેળાએ એ મૂળભુત સત્યને મગજમાં રાખજો જેનાથી સ્પષ્ટ થઈ શકે કે કઈ રીતે વિચાર નસીબ ઘડી શકે છે.

સૌ પ્રથમ આ યુનાઈટેડ સ્ટેટ્સ સ્ટીલ કોર્પોરેશનનો વિચાર ચાર્લ્સ એમ.શ્વાબના મનમાં ઉદભવ્યો હતો. આ વિચાર તેમની કલ્પનામાંથી ઉદભવ્યો હતો અને બીજા ચરણમાં જ્યારે આ વિચારમાં વિશ્વાસ ભળ્યો ત્યારે ત્રીજા ચરણમાં તેઓએ એક યોજના ઘડી, જેમાં તેઓ પોતાની આ વિશ્વાસયુક્ત કલ્પનાને એક નક્કર સ્વરૂપ આપી શકે. ચોથું ચરણ ત્યારે આવ્યું જ્યારે તેઓએ પોતાના આ પ્લાન કે યોજનાને પોતાની પ્રસિદ્ધિ પૂજા, તકદીર દ્વારા પ્રજાની સમક્ષ રજુ કરી, પાંચમા ચરણમાં તેઓએ પોતાની યોજનાને ખંત (લગન)સાથે જોડી દીધી કે એતે કાર્યાન્વિત કરી શકાય. છઠ્ઠું ચરણ હતું એના દ્વારા પોતાની જ્વલંત ઈચ્છાને પૂર્ણ કરવા માટે એક નવો માર્ગ શોધવો.

જો તમે જાણવા ઈચ્છો છો કે કેવી રીતે ધનનો અમ્બાર ખડકી શકાય તો 'ધી યુનાઈટેડ સ્ટેટ્સ સ્ટીલ કોર્પોરેશન'નું આ વૃતાંત તમને એક નવો બોધ આપશે અને સમજાવશે કે કેવી રીતે વિચારો અને સમૃદ્ધ બનોની પ્રક્રિયા અસરકારક નીવડે છે.

હજુ સુધી જો તમારા મનમાં કોઈ શંકાઓ હશે તો દૂર થઈ જશે. આ ગૌરવગાથામાં આ પુસ્તકમાં વર્ણવાયેલ તેર સિદ્ધાંતોનો પૂરેપૂરો સમાવેશ થયેલો છે.

આ વાર્તા અત્યંત નાટકીય ઢંગે. જૉન લોવેલે 'ન્યુયોર્ક વર્લ્ડ ટેલીગ્રામ'માં પ્રકાશિત કરી હતી જેને તેમના સૌજન્યથી પુનર્મુદ્રિત કરવામાં આવી રહી છે.

ભોજન બાદ આપવામાં આવનાર એક અબજ ડૉલરની કિંમતનું પ્રવચન -

"જ્યારે ૧૨ ડીસેમ્બર, ૧૯૦૦ની એક સંધ્યાએ દેશના એંશી અગ્રગણ્ય સન્માનીય વાણિજિયક વ્યક્તિત્વની સમક્ષ યૂનિવર્સિટી-ક્લબ, ફિફ્થ એવન્યુના આમંત્રિત હાલના દરેક મહાનુભાવો પશ્ચિમી પ્રદેશથી આવેલ એક યુવકનું સન્માન કરવા માટે એકઠા થયા ત્યારે કદાચ એ ખબર નહોતી કે તેઓ અમેરિકન □□દ્યોગિક ઇતિહાસની આ સૌથી મહત્વપૂર્ણ પ્રસંગના સાક્ષીઓ બનવા જઈ રહ્યા છે."

"જે એડવર્ડ સિમન્સ અને ચાર્લ્સ સ્ટબર્ટ સ્મિથે પોતાની વિટ્સબર્ગની યાત્રા દ્વારા ચાર્લ્સ એમ. શ્વાબ દ્વારા કરવામાં આવેલ પરોણાગતથી ધન્ય થઈને આ ભોજન સમારંભની વ્યવસ્થા કરવામાં આવી હતી જેના દ્વારા તેઓ આ આડત્રીસ વર્ષીય સ્ટીલમૅન(પોલાદ-માનવ)નો પૂર્વીય બેંકિગ સોસાયટી સાથે પરિચય કરાવવા ઈચ્છતા હતા પરંતુ તેઓને ખબર નહોતી કે આ સમારંભમાં આટલી મોટી ભીડ એકઠી થશે ત્યારે ચેતવણી આપતાં જણાવવાયું કે ન્યૂયોર્કનો અભિજાત વર્ગ પ્રવચનોનો વધારે ચાહક નથી અને પ્રવચનનો સમય ૧૫થી ૨૦ મિનીટથી વધુ હોવો જોઈએ નહી. ચાર્લ્સ એમ.શ્વાબની નજીક બેઠેલા જૉન પીયરપાન્ટ મોરગન પણ ત્યાં વધારે સમય રોકાવાના ઈરાદા સાથે આવ્યા નહોતા. જ્યાં સુધી પ્રેસ અને લોકોનો સવાલ હતો તો તેઓનો બીજા દિવસના અખબારોમાં પણ કોઈ જાતનો ઉલ્લેખ પણ કરવામાં નહોતો આવ્યો. "

"તો મેજબાન અને મહેમાનોએ પોતાની સાત આઠ બેઠકો યોજી. તે લોકોની અરસપરસ વધારે વાર્તાલાપ પણ થયા નહોતા. કેટલાક બેંકરો અને શેરદલાલો સાથે શ્વાબનો પરિચય કરાવવમાં આવ્યો- તેઓમાં પણ અંદરોઅંદર વધુ વાતચીત થઈ નહોતી. પરંતુ એ સંધ્યા સમાપ્ત થતાં થતાં તેઓ બન્ને મની માસ્ટર મોરગન- અભિભૂત થઈ ગયા હતા કેમ કે ત્યારે 'ધી યુનાઈટેડ સ્ટેટ્સ સ્ટીલ કોર્પોરેશન' સ્થાપિત કરવાના વિચારનો ઉદ્ભવ થયો."

"કમનસીબે ચાર્લ્સ શ્વાબના એ ભોજન પછીના પ્રવચનનો સંગ્રહ કરાયો નહોતો. જો કે શિકાગોમાં બેંકરો સાથેની મુલાકાતમાં આ પ્રવચનના અમૂક ભાગોને પુનઃ દોહરાવામાં આવ્યા હતા, એ આખાય પ્રવચનને રાખવામાં નહોતું આવ્યું, ચાર્લ્સ શ્વાબે ત્યારે પણ એમાંથી અમૂક ઉલ્લેખો કર્યા હતા. જ્યારે (અમેરિકન) સરકારે સ્ટીલ ટ્રસ્ટને ભંગ કર્યું હતું. પરંતુ ચાર્લ્સ શ્વાબની ત્યાં અપાયેલ સાક્ષીએ મોરગનને આર્થિક ગતિવિધિઓમાં મહત્વપૂર્ણ સુધારાઓ કરવા માટે વિવશ કરી દીધા હતા."

“બની શકે કે એ ધારા પ્રવાહી પ્રવચન હોય જેમાં વ્યાકરણની અશુદ્ધિઓ પણ હોય(ચાર્લ્સ શ્વાબની ભાષા ત્યારે એકદમ શુદ્ધ નહોતી) પરંતુ એ વ્યંગ્ય અને ચટપટી ઉક્તિઓથી પરિપૂર્ણ હતું. એ પ્રવચનથી લોકો પર એવો પ્રભાવ પડ્યો કે ત્યાં ઉપસ્થિત લોકો આશરે પાંચ અબજની મૂડી રોકવા માટે તૈયાર થઈ ગયા. આમ તો ઘણો સમય વીતી ગયો હતો-જ્યારે પ્રવચન પૂરું થયું. જો કે પ્રવચન તો માત્ર ૯૦ મિનીટનું જ હતું પરંતુ તેના પરની ચર્ચાઓ કલાકોના કલાકો સુધી ચાલી હતી.”

“ચાર્લ્સ શ્વાબના જાદુઈ વ્યક્તિત્વનો જાદુ ત્યાં માથા પર ચઢીને બોલી રહ્યો હતો. પરંતુ એનાથી પણ વધુ પ્રભાવશાળી હતો, સ્ટીલ ઉદ્યોગના અપરિમિત ફેલાવા માટે તેમના દ્વારા આપવામાં આવેલ સ્પષ્ટ કાર્યક્રમ. જો કે પહેલા પણ ઘણા લોકોએ મોરગનને બીજા ઉદ્યોગોની માફક સ્ટીલ ઉદ્યોગના વિસ્તારના માર્ગો દર્શાવ્યા હતા, પરંતુ તેઓએ તેને નકારી કાઢ્યા હતા. આ તો શ્વાબનું જ પ્રવચન હતું જેણે મોરગનને એ ઊંચાઈએ પહોંચાડી દીધા જ્યાંથી તે તેમના દુસ્સાહસી કાર્યક્રમ અને યોજનાના નક્કર પરિણામને જોઈ શકતા હતા. ”

“વાસ્તવમાં તો એ વાણિજ્યક ચુમ્બકીય બળ એક પેઢી અગાઉ જ પ્રારંભ થઈ ચૂક્યું હતું. કેટલીય નાની-મોટી સ્ટીલ કંપનીઓ બનાવવામાં આવી હતી. તે હસમુખા વેપારી જૉન ડબલ્યુ ગેટ્સે પણ અમેરીકન સ્ટીલ એન્ડ વાયર કંપની બનાવી હતી અને મોરગનની સાથે એક ફેડરલ સ્ટીલ કંપની પણ બનાવી હતી. ત્યાં એન્ડ્રુજ કાર્નેગીની પણ એક સંસ્થા હતી. ”

જ્યારે પ્રવચન સમાપ્ત થયું અને મોરગને એક સપ્તાહ સુધી આ યોજના ઉપર વિચારણા કરી. પછી તેણે શ્વાબને પૂછયું શું તમે એન્ડ્રુજ કાર્નેગીને સંમત કરી શકશો?

“હું પ્રયાસ કરી શકું છું” શ્વાબનો જવાબ હતો.

“જો તે પોતાની સંસ્થા વેચી શકે તો હું આ યોજનાને મારા હાથમાં લઈ લઈશ. ”

અહીં સુધી તો બધુંય સમુસૂતરું રહ્યું. પરંતુ શું કાર્નેગી વેચશે? તેને કેટલી રકમ જોઈતી હશે? (શ્વાબનો વિચાર હતો ૩૨ કરોડ ડૉલર). પછી, તે ચૂકવણું કયા રૂપમાં ઈચ્છશે? કેટલાક પ્રસિદ્ધ શેરોના રૂપમાં કે બોન્ડના રૂપમાં કે રોકડા? રોકડા તો કદાચ નહીં માંગે કારણ કે આટલી મોટી રકમ કોઈ કેશમાં તો લેશે નહીં.

તે જ વર્ષે જાન્યુઆરીમાં વેસ્ટ ચેસ્ટરમાં કાર્નેગી કડકડતી ઠંડીમાં ગોલ્ફ રમવા માટે ગયો ત્યારે શ્વાબ પણ ત્યાં જ પહોંચી ગયો અને પોતાની આખી યોજના અને એના પરિણામો બતાવી દીધા જેમાં સમ્મિલિત હતું કાર્નેગીનું નિવૃત્તિ પછીનું નિરાંતનું જીવન,

ભથ્થાઓ વગેરે. છેવટે કાર્નેગીએ એક કાગળની ચબરખી પર રકમ લખીને શ્વાબને આપી દીધી. શ્વાબે એને જોઈ અને કહ્યું : ''આ રકમ મને મંજુર છે. ''

એ રકમ હતી આશરે ૪૦ કરોડ ડૉલર. ૩૨ કરોડ ડૉલર તો ચાલ્ર્સે વિચારી જ રાખ્યા હતા, તેમાં ૮૦ કરોડ પાછલા બે વર્ષની વધતી મૂડીની રકમ પણ સામેલ હતી!

ઘણા વખત પછી એક આરામદેહ જહાજમાં કાર્નેગી અને મોરગન જઈ રહ્યાં હતા તો કાર્નેગીએ કહ્યું : ''અરેરે મેં ત્યારે એક અબજ ડૉલરની માંગણી કરી હોત! '' મોરગનનો જવાબ હતો ''જો તમે આ રકમ માંગી હોત તો તમને આરામથી મળી ગઈ હોત. ''

આખરે શ્વાબને પોતાના શ્રમનો પુરસ્કાર મળી ગયો. એમને નવીન કોર્પોરેશનના અધ્યક્ષ બનાવવામાં આવ્યા. તેઓ એ હોદ્દા પર ૧૯૩૦ સુધી ચાલુ રહ્યાં. આ વાતની ચર્ચા આ પુસ્તકમાં એ કારણે કરવામાં આવી છે કારણ કે આ ઉદાહરણ દર્શાવે છે કે કઈ રીતે ફક્ત એક ઈચ્છાને ભૌતિક રૂપમાં પરિવર્તિત કરી શકાય છે. હું જાણું છું કે ઘણા લોકોના મનમાં હજુ પણ શંકા હશે. તેમાંના કેટલાય લોકો નિશ્ચિત રૂપથી વિચારી રહ્યા હશે, કશામાંથી કશું કેવી રીતે બનાવી શકાય? આનો જ ઉત્તર છે 'ધી યુનાઈટેડ સ્ટેટ્સ સ્ટીલ કોર્પોરેશન'ની સ્થાપના.

આ બૃહદ્ સંસ્થા એક વિચારના રૂપમાં એક માણસના મનમાં ઉદ્ભવી હતી. એને સંલગ્ન યોજના પણ એ જ વ્યક્તિના મગજમાં આવી હતી. વસ્તુતઃતેની ઈચ્છા, કલ્પના, તેના વિશ્વાસ સાથે મળીને એક લગની લાગી અને આ બૃહદ્ સંસ્થા અસ્તિત્વમાં આવી.

બીજા શબ્દોમાં એવું પણ કહી શકાય કે આ વિચાર લગભગ ૬૦ કરોડ ડૉલરના મૂલ્યનો સાબિત થયો. એક વિચારની આટલી કિંમત પૂરતી છે. પરંતુ આ વિચારની પાછળ કે એક ઊંડ વિશ્વાસ, પૂર્ણ ખંત, કલ્પના અને એને સાકાર કરવા માટે ખામી રહિત યોજના. આ યોજના અને આખીયે વિકાસ પ્રક્રિયાનું આનાથી બહેતર બીજું ક્યું દૃષ્ટાંત હોઈ શકે છે કે 'ધી યુનાઈટેડ સ્ટેટ્સ સ્ટીલ કોર્પોરેશન'ની ન તો ફક્ત સ્થાપના કરવામાં આવી બલ્કે અમેરિકાનું સર્વાધિક સમૃદ્ધ નિગમ બની ગયું જેમાં નવીન પ્રકારના પોલાદ અને નવીન માર્કેટીંગ પદ્ધતિઓ અસ્તિત્વમાં આવી. આ જ સુધી આ સંસ્થાની સફળતાની ચર્ચાઓ થયા કરે છે.

તો જાહેર છે કે ધન-સંપત્તિનું પ્રથમ ચરણ છે તેના વિશેના-અર્થાત તેને પ્રાપ્ત કરવા માટેના સ્પષ્ટ વિચાર. આના માટે જરૂરી રકમની સીમા તો એના વિશે વિચારવા વાળા મગજની પોતાની હદ જ હશે. પરંતુ જ્યારે આ વિચારને વિશ્વાસનો આધાર મળી જાય છે તો સીમાનું બંધન તિરોહીત પણ થવા લાગે છે. તેને યાદ રાખવું જ્યારે તમે જીવનથી પોતે એવું જ કરી નાંખવાનું પરિણામ ઈચ્છો. આ પણ યાદ રાખો કે એ વ્યક્તિ

જેણે બૃહદ્ કંપની 'ધી યુનાઈટેડ સ્ટેટ્સ સ્ટીલ કોર્પોરેશન' સ્થાપિત કરી, પોતાના વખતનો એક બહુધા અજાણ્યો યુવક જ હતો. સાચું કહું તો એ એન્ડ્રૂજ કાર્નેગીનો મેન ફ્રાઈ ડે જ માત્ર હતો. પરંતુ જેવો તેને વિચાર આવ્યો અને પોતાની લગન વિશ્વાસ અને કલ્પનાતીત કાર્યાન્વયન કરવાનું આરંભ કર્યું કે એ એક પ્રસિદ્ધ, શક્તિશાળી અને અત્યંત ધનવાન માણસ બની ગયો.

એ માનસ સિવાયના કે જેઓ સમજે છે કે ગરીબી અને અમીરી વિચારના બાળકો છે, મગજની કોઈ જ હદ (સીમા)નથી હોતી.



શ્રીમંત બનવા તરફ ઉપાડો ત્રીજું પગલું

૪

ત્રીજું ડગલું: અમીરી તરફ અચેતન મનથી પ્રેરણા

અચેતન મસ્તિષ્કને પ્રભાવિત કરવાનું એક માધ્યમ

સ્વત:પ્રેરણા કે સ્વગત પ્રેરણા શબ્દ એ દરેક આવેગોના પરિચાયક છે જેનાથી તે આપોઆપ મગજ સુધી પહોંચે છે. તેનું માધ્યમ હોય છે આપણી પાંચ ઈન્દ્રિયો. એટલે કે સ્વતઃપ્રેરણા આત્મ પ્રેરણા પણ કહી શકાય છે. આ આવેગ એ ચેતન મન, જેમાં વિચાર ઉદ્દભવે છે, એનાથી અચેતન મસિત્ષ્કની વચમાં સંપર્ક એક સ્વચાલિત પ્રક્રિયા દ્વારા જોડે છે.

જો તમારા મગજમાં કોઈ વિચાર અત્યંત પ્રભાવશાળી રીતે કાયમી રહે છે (એનું ઋણાત્મક કે ધનાત્મક હોવાથી કોઈ ફરક પડતો નથી) તો સ્વતઃજ એનો આવેગ અચેતન પર પ્રભાવ પાડવા લાગશે.

પરંતુ કોઈ પણ વિચાર- ઋણાત્મક હોય કે ધનાત્મક હોય સ્વતઃપ્રેરણા વગર અચેતનમાં પ્રવેશ કરી શકતો નથી- ફકત એ વિચારો કે જે સીધેસીધા ઈશ્વર (બ્રહ્માંડ)માંથી આવે છે. બીજા શબ્દોમાં ઈન્દ્રિયો દ્વારા પ્રાપ્ત આવેગ અચેતન મનમાં ચેતન માનસ દ્વારા જ પહોંચે છે. જેને ચેતન મન સ્વકાર કે અસ્વીકાર બન્ને, કરી શકે છે. આ રીતે ચેતન મન અચેતનના દ્વારનું એક હાજરાહજુર ચોકિયાત છે.

પ્રકૃતિએ માણસને એવી રીતે બનાવ્યું છે કે તેના અચેતન સુધી પહોંચવાવાળા દરેક પદાર્થ ઉપર માણસનું પુરેપુરૂ નિયંત્રણ રહે છે પરંતુ તેનો અર્થ એવો નથી કે દરેક પ્રકારના આવેગો ઉપર મનુષ્યનું સંપૂર્ણ નિયંત્રણ રહે છે- બલ્કે સત્ય તો એ છે કે મોટાભાગના પ્રસંગોમાં આ નિયંત્રણ હોતું જ નથી.

અચેતન મન તો તમારા ઘરનો એક એવો ક્યારો છે જેમાં જો ઉપયોગી પાકના બીજ નહી નાંખવામાં આવે તો ખપતવાર પોતાની મેળે થયા કરશે. સ્વત:પ્રેરણા એ એજન્ટ છે જે એ સુનિશ્ચિત કરે છે કે તે ક્યાં પાકના બીજ પહોંચે જેનાથી આ ઉદ્યાન સમૃદ્ધ થાય.

ઈચ્છાવાળા અધ્યાયમાં પાછલા પૃષ્ઠોમાં તમને છ ચરણ લખાવવામાં આવ્યા હતા જેને તમારે બે વખત દિવસમાં વાંચવાના છે. એ જ ભાગમાં એવું પણ કહેવામાં આવ્યું હતું કે જો તમને ધન પ્રાપ્તિની ખેવના છે તો તમારે એવું સમજવું અને અનુભૂત કરવું જોઈએ કે તમારી એ ઈચ્છા જાણે કે સંપૂર્ણ થઈ જ ચૂકી છે. આવું કરવું એટલા માટે જરૂરી છે કેમ કે આના દ્વારા પોતાની ઈચ્છાનું ફળ તમારા અચેતનમાં કાયમી થઈને એક જાતના વિશ્વાસને જન્મ આપશે. એને જ જો પુનઃઉચ્ચારવામાં આવે તો એ વિશ્વાસને ઊંડ કરી દેશે.

સારું થશે કે આગળ વધતા અગાઉ તમે એ છ ચરણવાળા અધ્યાયને ફરીથી દોહરાવી લો. પછી જ્યારે તમે આગળના અધ્યાય સુધી પહોંચશો તો તેના ચાર નિર્દેશોને વાંચો જે તમારા 'માસ્ટર માઈન્ડ' ગ્રુપને વ્યવસ્થિત કરવા માટે આપવામાં આવ્યા છે. એ બન્ને અધ્યાયોના નિદર્શોની અરસપરસની સરખામણી સ્પષ્ટ કરી દેશે કે આ નિર્દેશોના □□ચિત્યનો આધાર સ્વતઃપ્રેરણા સિદ્ધાંત જ છે.

પરંતુ એ પણ યાદ રાખો કે ફક્ત મોટે મોટે વાંચવાથી કોઈ લાભ થશે નહી જો એમિલ કોઉનું પ્રસિદ્ધ સૂત્રઃરોજ રોજ, દરેક સમયે દરેક પ્રકારે હું ઉત્તમોત્તમ થતો જાઉં છું. સ્હેજ પણ પ્રભાવશાળી નહી થાય, જો તેની પાછળ તમારો ભાવ અને વિશ્વાસ નહી હોય. જ્યારે ભાવના અને વિશ્વાસ શબ્દોનું સંપૂર્ણ જોર મનને પ્રાપ્ત થાય છે ત્યારે જ અચેતન પર પ્રભાવ પડે છે.

આ સત્ય પણ એટલું જ આવશ્યક છે કે કદાચ દરેક અધ્યાયમાં આની પર વધુ ભાર મૂકવાની જરૂરિયાત છે કેમ કે તેની અલ્પ સમજણ મોટાભાગના લોકોનો નિષ્ફળતાનું કારણ બનતી હોય છે.-તેઓ આ સિદ્ધાંતનું યોગ્ય રીતે લાગૂકરણ કરી શકતા નથી. આ સ્વતઃપ્રેરણાના સિદ્ધાંતને યોગ્ય રીતે સમજી લેવો જોઈએ. જો તમે પોપટની જેમ પોતાના શબ્દો અને શપથ કે નિર્ણયને દોહરાવતા રહેશો તો અચેતન પર સ્હેજ પણ પ્રભાવ નહી પડે. એ જ શબ્દો અને શપથનો પ્રભાવ પડતો હોય છે જે પૂર્ણ નિષ્ઠા અને વિશ્વાસ સાથે દોહરાવામાં આવે છે.

જો પ્રથમ વખતમાં આવું ન બનવા પામે તો ઉદાસ કે નિરાશ બનવાની કોઈ જ જરૂર નથી.યાદ રાખો કે નથી થી કશું પણ કઢાવવું અત્યંત કઠીન જ નહી અસંભવ છે.પોતાના અચેતન સુધી પહોંચવા માટે તમારે કંઈક કિંમત તો ચૂકવવી જ પડશે. તમે તમારી જાતને છેતરી નથી શકતા. આના માટે નિરંતર ખંતની પરમ આવશ્યકતા છે. એ તમારે જ નક્કી કરવાનું છે કે આવું કરવા માટે જે કિંમત જોઈએ તે તમે આપવા તૈયાર હશો તો જ તમારી ઈચ્છા- ધન પ્રાપ્તિની-નક્કર રૂપ ધારણ કરી શકે છે.

અમૂક ઉદાહરણોને બાદ કરીએ તો ફક્ત બુદ્ધિમતા અને ચાતુર્ય વડે જ ધન પ્રાપ્તિ સંભવ થઈ શકતી નથી. અમૂક ઉદાહરણોમાં સરેરાશનો નિયમ લાગૂ કરી

શકાય પરંતુ તેને અપવાદ જ સમજવો જોઈએ. બીજું, આ સ્વતઃપ્રેરણાનો સિદ્ધાંત સાર્વજનિક ઉપયોગિતાનો હામી છે- અર્થાત જે પણ તેને નીભાવી શકશે તે ચોક્કસપણે તેનાથી લાભ પ્રાપ્ત કરશે. જ્યાં ક્યાંય આ અસરકારક બનતો નથી તો તે એ સિદ્ધાંતની નહી પરંતુ એ વ્યક્તિની અક્ષમતા દર્શાવે છે.

આ સિદ્ધાંતને સફળતાપૂર્વક લાગૂ કરવા માટે તમારી એકાગ્રતાનું ખુબ જ મોટું યોગદાન હોય છે. તમારે એક જ ઈચ્છા પર સતતપણે એકાગ્રતા સ્થાપિત કરવી પડશે. ત્યાં સુધી, જ્યાં સુધી તે પોતે એક ઝનૂન બનીને તમારી ઉપર હાવી ન થઈ જાય. તેના સફળતાપૂર્વક લાગૂ કરવાનું એક દૃષ્ટાંત રજુ કરૂં છું. જ્યારે પ્રથમ દર્શાવાયેલ ચરણોમાં પ્રથમ તમે ઉપાડો છો તો નિર્દેશ છેઃ“પોતાના મગજને એક ચોક્કસ રકમની કામના પર એકાગ્ર કરો” તમને તમારી આંખો બંધ થતાં એ રકમ માનસિક રૂપે દેખાવી જોઈએ-અર્થાત એટલી એકાગ્રતા હોય કે તમે બધાય અંક અને શૂન્ય પોતાની માનસિક આંખો વડે જોઈ શકો. આવું દિવસમાં ઓછામાં ઓછું એક વખત જરૂરથી કરો અને વિશ્વાસના અધ્યાયમાં આપવામાં આવેલ નિર્દેશોનું સંપૂર્ણપણે પાલન કરો. અનુભૂતિ કરો કે એક રકમ જે તમારા હાથમાં આવવી જોઈતી હતી, તે આવી ગઈ છે.

અચેતન મન આદેશોનું ત્યારે જ પાલન કરશે જ્યારે તેની પાછળ મજબૂત વિશ્વાસની ભાવના હશે. આવા આદેશો જ્યારે ભાવનાપૂર્વક સતત આપવામાં આવે ત્યારે જ તેનો પ્રવેશ અચેતનની હદમાં થશે શકશે. જ્યારે અચેતન તેને ગ્રહણ કરી લેશે તો સ્વતઃતે તમને એ ઈચ્છાને પૂર્ણ કરવા યોજનાઓ સુઝાડવા માંડશે- એ યોજનાઓ વ્યવહારૂ હશે, કોઈ કપોળકલ્પિત નહી!

ત્યારે, જ્યારે યોજનાઓ તમારા માનસમાં ઉભરાવા લાગશે, તો પોતાની કલ્પનાના અશ્વોને ઉન્મુક્ત વહેતા મૂકી દો અને જૂઓ કે તમારી કલ્પના કેવી રીતે એ યોજનાઓને કાર્યાન્વિત કરવાની યુક્તિઓ વિચારવા લાગશે-કોઈ ખાસ યોજનાની રાહ ન જૂઓ-કે તમે શું શું આપીને ધનપ્રાપ્તિની ઈચ્છાને ફળીભૂત થતી નિહાળી શકો છો. બલ્કે, આમ જ વિચારો કે જાણે કે મનોવાંછિત રકમ તમારા ખોળામાં આવી ગઈ છે. આના વચ્ચે તમારૂં અચેતન તમને યોજનાઓ જણાવ્યા કરશે. જાગૃત થઈને આ યોજનાઓને કર્યાન્વિત કરવાનું શરૂ કરી દો. તમે જોઈ શકશો કે તમારૂં અચેતન તમારી તરફ ખાસ પ્રેરણાનો એક ટેલિગ્રામ મોકલી રહ્યો છે. આ પ્રેરણાનો સ્ત્રોત અનંત મેધા પાસેથી પ્રાપ્ત થઈ શકે છે. તેને ગ્રહણ કરી લો -પૂર્ણ એકાગ્રતા સાથે- નહી તો તમે ઈચ્છાપૂર્તિમાં નિષ્ફળ જ રહેશો.

વિશ્વાસના અધ્યાય માટે ચતુર્થ અને ષષ્ટ ચરણોમાં નિર્દેશિત કરાયા છે કે પોતાની ઈચ્છાપૂર્તિ માટે યોજનો ઘડો અને એની ઉપર તત્કાળ કાર્ય કરવાનું આરંભી દો. આ

પ્રક્રિયામાં તમે તમારી તર્કબુદ્ધિને છેટી જ રાખજો અને ઋણાત્મક દૃષ્ટિ તમને પહેલેથી જ હતોત્સાહિત કરવા લાગશે.

જ્યારે તમારી માનસિક આંખો (મન) સામે એ જ રકમ દેખાવા લાગે તો કલ્પનામાં જ એ બધું અર્પવા કે બલિદાન કરવાનું પ્રારંભ કરી દો. (માનસિક રૂપે) જો તમે આ રકમને મેળવવા ઈચ્છો છો. આ અત્યંત આવશ્યક છે.

નિર્દેશોનો સારાંશ

તમારૂં આ પુસ્તકનું વાંચવું જ એ વાતનું દ્યોતક છે કે તમારે આ જ્ઞાન જોઈએ જ છે. એ પણ જાહેર થાય છે કે તમે આ વિષયના વિદ્યાર્થી છો. એટલા માટે તેમાં પોતાના તર્ક વડે કાપ-કૂપ ન કરો. જેમ કહેવામાં આવ્યું છે તેમજ અક્ષરસઃપૂર્ણ કરો. પૂર્ણ નિષ્ઠા અને વિશ્વાસ જ એની સફળતાનો આધાર થઈ શકે છે.

દ્વિતીય અધ્યાયમાં આપવામાં આવેલા છ ચરણોના તેના ભાગમાં આપવામાં આવી રહ્યા છે. એને આ અધ્યાયમાં આપવામાં આવેલ સિદ્ધાંતોની સાથે જોડીને જોવામાં આવી રહ્યા છે.

પ્રથમ : ક્યાંક એકાંત સ્થળે જાઓ(રાત્રે પોતાના બિછાનામાં જવું વધારે સારૂં રહેશે) જ્યાં કોઈ શાંતિમાં ખલેલ ન પહોંચાડી શકે. હવે પોતાની આંખો બંધ કરી મોટે મોટેથી બોલતા બોલતા દોહરાવો. (મોટેથી એ માટે બોલો કે તમે સ્પષ્ટપણે તમારો અવાજ સાંભળી શકો.) આમાં તમે તમારી મનગમતી રકમ મેળવવા માટેની સમયની સીમારેખા, શું શું બલિદાન આપવા તમે તૈયાર છો- આ ઈચ્છાની પૂર્તિ હેતુ સ્પષ્ટ ઉલ્લેખ સસ્વર કરો. તમે આવું કરો અને તમારા મનચક્ષુથી તેને તમારા ખોળામાં જૂઓ.

ઉદાહરણ અર્થે માની લો કે આવતી પહેલી જાન્યુઆરી સુધી તમે પાંચ લાખ રૂપિયા(આખા વર્ષમાં રકમ મેળવવાની છે) પ્રાપ્ત કરવા ચાહો છો અને એના માટે તમે સેલ્સમેનની સેવાઓ આપવા તૈયાર છો. તો તમારૂં લેખિત વક્તવ્ય કે શપથ હશે- આવતા વર્ષે ૧ જાન્યઆરી સુધી હું ૫,૦૦,૦૦૦ રૂ. પ્રાપ્ત કરી લઈશ જે મારી પાસે વિભિન્ન માર્ગો દ્વારા આવશે એના બદલે હું મારી સર્વોત્તમ યોગ્યતા પ્રમાણે એક સેલ્સમેન બનવા તૈયાર છું. અથવા એના બદલે તમે તમારી જે પ્રિય વસ્તુનું બલિદાન કરવા ઈચ્છો છો તેનો ઉલ્લેખ કરો.

"મને પૂર્ણ વિશ્વાસ છે કે ત્યાં સુધી એ રકમ મારી પાસે હશે. મારો વિશ્વાસ એટલો જ વધુ અને ઊંડ છે કે એ રકમને હું અત્યારે પણ મારી સામે જોઈ રહ્યો છું — એને મારા હાથો વડે સ્પર્શી શકું છું. હું હવે આતુરતાથી એના સત્ય બનવાની રાહ જોઉં છું. એના માટે મારે જે કંઈ ન્યોછાવર કરવાનું છે તેને માટે હું તત્પર છું. મને ફક્ત એ યોજનાની પ્રતિક્ષા છે જેના દ્વારા આ ઈચ્છા ભૌતિક રૂપમાં સંપૂર્ણ રૂપે મારી સામે આવશે."

દ્વિતીય : આ કાર્યક્રમને રોજ રાત્રે અને સવારે પુનઃ કરો જ્યાં સુધી કે(કલ્પનાની આંખથી) તમે તેને પોતાની નજીક ન જુઓ.

તૃતીય : આ લેખિત પત્ર(શપથ-પત્ર)ની એક પ્રતિલિપિ એ જગ્યા પર રાખી દો જ્યાં તમે ચુપચાપ સવાર-સાંજ વાંચી શકો કે રાત્રે સૂતા પહેલા અને સવારે ઉઠ્યા પછી તરત જ જોઈ શકો.

આ નિર્દેશ વસ્તુતઃતમારા અચેતનને માટે છે, જેના દ્વારા તમે સ્વતઃપ્રેરણા પ્રાપ્ત કરી શકો. પરંતુ યાદ રાખો કે, એને દોહરાવતી વખતે તમે પૂર્ણ ભાવના સહિત તેનું ઉચ્ચારણ કરશો. એમાં વિશ્વાસ પર જ બધો જ દારોમદાર છે. વિશ્વાસ એક અત્યંત શક્તિશાળી ભાવ છે. વિશ્વાસના અધ્યાયમાં આપવામાં આવેલા નિર્દેશોને ફરીથી વાંચી લો.

નિશંક, શરૂ શરૂમાં આ નિર્દેશ એકદમ હવાઈ લાગશે. પરંતુ એનાથી તમારે વ્યાકુળ થવાની કોઈ જ જરૂર નથી. તમે આ નિર્દેશ દોહરાવતા રહો, ભલેને એ કેટલુંય અર્થહીન કે અદૃશ્ય લાગે. તત્કાળ એવો વખત આવશે જ્યારે તેના દ્વારા તમારી પાસે એક શક્તિનું સંપૂર્ણ વિશ્વ ઉપલબ્ધ થઈ જશે.

શંકાશીલ બનવું માણસની એક સાહજિક આદત છે- વિશેષ કરીને નવા વિચારોના સંદર્ભમાં. પરંતુ જો તમે નિર્દેશોનું પૂર્ણ નિષ્ઠાથી પાલન કરતા રહેશો તો આ શંકા આપમેળે અદૃશ્ય બની જશે અને એના સ્થાને એક અતૂટ વિશ્વાસ છાતી તાણીને ઉભો થઈ જશે. ત્યારે તમે ગર્વથી કહી શકશો,"મારા ભાગ્યનો હું ખુદ નિર્માતા છું. મારા આત્માનો હું કપ્તાન છું."

કેટલાય દાર્શનિકોએ એવું પણ કહ્યું છે કે મનુષ્ય પોતે પોતાના ભાગ્યનો નિર્માતા છે પરંતુ એમાંથી આ બહુ જ થોડા સમજી શક્યા છે કે મનુષ્ય પોતાના ભાગ્યનો નિર્માતા કેમ છે? માણસ પોતાના પૃથ્વી-નિવાસમાં કઈ રીતે પોતાની સ્થિતિ-વિશેષ કરીને આર્થિક સ્થિતિનો નિર્ણાયક થઈ શકે છે, આ જ અધ્યાયમાં વિવિધ રીતે સમજાવામાં આવ્યું છે. એનું મૂળ કારણ છે કે ફક્ત મનુષ્ય જ એવો જીવ છે કે જે પોતાની કરણીથી પોતાના અચેતન પર પ્રભાવ પાડી શકે છે અને આના દ્વારા એ અનંત મેઘા સાથે સંપર્ક સ્થપિત કરી શકે છે.

આ અધ્યાયમાં આ દર્શનના સિદ્ધાંતો મૂળભૂત રૂપમાં સમજાવવામાં આવ્યા છે. જો આના આપવામાં આવેલ નિયમો સંપૂર્ણ રીતે તમે સમજી લેશો અને પૂર્ણ લગન સાથે એને લાગૂ કરશો તો તમારી આર્થિક ઈચ્છાને ધનના રૂપમાં ફળવંત થતાં જોઈ શકશો.

આ પ્રક્રિયામાં સ્વતઃપ્રેરણાનું સર્વાધિક મહત્વ છે. જો તમારી કોઈ ઈચ્છા અચેતનને વીંધી અંદર પહોંચી શકે તો સ્વયં તમારૂં અચેતન એની પૂર્તિના સાધનો પેદા

કરી લેશે. બાકી સિદ્ધાંત તો આ સ્વતઃપ્રેરણાને જાગૃત કરવાના સાધન માત્ર છે. આ મૂળ સત્યને વિચારમાં રાખતા આમાં આપવામાં આવેલ નિર્દેશોનું પૂર્ણ રીતે પાલન કરો અને પોતાની ઈચ્છાને સોનું વરસાવતા નિહાળો.

એ નિર્દેશોને એ રીતે યાદ રાખો કે જાણે તમે કોઈ બાળક છો અને પહેલો પાઠ શીખી રહ્યા છો. પોતાના પ્રયાસોમાં વિશ્વાસનો સમાવેશ કરો. લેખક પૂર્ણ પ્રકારે સચેત હતા કે બિન વ્યવહારૂ સિદ્ધાંતનો આ પુસ્તકમાં સમાવેશ કરવામાં ન આવે કેમ કે તેઓ વાચકોના પ્રામાણિકતાથી મદદગાર બનવા ઈચ્છે છે.

જ્યારે તમે આ પુસ્તકને આખુંય વાંચી લેશો તો આ અધ્યાયનું પુનરાવલોકન કરો અને પૂરી ભાવના સહિત નીચે આપેલ નિર્દેશો વાંચોઃ

"આ અધ્યાયને દરરોજ રાત્રે મોટેથી બોલીને, ઓછામાં ઓછું એક વખત તો જરૂર વાંચો-ત્યાં સુધી એવું કરો જ્યાં સુધી કે તમને વિશ્વાસ ન થઈ જાય કે સ્વતઃપ્રેરણાનો સિદ્ધાંત ઉપયુક્ત છે; કે આનાથી જે ઉપલબ્ધિઓ જણાવવામાં આવી છે એ મળવા લાગે છે. વાંચતી વેળાએ તમને જે હિસ્સો વધારે પ્રભાવશાળી લાગે એને પેન્સિલ વડે રેખાંકિત કરી દો"

આ નિર્દેશનું અક્ષરસઃપાલન કરશો તો તમારી સામે સમજણનું પૂર્ણ દ્વાર ખૂલ્લું થઈ જશે અને સફળતાના સિદ્ધાંત ઉપર નિપૂણતા પ્રાપ્ત કરી લેશો.



અમીર બનવા તરફ ઉપાડો ચોથું પગલું

૫

વિશિષ્ટ જ્ઞાન

વિશિષ્ટ જ્ઞાન, વ્યક્તિગત અનુભવ અને અવલોકન

જ્ઞાન બે પ્રકારના હોય છે : વિશિષ્ટ અને સામાન્ય. સામાન્ય ભલે ગમે તેટલું વૈવિધ્યપૂર્ણ કે વિશાળ હોય, ધન પ્રાપ્તિ માટેના સંદર્ભમાં એનું કોઈ વધુ મહત્વ નથી. આમ તો મહાન વિશ્વવિદ્યાલયો એ જ્ઞાનની વિધિ વિદ્યાશાખાઓ ચલાવે છે અને સૃષ્ટિના આરંભથી આજ સુધી જે જ્ઞાન ઉપલબ્ધ છે એ વિશ્વવિદ્યાલયોમાં ભણાવવામાં આવી રહ્યું છે. પરંતુ સત્ય તો એ પણ છે કે મોટાભાગના આચાર્યગણો નગણ્ય રીતે જ ધનપતિ હોય છે. તેઓને જ્ઞાન આપતા તો આવડે છે પણ તેની યોગ્ય વ્યવસ્થા કરી પોતાની જાતને ધનવાન બનાવવાનું નહીં. કદાચ જ્ઞાનના વિવિધ ઉપયોગ અંગે તેઓ માહિતગાર પણ નથી.

કોઈ પણ જ્ઞાન ધનને આકર્ષિત કરી શકતું નથી જ્યાં સુધી એ યોગ્ય રીતે વ્યવસ્થિત, ચતુરાઈથી નિર્દેશિત અને સ્પષ્ટ રૂપથી ધનપ્રાપ્તિની યોજના માટે બકાયદા ઢાળવામાં ન આવે. આ સત્યની અણસમજ લાખો લોકોને આ મુગાલતામાં નાંખી રાખે છે કે 'જ્ઞાન જ શક્તિ છે ' એવું કંઈ નથી જ્ઞાન તો માત્ર સંભાવ્ય શક્તિ જ હોઈ શકે. આ પૂર્ણ રીતે શક્તિનું રૂપ ત્યારે જ લઈ લે છે જ્યારે એને યોગ્ય પ્રકારે વ્યવસ્થિત કરીને યોજનાબદ્ધ તરીકાથી એને ઉપયોગમાં લેવામાં આવે.

આપણા માનવીય શિક્ષણને જ્ઞાન સમજી લીધું, જ્ઞાનની આ ખોવાયેલ કડી છે. શૈક્ષણિક સંસ્થાઓ જ્ઞાન તો આપે છે પણ એ જણાવતી નથી કે કઈ રીતે યોગ્ય રીતે વ્યવસ્થિત કરી ઉપયોગમાં લઈ શકાય.

ઘણા લોકો આ સમજવાની ભૂલ કરી બેસે છે કે કેમ કે હેનરી ફોર્ડનું વધારે શાળાકીય શિક્ષણ થયું નહોતું એટલે તેઓ ભણેલા ગણેલા માણસ નહોતા. આવા લોકો ન તો હેનરી ફોર્ડને સારી રીતે સમજી શક્યા છે ન તો એ જાણી શક્યા છે કે વાસ્તવમાં શિક્ષણ કે 'એજ્યુકેશન' નો અર્થ શું છે. આ શબ્દ 'એજ્યુકેશન' ધાતુ 'એજ્યુકો'થી બનેલો છે. જેનો મૂળ અર્થ છે :બહાર નીકળવું, સ્પષ્ટ કરવું, વિકસિત કરવું અથવા બહાર નીકળીને વિકસિત કરવું. એક શિક્ષિત વ્યક્તિનો અર્થ એ નથી કે એની પાસે દરેક પ્રકારનું વિશિષ્ટ કે સામાન્ય જ્ઞાન છે. એનો વાસ્તવિક અર્થ છે કે શિક્ષિત

વ્યક્તિએ પોતાના મસ્તિષ્કના આવડતોને પૂર્ણ રીતે વિકસિત કરી લીધી છે અને એને અન્યોને હેરાન કર્યા વિના પોતાનું પ્રાપ્ય પ્રાપ્ત કરતા આવડે છે. આ પરિભાષા હેનરી ફોર્ડની ઉપર બરાબર લાગૂ પડે છે.

વિશ્વયુદ્ધ દરમ્યાન શિકાગોના એક અખબારે કેટલાક તંત્રી લેખો લખ્યા જેમાંથી એકમાં હેનરી ફોર્ડ ને એક 'અજ્ઞાની સંતુષ્ટકર્તા' દર્શાવામાં આવ્યા હતા. મિ. ફોર્ડે આ વાતનો વાંધો ઉઠાવ્યો અને અખબારની વિરૂધ્ધ માનહાનિનો દાવો દાખલ કરી દીધો. ખટલા દરમ્યાન અખબારના વકીલે મિ. ફોર્ડને કટઘરામાં એટલા માટે ઊભા કરી દીધા કે તે તેઓને અજ્ઞાની સાબિત કરવા ઈચ્છી રહ્યો હતો. તેણે મિ. ફોર્ડને ઘણા પ્રશ્નો પૂછયા જેનો ઉદ્દેશ્ય ન્યાયાધીશ સામે એ સાબિત કરવું કે ભલે મિ. ફોર્ડને મોટરકાર બનાવવાની દરેક કળાઓ આવડતી હોય અને વિશિષ્ટ રૂપે જ્ઞાની હોય પણ સામાન્ય પણે તેઓ અજ્ઞાની છે.

અમૂક પ્રશ્નો જે મિ. ફોર્ડને પૂછવામાં આવ્યા, એની સામગ્રી નીચે દર્શાવવામાં આવી છે :

"બેનડિકટ આર્નોલ્ડ કોણ હતા?"

"સને ૧૭૭૬ની ક્રાન્તિને દબાવી દેવા માટે બ્રીટિશ શાસને કેટલા સૈનિકોને અમેરિકા મોકલ્યા હતા?"

આ પ્રશ્નના ઉત્તરમાં મિ. ફોર્ડે કહ્યું,"સાચો આંકડો તો મને ખબર નથી પણ એ ખબર છે કે એક મોટું દળ મોકલવામાં આવ્યું હતું જેમાંથી બહુ થોડા જ પાછા ગયા હતા!"

આખરે ફોર્ડે સવાલોથી કંટાળી જઈને કહ્યું"હું શું કામ એ પ્રશ્નોના ઉત્તર આપું. મારી પાસે માણસો છે જે દરેક પ્રશ્નોના ઉત્તર આપી શકે છે. હું નકામા એ સામાન્ય જ્ઞાનથી મારૂં મગજ શું કામ ભરી દઉં એ પણ એ જ્ઞાનના બદલે, જેના દ્વારા હું લાખો કમાઈ રહ્યો છું અને દેશને લાભ કરાવી રહ્યો છું"

ખરેખર તો એ ખુનખાર વકીલની બોલતી બંધ કરવાવાળો આ ઉત્તમ ઉત્તર હતો. અદાલતના ઓરડામાં ઉપસ્થિત બધા લોકોએ માની લીધું કે ફોર્ડનું લક્ષણ એક અજ્ઞાનીનું નહી પણ પૂર્ણ રીતે શિક્ષિત વ્યક્તિનો ઉત્તર હતો. શિક્ષિત માણસ એ છે કે જેને ખબર છે કે જરૂરીયાત વેળાએ એ ક્યાંથી ઈચ્છિત જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. પોતાના 'માસ્ટરમાઈન્ડ'દ્વારા ફોર્ડને દરેક પ્રશ્નોનો જવાબ મળી શકે છે તો એ પોતાનું મગજ સામાન્ય અને બહુધા ફાલતુ(નકામું)જ્ઞાનમાં શું કામ ખપાવે? પોતાના વિશિષ્ટ જ્ઞાનને તેમણે ઉપયોગમાં રાખ્યું અને અમેરિકાના એક ધનાઢય વ્યક્તિ બની ગયા.

દરેક જ્ઞાન પોતાના મગજમાં ભરવાનો શો લાભ? તમને એ ખબર હોવી જોઈએ કે જરૂરીયાત વેળાએ તમને આ જ્ઞાન ક્યાંથી અને કેવી રીતે પ્રાપ્ત થઈ શકે છે.

તમને પણ તમારી ઈચ્છાને ધનના દૃશ્ય સ્વરૂપમાં બદલવા માટે એક ખાસ મૂલ્ય જોઈએ, જે કોઈ સેવા કે વસ્તુના સ્વરૂપમાં હોઈ શકે, જેને તમે તમારી ઈચ્છા માટે બલિ ચઢાવતા ખચકાશો નહી. કદાચ તમને ઘણા વિશિષ્ટ જ્ઞાનની જરૂર પડે કારણ કે તમારી પોતાની બુદ્ધિ અને 'માસ્ટરમાઈન્ડ' ગ્રુપની વચ્ચે ઘણી મોટી ખીણ છે.

એક વખત એન્ડ્રૂઝ કાર્નેગીએ મને જણાવ્યું કે વસ્તુતઃપોલાદ-વેપાર અંગે તેઓનું જ્ઞાન તદ્દન નહીવત્ હતું. તેઓએ એ પણ કહ્યું કે તેમને વધારે જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છા પણ જાગી નહી. તેમને માટે પણ આ જ્ઞાન 'માસ્ટરમાઈન્ડ' ગ્રુપના સ્વરૂપે ઉપલબ્ધ હતું(એટલે કે જયારે ૨૪ કલાક એટીએમની સુવિધા જ્યારે ઉપલબ્ધ હોય તો શા માટે નોટોનું મોટું બંડલ લઈને ફરતા રહેવું પડે અને જોખમ ખેડવું.

મિ. ફોર્ડ ફક્ત છઠ્ઠા ધોરણ સુધી ભણી શક્યા હતા. તેમનું ઉદાહરણ ઓછું ભણેલા લોકોનું સાહસમાં વૃધ્ધિ કરશે જેઓ સમજે છે કે થોડાક શિક્ષણને કારણે કદાચ તેઓ ક્યારે ધનવાન નહી બની શકે. આવા લોકાએ પોતાની હિણપતની ભાવનામાંથી બહાર આવી ધનાઢ્ય બનવાની પોતાની ઈચ્છાની પૂર્તિ માટે મચી પડવું જોઈએ

જ્ઞાન કેવી રીતે ખરીદી શકાય - એક લાભનો સોદો

પ્રથમ એ નક્કી કરો કે તમારે ક્યા પ્રકારનું વિશિષ્ટ જ્ઞાન જોઈએ છે અને આ જ્ઞાન-પ્રાપ્તિનું મુખ્ય દયેય શું છે. જો તમને તમારા જીવનના ઉદ્દેશ્ય અંગેની ખબર છે તો તમારી સમજણમાં એ આવી જશે કે તમારે ક્યા પ્રકારના જ્ઞાનની જરૂર છે.

તેના પછી તમારા પાસે પાકી સૂચના હોવી જોઈએ કે આ જ્ઞાન ક્યા સ્ત્રોતો દ્વારા પ્રાપ્ત થઈ શકે છે. કેટલા મહત્વપૂર્ણ સ્ત્રોત નીચે આપવામાં આવ્યા છે :

(ક) પોતાનો વ્યક્તિગત અનુભવ અને શિક્ષણ

(ખ) અન્યના સહયોગથી પ્રાપ્ત અનુભવ અને શિક્ષણનું જ્ઞાન

(ગ) કૉલેજો અને વિશ્વવિદ્યાલયોમાંથી

(ઘ) સાર્વજનિક પુસ્તકાલયોમાંથી(અહીયા ઉપલબ્ધ પત્ર-પત્રિકાઓના માદયમથી)

(ડ) વિશિષ્ટ-પ્રશિક્ષણ કાર્યક્રમ(કોર્સીસ)દ્વારા(રાત્રિ-વિદ્યાલય અને એ પ્રકારની સંસ્થાઓ દ્વારા)

યાદ રાખો કે જો જ્ઞાનનો કોઈ ઉપયોગ કરવામાં ન આવે તો જ્ઞાન પણ એક નકામો બોજો બની જાય છે. માટે જ ફક્ત ડીગ્રીઓનું પોતાનું કોઈ જ પ્રકારનું મહત્વ નથી.

એ તો માત્ર એ દર્શાવે છે માણસ આટલું કંઈક જાણે છે. આ જ્ઞાનથી જ્યાં સુધી કંઈક ઉપયોગી કાર્ય કરવામાં ન આવે ત્યાં સુધી પડયું પડયું નકામું થઈ જાય છે. ભારેમાં ભારે તોપમાં જો કાટ લાગી જાય તો એક એક મચ્છર પણ મારી શકતી નથી.

જો તમે વિશિષ્ટ શાળાઓના માધ્યમ વડે કશુંક ખાસ જ્ઞાન લેવા ઈચ્છી રહ્યા છો તો પ્રથમ એ જૂઓ કે તમને એનાથી શું લાભ પ્રાપ્ત થઈ શકશે. ત્યાર પછી તેને મેળવવા માટેનું ભરોસાપાત્ર સાધનની શોધ કરો.

સફળ લોકો પોતાના ક્ષેત્ર સાથે સંકળાયેલ જ્ઞાન કાયમ મેળવતા રહેતા હોય છે. જેઓ એવું વિચારે છે કે શિક્ષણ કે જ્ઞાન પ્રાપ્ત કરવાનું જે તેઓનું લક્ષ્ય છે તેઓ કદીયે સફળ બની શકતા નથી. છેવટે તો જ્ઞાનનું મૂલ્ય તો એ જ છે જે તમને તેમાંથી મળી શકે. શાળા-કૉલેજો વગેરે તો તમને જ્ઞાન પ્રાપ્ત કરવાની વિધિઓ કે પ્રણાલીઓ દર્શાવે છે. અસલી જ્ઞાન તો એ જ્ઞાનના ઉપયોગમાં જ છુપાયેલું છે.

એ વિશેષજ્ઞો જેની સૌથી વધારે માંગ છે

મોટાભાગની કંપનીઓ એવા ઉમેદવારોની માંગ કરે છે કે જેઓએ કોઈને કોઈ ક્ષેત્રમાં વિશિષ્ટ યોગ્યતા મેળવેલ છે - જેમ કે આંકડાકીય, ભવન-નિર્માણ, લેખા-કરણ, રસાયણશાસ્ત્ર અને એવા જ ક્ષેત્રોના ઉચ્ચ કુશળતાવાળા કામઢા વ્યક્તિઓ. તે હરફનમૌલા જેઓ પોતાના ભણતરમાં પણ ઠીક ઠીક રહ્યા હોય અને જેઓમાં દરેક સમૂહમાં હળી-ભળી જવાનું કૌશલ્ય હોય. આવા લોકોની માંગ નિશ્ચિત રૂપે વધારે રહે છે કારણ કે તેઓનો દરેક સાથે નિભાવ થઈ જાય છે.

શ્રી મૂરે મુજબ,''અત્યંત મેઘાવી અને પોતાના વિષયમાં કાયમ પ્રથમ આવનાર ઉમેદવારોની માંગ કંપની કરતી નથી કારણ કે તેઓને ઉચ્ચ શૈક્ષણિક યોગ્યતાવાળા માણસો નહી પણ દરેક રીતે હોંશિયાર માણસો જોઈએ છે.''

શ્રી મૂરેને એક મોટી કંપનીએ પોતાની માંગ પ્રમાણેનો હવાલો આપતા લખી જણાવ્યું કે,'' અમને એવા લોકોની જરૂર છે જેઓ વ્યવસ્થાપકના કાર્યમાં અસામાન્ય પ્રગતિ મેળવી શકે. એટલા માટે અમે ઉમેદવારોની બુદ્ધિમતા અને સમસ્ત વ્યક્તિત્વ ઉપર વધારે ભાર મૂકીએ છીએ, તેઓની શૈક્ષણિક પૃષ્ઠભૂમિ ઉપર નહી.''

વિદ્યાર્થીઓને તૈયારી માટે સલાહ

મિ.મૂરેનું કહેવું છે કે કૉલેજ-શિક્ષણ દરમ્યાન ઉનાળા દરમ્યાન મળતી રજાઓમાં કેટલાક વ્યાવસાયિક કોર્સ કરવા જોઈએ. જ્યારે તેઓ બે ત્રણ વર્ષના શિક્ષણને સમાપ્ત કરીને બહાર આવશે ત્યારે કંઈક લાયક બની શકશે. માત્ર ભણવા માટે ભણવાનો કશો અર્થ નથી.

આજની શિક્ષણ સંસ્થાઓએ આ વ્યવહારૂ બાબત સમજી લેવી જોઈએ કે આજનો યુગ વિશેષજ્ઞતાઓનો છે. માટે આ સંસ્થાઓને જરૂર છે કે વ્યવસાયને લગતા શિક્ષણ ઉપર વધારે ભાર આપે. આ સંદર્ભમાં રાત્રિ-શાળાઓ વગેરે મદદગાર સાબિત થઈ શકે છે. પોતાનું કામ કરતા ઘેર રહીને ભણવું કે પત્ર વ્યવહાર શાળાઓના માધ્યમ વડે ઈચ્છિત જાણકારી પ્રાપ્ત કરવી એક સારો સ્ત્રોત બની શકે છે.

જ્યાં સુધી કોઈ પણ યોગ્યતા મેળવવા માટે પરિશ્રમ કરવામાં નહી આવે ત્યાં સુધી એ યોગ્યતાની કદર થઈ શકશે નહી.

આ સંદર્ભમાં મારો એક અનુભવ ઘણો બોધદાયક છે. આશરે ૨૫ વર્ષ પહેલાં મેં એક પત્રવ્યવહારના માધ્યમ વડે વિજ્ઞાપન સેવાનો કોર્સ કર્યો હતો. તેના આશરે આઠથી દશ પાઠ પૂરા કર્યા પછી મેં ભણવાનું બંધ કરી દીધું. તો પણ તે કોર્સ માટેની ફી માટે હું બીલ તો મોકલતો જ રહ્યો. કાયદાકીય રીતે એ કોર્સ માટેની ફી મોકલવા હું બંધાયેલો હતો. મેં વિચાર્યું કે જ્યારે નાણાં આપવાના જ છે તો શા માટે તેનું મૂલ્ય વસૂલી લેવામાં આવે. એટલે મેં ભણવાનું શરૂ કર્યું. એની અનિચ્છા હોવા છતાં પણ, મેં એ કોર્સ પણ પૂરો કરી લીધો. કોર્સ દરમ્યાન મને એક પાઠ એ શીખવાનો મળ્યો કે જ્યારે ગાંઠના નાણાં નીકળે છે ત્યારે જ એ કાર્યની કિંમત પણ ખબર પડે છે.

અમેરિકામાં મોટાભાગની શાળાઓ વિના મૂલ્યે શિક્ષણ આપતી હોય છે. અહીયા વિના મૂલ્યના વાંચનાલયો પણ ઘણા બધા છે. એના લીધે જ તેના વિદ્યાર્થીઓ પોતાના શિક્ષણની કદર કરતા નથી. એ પણ જોવામાં આવ્યું છે કે અહીયા એવા જ લોકોની વધારે માંગ છે જેઓએ 'હોમ સ્ટડીઝ કોર્સ' દ્વારા પોતે શિક્ષણ પ્રાપ્ત કર્યું છે. કેમ કે જ્યારે તેઓને ખરેખર ભણવાની લાલસા હશે ત્યારે તો તેઓ કોર્સમાં જોડાશે. એનાથી મનમાં એક આત્મ-સંયમનો ભાવ આવે છે.

આજકાલ મોટાભાગના લોકોમાં એક ખોટ સામાન્યપણે જોવા મળે છે- એ છે મહત્વાકાંક્ષાની ઓછપ. લોકો પોતાનું શિક્ષણ મેળવીને નોકરીમાં લાગી જાય છે, એવું વિચાર્યા વિના કે આખરે તેઓ શું કરવા ઈચ્છી રહ્યા છે. પરંતુ તેઓની અવેજીમાં તેઓ જેઓ નોકરી કરતા કરતા પોતાના ફાજલ સમયમાં હોસ સ્ટડીઝ દ્વારા કોઈ કોર્સ વગેરે કરી રહ્યા હોય છે, કાયમ પોતાના ક્ષેત્રમાં શિખરને સ્પર્શતા હોય છે. કારણ કે તેઓની પાસે મહત્વાકાંક્ષા હોય છે-કંઈ કરી છૂટવાનું ઝનૂન હોય છે. એટલા માટે મોટાભાગના લોકો જેઓ ભણવામાં ખૂબ જ સારા ટકાએ પાસ થાય છે, પણ આગળ કશુંય કરી શકતા નથી. તેઓ એ સમજી જ શકતા નથી કે જ્ઞાન પોતાની જાતમાં કોઈ મોટી ઉપલબ્ધિ નથી. એ વસ્તુ છે કે તમે તેના દ્વારા શું પ્રાપ્ત કર્યું. ઘણી બધી ડીગ્રીઓની પુંછડી તમને ભણેલા-ગણેલા તો બનાવી દેશે પરંતુ લાયક બનાવી શકતી નથી. આ યોગ્યતા કાયમ જ્ઞાનથી કશું પ્રાપ્ત કરવા માટે આવે છે. મંદીના આ યુગમાં

સ્થિતિ ઘણી બધી બદલાઈ ચૂકી છે અને આર્થિક તંગી પણ લોકોને વિવશ કરી રહી છે તેઓ પોતાની આવકને વધારે. જો તારામાં પ્રતિભા છે તો તેને બજારમાં લાવવામાં પરેજ ન કરો. એ સંદર્ભમાં સ્ટુઅર્ટ ઑસ્ટિન બિચરનું ઉદાહરણ આપવા ઈચ્છીશ. તેઓ એક ઈજનેર હતા જે ભવન-નિર્માણનું કાર્ય કરતા હતા. પરંતુ મંદીએ તેમનું કામને ખાસ્સું સમેટી નાંખ્યું. તેઓએ પોતાના ધંધાની ઘટતી જતી માંગને જોઈને પોતાની લાઈન બદલવાનો પ્રયત્ન કર્યો અને જોયું કે તેઓને કાયદામાં રસ પડે છે. તેઓએ કાયદો ભણાવતી સંસ્થામાં પ્રવેશ લીધો અને પોતાની પ્રતિભાને જાગૃત કરતા 'બાર-એકાઝામિનેશન' પાસ કરીને ડલાસમાં પોતાની પ્રેકટીસ પ્રારંભ કરી દીધી. જેવી તેઓએ આશા રાખી હતી, તેઓની વકીલાત સરસ ચાલવા લાગી અને તેઓ ડલાસ, ટેક્સાસના પ્રખ્યાત વકીલ બની ગયા. ત્યારબાદ તો એ પરિસ્થિતિ થઈ કે કામના ભારણને કારણે તેઓને લોકોનું કામ લેવાનું બંધ કરવું પડયું. ક્યાં તેઓને થોડા વર્ષો અગાઉ લાગતું હતું કે તેઓ બેકાર થઈ જશે.

જે લોકો આવું કહીને પરિવર્તનથી દૂર ભાગતા હોય છે કે હવે ઘડપણમાં હું હવે ક્યાં હવે બીજું કામ બદલવાનું, અથવા તો મારી કૌટુંબિક પરિસ્થિતિ એવી નથી, તેઓને હું દેખાડવા ઈચ્છું છું કે જ્યારે મિ. બિચરે પોતાની લાઈન બદલી ત્યારે તેઓ ચાલીસી વટાવી ચૂક્યા હતા. એથી આ સિદ્ધાંત ઘણો અસરકારક નીવડે છે કે યોગ્ય સમયે યોગ્ય જ્ઞાન ખરીદ કરવું એ પણ કંઈ ખોટનો ધંધો નથી. આવા અનેક ઉદાહરણ આપી શકાય એમ છે. યાદ રાખો! પ્રથમ તમારા મનમાં વિચાર આવવો જોઈએ અને પોતાનું કૌવત નિહાળીને યોજનાઓ બનાવો અને પોતાની કલ્પનામાં તેને કાર્યાન્વિત કરવાનો પ્રયાસ કરો. સફળતા તમારા પગમાં આળોટશે. જો તમારી ઈચ્છાશક્તિ ઊંડ હશે તો દરેક પરિસ્થિતિમાં તમે તમારો માર્ગ કાઢી શકો છો. પૌરાણિક કહેવત પણ છે કે 'જ્યાં ચાહ છે ત્યાં રાહ છે.'

આ સંદર્ભમાં હું એક બીજા સત્ય પર ભાર આપવા ઈચ્છું છું કે હંમેશા સફળતા અને નિષ્ફળતા તમારી ટેવોનું પ્રતિફળ હોય છે. નાનપણથી એ ટેવ પાડવી જોઈએ કે નિષ્ફળતા કોઈ પણ મૂલ્ય પર સ્વીકાર્ય નથી. મોટા ભાગના લોકો એ કારણથી આગળ વધી શકતા નથી, નંબર બે કે ત્રણનું સ્થાન સ્વીકારી લેવાની તેઓની આદત બની જાય છે. ઠીક છે પ્રતિભાનું પોતાનું યોગદાન હોય છે પરંતુ પ્રયત્ન ક્યારે કમતર કરીને આંકવો ન જોઈએ. સંસારમાં પ્રતિભાવાન અને પ્રતિભાહિન કે ઓછી પ્રતિભાવાળા. જો વિશ્વના ઇતિહાસમાં ઉદાહરણો તપાસો તો ખબર પડશે કે પ્રતિભાના જોરે સફળ બનવાવાળા કોઈક વીરલા જ હોય છે. મોટા ભાગે તેઓને જ મહાન વ્યક્તિ ગણવામાં આવ્યા છે, જેમનામાં પ્રતિભા તો હતી પરંતુ એ પ્રતિભાને સંપૂર્ણ રીતે વટાવવાનો પ્રયત્ન કર્યો. શું એડીસન કે શું હેનરી ફોર્ડથી વધારે પ્રતિભાવાન લોકો એ સમયના વિશ્વમાં નહોતા; ઘણા રહી ચૂક્યા હશે પરંતુ તેઓએ પોતાની પ્રતિભાને

ઓળખી નહી, ન તો તેઓની અંદર વિચાર ઉદ્દભવ્યો કે તેને વટાવે કે ન તો તેઓને સ્વતપ્રેરણા પણ ઉદ્દભવી કે તેઓ વિશ્વમાં નંબર એક કે પોતાના ક્ષેત્રના શિરમોર બને. આવા લોકો પરિસ્થિતિ સાથે સમજૂતી કરતા નથી પણ તેને પોતાની ઈચ્છાશક્તિ અનુસાર ઢાળી દે છે.

આ સંદર્ભમાં હું ડેન હેલપિનનું જ્વલંત દૃષ્ટાંત વાચકો સમક્ષ મૂકવા ઈચ્છું છું. પોતાના કૉલેજના દિવસોમાં તેઓ ૧૯૩૦ની પ્રખ્યાત નેશનલ ચેમ્પિયનશિપ...... ડેમ ફુટબૉલ ટીમના મેનેજર હતા. ત્યારે એટીમ સ્વર્ગીય ન્યુટે રૉકનેના નિર્દેશમાં કામ કરતી હતી. ફુટબૉલ ટીમના આ કૉચ એક જ પાઠ શીખ્યા હતા, કામચલાઉ હાર ક્યારેય નિષ્ફળતા ગણશો નહી.- જેમ કે એન્ડ્રુઝ કાર્નેગી સદૃશ્ય ઉદ્યોગિક નેતાની ત્યારે યુવાન ઉદ્યોગાપતિઓને સલાહ હતી. પરંતુ યુવાન હેલપિને પોતાના કૉલેજનું શિક્ષણ પૂર્ણ કર્યું, ભયાનક મંદીને કારણે નોકરીઓનો દુકાળ પડ્યો હતો. તેઓએ થોડાક દિવસ નિવેશ બેંકીગ અને ચલચિત્રોની કંપનીઓમાં કામ કર્યા બાદ કમીશનના આધારે ઈલેક્ટ્રિકલ હિયરીંગ એડ વેચવાનો ધંધો શરૂ કર્યો. એ ખરૂં છે કે આવું તો કોઈ પણ કરી શકતું હતું, પરંતુ તેઓને વિશ્વાસ હતો કે યોગ્ય માર્ગે તેઓને એક અવસર તો પ્રાપ્ત થયો.

તેઓએ હિયરીંગ એડ વેચવામાં એવા કીર્તિસ્તંભો ઉભા કર્યા કે હિયરીગ એડ વેચવાવાળી પ્રતિસ્પર્ધી કંપની, ડિક્ટોગ્રાફ પ્રોડક્ટ્સ કંપનીના ચેરમેને આ માણસ વિશે જાણવાનું ઈચ્છયું કે જે માણસ તેઓની કંપનીને હિયરીંગ એડના વેચાણમાં સતત પાછળ રાખી રહ્યો હતો. તેઓએ હેલમેનને ઈન્ટરવ્યુ માટે બોલાવ્યા અને તેઓને પોતાના નવા સેલ્સ મેનેજર તરકે નિયુક્ત કરી દીધા જે એકૉસ્ટકન વિભાગના વ્યવસ્થાપક પણ હતા.

આ નવા ઉમેદવારની પરીક્ષા લેવા માટે તેની નિમણૂંક પછી તરત જ હેલપિનને એકલા છોડીને મિ.એન્ડ્રુઝ ત્રણ માસ માટે ફલોરિડા ચાલ્યા ગયા કે," તરતા રહો કે ડૂબી જાઓ." પરંતુ એ ડૂબ્યો નહી અને ન્યુટે રોકનેના અભિપ્રાય સાથે સહમત થતા ગયાઃ"દુનિયા વિજેતાઓની જ કદર કરે છે, હારનારાઓ ભણી વળીને જોવાની ફૂરસદ તેઓને નથી."હેલપિને એવો ચમત્કાર દેખાડ્યો કે છ જ મહિનામાં એ કંપનીના તેઓ જનરલ મેનેજર બની ગયા.

એ કહેવું અઘરૂં છે કે એમાં મિ.એન્ડ્રુઝની પરીક્ષાનો કેટલો ફાળો હતો. તેઓએ હેલપિનને પોતાની કલ્પનાને પૂરેપૂરી રીતે વિસ્તારવાનો અવસર આપ્યો, અને હેલપિને એ બધું પોતાની કલ્પના અને વીરતાથી કરી દેખાડયું. આ ઉદાહરણનું હાર્દ તો એ છે કે જો આપણે ખરેખર ઈચ્છીએ તો પરિસ્થિતિને આપણે વશમાં કરી શકીએ છીએ.

આ ઉદાહરણમાં સંગાથ અને પરિવેશનું મહત્વ નકારી શકીએ નહી. હું મારા પૂત્ર બ્લેયરની વાત કરૂં છું. એને એક કંપની એ વેતન કરતાં દોઢું વેતન આપવા તૈયાર હતી જે વેતન એને હેલપિનની કંપની આપી રહી હતી. પિતા તરીકે મેં એને કહ્યું કે તે હેલપિનની કંપનીમાં જ નોકરી સ્વીકારી લે, કારણ કે તેને એક એવી વ્યક્તિનો સાથ મળી રહ્યો હતો કે જે પરિસ્થિતિઓને પોતાની અનુકૂળતા પ્રમાણે ઢાળી લેવાનું હુન્નર ધરાવતી હતી આ એક બહુ જ મોટી સંપત્તિ છે અને જીવનભર કામ આવી શકે છે.

મૂળ અર્થ એ જ છે કે જો તમારી પાસે કલ્પના શક્તિ છે જેના માધ્યમથી તમે વધારે નફા સાથે કામ કરી શકો છો તો જરૂરથી એ કરો. આગળ વધો અને નિત નવા શિખરો ઉપર તમારો ધ્વજ લહેરાવતા રહો. વિચાર અથવા આઈડીયા તમને માર્ગ સૂઝાડે છે, કલ્પના એને વિસ્તારે છે, સ્વતઃપ્રેરણા એ ઈચ્છાની પૂર્તિ હેતુ નવીન યોજનાઓ સૂઝાડતી રહેશે.

પરંતુ વિચારનો જન્મ વિશિષ્ટ જ્ઞાન વડે થાય છે. જો તમને કોઈ પણ ક્ષેત્રનું જ્ઞાન જ નથી તો તમે વિચાર પણ શું કરશો? જો તમારી વ્યક્તિગત સેવાને ઉચ્ચ કિંમત વેચી શકો છો તેઓ પાસે આ બધી યોગ્યતાઓ હોવી વ્યાજબી છે.

જો તમારી પાસે કલ્પના છે તો આ અધ્યાયથી તમને વિચારો પ્રાપ્ત થઈ શકે છે. યાદ રાખો કે કોઈ પણ ઈચ્છાની પૂર્તિનો આરંભ વિચારથી જ થાય છે. જો વિચાર આવ્યો છે તો વિશિષ્ટ જ્ઞાન પણ તમને કોઈને કોઈ વળાંક પર મળી જ જશે.



અમીર બનવા તરફ ઉપાડો પાંચમું પગલું

૬

કલ્પના

કલ્પના: મગજની કાર્યશાળા

માનવ કલ્પનાશક્તિ એક કાર્યશાળા હોય છે જેમાં માણસની દરેક યોજનાઓ ઘડાતી હોય છે. એક સંદેશને ઈચ્છાનું રૂપ આપવામાં આવે છે અને કલ્પના યોજના પ્રમાણે કાર્યના રૂપમાં ઢાળે છે.

કહેવાય છે કે માણસ પોતાની કોઈ પણ કલ્પનાને સાકાર કરવા માટે સક્ષમ હોય છે.

માનવ સભ્યતાની ઉત્પત્તિથી માંડીને આજ સુધીનો સમય જોવામાં આવે તો આજનો યુગ કલ્પનાના વિકાસ માટે સૌથી વધારે અનુકૂળતા ધરાવે છે કારણ કે આજનો યુગ તીવ્ર પરિવર્તનો ધરાવતો યુગ છે. ચારેય બાજુ એવા તત્વોની ઉપસ્થિતિ છે કલ્પનાના વિકાસમાં સહાયરૂપ છે.

આ જ કલ્પનાશક્તિની સાથે માનવ સભ્યતાએ પ્રાકૃતિક પરિબળોનો જે રીતે આ પચાસ વર્ષમાં ઉપયોગ કર્યો છે એવો અગાઉ કદીયે કર્યો ન હતો. તેણે હવામાં વિહરતી ચકલીઓને માત આપી છે. ઈથરના યોગ્ય પ્રયોગથી વિશ્વના કોઈ પણ ભાગનો સંપર્ક કરી શકાય છે. મનુષ્યને હવે ખબર છે કે કરોડો માઈલ દૂર રહેલ સૂર્યનું વજન કેટલું છે.એનું મગજ એક ટ્રાન્સમીટર અને રિસીવિંગ સ્ટેશન છે જેમાં વિચારોનું હલન ચલન થયા કરે છે.એના વિશેષ પ્રયોગને એ વ્યવહારિક રૂપમાં ઢાળવા માટે પ્રયત્નશીલ છે. હવે વિશાળ વેગે દોડવાનું એને આવડી ગયું છે. આજનો માનવી એક મહાદ્વીપમાંથી બીજા મહાદ્વીપમાં બપોરનું ખાણું લેવા માટે સક્ષમ બની ગયો છે.

પરંતુ તાર્કિકરૂપે માનવી સીમા તેની કલ્પનામાં જ રચાતી હોય છે. હજુ તેના પ્રયોગના શિખરે તે પહોંચી શક્યો નથી. પોતાની કલ્પનાશક્તિના વિકાસના પ્રારંભિક આયામમાં જ છે.

કલ્પનાના બે પ્રકાર

કલ્પનાના બે પ્રકાર હોય છે:સિન્થેટિક ઈમેજીનેશન કે સંશ્લેષિત કલ્પના અને ક્રિએટીવ ઈમેજીનેશન કે રચનાત્મક કલ્પના.

સંશ્લેષિત કલ્પના- આ કલ્પના-સંસ્થામાં માણસ પોતાની પ્રાચીન ધારણાઓ, વિચાર અને યોજનાઓને નવીન-સમન્વયમાં ઢાળે છે. આ સંસ્થા કંઈ બનાવતી નથી. આ તો માત્ર અનુભવ, શિક્ષણ, અવલોકન-જે પોતાની રચનાત્મક કલ્પનાથી ત્યારે કામ લે છે જ્યારે સંશ્લેષિત કલ્પના તેમની સમસ્યાનું સમાધાન કરી શકતી નથી.

રચનાત્મક કલ્પના- આ સંસ્થાના માધ્યમથી માનવીનું મર્યાદિત મગજ અમર્યાદિત મેધા સાથે સીધા સંપ્રષેણ કાયમ કરે છે. આ જ એ ક્ષેત્ર છે જેમાં પ્રેરણા અને 'અંતર્નાદ' ઝબકે છે અને નવા વિચાર માનવીને પ્રાપ્ત થાય છે.

આ જ કલ્પના-ક્ષેત્રમાં બીજાના મગજના કંપનો પણ પ્રાપ્ત કરી શકાય છે અને તેના દ્વારા બીજાના મનના અચેતન ભાગ સાથે પણ સંપર્ક સાધે છે.

પાછલા પૃષ્ઠોમાં આ કલ્પનાશક્તિની કાર્યશૈલીનું પ્રમાણ આપવામાં આવ્યું છે. આ ક્ષેત્ર ત્યારે જ જાગૃત થાય છે જ્યારે ચેતન મન એકદમ ઝડપથી કાર્યરત બને છે- ઉદાહરણ સ્વરૂપે જ્યારે મગજ કોઈ શક્તિશાળી ભાવ કે ઈચ્છાથી અભિભૂત થઈ જાય છે.

આ ભાગ પોતાના નિરંતર પ્રયોગ(વપરાશ)થી જ વધુ કાર્યશીલ રહી શકે. આ કથન ઉપર વધારે ધ્યાન કેન્દ્રિત કરવાની આવશ્યકતા છે. એની ઉપર વિચાર કરીને જ આગળ વધો.

આ સિદ્ધાંતોને સમજીને આ મગજમાં ઠસાવી લો કે કોઈ ઈચ્છા ધન સંપત્તિમાં પરિવર્તિત થઈ શકે છે, આ ફક્ત એક જ વાક્યમાં ન સમજાવી શકાય. આ વાર્તા તો ત્યારે જ પૂર્ણ થાય છે જ્યારે એને બરાબર રીતે સમજીને એમાં કાબેલિયત પ્રાપ્ત કરવામાં આવે અને પોતાના વિચારોમાં ઓગાળી નાંખવામાં આવે અને તેના ઉપર કાર્ય કરવામાં આવે.

સંસારમાં મહાન વેપારી, ઉદ્યોગપતિ, કલાકાર, સંગીતકાર, કવિ કે લેખક મહાન એ માટે બની શક્યા કારણ કે તેઓએ પોતાની રચનાત્મક કલ્પનાને પૂર્ણ રીતે વિકસિત કરી લીધી હતી. વધારે રહેવાથી જ બન્ને પ્રકારની કલ્પનાઓનો સારો વિકાસ થાય છે-જેવી રીતે શરીરના કોઈ પણ અવયવનો વધુ વપરાશ કરીને એને વધારે ઊંડ બનાવી શકાય છે. ઈચ્છા પણ એક વિચાર કે આવેગનો ભાગ જ છે. એવી રીતે આ વાયવીય અને ક્ષણસ્થાયી જ હોય છે. જો એ નક્કર રૂપ ધારણ ન કરી લે એટલે કે જયાં સુધી એ અમૂર્ત રૂપમાં રહે તો મૂલ્યવિહીન બની જાય છે. જો કે સંશ્લેષિત કલ્પનાનો હંમેશા વપરાશ થતો રહેશે પરંતુ એનો પણ ખ્યાલ રાખવો જોઈએ કે એવા પણ કેટલાય અવસરો આવતા રહેશે જ્યારે તમારે તમારી રચનાત્મક કલ્પનાને પણ જાગૃત કરવી પડે.

સ્મરણ રાખો કે જો કલ્પનાશક્તિનો વપરાશ લાંબા સમય સુધી કરવામાં ન આવે તો એ ક્ષીણ થઈ જાય છે. ફક્ત વપરાશ કરવાથી જ એ જીવંત રહી શકે છે પરંતુ ભલેને એનો વપરાશ ક્યારેય કરવામાં ન આવે તો પણ કલ્પના ક્યારેય મરતી નથી.

સૌ પ્રથમ પોતાનું ધ્યાન સંશ્લેષિત કલ્પના ઉપર તમારું ધ્યાન કેન્દ્રિત કરો કારણ કે પોતાની ઈચ્છાને નક્કર રૂપ આપવા માટે એનો વપરાશ વધશે.એક અમૂર્ત ઈચ્છાને નક્કર પ્રાપ્તિ...ધનમાં પરિવર્તિત કરવા માટે કેટ કેટલી યોજનાઓની જરૂર પડશે જે તમે તમારી કલ્પનાશીલતા વડે કરી શકશો.

જ્યાં સુધી વિજ્ઞાનની પહોંચ ગઈ છે, આ સમગ્ર બ્રહ્માંડ બે જ મૂળ તત્વોથી બનેલું છેઃપદાર્થ અને ઊર્જા. એટલે કે એક વાયવીય અને અમૂર્ત ઊર્જા અને બીજો પદાર્થ નક્કર અને મૂર્ત. તમને એક અમૂર્ત ભાવ-ઈચ્છાથી બીજો મૂર્ત ભાવ-ધન-પ્રાપ્ત કરવાનું છે. વસ્તુતઃસમગ્ર સૃષ્ટિમાં આ પ્રક્રિયા અવિરતપણે ચાલ્યા કરે છે. માટે તમે પણ આવું કરી શકો છો.

પ્રકૃતિ પણ આમ જ કર્યા કરે છે અત્યંત સૂક્ષ્મ કોષો વડે આ આખું માનવ શરીર બનાવી દે છે.

જો તમને આ પ્રક્રિયા થોડીક દૂરહ લાગે તો પણ આને વાંચવાનું બંધ કરશો નહી. વાંચતા રહો અને બેવડાવતા રહો. ત્યારે જ તમને એમાં મહારત પ્રાપ્ત થઈ જશે.

કલ્પનાનો વ્યવહારૂ ઉપયોગ કેવી રીતે કરશો

વિચાર જ દરેક ધનસંપત્તિનું મૂળ હોય છે અને વિચાર ઉત્સ કલ્પના હોય છે. હવે આપણે કેટલાક વિચારો પર આપણું ધ્યાન કેન્દ્રિત કરીશું જેના દ્વારા મહાન લોકોએ અખૂટ ધન એકઠું કરવામાં સફળતા મેળવી.

ચમત્કારિક કિટલી

આ એક અમેરિકી □□દ્યોગિક વિકાસની કથા છે. કેટલાક દશકા અગાઉ એક ડૉક્ટર એક દવાની દુકાનમાં ચુપચાપ ગયા અને ત્યા હાજર એક દવાના વિકરેતાના કારકૂન સાથે ભાવતાલ કરવા લાગ્યા. આશરે એક કલાક સુધી એ ડૉક્ટરે અને કારકૂને ધીમા ધીમા અવાજમાં વાતો કરી. ત્યાર પછી એ ડૉક્ટર બહાર ગયા અને એક જૂની પુરાણી કિટલી જેવું વાસણ લાવ્યા જેમાં કિટલીના પદાર્થોને હલાવવા માટે એક લાકડીનું કછુલ પણ લગાવેલું હતું, અને એ કિટલીને દુકાનમાં પાછળ રાખી દીધી. એ કારકૂને એ વાસણની બારીકાઈથી તપાસ કરી અને પછી એ ડૉક્ટરને ૫૦૦ ડૉલર પકડાવી દીધા. જે પેલા કારકૂનની સંપૂર્ણ જમા પૂંજી હતી.

ડૉક્ટરે પોતાના ખિસ્સામાંથી કાગળ કાઢ્યો કે જેની પર એક ગુપ્ત ફોર્મ્યુલા લખવામાં આવ્યો હતો- જેની કિંમત કદાચ એક રાજ્યના જેટલી હતી. પરંતુ ડૉક્ટરને એની કિંમત ખબર નહોતી, એ તો પેલા કારકૂનને જ ખબર હતી. ડૉક્ટર તો બહુ રાજી હતો કારણ કે તેણે એક જૂનું પુરાણું વાસણ ૫૦૦ ડૉલરમાં વેચી દીધું હતું.

કારકૂને આખી જીવનભરની મૂડી પર દાવ લગાડી દીધી હતી. એને ક્યાં ખબર હતી કે એના હાથમાં અલ્લાદીનનો જાદુઈ ચિરાગ આવી ગયો હતો. કારકૂન શું કમાયો — એક આઈડીયા. આ કોઈ અરેબિયન નાઈટ્સની કથા નથી બલ્કે વાસ્તવિકતા છે. એક કારકૂનને ડૉક્ટર પાસેથી જે ફોર્મ્યુલા મળ્યો હતો એનાથી એણે એક એવું પીણું બનાવ્યું જેણે આખી દુનિયામાં ધૂમ મચાવી દીધી છે. એ પીણું હતું કોકાકોલા- કોકા નામના એક પદાર્થમાંથી તૈયાર થયેલું પીણું. દક્ષિણ અમેરિકાના એક સામાન્ય નાનકડા કસ્બાને વિશ્વના નકશા જાણીતું કરી દીધું. આજે આ કંપની કરોડો લોકોને રોજગારી પૂરી પાડે છે અને અબજોની તરસ છિપાવે છે. આ આખાયે પ્રકરણની શરૂઆત એક આઈડીયાથી જ થઈ જે એ સાધારણ કારકૂનના મનમાં ચમક્યો હતો. આનાથી જારને મૂર્ત કરવાનું કામ ડૉક્ટરની સહાયતાથી થયું અને આજે આ કોકાકોલા કંપની બધાય પીણાંના પદાર્થો ઉપર વર્ષોથી શાસન ચલાવી રહી છે.

એક વાર આ પીણું બની ગયું તો પ્રચારતંત્રના માધ્યમથી આખાયે વિશ્વમાં વ્યાપ્ત થઈ ગયું. કોને ખબર તમારી પાસે પણ આવો કોઈ વિચાર હોય જે ચમત્કારિક ઢબે સદીઓ સુધી તમને અબજો પતિ બનાવેલા રાખે.

હું શું કરીશ જો મારી પાસે એક મિલિયન (દસ લાખ) ડૉલર્સ આવી જાય?

આ રોચક કથા પણ એ જ પ્રાચિન કહેવતને ચરિતાર્થ કરે છે:"જ્યાં ચાહ છે ત્યાં રાહ છે."

આ કથા એક શિક્ષણવિદ્ અને પાદરી સ્વર્ગીય ફ્રેન્ક ડબલ્યુ ગુન સૉલ્સની છે. તેઓએ પોતાના કામની શરૂઆત દક્ષિણ શીકાગોના એક વાડામાંથી કરી હતી.

જ્યારે તેઓ કોલેજમાં હતા ત્યારે તેઓને ત્યાંની શિક્ષણપ્રણાલી અત્યંત ખામીયુક્ત લાગતી હતી. તેઓ કલ્પના કરતા હતા કે જો તેઓ કોઈ કૉલેજના પ્રમુખ બની જાય તો અને સુધારી શકે છે. તેઓની હૃદયની ઈચ્છા હતી કે કોઈ એવા શિક્ષણ સંસ્થાના પ્રમુખ બની જાય જ્યાં 'કરો અને શીખો'વાળી પદ્ધતિ અપનાવામાં આવતી હોય.

તેઓએ મનોમન એક યોજના ઘડી કે જો તેઓ પાસે ૧૦ લાખ ડૉલર આવી જાય તો તેઓ આ ચીલાચાલુ પ્રણાલીને ત્યજી દઈને એક નવીન પદ્ધતિથી એને ચલાવશે.

પરંતુ પ્રશ્ન એ હતો કે તેઓને ૧૦ લાખ ડૉલર ક્યાંથી અને કેવી રીતે પ્રાપ્ત થઈ શકે? આ જ અવઢવમાં તેઓ રાત-દિવસ લાગેલા રહેતા અને સૂતા જાગતા આના વિશે વિચાર્યા કરતા હતા.

"એક દિવસ શનિવારે અપરાહનમાં મને એક વિચાર આવ્યો. જો કે બે વર્ષથી હું આ અંગે વિચાર્યા કરતો હતો પરંતુ એ દિવસે અચાનક મને લાગ્યું કે આ કામ અસંભવ નથી. મને લાગ્યું કે ૧૦ લાખ ડૉલર હું એક સપ્તાહમાં ભેગા કરી લઈશ. મારી સામે એક સ્પષ્ટ ઈચ્છા હતી જે મારા વિચારમાંથી ઉદ્ભવી હતી અને મારી સામે એક સ્પષ્ટ યોજના પણ સાકાર થવા લાગી. "

" મેં દરેક દૈનિક પત્રોમાં દ્વારા જણાવ્યું કે આજે સવારે હું એક ઉપદેશ આપવાનો છું જેનું શિર્ષક હશે ' જો મારી પાસે ૧૦ લાખ ડૉલર આવી જાય તો હું શું કરીશ!' અને હું એ ઉપદેશની તૈયારીમાં મચી પડયો. મને એટલો પાકો વિશ્વાસ હતો કે જાણે કે એ ધન-રાશિ હું કમાઈ લઈશ કારણ કે મને લાગતું હતું કે એ મારી પાસે આવી જ ગઈ છે. મેં મારો ઉપદેશ એક કાગળ પર લખી લીધો અને મોડી રાત્રે સુઈ ગયો ત્યારે હું ઘણો જ સંતુષ્ટ હતો. "

"સવારે જ્યારે હું તૈયાર થયો. એ કાગળને ફરીથી વાંચી લીધો અને નિષ્પક્ષ રીતે વિચાર્યું કે આ કઈ રીતે શ્રોતાઓને પ્રભાવિત કરશે. ત્યાર બાદ હું એ મીટીંગ માટે ચાલ્યો ગયો."

" જ્યારે હું ત્યાં પહોંચ્યો અને મંચ પર ઊભો થયો ... અને જોયું તો એ કાગળ તો હું ભૂલી ગયો હતો. એ વિચિત્ર ઉપદેશે લોકોના મનમાં એટલી જીજ્ઞાસા ઉત્પન્ન કરી દીધી હતી કે જો હું તે કાગળ લેવા પાછો જાત તો વાતાવરણ જ બગડી જાત. ખબર નહી શ્રોતાઓ મારા પરત આવવાની રાહ જોતા કે નહી! હું અત્યંત પરેશાન થઈ ગયો. પરંતુ જ્યારે ચેતન મન ક્ષુબ્ધ થઈ જાય ત્યારે અચેતન મન આધાર આપે છે. મારૂં અચેતન મન પણ મારી વ્હારે આવ્યું કારણ કે સ્વતઃપ્રેરણાથી એ જાગૃત થઈ ગયું હતું. મને મારા ઉપદેશનો અક્ષરે અક્ષર યાદ આવવા લાગ્યો અને મેં બોલવાનું આરંભ કર્યું. મને લાગ્યું કે એ સમયે હું શ્રોતાઓને નહી ઈશ્વરને સંબોધી રહ્યો છું. મેં મારી શિક્ષણ યોજના વિસ્તારપૂર્વક લોકોની સમક્ષ રજુ કરી કે આ પદ્ધતિ માત્ર વિદ્યાર્થીઓને શિક્ષણ જ નહી આપે પણ તેઓને કઈ રીતે વ્યાવહારીક જ્ઞાનમાં પણ નિષ્ણાત કરશે. હું ખાસ્સા સમય સુધી બોલતો રહ્યો. જ્યારે હું મારૂં ભાષણ પૂર્ણ કરી મારી ખુરશી પર બેસી ગયો તો પણ શ્રોતાગણ તો મૌન જ રહ્યું. પરંતુ થોડી ક્ષણો પશ્ચાત પાછળની ત્રીજી કતારમાંથી એક માણસ ઊભો થઈ ચાલીને મારી પાસે આવ્યો અને મારી સાથે હાથ મિલાવીને બોલ્યો, ફાધર-તમારૂં ભાષણ મને સારૂં લાગ્યું અને મને વિશ્વાસ છે કે જેનો તમે દાવો કર્યો છે એ બધું તમે કરી શકશો. એ પુરવાર કરવા માટે કે મને તમારા

વિશ્વાસ પર વિશ્વાસ છે — હું તમને દસ લાખ ડૉલર્સ આપું છું. મારું નામ ફિલિપ ડી. આર્મર છે. કાલે સવારે મારા કાર્યાલયમાં આવીને તમે એ રકમ મેળવી લેશો.''

અને એ રકમમાંથી પ્રખ્યાત આર્મર ઈન્સ્ટીટ્યુટ ઑફ ટેકનોલૉજીની સ્થાપના થઈ હતી.

આટલી મોટી રકમ તો ભાગ્યે જ કોઈ પાદરીએ આટલા અલ્પ સમયમાં ભેગી કરી હશે. તેમના મનમાં આવેલ વિચારે એક ઈચ્છા જાગૃત કરી એક યોજના ઘડી અને એમના અતૂટ વિશ્વાસે એને કાર્યાન્વિત કરી.

આ વાત પર વિચાર કરો:**એ પાદરીના પાકા નિર્ણયના માત્ર ૩૬ કલાકમાં જ એ ઈચ્છા સાકાર બની શકી કેમ કે તેમની પાસે એક ચોક્કસ યોજના હતી.**

ગુનસાલ્સ સાથે આ કોઈ અનોખી કે અજોડ ઘટના ઘટી નહોતી. જો પાકો વિશ્વાસ, સ્પષ્ટ યોજના, તીવ્ર ઈચ્છાની પાછળ હોય તો તમે પણ આવું કરી શકો છો.

જો તમે તેઓમાંના એક છો તો કે જેઓ વિચારે છે કે પરિશ્રમ અને પ્રામાણિકતાથી જ ધન પ્રાપ્ત થઈ શકે છે, તો આ માન્યતામાંથી મૂક્તિ મેળવી લો. આ સત્ય નથી. વિપુલ માત્રામાં ધન સંપત્તિ ક્યારે સખ્ત પરિશ્રમ વડે પ્રાપ્ત થતી નથી. એના માટે સ્પષ્ટ ઈરાદો, તીવ્ર ઈચ્છા, પાકો વિશ્વાસ હોવો જોઈએ. એક પ્રકાશકનું દૃષ્ટાંત જ લઈ લો. તેમનું એક પણ પુસ્તક વેચાતું નહોતું. તેમણે બજારમાં જઈને તપાસ કરી ત્યારે તેમને ખબર પડી કે વાચકો મોટે ભાગે પુસ્તકનું શીર્ષક જોઈને જ પુસ્તક ખરીદતા હતા-અંદરનું કથાનક કે સામગ્રી ત્યારપછી સામે આવે છે. તેમણે એ પુસ્તકની અંદરની સામગ્રીમાં કશાય ફેરફાર વિના તે પુસ્તકને એક નવીન 'બોક્સ ઑફીસ'વેલ્યુ વાળું શીર્ષક આપી દીધું. જુના પુસ્તકનું શાન્ત (કવર)મુખપૃષ્ઠ બદલીને એને નવું કવર અને ચેક ચટપટું નામ આપી દીધું. એ જ પુસ્તક ખૂબ જ વેચાયું. સીધી સાદી વાત હતી. એને એક નવો વિચાર સ્ફૂર્યો અને અને પોતાની કલ્પના શક્તિથી, એનો સીધો લાભ મેળવ્યો.

આ વિચારોનું કોઈ સાર્વજનિક કે ચોક્કસ મૂલ્ય હોતું નથી. એ તો એની ક્ષમતા પર નિર્ભર છે કે એ વિચાર કોને સ્ફૂરે છે.

ઘણા લોકો પોતે કોઈ ચમત્કારિક વિચાર વિચારી શકતા નથી પરંતુ તેઓમાં ચોક્કસપણે એવી યોગ્યતા હોય છે કે અન્યના આવા વિચારોને પારખી શકે અને એને અપનાવી શકે.

એવું જરૂરી નથી કે તમને જાણીતા ક્ષેત્રમાં જ સફળતા મળશે. એન્ડ્રૂઝ કાર્નેગીનું જ ઉદાહરણ લઈ લો. તેઓએ સ્વયં મને જણાવ્યું હતું કે તેઓને સ્ટીલના

વેપાર અંગે કશું પણ ખબર નહોતી. પરંતુ તેઓને આ પુસ્તકમાં વર્ણિત સિદ્ધાંતો વિશે સંપૂર્ણ જ્ઞાન હતું અને તેઓ સ્ટીલમાં અબજો કમાયા.

વસ્તુતઃદરેક ક્ષેત્રમાં મોટી સફળતા ત્યારે જ સમક્ષ આવે છે જ્યારે કોઈ નૂતન વિચારના સર્જક અને વાહક એકમેકને ઓળખી લઈને (મિત્રતા કરે છે)હાથ મિલાવી લે છે. કાર્નેગીની કામ કરવાની પદ્ધતિ એવી જ હતી. મોટાભાગે તેઓ એવા માણસોને પોતાની સાથે કામમાં રાખતા હતા જેઓ એ બધું જાણતા હોય જે કાર્નેગી પોતે ન જાણતા હોય.

હજારો લાખો લોકો એ કારણે જ પોતાની ક્ષમતા દર્શાવી શકતા નથી કેમ કે તેઓને 'બ્રેક' મળતો નથી. એ બરાબર છે કે 'બ્રેક' ભાગ્યશાળીને જ મળે છે પરંતુ સફળ થવા માટે ભાગ્યશાળી હોવું આવશ્યક નથી. જો ખંત હોય, સ્પષ્ટ વિચાર અને યોજના હોય તો તમે તમારું ધ્યેય હાંસલ કરી શકો છો. 'બ્રેક' વડે એને તત્કાળ પ્રાપ્ત કરી શકાય છે કારણ કે ત્યારે અનંત મેધા સાથે તમારો સંપર્ક સધાય છે. અનંત મેધા સાથે ત્યારે જ સંપર્ક જોડાય છે જ્યારે તમારી જ્વલંત ઈચ્છા ઝનૂનની હદની પેલે પાર પહોંચી ગઈ હોય. હું ૨૫ વર્ષ સુધી મારી આ સાધનામાં લીન રહ્યો ત્યારે છેવટે મને 'બ્રેક' પ્રાપ્ત થયો.

મારો 'બ્રેક' હતું મારું સદ્દભાગ્ય, જ્યારે મને શ્રી કાર્નેગીનો સાથ અને સહકાર પ્રાપ્ત થયો. એ સમયે શ્રી કાર્નેગીએ મારા માનસમાં એ વિચાર ઠસાવી દીધો કે કઈ રીતે એક સ્પષ્ટ વિચાર સફળતાની નિસરણીઓ ઉપર ચડાવી શકે છે. હજારો લોકોએ આનાથી ફાયદો મેળવ્યો છે- એટલે કે મારા ૨૫ વર્ષોની શોધ વડે વધુ કરોડપતિ બન્યા છે.

એ બરાબર છે કે એ સૌભાગ્યશાળી 'બ્રેક' મને શ્રી કાર્નેગીના સાનિધ્યથી જ પ્રાપ્ત થયો પરંતુ મારી ઊંડ પ્રતિજ્ઞતા, ધ્યેયની સ્પષ્ટતા અને પોતાનું ધ્યેય પ્રાપ્ત કરવાની લાલસા અંગે તો વિચાર કરો કે જેને કારણે હું ૨૫ વર્ષો સુધી ખંતથી મંડ્યો રહ્યો. આ જ છે એક જ્વલંત ઈચ્છાને ઝનૂની પાગલપણું બનાવી દેવું. જ્યારે મારા માનસમાં આ વિચારને રોપવામાં આવ્યો તો મારા નિરંતર પ્રયત્નો જ એનું લાલન-પાલન કરતા રહ્યા.

વિચારો નિરાકાર હોય છે પરંતુ યોગ્ય વાતાવરણમાં તે પોતાના જન્મદાતા માનસમાં વધારે શક્તિશાળી બની જાય છે. ખ્રિસ્તી ધર્મને જ જૂઓ. ક્રાઈસ્ટના મનમાં એક જ વિચાર આવ્યો હતો અને તેઓના ધર્મનો આધાર છેઃ"તમે બીજાઓ માટે એ જ કરો જે તમે ઈચ્છો છો કે જે બીજાઓ તમારા માટે કરે!" જો કે અત્યારે ક્રાઈસ્ટ તો અત્યારે નથી પણ તેમના વિચાર આજે પણ ઉન્નતિશીલ છે. પાછલા બે હજાર વર્ષોથી એ નિરંતર વૃદ્ધિ પામી રહ્યો છે. તમારા વિચારોને પણ થોડો સમય આપો.

સફળતાને કોઈ સ્પષ્ટીકરણની જરૂર નથી એ નિષ્ફળતાને બહાના બનાવવાની અનુમતિ નથી.



અમીર બનવા તરફ ઉપાડો છઠ્ઠું પગલું



૭

વ્યવસ્થિત યોજનાબદ્ધતા

ઈચ્છાની કાર્યરૂપમાં ઉત્પત્તિ

પા છલા અધ્યાયોમાં તમે વાંચ્યું કે મનુષ્યની કોઈ પણ ઉપલબ્ધિનું મૂળ તેની ઈચ્છા જ હોય છે. ઈચ્છા એ પ્રથમ ડગલું છે જે મનુષ્ય નિરાકારથી નક્કર વાસ્તવિકતા ભણી ઉપાડતો હોય છે અને કલ્પનાની પાઠશાળામાં પ્રવેશ કરી એની પૂર્તિ માટે યોજનાઓ બનાવવા લાગે છે.

બીજા અધ્યાયમાં છ સ્પષ્ટ ડગલાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેનાથી તમારી ઈચ્છાને એના ભૌતિક પ્રતિરૂપ—યથા ધન-સંપત્તિમાં પરિવર્તીત કરી દે છે. એ ડગલાઓમાંથી એક છે વ્યવહારૂ અને સ્પષ્ટ યોજના બનાવવી જેને કારણે આ પરિવર્તન સંભવ થઈ શક્યું છે.

નીચે દર્શાવવામાં આવ્યું છે કે કઈ રીતે એ યોજનાઓ બનાવવી જે વ્યવહારૂ હોયઃ

ક) એ સમૂહ કે સમૂહોની સાથે પોતાની જાતને જોડો જે તમારી ઈચ્છાની પૂર્તિ માટે સહાયક સાબિત થાય. તેમાં આગળના અધ્યાયમાં આપવામાં આવેલ 'માસ્ટર માઈન્ડ' સિદ્ધાંત સંપૂર્ણ રીતે લાગૂ(એ નિર્દેશોનું પાલન અતિ જરૂરી છે) થઈ શકે

ખ) પોતાના 'માસ્ટર માઈન્ડ' ગઠબંધન બનાવતી અગાઉ એ નક્કી કરી લો તમે તમારા જૂથના લોકોને વ્યક્તિગત રીતે તેમના સહકાર માટે શું શું પ્રતિદાન કરી શકો છો. આ વાત ચોક્કસ છે કે કોઈ પણ કશું પણ પ્રાપ્ત કર્યા વિના સતત આપવા માટે રાજી થઈ શકતું નથી, જો કે આ પ્રતિદાન કે સહકાર હંમેશા ધન કે નાણાના રૂપમાં હોઈ શકે, એ જરૂરી નથી

ગ) પોતાના 'માસ્ટર માઈન્ડ' ગ્રુપના સભ્યો સાથે સપ્તાહમાં ઓછામાં ઓછું બે વખત અવશ્ય મળો. જો વધારે વાર મળી શકો તો વધારે સારૂં. આવું ત્યાં સુધી કરો જયાં સુધી તમારી ધન કમાવાની યોજના દરેક રીતે ખામીરહિત અને સંપૂર્ણ ન બની જાય.'માસ્ટર માઈન્ડ'ને સિદ્ધાંત સુધી લાગૂ કરી શકાય છે જ્યારે

તમારું માસ્ટર માઈન્ડ ગ્રુપ સાથે પૂરેપૂરી રીતે સમરસતા અને તાદાત્મ્ય સાધી લે.

આના સિવાય મગજને નીચે દર્શાવેલ અને કાયમ માટે રાખોઃ

પ્રથમ:- તમે એ જ કામમાં એક ચિત્તે લાગેલા છો જે તમારા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. તમારી યોજના સંપૂર્ણ રીતે ખામીરહિત હોવી જરૂરી છે.

દ્વિતીય:- તમારી પાસે શિક્ષણ, અનુભવ, યોગ્યતા અને કલ્પનાશક્તિ હોવી ફરજીયાત છે. તમે બીજાની સંગતમાં ત્યારે જ બેસી શકશો જ્યારે તમારામાં આ ગુણ તુલનીય રૂપે વિદ્યમાન હોય.

તુલનીય એટલા માટે કે દરેક મનુષ્યમાં આ ગુણ એક સરખા હોઈ શકતા નથી એટલા માટે બીજા સાથે સહયોગ કરવો આવશ્યક છે. તમારે તમારી ધન પ્રાપ્તિની યોજનાઓ જાતે જ ઘડવી પડશે પરંતુ તેની પોતાના માસ્ટર માઈન્ડ ગ્રુપ સાથે ચર્ચા તો કરવી જ પડશે. ત્યારે જ તેની ઉપાદેયતા અને સફળતાની સંભાવના નક્કી થઈ શકશે.

તમારે આ યોજનાઓ બનાવીને તેની સફળતાની સંભાવનાઓ પણ ચકાસવી પડી શકે છે. કારણ કે જરૂરી નથી તમારી દરેક યોજનાઓ તમને સફળતા અપાવે જ. વસ્તુતઃતમારે તમારી યોજનાઓ ત્યાં સુધી બનાવવી અને રદ્દ કરવી પડશે જ્યાં સુધી એ તમને અસરકારક પરિણામ ન આપે. એ માટે મારામાં ધીરજ અને ખંતની જરૂર પડશે. આની ખોટને કારણે મોટાભાગના લોકો પોતાની યોજનાઓને ફળવંત બનાવી શકતા નથી. તમારી યોજનાઓ વ્યવહારૂ અને સંપૂર્ણ રીતે તેને લાગૂ કરી શકાય તેને યોગ્ય હોવી જોઈએ. પરંતુ યાદ રાખો કે કામચલાઉ પરાજય એ નિષ્ફળતા નથી.

થૉમસ એ. એડીસન ઈલેક્ટ્રીક બલ્બ બનાવતાં પહેલાં દસ હજાર વાર નિષ્ફળ રહ્યાં હતા. એટલે કે એમણે દસ હજાર વખત એ કામચલાઉ પરાજયને સ્વીકારી લીધો પરંતુ એને અંતિમ સત્ય માન્યું નહી. કામચલાઉ પરાજયથી તો પાઠ શીખવાનો હોય છે કે તમારી યોજનામાં કોઈ ગરબડ છે. એને સુધારવું અત્યંત આવશ્યક છે.

હેનરી ફૉર્ડે એટલું બધું ધન અને પ્રસિદ્ધિ એ કારણથી પ્રાપ્ત કરી નહોતી કે તેઓ બહુ બુદ્ધિશાળી હતા- પરંતુ એટલા માટે તેમની યોજના ખામીરહિત થતાં સુધી સુધારવામાં આવી હતી. પછી તો સફળતા તો મળવાની હતી. ફૉર્ડથી પણ વધારે બુદ્ધિશાળી અને વધારે ધૈર્યવાન લોકો લાખો હશે-પરંતુ એ બન્ને ગુણોના યથાયોગ્ય સમન્વય તેઓ જ પ્રાપ્ત કરી શક્યા હતા.

તમારી ઉપલબ્ધિ તમારી યોજના ઉપર જ આધારિત હોય છે. પરંતુ ઉદાહરણ સેમ્યુઅલ ઈન્સુલનું છે. મંદી પૂર્વે તેમનો વેપાર લાખો ડૉલર્સનો હતો. પરંતુ તેઓએ મંદી દરમ્યાન પોતાની યોજનાઓ બદલી નહી પણ તે ખામીરહિત રહી નહોતી. જેના

પરિણામસ્વરૂપે તેઓ સર્વસ્વ ગુમાવી બેઠા. તેમના મામલામાં કમજોરીનું કારણ તેમના ખંતમાં ખોટ હતી જે પોતાની યોજનાઓને પુનઃપરલક્ષિત કરીને સુધારી ન શકી.

જેમ્સ એ. હિલને પણ કામચલાઉ પરાજય મળ્યો હતો જ્યારે તેઓએ (અમેરિકા) પૂર્વને પશ્ચિમ સાથે રેલ માર્ગે જોડવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ તેઓએ પોતાની યોજનામાં સુધારો કરીને પોતાના કામચલાઉ પરાજયને વિજયમાં ફેરવી નાંખ્યો.

હેનરી ફોર્ડને પણ નિષ્ફળતાનો સામનો ત્યારે કરવો પડયો હતો જ્યારે તેઓ પોતાની પ્રગતિના શિખરની લગોલગ પહોંચી ગયા હતા.

વસ્તુતઃકોઈ પણ મનુષ્ય ધન-દોલત એકત્રિત કરવા માટે ત્યાં સુધી સમર્થ થઈ શકતો નથી કે થયો જ નથી જ્યાં સુધી તેને ભટકવું ન પડે અને અસ્થાયી પરાજયને વેઠવો ન પડે. પરાજયનો સ્વીકાર કરીને પુનઃપ્રયાસ કરવો કે આપણી યોજનામાં તો ક્યાંક ત્રુટિ રહી ગઈ નથી. જો પહેલાં જ મેદાન છોડી દીધું તો તમને એક પલાયનવાદી જ સમજવામાં આવશે. એ વાત તદ્દન સત્ય છે કે પલાયનવાદી ક્યારેય વિજયી બની શકતા નથી અને વિજયી ક્યારે પલાયન નથી કરતા. પોતાના 'માસ્ટરમાઈન્ડ' ગ્રુપને પસંદ કરતી વખતે એવો પ્રયત્ન કરો કે એમાં એવા જ સદસ્યો હોય કે જેઓ સરળતાથી હાર માની લેનારા ન હોય. અમૂક લોકોની એવી મિથ્યા ધારણા હોય છે કે નાણાં, નાણાંને બનાવે છે. આ નાણાં નહી પણ એને પ્રાપ્ત કરવાની અદમ્ય ઝંખના કે ઈચ્છા છે, જે યોગ્ય યોજના અને વિશ્વાસથી નાણાં બનાવે છે. નાણાં પોતાની જાત પ્રમાણે માત્ર એક નિષ્ક્રિય પદાર્થ છે, બીજું કશું જ નથી. એ ન તો બોલી શકે છે ન તો કહી શકે છે, માત્ર એ માણસનો સ્વર સાંભળી શકે છે કે જે એના પ્રત્યે અદમ્ય ઈચ્છા ધરાવે છે.

પોતાની સેવાઓના વેચાણ માટે યોજના ઘડવી

બુદ્ધિમત્તાથી પોતાની યોજના બનાવવી એ સફળતાનું પ્રથમ પગથીયું છે. એ અંગે કઈ રીતે કાર્ય કરવામાં આવે એ બાબતે જ આ ઉપશીર્ષક અંતર્ગત સ્પષ્ટતા કરવામાં આવી છે. દરેક માણસ કશું ને કશું આપીને જ મહાન બની શકે છે. એ શું આપે છે- પોતાના વિચાર અથવા આઈડીયા અથવા યોગ્યતાપૂર્ણ સેવાઓ અને બદલામાં શું મેળવે છે પ્રસિદ્ધિ અને સમૃદ્ધિ.

આ જરૂરીયાતનું વિશ્લેષણ કરતી વખતે આપણે બે બાબત સમજી લેવી જોઈએ. સંસારમાં મોટાભાગે બે જ પ્રકારના મનુષ્યો જોવા મળે છે:એ જેઓને નેતા (આગેવાન) કહેવામાં આવે છે અને એ જેઓ તેમના અનુયાયી હોય છે. તમે પ્રથમથી જ નક્કી કરી લો કે તમે શું બનવા માંગો છો- નેતા કે અનુયાયી. આ બન્ને સ્થિતિઓમાં જે કીમત ચૂકવવી પડે છે એના મૂલ્યમાં ખૂબ જ મોટું અંતર હોય છે : અનુયાયીએ ક્યારેય એ

મેળવવાની ઈચ્છા ન રાખવી જોઈએ જે નેતાને પ્રાપ્ત થાય છે કેમ કે એને એના માટે વધારે કીમત એને ચૂકવવી પડે છે.

આમ તો એક અનુયાયી થવામાં પણ કંઈ માનહાનિ થતી નથી. અનુયાયી બનવું કોઈ નિમ્ન બાબત નથી. મોટે ભાગે નેતા પણ સ્વયં કોઈના અનુયાયી રહી ચૂક્યા હોય છે. તેઓ નેતા એ કારણે બની શક્યા કેમ કે તેઓ વધારે બુદ્ધિશાળી અનુયાયી હતા. અમૂક અપવાદોને બાદ કરતા જે બુદ્ધિવાન શિષ્ય બની શકતો નથી એ વ્યક્તિ કદાપિ યોગ્ય નેતા બની શકતો નથી. જે અનુયાયી પોતાના નેતાનું બુદ્ધિપૂર્વક અનુસરણ કરે છે એ સ્વયં યોગ્યતાપૂર્ણ નેતૃત્વના ગુણો પોતાનામાં વિકસિત કરી લે છે. એનામાં એ કૌવત હોવું જોઈએ કે કઈ રીતે યોગ્ય તક પ્રાપ્ત કરી પોતાના નેતાના ગુણોને આત્મસાત્ કરી લે.

નીચે એક નેતાના જરૂરી ગુણો બાબતે જણાવવામાં આવ્યું છે.

૧. **ઊંડા સાહસ-** પોતાના અને પોતાના વ્યવસાયથી પ્રાપ્ત પૂર્ણ જ્ઞાન જેનો આધાર હોય. જેનો પોતાના સ્વયં પર વિશ્વાસ ન હોય અને પોતાની કરણીનું સાહસ ન હોય એવા નેતાની કોઈ અનુયાયી કામના કરી શકતો નથી

૨. **સંયમ-** જે મનુષ્ય પોતાની જાત પર નિયંત્રણ રાખી શકતો નથી એ અન્ય પર કઈ રીતે નિયંત્રણ કરી શકશે? આત્મ સંયમ અનુયાયીઓમાં અતૂટ સાહસનો સંચાર કરી શકશે.

૩. **એક સૂક્ષ્મ ન્યાયબોધ-** યોગ્ય —અયોગ્યનું ન્યાયોચિત્ત વિશ્લેષણ એ નેતાનું એ ગુણ લક્ષણ છે કે જે અનુયાયીઓ દ્વારા નેતા પ્રત્યેની નિષ્ઠાને જાગૃત કરે છે

૪. **નિર્ણયની સ્પષ્ટતા-** જે પણ નિર્ણય લેવામાં આવે એમાં કોઈ સંશયની સંભાવના ન હોય.

૫. **યોજનાઓની સ્પષ્ટતા-** એટલે કે શું કરવાનું છે? કઈ રીતે આગળ વધવાનું છે જે એ જાણતો જ ન હોય ખરેખર તો એ નેતા જ ન હોઈ શકે. એટલે આવા નેતાની વાત એનો અનુયાયી શું માની શકશે? એની સામે તો સંપૂર્ણતઃવ્યાવહારિક કાર્યક્રમ હોવો જોઈએ અન્યથા એ દિશાહિન વહાણની જેમ અથડાતો કુટાતો રહેશે.

૬. **હંમેશા જે પ્રાપ્ત થનાર છે એનાથી વધારે યોગદાન આપની ટેવ-** જે અનુયાયીઓ કરતા સ્વયં કામ કરવાની વૃત્તિ રાખે છે એ જ નેતા સફળ બની શકે છે. એટલે કે એના અનુયાયીઓ એ કરે જે એ ઈચ્છે છે, એનાથી વધુ કરવા માટે જાતે હંમેશા તત્પર રહે છે.

૭. એક દર્શનીય વ્યક્તિત્વ- અહીયા કોઈ સૌદર્યશાસ્ત્રનું માપદંડ નથી બલ્કે નેતા એક શિસ્તબદ્ધ ઢબે કાર્ય કરનાર માણસ હોવો જોઈએ. સ્વયંને અવ્યવસ્થિત રાખનાર નેતા અનુયાયીને કઈ રીતે શીખામણ આપી શકે. શું તેઓ એવું નહી કહે કે આટલો બધો અવ્યવસ્થિત વ્યક્તિ માર્ગદર્શન આપી જ કઈ રીતે શકે.

૮. સહાનુભૂતિ સાથે સમજદારી- કોઈ પણ નેતાનો એ આવશ્યક ગુણ છે. દરેક બાબત અંગે સહાનુભૂતિપૂર્ણ વિચાર કરવો અને આખીય બાબત સમજવા માટેની ધીરજ રાખવી સારા નેતા માટે જરૂરી છે.

૯. વિવરણો ઉપર કાબેલિયત હોવી- એટલે કે ફોટોગ્રાફિક યાદશક્તિ હોવી. એક જ વાર વિવરણને જોઈને એના મગજમાં એ રીતે ચિત્રિત થઈ જવું કે આનો ગમે ત્યારે ઉપયોગ થઈ શકે.

૧૦. સંપૂર્ણ જવાબદારી ઉપાડવાની તત્પરતા- આ ભાવ ફક્ત જશ આપનારા કાર્યો માટે જ નહોવો જોઈએ પરંતુ એવા કાર્યો માટે પણ હોવો જરૂરી છે જેમાં ખામીઓ અને નબળાઈઓ બહાર આવતી હોય. મોટાભાગે લોકો સફળતાની જવાબદારી લેવા માટે તત્પર રહેતા હોય છે પરંતુ ભુલો હંમેશા બીજાના શિરે ઢોળી દેવા ચાહતા હોય છે. આવા લોકો ક્યારે સારા નેતા બની શકતા નથી.

૧૧. સહકાર આપતા કાર્ય કરવાની ક્ષમતા- ઘણા લોકો એકલા જ ઘણી ચૂસ્તપણે કાર્ય કરી લેતા હોય છે પરંતુ એક જૂથમાં ભાગે પડતું કામ કરવાનું તેઓને આવડતું નથી. આવા નેતા વધુ સમય સુધી ટકી શકતા નથી ન તો આવી વ્યક્તિએ નેતા બનવાની ચેષ્ટા પણ કરવી જોઈએ. એક સારો નેતા તો એવો હોય છે કે જેને પોતાને ભલે કામ કરતા ન આવડતું હોય પણ બીજાઓની પાસે કામ લેવાની આવડત કાબેલિયત ધરાવતો હોય છે. નેતૃત્વ સહકારની અપેક્ષા રાખે છે અને સહયોગથી જ શક્તિ પ્રાપ્ત કરે છે.

નેતૃત્વના પણ બે પ્રકાર હોય છે **: સર્વ સામાન્ય સંમતિથી નેતૃત્વ** જે વધારે અસરકારક નીવડે છે અને **જોહુકમીનું નેતૃત્વ** જે ક્ષણભંગુર હોય છે. જેમ વિશ્વના ઇતિહાસમાંથી આપણને જાણવા મળે છે, બીજા પ્રકારનું નેતૃત્વ સરમુખત્યારો કે ડિક્ટેટરોનું કે તાનાશાહોનું હોય છે. આવા લોકો ધૂમકેતુઓની જેમ અચાનક ચમકવા લાગે છે અને ઝડપથી તેઓનો અસ્ત પણ થઈ જાય છે. જોહુકમીવાળું નેતૃત્વ સહેવું મનુષ્ય સ્વભાવમાં જ નથી.

આજનો યુગ સર્વસંમતિવાળા નેતૃત્વનો યુગ છે. જેઓ જુના જમાનાના જોહુકમીવાળા નેતૃત્વના પક્ષે હોય છે એ યુગમાં બેકાર છે. એવા નેતા જેઓ પોતાના અનુયાયીઓ પ્રત્યે સહૃદયતા અને બરાબરનો ભાવ રાખે છે એ આજના યુગના યોગ્ય નેતા છે. આ અરસપરસના સહકારનો યુગ છે, નેપોલિયન, કૈસર વિલિયમ, ઝાર ઓફ

રશિયાનો નહી જેઓ તલવારના જોરે પોતાનું સામ્રાજ્ય ચલાવતા હતા. આ કેટલા દિવસો સુધી ચાલે એની બધાને ખબર છે.

નવા નેતા એ છે કે જેઓમાં ઉપર દર્શાવેલ ૧૧ ગુણોનો સમાવેશ થયો છે. જેઓમાં આ ગુણ હોય છે તેઓને જ આજે નેતૃત્વ કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થાય છે. પોતાની તકને ઓળખી લેવી એ આજના યુગની નેતાગીરીની સૌ પ્રથમ ઓળખાણ છે. જેઓ તકને વેડફતા નથી તેઓ જ યોગ્ય નેતા સાબિત થઈ શકે છે.

નેતૃત્વની નિષ્ફળતાના મુખ્ય દસ કારણો

૧ વિવરણોને યોગ્ય રીતે સુવ્યવસ્થિત ન કરી શકવું- આજના યુગમાં જેઓ પોતાના વિવરણોને યોગ્ય ઢબે વ્યવસ્થિત કરી શકે એ જ શ્રેષ્ઠ નેતા બની શકે છે. જેઓ એવું કહે છે કે 'અતિ વ્યસ્તતા'ને કારણે વ્યવસ્થા અને અનુશાસન ઉપર લક્ષ આપી શકતા નથી તેઓ જુઠ્ઠું બોલે છે. યોગ્ય નેતાને ચોક્કસપણે ખબર હોવી જોઈએ કે કઈ જગ્યાએ રોડા અટકી શકે છે અને કઈ જગ્યાએ અવ્યવસ્થા અવરોધોન્ આણી શકે છે. એનો અર્થ એ થયો કે વ્યવસ્થાને સુયોગ્ય ઢબે ચલાવવા માટે કઈ રીતે જવાબદારીઓને વહેંચી દેવામાં આવે. ચોક્કસ પણે દરેક કાર્ય એ એકલા હાથે ન જ કરી શકે. કાર્યને વહેંચીને બધાનો સહકાર મેળવીને કામ કરતા આવડવું એ પણ ખુબ અગત્યનું છે અન્યથા એ ક્યારેય સફળ થઈ શકે નહી.

૨ નાનું કે સામાન્ય કામ કરવાની અનિચ્છા- જે મહાન નેતા હોય છે તેઓ વખત પડયે નાનામાં નાનું કાર્ય કરતાં ખચકાતા નથી. સૌથી મોટાને સૌથી નાનું કાર્ય કરતા આવડવું જોઈએ.

૩ જેઓ એ જાણે છે કે તેઓના આધારે ભોગવટાની અપેક્ષા રાખ્યા વગર એને જેઓ કરી રહ્યા છે- આ આજે એક નબળાઈ બની ગઈ છે. એવા લોકો એ સ્વીકારી શકતા નથી કે વિશ્વ એને માન્યતા આપે છે જેઓ એ પ્રગટ કરે છે- એને નહી જે હજુય એમના મનમાં જ છે.

૪ પોતાના અનુયાયીઓથી સ્પર્ધાનો ભય- જે માણસ પોતાના અનુયાયીઓથી ભયાક્રાન્ત રહે છે કે ક્યાંક કોઈ એમને પદચ્યુત ન કરી દે, તે શીઘ્ર પદચ્યુત બની જાય છે. કારણ કે એને ખબર હોય છે કે નેતૃત્વ માટે અનિવાર્ય ગુણો જે તેમના અનુયાયીઓ પાસે તેઓમાં તેનો અભાવ છે. યોગ્યતાની ખામી જ આવા નેતાઓના પતનનું મૂળ કારણ હોય છે. તેઓને એ સમજમાં આવતું નથી કઈ રીતે એ ગુણોને પોતાની અંદર વિકસિત કરે જે તમના અનુયાયીઓમાં છે અને જે અનિવાર્ય પણ છે. આવા લોકો જ અન્ય પાસેથી કઈ રીતે કામ લેવું તે જાણતા નથી

કેમ કે તેઓને એ ભય લાગે છે એ(બીજો)માણસ તેમનાથી સારૂં કાર્ય કરીને તેમની અક્ષમતાને વધુ જાહેર કરી દેશે. બીજી બાજુ, જેમ કે તેમનામાં એટલી યોગ્યતા નથી એટલે વધારે કામ કરવા છતાં તેમની અક્ષમતા જ જાહેર થયા કરે છે.

૫ કલ્પનાશીલતાનો અભાવ- એ સ્પષ્ટ છે કે કલ્પનાશક્તિ વગર નેતા ક્યારેય યોગ્ય સાબિત થઈ શકતો નથી, ખાસ કરી ને જ્યારે કોઈ આપાતકાલીન પરિસ્થિતિ ઉત્પન્ન થઈ જાય અને તત્કાળ યોજનાઓ બનાવવી પડે. આવા માણસ નેતા બની શકતા નથી.

૬ સ્વાર્થપરાયણ- નેતૃત્વનો મૂળભૂત ગુણ અન્યને, અનુયાયીઓને વધારેમાં વધારે જશ આપીને પ્રોત્સાહન આપવામાં છુપાયેલ છે. જો સ્વાર્થને કારણે સઘળો યશ જાતે જ લેવાનો પ્રયાસ કરશે તો કોણ તેના હાથ નીચે કાર્ય કરવાનું પસંદ કરશે?

૭ સંયમહીનતા- કોઈ પણ અનુયાયી સંયમહીન નેતા સાથે કાર્ય કરવાનું પસંદ કરતા નથી. સંયમહીનતા ખરેખર તો એક વ્યક્તિત્વની નબળાઈ હોય છે જેના કારણે માત્ર એક જૂથ ન નહી બલ્કે વ્યક્તિ પણ ક્યારે સફળ બની શકતો નથી.

૮ નિષ્ઠાહીનતા- કદાચ ખરાબ અથવા અયોગ્ય નેતાની સૌ પ્રથમ આ જ નબળાઈ હોય છે. જે પોતે નિષ્ઠાહીન હશે એ અન્યોને કઈ રીતે અનુશાસન કે સંયમના પાઠ ભણાવી શકશે. આવા માણસો એકલા સમાજ જ નહી બલ્કે ઉદ્યોગમાં ક્યારેય પ્રતિષ્ઠા મેળવી શકતા નથી.

૯ સત્તાભિમાન- જે નેતા પોતાની સત્તાના અભિમાનમાં હંમેશા જ્યારે બીજાને નીચું દેખાડવાની ચેષ્ટા કર્યા કરે, એ ભલે લોકોમાં અસ્થાયી રૂપે-ભય જાગૃત કરી લે, એને કોઈ હૃદયથી નેતા સ્વીકાર નહી કરે. જો તે સાચો નેતા છે તો લોકો જાતે એની સામે ઝુકશે. એમ કહી કહીને કે હું નેતા છું, એ છેવટે તાનાશાહ જ બનીને રહી જશે જેનું અર્વાચીન યુગમાં કોઈ જ સ્થાન નથી.

૧૦ ઉપાધિઓનો મોહ- જો કોઈ નેતા પોતાના નામની પાછળ મોટી મોટી ઉપાધિઓ(ડીગ્રીઓ)નું પુંછડું લગાવીને ફર્યા કરશે તો શું એ પોતાના અનુયાયીઓનું સન્માન મેળવી શકશે? સાચો નેતા તો એ જ હોય છે જેમનાથી ઉપાધિઓ પણ ગૌરવાન્વિત થાય છે.. મહાત્મા ગાંધીએ ક્યારેય કોઈ ઉપાધિની ઈચ્છા ધરાવી નહોતી અને આજે પણ હજારો — કરોડો લોકો એમને પોતાના નેતા માને છે.

આ દસ ગુણ એ મુખ્ય નબળાઈઓના વાહક છે જેને કારણે લોકો યોગ્ય નેતા બની શકતા નથી. એમાંથી એ ની પણ હાજરી વ્યક્તિને નેતા બનવાથી વંચિત કરી દેશે. વાચક ઈચ્છે તો જાતે ઇતિહાસમાંથી સેંકડો ઉદાહરણ આ ગુણોની અપરિહાર્યતા નિશ્ચિત કરવા માટે પસંદ કરી શકે છે. જો સફળ નેતા બનવું છે તો આ અવગુણોને પોતાની પાસે ફરકવા પણ દેતા નહી.

અમૂક ઉર્વર ક્ષેત્રોનો હવાલો જેમાં નવા નેતૃત્વની જરૂર પડશે

આ અધ્યાયને પૂર્ણ કરતા પૂર્વે અમૂક એ ઉર્વર ક્ષેત્રોનો ઉલ્લેખ કરવા જરૂરી છે જ્યાં પુરાતન નેતાગીરીથી ગાડું ગબડવાનું નથી અને જ્યાં નવા નેતૃત્વના ગુણોથી અસીમિત તકો ઉપલબ્ધ બનશે.

પ્રથમ- રાજનૈતિક ક્ષેત્ર- જ્યાં નવા પ્રકારના નેતાઓની અતિ આવશ્યકતા અનુભવાઈ રહી છે. આજના ઉપલબ્ધ નેતા પુરાતન ચાલના છે જે પ્રજાના વિશ્વાસ લગભગ ગુમાવી બેઠા છે. કદાચ કેટલાક દિવસ અને આ પોતાની પ્રતિષ્ઠા અને હોદ્દા-સંપત્તિને કારણે થોડા ચાલી જાય પણ તેમનું 'કાઉન્ટડાઉન' શરૂ થઈ ચૂક્યું છે.

દ્વીતિય- બેંકીગ વેપાર ક્ષેત્ર- જે એ સમયે પુષ્કળ સુધાર પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યું છે. મોટા મોટા બેંકરોની સમજમાં આવી ગયું છે કે એમનો યુગ આવી પહોંચ્યો છે. હવે નવા લોહીની જરૂર છે જે આ ક્ષેત્રને સંભાળી શકે. આ ક્ષેત્રમાં આજે અસીમિત સંભાવનાઓ ઉપલબ્ધ છે.

તૃતીય- □□દ્યોગિક ક્ષેત્રમાં પણ નવા નેતૃત્વની આવશ્યકતા અનુભવાઈ રહી છે. પુરાતન ઉદ્યોગ નેતાઓનો મૂળ વિચાર માનવ સમીકરણોને બદલે સંપત્તિ લાભનો રહેતો હતો. આજે એ લોકો ની જરૂર છે, જેઓ આખાય ઉદ્યોગને માનવીય દૃષ્ટિથી નિહાળે. ધન-પ્રપ્તિ તો વિકાસનું એક સહઉત્પાદન જ હોઈ શકે છે, મુખ્ય હેતુ નહી.

ચતુર્થ- ધાર્મિક ક્ષેત્ર. આકલન —સંપ્રેષણ (આપ-લે)ના એટલા બધા માધ્યમ ઉપલબ્ધ છે કે ધર્મનો સાચી કે ખોટી બન્ને વ્યાખ્યાઓનો સમાજ પર તત્કાળ પ્રભાવ જોવા મળે છે. આખી ને આખી ટી.વી. ચેનલો આજે ડઝનબંધ સંખ્યામાં ધર્મની વ્યાખ્યામાં લાગેલી છે. તેઓએ પોતાની રૂઢિચૂસ્ત માન્યતાઓને વિસ્તૃત કરવી પડશે. ધર્મનું મૂળ તત્વ કર્તવ્યબોધની જાગૃતિ છે, કેવળ પૂજા-પાઠની વિધિઓ દર્શાવવી નહી. ધર્મ કેવળ યોગાર્યીઓની બાપની મિલ્કત નથી-આના દ્વારા આપણે કેવળ આધ્યાત્મિક અને નૈતિક બલ્કે સામાજીક અને સાંસ્કૃતિક સમસ્યાઓનું પણ નિરાકરણ પ્રાપ્ત કરી શકીએ છીએ. ધર્મ માત્ર વિગતવાર પ્રવૃત્તિઓનું નહી પરંતુ ભવિષ્યના કાર્યક્રમોનો

પણ સૂત્રધાર બની શકે છે. તેમના નેતાઓએ માત્ર ઉપદેશ જ દેવાનો નથી પરંતુ એનું પાલન કરવાનો માર્ગ પણ સ્પષ્ટપણે દર્શાવાનો રહેશે.

પંચમ- આજકાલ પત્રકારિતા ક્ષેત્ર નેતૃત્વના વિકાસ માટેની સૌથી વધારે સંભાવનાઓને પ્રગટ કરે છે. આજના પત્રકારોની પાસે ઈલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડિયા મારફતે એક વ્યાપક ક્ષેત્ર ઉપલબ્ધ છે. આ લોકો આપણા સમાજ, દેશ અને ધર્મ માટે જ્ઞાનેન્દ્રિયોનું કાર્ય બજાવી રહ્યા છે, સાચા-ખોટાની વિવેચના કરી નિરંતર માનસ-મંથન કરીને અમૃત કાઢી રહ્યા છે. તેમને આ કાર્ય વધારે નિષ્ઠા અને પ્રતિબદ્ધતા સાથે પૂર્ણ કરવાનું છે અને નક્કી કરવાનું છે કે આ માનસ-મંથનમાં તેઓ રાક્ષસોની ભૂમિકા અદા કરશે કે દેવતાઓની.

જો કે આ ક્ષેત્રો સિવાય અન્ય ઘણા ક્ષેત્ર પણ યોગ્ય આઈ.ટી—નવા નેતૃત્વની માંગ કરી રહ્યા છે, પરંતુ આ છ ક્ષેત્રોમાં નવા નેતૃત્વની ઝંખના તીવ્રતમ્ છે કારણકે હવે વિચારસરણીમાં એક ધડમૂળથી પરિવર્તનની અપેક્ષા છે. નીચે આપવામાં આવેલી સૂચનાઓ લાંબા વર્ષોના અનુભવનો નિચોડ છે જેના દ્વારા હજારો લોકો પોતાની સેવા મોટી મોટી સંસ્થાઓને વેચવામાં સફળ બન્યા છે. એટલે આ વ્યવહારૂ અને વિશ્વાસુ છે.

પોતાની સેવા વેચવા કે માર્કેટીગ કરવા માટેના પસંદ કરેલા માધ્યમ

૧. **રોજગાર કેન્દ્ર કે ભરતી કેન્દ્ર:** ફક્ત આવી સંસ્થાઓમાં જ પ્રયત્ન કરો જેઓ આ કાર્ય સફળતાપૂર્વક બનાવી રહ્યાં છે.

૨. **જાહેર ખબર દ્વારા:** પ્રતિષ્ઠિત વેપારી પત્રિકાઓ અને રેડિયો અથવા ટીવીના માધ્યમ દ્વારા તમે તમારી સેવાઓની જાહેરાત કરી શકો છો. તમારી જાહેરાત કોઈ નિપૂણ દ્વારા જ બનાવડાવો કારણ કે તેની શબ્દાવલીનું સંભવિત ગ્રાહક ઉપર પ્રાથમિક અને વધારે અસર ઉપજાવે છે.

૩. **વ્યક્તિગત રૂપે મોકલવામાં આવતી અરજીઓ:** અરજીને યોગ્ય રીતે તૈયાર કરવી એ પણ એક કળા છે. પોતાની યોગ્તાઓ અંગે કોઈ પણ અતિશયોક્તિ દાવાઓ કર્યા વગર એને દર્શાવવા જોઈએ કે સંભવિત ગ્રાહકને લાગે કે તમે જ એ ઉમેદવાર છો જેની તેને જરૂર છે.

૪. **અરસપરસની જાણકારી દ્વારા:** એ બાજુ અરજી ત્યારે જ આપો જ્યારે જાણકાર ભરોસાપાત્ર હોય અને પ્રામાણિકતાથી તમારી અરજી સાચી જગ્યાએ પહોંચાડે. ક્યારેક-ક્યારેક લોકો માત્ર પોતાનો રંગ જમાવવા માટે જ ઘણા ઉમેદવારોને બહેકાવી દે છે જેની શરૂઆત જ એક દગાથી થતી હોય છે.

૫. વ્યક્તિગત રૂપે: વ્યક્તિગત રૂપે જ પોતાની સેવા વેચાણ (અથવા નોકરી) માટે અરજી આપવી ત્યારે જ વધુ હિતકારક છે તમને જ્યારે પૂરેપૂરી જાણકારી હોય- કારણ કે સંભવિત ખરીદનાર તમારી અરજી સ્વીકારતી વેળાએ તમારૂં નાનું મોટું ઈન્ટરવ્યૂ પણ લઈ શકે છે. તમારી યોગ્યતાઓ ઈચ્છિત હોદ્દા માટે અનુરૂપ હોવી જોઈએ. તમારા 'રીઝયુમ' સાથે એક સંક્ષિપ્ત ઉલ્લેખ કરવો પણ આવશ્યક છે કે તમે આ કામ શા માટે કરવા ઈચ્છો છો.

સંક્ષિપ્ત લેખિત અરજીનો નમૂનો

એને એ રીતે બનાવવી જોઈએ જે રીતે વકીલ પોતાનો કેસ બનાવે છે. સંભવિત માલિક ઉપર એ અરજીનો ઘણો પ્રભાવ પડી શકે છે. એ જુએ છે કે ઉમેદવાર કઈ રીતે પોતાને રજુ કરે છે. તમારૂં પ્રસ્તુતિકરણ ઉપર ઘણું બધું નિર્ભર થતું હોય છે પોતાના શિક્ષણને એ રીતે પ્રસ્તુત કરો કે જે ઈચ્છિત પદ માટે યોગ્ય હોય. એ રીતે પોતાના અનુભવનો પણ હવાલો આપો. જો પ્રતિષ્ઠિત વ્યક્તિનો હવાલો આપવો હોય તો સારૂં છે કે તમારા અગાઉના માલિક અને અગાઉના શિક્ષકનો ઉલ્લેખ કરવો અને એને જણાવી પણ દો કે ઈન્કવાયરી પણ આવી શકે છે. સાથે એક સ્વચ્છ ફોટોગ્રાફ પણ લગાડો. જો પ્રથમ વખત તમે આવું કાર્ય શોધી રહ્યા છો તો એનો સ્પષ્ટ ઉલ્લેખ કરવો કે તમે પ્રોબેશન સમયગાળામાં —એક સપ્તાહ, માસ વગેરે — વેતન વગર પણ કાર્ય કરવા માટે તૈયાર છો. બની શકે છે કે ઘણાને આ બિનવ્યવહારૂ સૂચન લાગશે પણ જો તમે તમારી યોગ્યતા અંગે આશ્વસ્ત છો તો તમે તમારા કામથી લોકોને પ્રભાવિત કરી શકો છો તો જરૂરથી આવું કરો. જો તમારી પાસે એ કામથી સંલગ્ન બીજું કામ હશે તો કોઈ પણ માલિક આવી તક આપવા માટે તૈયાર હશે.

યાદ રાખો, એ જ વકીલ કેસ જીતે છે કે જે કાયદામાં નિપૂણ નથી હોતો પરંતુ પોતાનો દાવો યોગ્ય રીતે પ્રસ્તુત કરવાનું સારી રીતે જાણે છે.

કઈ રીતે પોતાનું મનગમતું કાર્ય પ્રાપ્ત કરવું

જો મનગમતું કાર્ય મેળવવું હોય તો એ કામ, કામ નહી પણ સાધના બની જાય છે. જો કલાકારને પોતાની કારીગરી દેખાડવાનું કામ મળી જાય તો એને એ ભારરૂપ નથી લાગવાનું. પોતાનું મનગમતું કામ મેળવવા માટે થોડાક જરૂરી નિર્દેશો છે, એનું પાલન કરોઃ

પ્રથમ- નક્કી કરો કે કે કેવા પ્રકારનું કામ તમારે જોઈએ છે

દ્વિતીય- પોતાની મનગમતી સંસ્થા પસંદ કરો અને એમાં પરોવાનો સંપૂર્ણ પ્રયત્ન કરો.

તૃતીય- પોતાના સંભવિત રોજગાર-પ્રદાનકર્તાની નીતિઓ, રીતભાત અને ઈચ્છા-અનિચ્છાનું એક લેખા-જોખા બનાવો. એ રીતે પોતાની જાતને ઢાળો. ત્યારે જ ઉન્નતિ માર્ગ પ્રશસ્ત થઈ શકશે.

ચતુર્થ- જાતે પોતાની યોગ્યતા અને પ્રતિભાનું પૂરેપૂરું વિશ્લેષણ કરો અને નક્કી કરો કે તમારી પાસે 'આપવા'માટે શું છે?-અર્થાત્ તમારામાં એવી શું નિપૂણતા છે જેના કારણે કોઈ તમને કામ આપી દે? એમાં શિક્ષણક્ષેત્ર સિવાયની ઈતર પ્રવૃત્તિઓમાં તમારી ખાસ લાયકાત (જેમ કે રમતગમત, ભાષણ, હરિફાઈ, નાટક વગેરેમાં તમારી ઉપલબ્ધિ...) નો ઉલ્લેખ ચોક્કસ કરવો.

પંચમ- તમને શું પ્રાપ્ત થશે, આ બાબત થોડો વખત ભૂલી જાઓ અને સતત એના ઉપર ધ્યાન કેન્દ્રિત રાખો કે તમારી પાસે સંભવિત ગ્રાહકને આકર્ષિત કરવા માટે કેવો કેવો 'માલ' છે.

ષષ્ટ- જો તમારી પાસે કોઈ સ્પષ્ટ યોજના છે તો એનું વિવરણ એક કાગળ ઉપર વ્યવસ્થિત ઢબે લખીને તૈયાર રાખો.

સપ્તમ- ત્યારબાદ આ કાગળ એ માણસને આપી દો જેની કંપની (જેમાં તમે કામ કરવા માંગો છો)માં સીધી પહોંચ હોય. જો આ પહેલ તાર્કિક રીતે કરવામાં આવે તો સંભવિત માલિક ઉપર એની ઊંડી છાપ પડે છે.

તમારી સફળતામાં આડે આવનાર નિમ્નલિખિત ત્રીસ કારણોમાંથી તમને કોણ બાધ્ય કરે છે?

જીવન એક વિટંબણાના રૂપમાં એની સામે આવીને ઉભું રહી જાય છે, જેઓ પ્રમાણિકતાથી પ્રયત્ન કરવા છતાંય સફળ બની શકતા નથી. મેં હજારો લોકોના જીવન-વૃતાંતોના (અભ્યાસ) વિશ્લેષણ કર્યા છે. જેમાંથી ૯૮ ટકા નિષ્ફળ જ રહ્યાં. શું તમને લાગતું નથી કે આપણી સંપન્નતાના માપદંડો તથા શિક્ષણ પદ્ધતિમાંથી એક ઉપર મૂળભૂત ત્રુટિ નૈતિકતાના સિદ્ધાંતો પર ભાષણ આપવાનો કોઈ જ વિચાર નથી કારણ કે આ પુસ્તકનો એ વિષય પણ નથી. મેં શોધ કરી અને જાણ્યું કે નિષ્ફળતાનું કારણ અથવા નિષ્ફળતા રૂપી આડશોના ૩૦ ખાસ કારણાનો નીચે ઉલ્લખ કરવામાં આવ્યો છે.

૧. **વારસાગત પ્રતિકૂળ પૃષ્ઠભૂમિ-** જે લોકોની નબળાઈ વારસાગત હોય જેનો કોઈ ઉપચાર નથી એના સિવાય કોઈ માસ્ટરમાઈન્ડ ગ્રુપના સભ્ય બનવાની સલાહ આપવામાં આવે. જો વિચારવાની પદ્ધતિ જ વિપરિત હોય તો સફળતાનું અવલોકન જ થઈ નહી શકે. એવું નથી કે આ ખામીનો કોઈ ઈલાજ નથી. યોગ્ય સંગતથી સુધારો આવી શકે છે. આ એક કારણ ચોક્કસ છે જેનો આધાર

વારસાગત આરામપ્રિય કે સામંતશાહી મૂલ્યોમાં રહેવાને કારણે પડી રહેવાનું હોઈ શકે.

૨. **અસ્પષ્ટ જીવન ઉદ્દેશ્ય-** જો સામે કોઈ સ્પષ્ટ ધ્યેય નહી હોય તો યાત્રાળુ માટે કયો માર્ગ યોગ્ય હોઈ શકે છે. દસમાંથી ઓછામાં આછા ચાર લોકો- જેના અંગે મેં તપાસ કરી-એક ધ્યેયહિનતામાં જીવન વીતાવી રહ્યા હતા. કદાચ સમાજમાં વ્યાપ્ત નિષ્ફળતાનું મોટામાં મોટું કારણ છે.

૩. **સર્વોત્તમ પ્રાપ્ત કરવાની મહત્વાકાંક્ષાની ખોટ-** એના કારણે પણ ઘણા બધા લોકો પ્રતિભા-યોગ્યતા હોવા છતાં આગળ વધી શકતા નથી કારણ કે તેઓ સર્વોત્તમ મેળવવાનો પ્રયાસ જ કરવા ઈચ્છતા નથી. જો એક વાર ૧૦૦ અંક સામે તમને ૨૦ અંક મળે અને તમે તેનાથી સંતુષ્ટ બની જાઓ તો તમે ક્યારેય ૧૦૦ અંક પ્રાપ્ત નહી કરી શકો.

૪. **અપૂરતું શિક્ષણ-** આ ખામીનું કારણ અંદરથી મળતી પ્રેરણાનો અભાવ છે. અહી શિક્ષણનો અર્થ ડીગ્રીનું પુંછડું લગાવવાનો નથી પણ યોગ્ય રીતે મગજને વિકાસ પ્રદાન કરવો થાય છે. મોટા ભાગના લોકો, જેઓ પોતાનું ભવિષ્ય પોતે જ ચમકાવે છે, જેઓ શિક્ષણને યોગ્ય રીતે ગ્રહણ કરે છે. સાચો શિક્ષિત વ્યક્તિ એ હોય છે જે કોઈના હક્ક ઉપર તરાપ માર્યા વગર એ સઘળું પ્રાપ્ત કરી લે છે જે તે ઈચ્છે છે. સાચું શિક્ષણ એ હોય છે જે માત્ર જ્ઞાન જ પ્રદાન કરતું નથી પરંતુ એ પણ શીખવે છે કે કઈ રીતે જ્ઞાનને ગ્રહણ કરીને તેને લાભાન્વિત કરી શકાય. માણસની કદર માત્ર તેના જ્ઞાનને કારણે નહી પરંતુ એ જ્ઞાનના યોગ્ય ઉપયોગને કારણે વધે છે. જેઓમાં આ નિપૂણતા હોય છે તેઓ સર્વસ્વ પ્રાપ્ત કરી લે છે, જે તેઓ ઈચ્છતા હોય છે. જો શિક્ષણ જ સફળતાની કસોટી હોત તો એક જ સંસ્થામાંથી એક સરખી ડીગ્રી મેળવનારા જુદી જુદી ઉપલબ્ધિ કઈ રીતે મેળવી શકે છે. કોઈ વિશ્વવિદ્યાલયમાંથી બી.એ.ની ઉપાધિ મેળવનારા સ્નાતકોનો ગ્રાફ જુદી જુદી દિશામાં આગળ વધે છે. કેટલાક આગળ વધી જાય છે, કેટલાક કિનારે પડેલા રહી જાય છે. આગળ એ જ વધે છે જેઓએ એ ડીગ્રીથી મેળવેલ જ્ઞાનનો યોગ્ય જગ્યાએ ઉપયોગ કર્યો છે.

૫. **આત્મસંયમનો અભાવ-** આ એક નિર્વિવાદ સત્ય છે કે આત્મ સંયમનો અભાવ કશું પણ-ન કેવળ ધન-પ્રતિષ્ઠા પણ ચેન-પણ જવાથી માણસને વંચિત રાખી શકે છે. તમારી અંદર બેઠેલો 'બીક'નામનો જીવ છે, જે તમારો સૌથી મોટો હિતેચ્છુ અને સૌથી નિર્મમ શત્રુ એકી સાથે બનીને માથું ઊંચકે છે. જો એની પર નિયંત્રણ રાખી શકો તો એ તમારો હિતેચ્છુ છે, નહી તો શત્રુ. ક્યારેક અરીસા સામે ઊભા રહીને તેને ઓળખી લો.

૬. ખરાબ સ્વાસ્થ્ય- હંમેશા લોકો સફળતા મેળવવાની ધૂનમાં પોતાના શરીરનું દયાન રાખતા નથી અને જોયા વિના કંઈ પણ ખાધા-પીધા કરે છે અને ગમે તે સમયે સુવે છે. અમૂક લોકો સાથે કુદરતે અત્યાચાર કર્યો છે, તો એ જુદી વાત છે. પણ મોટાભાગે લોકો પોતાનું સ્વાસ્થ્ય જાતે જ બગાડતા હોય છે. નીચે આપવામાં આવેલ નિર્દેશોનું પાલન કરોઃ

(ક) ભૂખથી વધારે અને ભારે ખાણું ન ક્યારે ન ખાઓ.

(ખ) પોતાના વિચારો શુદ્ધ રાખો અને ઋણાત્મક (નકારાત્મક)વિચારોને સ્થાન ન આપો.

(ગ) શારીરિક વ્યાયામ કરો અને પોતાના શરીરને ચુસ્ત—તંદૂરસ્ત રાખો.

(ઘ) અતિ સદા વર્જિત રાખો અને યૌનાચારમાં વધારે મગ્ન ન રહો.

(ડ) ખુલ્લી હવા અને શુદ્ધ પાણીનું સેવન કરો.

૭. નાનપણના પ્રતિકૂળ વાતાવરણનો પ્રભાવ- નાનપણની અરુચિકર પરિસ્થિતિઓ માણસમાં ઋણાત્મક આવેશ ભરી દે છે. ખરાબ સંગત ઝુંટવીને ખાઈ લેવાની માનસિકતા ઉત્પન્ન કરે છે અને ગુન્હાહિત પ્રવૃત્તિને આશ્રય આપી શકે છે. જો આવું છે તો સૌથી સરળ બચાવ તો છે સારી સંગત, ખરાબ ટેવોનો ત્યાગ.

૮. ટાળવાની-પાછળ ઠેલવાની પ્રવૃત્તિ- આ કારણ મોટાભાગના લોકોને નિષ્ફળ બનાવે છે. એનું મુખ્ય કારણ છે માણસની અંદર બેઠેલો આળસુ જીવ જે દરેક વસ્તુને ટાળવા ઈચ્છે છે. આવા લોકો પોતાની જાતને એવું કહીને બહેલાવે છે કે હજુ આપણો સમય આવ્યો નથી. સમય કોઈનો ય હોતો નથી- એને તો પોતાનો બનાવાય છે. જો એક વાર સમય અને ભાગ્ય પસાર થઈ ગયા તો ક્યારેય હાથ લાગતા નથી. એક જુની કહેવત અનુસાર સમય પાછળથી નગ્ન હોય છે. બહુ જ થોડી ક્ષણો જે આગળ હોય છે જેના દ્વારા એને પકડી શકાય છે. જો એક વાર એ આગળથી પસાર થઈ ગયો તો કેટલાય ધમપછાડા કરો, પાછળથી કશુંય હાથ આવવાનું નથી.

૯. ખંતની ખામી- મોટાભાગના લોકો જે સફળતાથી વંચિત રહે છે શરૂઆત તો ખૂબજ ધામધૂમથી કરે છે પણ છેવટે તેઓ ફૂસ્સ થઈ જાય છે. કારણ ખંતની ખામી/જો પ્રથમ વાર મળેલ નિષ્ફળતાને હાર માની લેવાય તો શું એડીસન જેવા સંશોધકો પોતાનું સંશોધન કરી શકત જેઓ પોતાના દસ હજારમાં પ્રયાસે ઈલેક્ટ્રિક બલ્બ બનાવી શક્યા હતા. આ વિષય પર આગળ પણ ઘણું લખવામાં આવી ગયું છે.

૧૦. નકારાત્મક વ્યક્તિત્વ- આવા લોકોની કલ્પના-વિચાર બધું જ નકારાત્મક હોય છે. તેઓ ક્યારેય હકારાત્મક કે રચનાત્મક રીતે વિચારી જ શકતા નથી બલ્કે બીજાને પણ હતોત્સાહિત કર્યા કરે છે. આવા લોકો પોતાની ઊર્જા વ્યર્થમાં ખર્ચી નાંખતા હોય છે.

૧૧. અનિયંત્રિત યૌનભાવ- યૌનભાવ શરીરનો સૌથી શક્તિશાળી આવેગ છે જે એક વિચારને ક્રિયામાં પરિવર્તિત કરી નાંખે છે. કારણ કે એ ખૂબ જ શક્તિશાળી હોય છે, મોટા-મોટા ઋષિમુનિઓ પોતાની તપસ્યાથી ચલિત થઈ ગયા છે. આના ઉપર નિયંત્રણ રાખવું અતિ આવશ્યક છે.

૧૨. કંઈને કંઈ મેળવવાની ઉદ્દંડ કામના- જેમ કે વિશ્વનો સર્વ સામાન્ય સિદ્ધાંત છે :કશું પણ ગુમાવ્યા વગર કશું પણ પ્રાપ્ત થઈ શકતું નથી : પરંતુ આવા લોકો ઈચ્છે છે કે શૂન્યમાંથી જ સૃષ્ટિનું સર્જન કરી દેવું. આનું એક મોટું ઉદાહરણ સને ૧૯૨૯ની ભયાનક મંદી હતી જ્યારે મોટામાગના અમેરિકનોએ ‘સ્ટૉક માર્કેટ’માં જુગાર રમીને પૈસાદાર બનવાનો પ્રયત્ન કર્યો હતો અને દરેકે દરેક નિષ્ફળ બન્યા હતા.

૧૩. નિર્ણય લેવાની સ્પષ્ટ ક્ષમતાની ઊણપ- સફળકર્તા હંમેશા પોતાના નિર્ણયો તત્કાળ લે છે પરંતુ એને બદલે તો ધીમે ધીમે જ છે. અતિનિર્ણયાત્મકતા અને ટાળમટોળ એ બન્ને જોડકી બહેનો છે.- એક હશે તો બીજી હાજર જ હશે.

૧૪. છ મૂળભૂત ભયમાંથી એકની પણ ઉપસ્થિતિ - એ ભય અંગેનું વિશ્લેષણ આગળના અધ્યાયમાં કરવામાં આવ્યું છે. આ ભયને પાર કરી જાવ એ અતિ આવશ્યક છે કારણ કે એ હંમેશા તમને આગળ વધવા માટે ભયભીત રાખે છે.

૧૫. જીવનસાથીની ખોટી પસંદગી- જો કે આ કેન્દ્ર થોડું અટપટું લાગે છે પણ આ એક બહુ મોટું કારણ છે. વસ્તુત:જો જીવન સાથીની ખોટી પસંદગી થઈ જાય તો માનસિક-શારીરિક શાંતિ ખતમ થઈ જાય છે, જેના વગર માણસ પોતાની પૂર્ણ શક્તિ અને ઉત્સાહ સાથે કોઈ પણ કાર્યમાં લાગી શકતો નથી.

૧૬. જરૂર કરતાં વધુ સાવધ રહેવાની ટેવ - સાવધ રહેવું તો યોગ્ય છે પરંતુ અતિ સાવધાની, ઓછી સાવધાની જેટલી જ ખરાબ છે. તમે તમારી અતિ સાવધાનીને કારણે અસલી માલ મેળવાથી વંચિત રહી જાઓ છો કેમ કે ત્યાં સુધી બહુ મોડું થઈ જાય છે.

૧૭. વેપારમાં અયોગ્ય સહયોગીઓની પસંદગી- વેપારમાં નિષ્ફળતાનું આ એક મુખ્ય કારણ છે. પોતાની સેવાઓ વેચવામાં જો તમે અયોગ્ય માણસનો સહકાર લીધો તો તમારી વાત યોગ્ય સ્ત્રોત સુધી પહોંચી શકશે જ નહીં. મોટાભાગે

સહયોગીઓની અસર તમારા કાર્ય ઉપર પણ પડે છે, એટલે એની પસંદગી અત્યંત સાવધાનીથી કરવી જોઇએ.

૧૮. અંધશ્રદ્ધાળુ અને પૂર્વગ્રહી હોવું- અંધશ્રદ્ધા પણ એક પ્રકારના ભયનો પ્રકાર જ હોય છે. વેપારમાં કેટલાય પ્રકારની અંધશ્રદ્ધાઓ હોય છે- કેટલાય લોકો પોતાની દૂકાનો ઉપર જાત જાતના જાદુટોણા કરાવતા હોય છે અને આ ચક્રમાં કેટલીય વાર મોટા લાભની તકોથી વંચિત રહી જતા હોય છે. પૂર્વગ્રહી હોવું પણ કોઈ જુના ભયની પુનરાવર્તનની વિરુદ્ધ પોતાને સચેત કરવું હોય છે. હંમેશા વેપારમાં કાર્ય ખુલ્લા મન અને મજબૂત હૃદયની સાથે જ કરવું જોઈએ.

૧૯. વ્યવસાય કે નોકરીની ખોટી પસંદગી - આજકાલ ઘેટાચાલનો યુગ છે. અન્યોની દેખાદેખી લોકો પોતાની નોકરી-ધંધો પસંદ કરે છે અને પાછળથી પસ્તાય છે.જેવી રીતે એમ.બી.એ. કરીને વ્યાપાર-પ્રબંધનમાં ઘૂસવાની હરીફાઈ ચાલી રહી છે. બધા લોકો એ માટે યોગ્ય હોતા નથી. બની શકે કે કેટલાક નિપૂણ એન્જિનીયરો હોય કે ડૉક્ટર હોય અને પ્રબંધનમાં વધારે રસ ન લેતા હોય. એટલા માટે માણસે પોતાની રુચિ અનુસાર જ પોતાના વ્યવસાયની પસંદગી કરવી જોઈએ.

૨૦. એકાગ્રતાનો અભાવ અને ઢીલોપોચો પ્રયત્ન- આ કારણ પોતે જ સ્પષ્ટ છે અને કોઈ બીજા સ્પષ્ટીકરણની માંગ કરતું નથી. એટલું તો ચોક્કસ છે કે જે કાર્યમાં તમારી રુચિ ન હોય, એમાં એકાગ્રતા લાવવી મુશ્કેલ બનશે-એ જ કારણે તમારા પ્રયત્નમાં પણ ઊણપ રહેશે.

૨૧. વગર વિચાર્યે નાણાં ખર્ચવા- આ પણ સ્પષ્ટ જ છે . એવા માણસો દરેક ક્ષેત્રમાં નિષ્ફળ રહેશે કારણ કે વગર વિચાર્યે ખર્ચ કરવાની આ ટેવથી તો કુબેરનો ભંડાર પણ ખાલી થઈ જાય.

૨૨. ઉત્સાહની ઊણપ- સફળતા ઉત્સાહ વિના તો ક્યારેય પ્રાપ્ત થઈ શકતી નથી. સંસાધનોના અભાવ અને પરિણામ બાબતે પોતે જ આશ્વસ્ત હોવું ઉત્સાહની ઊણપ મુખ્ય કારણ હોય છે. તમે પૂરો હિસાબ કરીને ઉત્સાહથી કૂદી પડો-ત્યારે જ ઉત્સાહથી કાર્ય કરી શકશો.

૨૩. સહનશીલતાનો અભાવ- કેટલાક લોકો પોતાના મનમાં એવી ધારણા કરી લે છે કે કેટલાક લોકો સાથે તેઓ કામ નહી કરે. આમ કરીને તેઓ પોતે જ પોતાના માટે વ્યર્થ સીમારેખાંકન કરી લે છે — ફળ સ્વરૂપે સફળતા તેમનાથી વંચિત રહે છે. જેવું પહેલા લખવામાં આવ્યું છે કે પોતાનું મન ખૂલ્લું રાખો અને પૂર્વગ્રહથી મુક્ત રહો.

૨૪. ઉચ્છૃંખલ વર્તન- આનો હવાલો અન્ય ઉપશીર્ષકો મારફતે વારંવાર આપી દેવામાં આવ્યો છે. સંયમિત વ્યવહાર તો સફળતાની અનિવાર્ય જરૂરિયાત છે.

૨૫. અન્યનો સાથ નિભાવવાની અયોગ્યતા- સફળતાના માર્ગે ઘણાય લોકો સાથે તમારો પનારો પડશે. વ્યાપારિક ક્ષેત્ર તો બીજાનો સાથ નિભાવવાની યોગ્યતા ઉપર જ ખુલે છે. જો બીજાનો સાથ નિભાવી શકવો અસંભવ છે તો સફળતાની ઈચ્છા રાખવી વ્યર્થ છે.

૨૬. થોપી દેવામાં આવેલી શક્તિ ઉપર અભિમાન કરવું- મોટાભાગના પ્રસિદ્ધ અને સફળ લોકોના સંતાનો એ જ કારણે નિષ્ફળ રહે છે કે જે સગવડો અને હોદ્દાઓ તેઓ મેળવે છે એ એમની પોતાની કમાણીના નથી હોતા. યાદ રાખો કે અનાયાસે આવેલ સંપત્તિ ગરીબીથી વધારે ઘાતક હોય છે- કારણ કે માણસ ગરીબીને દૂર કરવાનો પ્રયત્ન તો કરી શકે છે પરંતુ અચાનક આવેલી સંપત્તિ ક્યારેય ટકતી નથી અને આવો માણસ ક્યારે યોગ્ય રીતે પ્રયત્ન કરી શકતો નથી.

૨૭. અપ્રમાણિકતાની ઈચ્છા- પ્રમાણિકતાનો કોઈ જ વિકલ્પ નથી. બની શકે છે કે સંજોગાવશાત્ કોઈ માણસ અપ્રામાણિક બની જાય, પરંતુ એ સુધરી શકે છે. પરંતુ જેની નિયતમાં જ અપ્રમાણિકતા એ કદીયે સ્થાયી રૂપે સફળ બની શકતો નથી.

૨૮. ખુમારી અને ઘમંડી સ્વભાવ- આવા લોકો સફળ બન્યા અગાઉ જ એવું સમજવા લાગે છે કે તેઓ સફળ બની ગયા છે. ઘમંડીનું માથું હંમેશા નત હોય છે. સફળતાથી આત્મ સન્માન પ્રાપ્ત થાય છે અને ઘમંડથી આત્મગ્લાનિ જ મળે છે. સફળતાને જેઓ ઈચ્છુક છે તેઓએ ઘમંડ અને ખુમારીથી મુક્તિ મેળવી લેવી જોઈએ.

૨૯. જોયા જાણ્યા વિના તુક્કા લગાવવા- જેઓ સ્વભાવગત આળસુ હોય છે તેઓ મહેનત કરવાથી મોઢું ફેરવતા હોય છે અને પડયા પડયા તુક્કા લગાવ્યા કરે છે. આવા લોકોનું નિષ્ફળ બનવું સ્વાભાવિક છે.

૩૦. પુંજીની ઊણપ- મોટાભાગના લોકો જેઓ દિવાસ્વપ્નોના જોરે કાર્ય કરે છે તેઓ પોતાના નાણાં રોકાણનું યોગ્ય જ્ઞાન પણ લગાવી શકતા નથી. દરેક કાર્યમાં અડચણો પડવી એ સહજ છે- આવા લોકો એક જ અડચણમાં પોતાની સમગ્ર પુંજી લુંટાવીને ચિંથરેહાલ બની જાય છે. આવું નવશિખાઉની સાથે બનતું હોય છે.

(આ સિવાય પણ એક કારણ એ પણ હોઈ શકે જે તમે વ્યક્તિગત રૂપે ભોગવી ચૂક્યા છો અને જે આ લીસ્ટમા : આવ્યું નથી. એને પણ તમે આમાં ઉમેરી શકો છો.)

સંસારનો સૌથી જૂનો ઉપદેશ જે દરેક ધર્મ-સંસ્કૃતિમાં હયાત છે:'સ્વયં'ને ઓળખો. આ સિદ્ધાંત દરેક ક્ષેત્ર માટે સત્ય છે. તમે પણ જે મેળવવા ઈચ્છો છો એના બદલે જે આપવા ચાહો છો એને સારી રીતે ઓળખીને જ પોતાના પ્રયત્નને આરંભો.

આ સંદર્ભમાં એક રસપ્રદ ઘટના નીચે જણાવવામાં આવી છે. એક યુવકે એક વ્યાપારી સંસ્થામાં નોકરી માટે અરજી આપી. ઈન્ટરવ્યૂમાં તેણે ત્યાંના મેનેજર ઉપર ઘણો જ પ્રભાવ પાડ્યો. અંતમાં મેનેજરે પૂછ્યું, "તમે શું વેતન-ભથ્થા વગેરેની અપેક્ષા રાખો છો"(એટલે ચોક્કસ ઉદ્દેશ્યની ઊણપ)

મેજેનરે કહ્યું કે:" ઠીક છે. તમે એક સપ્તાહ સુધી કામ જોઈને પારખીને તમારી યોગ્યતા અનુસાર વેતન-ભથ્થા વગેરે આપી દઈશું"

" મને મંજુર નથી," એ યુવકે કહ્યું:" કારણ કે તેનાથી વધારે તો હું એમ પણ મેળવી રહ્યો છું"

ખુદના વિશ્લેષણ માટે એક પ્રશ્ન યાદી

૧. શું હું એ લક્ષ્ય મેળવી શક્યો છું જે મેં જે-તે વર્ષે મેળવવાનું નક્કી કર્યું હતું.

૨. શું મેં મારા કામને ઉચ્ચ ગુણવત્તાની સાથે, પોતાની પૂર્ણ ક્ષમતાથી પૂર્ણ કર્યું છે કે હું એને વધારે સારી રીતે કરી શકતો હતો

૩. શું મેં મારી સેવા પૂર્ણ માત્રામાં પ્રદાન કરી છે?

૪. શું મારું વર્તન પૂર્ણતયા સમરસતાપૂર્ણ અને સહયોગપૂર્ણ રહ્યું છે.

૫. શું મેં ટાળમટોળ કરીને મારી યોગ્યતા અને ક્ષમતાને કોઈપણ રીતે કુંઠિત કરી દીધી છે? જો હા તો કઈ હદ સુધી?

૬. શું મેં મારા વ્યક્તિત્વને વિકસિત કર્યું છે? જો હા તો કેવી રીતે?

૭. શું હું મારી યોજનાઓને પૂર્ણ કરવા માટે કાર્યરત રહ્યો છું?

૮. શું મેં નિર્ણયો ત્વરિત અને સ્પષ્ટ પણે કર્યા છે?

૯. શું હું છ ભયમાંના એકથી પણ પિડાઉં છું?

૧૦. શું અતિ-સાવધાન કે અતિ-અસાવધાન રહ્યો છું?

૧૧. શું મારું વર્તન કાર્ય દરમ્યાન સહયોગીઓ સાથે સદ્ભાવપૂર્ણ રહ્યું છે કે અસદ્ભાવપૂર્ણ- જો અસદ્ભાવપૂર્ણ તો એનું કારણ બીજા લોકો હતા કે હું પોતે?

૧૨. શું એકાગ્રતાની ઊણપને કારણે મેં મારી શક્તિ વેડફી નાંખી છે?

૧૩. શું હું ખુલ્લા મને કાર્યરત્ રહ્યો છું અને દરેક પ્રત્યે પ્રેમપૂર્ણ પણ? જો નથી તો ક્યા કારણને લઈને?

૧૪. મેં સેવા પ્રદાન કરવામાં મારી યોગ્તામાં કેવી રીતે સુધાર કર્યો છે?

૧૫. શું મેં ક્યારેય મારી ધીરજ ગુમાવી છે કે ખાણી-પીણી અને આદતોમાં ખરાબ માર્ગે ગયો છું?

૧૬. શું મેં કોઈ પણ સ્થિતિમાં અભિમાનનું પ્રદર્શન કર્યું છે?

૧૭. શું મારું વર્તન એવું રહ્યું છે કે મારા ઉપરી મને સન્માન અને આદર પ્રદાન કરે- એ પણ સહજ રીતે?

૧૮. શું મારું રાય કે નિર્ણય ગહન વિચાર ઉપર આધારિત હતા કે માત્ર તુક્કાબાજી પર?

૧૯. શું મેં મારા સમય, ખર્ચા અને આવકના બજેટ મુજબ ખર્ચ કર્યો છે. શું એ બાબતોમાં હું મિતવ્યયી રહ્યો છું?

૨૦. કેટલા પ્રયત્નો મેં નકામા કામોમાં વેડફી નાંખ્યા છે?

૨૧. દરેક વર્ષે મારી યોગ્યતા વધારવા માટે હું કઈ રીતે મારા સમયને પુનર્નિર્ધારિત કરું?

૨૨. શું મેં મારું કોઈ પણ કાર્ય મારા આત્માના અવાજના વિરુદ્ધમાં કર્યું છે?

૨૩. શું મેં પ્રાપ્ત થનાર નાણાની સરખામણીમાં વધારે સેવા કે સારી સેવા પ્રદાન કરી છે?

૨૪. શું મેં કોઈની સાથે અત્યાચાર કર્યો છે; જો હા તો કઈ રીતે?

૨૫. શું આવી સેવા હું મારા જ કોઈ કામ માટે આપું છું તો શું હું એનાથી સંતુષ્ટ રહી શકું?

૨૬. શું મેં યોગ્ય વ્યવસાયની પસંદગી કરી છે. જો ના, તો કેમ નહીં?

૨૭. શું મારી સેવા જેને મેં આપી છે તે શું સ્વાભાવિકરૂપે મારા કાર્યથી સંતુષ્ટ છે?

૨૮. સફળતાના મૂળભૂત સિદ્ધાંતો અનુસાર મારી સફળતાને કેટલા અંક મળવા જોઈએ?(પોતાને ચકાસી લો)

આ પ્રશ્નોનો પૂર્ણ પ્રમાણિકતાથી જો જવાબ આપશો તો તમે તમારી પોતાનું યોગ્ય મૂલ્યાંકન કરી પોતાની વ્યક્તિગત સેવાઓના વ્યાપારિક હેતુ માટે યોજના બનાવવા તૈયાર થઈ જશો.



અમીર બનવા તરફ ઉપાડો સાતમું પગલું

૮

નિર્ણય

આ શરે ૨,૫૦,૦૦૦ લોકોના જીવનવૃતાંતોનું ઊંડું વિશ્લેષણ કર્યા પછી હું એ નિષ્કર્ષ ઉપર પહોંચ્યો છું કે નિર્ણય ન લઈ શકવાની ક્ષમતા અથવા એમાં ક્યારેક નિષ્ફળતાનું મુખ્ય કારણ બનીને ઉભરી આવે છે. જો કોઈ એક પાક્ષિક સિદ્ધાંત પર આધારિત કથન નહી બલ્કે એક સાર્વભૌમિક સત્ય છે.

ટાલમટોલી(અંગ્રજીમાં પ્રોક્રૈસ્ટીનેશન)નિર્ણયની બરાબર વિરુદ્ધ ચાલનારી પ્રક્રિયા છે. ટાળમટોળીનો સ્વભાવ માનવ સભ્યતાનો સૌથી મોટો શત્રુ છે.

મોટા અને મહાન લોકોના જીવનમાંથી આપણને એક સ્પષ્ટ પાઠ શીખવાનો મળે છે કે તેઓ બધા ત્વરિત નિર્ણય લેવામાં માહેર હતા. અને જો તેઓને પોતાનો નિર્ણય બદલવાની જરૂર પડે તો ધીમે ધીમે બદલતા હતા.

હેનરી ફોર્ડ પણ પોતાના નિર્ણય બહુ જ ત્વરિત ગતિથી લેતા હતા પણ એને બદલવાનું ખુબ જ ધીમી ગતિએ થતું હતું. પોતાની આ ટેવને કારણે ઘણા બધા લોકો તેમને જીદ્દી સમજતા હતા. જ્યારે તેઓએ પોતાની પ્રસિદ્ધ કાર 'મૉડલ ટી'બનાવી હતી ત્યારે તેમના બધા સલાહકાર, સંભવિત વિક્રેતા પણ એક મત હતા કે આ મૉડલને બદલી નાંખવામાં આવશે. તેમના નિર્ણય પર અડગ રહેવાને કારણે તેમને ભલે હઠીલા સમજવામાં આવ્યા પરંતુ તેઓને એ જ મૉડલથી આશાતીત નાણાં પ્રાપ્ત થયા.

મોટા ભાગે લોકો જેઓ પોતાનો નિર્ણય શીદ્ર લઈ નથી શકતા, બીજાના પ્રભાવમાં તરત જ આવી જાય છે. લોકોનો સ્વભાવ હોય છે એક નવી વાત કહેવીઃ'તુંડે-તુંડે મર્તિભિન્ના' કહેવત આ સત્યને પ્રગટ કરે છે. દરેકની વાત સાંભળવી જોઈએ પરંતુ પોતાની બુદ્ધિ પ્રમાણે નિર્ણય લેવો જોઈએ. કારણ કે બીજો લોકો તો સામાન્ય ધારણા મુજબ વાત પેદા કરતા હોય છે જ્યારે તમને એક ખાસ(ચોક્કસ)મત જોઈએ. એ મત જે પરિસ્થિતિના આકલન પછી લેવામાં આવ્યો હોય. જો બીજાઓથી ઝડપી પ્રભાવિત થતા રહેશો તો પોતાનો નિર્ણય લઈ નહી શકો બલ્કે તમે તમારી ઈચ્છાથી પણ હાથ ધોઈ બેસશો અને જો ઈચ્છા નહી હોય તો શું સફળતા અને શું ધન-પ્રાપ્તિ. પોતાના માસ્ટરમાઈન્ડ ગ્રુપ સિવાયનાની વાત તો સાંભળવી પણ કરવું એ જ જે તમારા

ઉદ્દેશ્યને અનુરૂપ જણાય. આખરે ઈશ્વરે તમને પોતાની આંખો અને મગજ આપ્યું છે, એનો ઉપયોગ કરો.

એમ પણ સામાન્ય લોકોનો સ્વભાવ પોતે જે કંઈ જાણે છે તેનાથી વધારે વિદ્વતા પ્રદર્શિત કરવાનો હોય છે. આવા લોકો જરૂર કરતાં વધારે બોલતા હોય છે. જુની કહેવત છે 'સાભંળો બધાનું પણ કરો પોતાના મનનું'. ઈશ્વરે બે કાન, બે આંખ અને એક મ્હોં આ જ સત્યને રેખાંકિત કરવા માટે આપ્યું છે કે વધારે સાંભળો અને જુઓ પણ ઓછું બોલો! વધારે બોલવાથી તમે તમારી બધી યોજનાઓ અને મંતવ્ય અન્યોની સામે રજુ કરી દો છો જેને ધ્વંસ્ત કરી દેવામાં જ તેઓને મજા પડે છે. કોઈ પણ એવું ઈચ્છતું નથી કે તમે એમનાથી આગળ નીકળી જાઓ. પોતાનો ખજાનો અન્યો પાસે ખોલી દેવામાં કંઈ મજા નથી. આમાં બે નુકસાન છે:એક-બીજાઓને એને જોવા, પરખવા અને એને ધ્વંસ્ત કરી દેવાની તક પ્રાપ્ત થાય છે.; બીજું-તમે મંદ પડી જાઓ છો.

આથી હંમેશા દુનિયાને જણાવો કે તમે શું કરવા ઈચ્છી રહ્યા છો

પણ એ પહેલા એની એક ઝલક દેખાડી દો.

એટલા માટે એક જુની કહેવત છે:"શબ્દોને નહી પણ કૃત્યોને બોલવા દો."

ટાળમટોળની કુશળતા

સંસારના મહાનતમ નિર્ણય મોટા જોખમો સાથે લેવામાં આવ્યા છે. મોટા ભાગના એવા હતા, જેમાં નિર્ણાયકનું મૃત્યુ નિશ્ચિત હતું પરંતુ પોતાના મૃત્યુનું જોખમ પણ ઉઠાવીને એક નિર્ણય કરવાવાળાએ બધાને મુક્તિ પ્રદાન કરી.

લિંકને જ્યારે પોતાના પ્રસિદ્ધ-"સ્વતંત્રતા ઉદ્‌ઘોષ"ની ઘોષણા કરી હતી, જેણે શ્યામવર્ણીય લોકોની મુક્તિનો સંદેશ આપ્યો હતો ત્યારે લિંકનને ખબર હતી કે આ ઘોષણાને કારણે તેમના હજારો હિતેચ્છુઓ અને મિત્રો એમના વિરોધીઓ બની જશે. છેવટે બન્યું પણ એવું જ. લિંકનની હત્યા કરી દેવામાં આવી પરંતુ શ્યામવર્ણીય લોકોને તેઓ મરતા મરતાં સ્વતંત્રતા આપતા ગયા.

સોક્રેટીસે ઝેરનો પ્યાલો પીવાનો નિર્ણય લીધો અને પોતાની વાત પર અડગ રહ્યા. ગેલીલિયોને શૂળી પર ચઢાવી દેવામાં આવ્યો પરંતુ એ સત્યની ઘોષણા તેઓ કરતા રહ્યાં કે "પૃથ્વી હજુ પણ ફરી રહી છે." (જ્યારે કે ચર્ચનું માનવું હતું કે ધરતી સ્થિર છે અને બધાં નક્ષત્રો ચલાયમાન છે.) અમેરિકી ઇતિહાસ આવા જોખમભર્યા નિર્ણયોથી ભરેલો પડ્યો છે જેમાં નિર્ણયકર્તાએ પોતાનો જીવ ગુમાવવો પડયો હતો પરંતુ તેઓએ સત્યનો ત્યાગ કર્યો નહોતો.

જે ત્વરિત નિર્ણય લેવાની ક્ષમતા ધરાવે છે તેઓને ખબર હોય છે કે તેઓનેં શું જોઈએ છે. આ જ કારણ છે કે તેઓ નેતા(આગેવાન) હોય છે. જેઓ નિર્ણય લઈ નથી શકતા તેઓ માત્ર અનુયાયીઓ બનીને રહી જાય છે. તમે જીવનના ગમે તે ક્ષેત્રને લઈ લો — જેઓ ઝડપી નિર્ણય લે છે તેઓ પોતાના ક્ષેત્રના શિરમોર બનતા હોય છે. ચાહે તો એ નેપૉલિયન હોય કે સિકંદર, લિંકન હોય કે જ્યૉર્જ વૉશિંગ્ટન, મહાત્મા ગાંધી હોય કે જવાહરલાલ નહેરૂ- એ દરેક પોતાની ત્વારિત નિર્ણય લેવાની ક્ષમતાને કારણે મહાન નેતા બની શક્યા હતા. નિર્ણય લેવાની ક્ષમતા એક પર્વતો તરફથી આવનારી શક્તિશાળી ધારાઓના જેવી હોય છે; એ માર્ગની તમામ બાધાઓને દૂર કરી પોતાનો માર્ગ જાતે કરી લે છે.

એની વિરુદ્ધ, અનિર્ણય એક આળસુ બંધિયાર તળાવ જેવું હોય છે. હંમેશા અનિર્ણયાત્મક ટેવની શરૂઆત જુવાનીમાં જ થઈ જતી હોય છે. જેમ જેમ માણસ જીવનમાં આગળ વધે છે એની નિર્ણય ન લઈ શકવાની પ્રવૃત્તિ વધારે ઉદ્દંડ બની જતી હોય છે. ઝંઝાવાતમાં ફંગોળાતું સૂક્કું પર્ણ શું નિર્ણય લેશે? એની નિયતિ તો માત્ર ત્યાં જ સુધી રહેવું છે જ્યાં સુધી એ જીર્ણશીર્ણ બની જઈને વ્યોમમાં વિસર્જીત ન થઈ જાય.

એનું સૌથી મુખ્ય કારણ છે આપણી શિક્ષણ પદ્ધત્તિની નબળાઈઓ છે. એ ક્યારેય શીખવતી નથી કે નિર્ણય લેવો એ ઉત્થાન માટે એક આવશ્યક પ્રક્રિયા છે. નિર્ણય લેવો, પોતાના ઉદ્દેશ્યને સ્પષ્ટ રાખવો સફળતાની આવશ્યક નિસરણીઓ છે. ઘેટાચાલના માર્યા મોટાભાગના વિદ્યાર્થીઓ વિદ્યા-પ્રાપ્તિ પછી પોતાને અનિર્ણયના ચાર રસ્તે ઊભેલા જુએ છે.

શિક્ષણ પદ્ધત્તિમાં શાળાકીય ફૉર્મ ભરવા માટે એક ખાસ કૉલમ હોવું જોઈએ જેમાં વિદ્યાર્થી એ સ્પષ્ટ લખે કે તેમનો ડીગ્રી મેળવીને કે પ્રમાણપત્ર પ્રાપ્ત કરવા પાછળનો દયેય(ઉદ્દેશ્ય) શું છે. તેમને શા માટે શિક્ષણ જોઈએ છે? આખરે તેમનો હેતુ શું છે? શા માટે તેઓ બી.એ. અથવા એમ.એ. અથવા એમ.બી.એ કરવા માંગે છે?

કમનસીબે શાળાકીય શિક્ષણ સમયગાળામાં જે અનિર્ણયની ટેવ વિકસિત થઈ જાય છે એ વ્યવસાયિક ક્ષેત્રમાં પણ પોતાનો પ્રભાવ દર્શાવે છે. સૌથી પહેલાં તો વિદ્યાર્થી એ જ નક્કી કરી શકતા નથી કે એણે ક્યો વ્યવસાય પસંદ કરવાનો છે. ભણતર પૂરૂં કર્યા પછી જે નોકરી હાથમાં આવે છે એ જ કરવા લાગે છે. આજે ૯૦ ટકા લોકો એ જ કામ કરી રહ્યા છે, જે તેમનું પસંદ કરેલું નથી. દેશમાં થોડી ઘેટાચાલની બોલબાલા હોવાને કારણે બધા એક સરખા જ વ્યવસાયમાં ઘૂસવાનો પ્રયત્ન કરતા હોય છે, પોતાની યોગ્યતા અને નિપૂણતાની પરવા કર્યા વગર. જ્યારે તમે વહીવટ યોગ્યતાવાળા ઉમેદવારને સંશોધન કાર્યમાં લગાડી દેશો અને સંશોધનકર્તાને વહીવટનું કામ આપી

દેશો તો તમે બેવડું નુકશાન ભોગવશો- ન તો એ વ્યક્તિનું બલ્કે દેશનું પણ. કારણ એ કે બે વધારે સેવાઓથી હાથ ધોઈ બેસશો અને બે મેળવશો બે વધારે ખરાબ સેવા.

અનિર્ણયનું એક બહુ મોટું કારણ લોકોમાં પોતાના કાર્ય માટે કોઈ પણ બલિદાન આપવાની ઊણપ પણ છે. ભલે એ લોકો પોતાના અભિભાવકોને ખોટા-વ્યવસાય-પસંદગીના દોષી બનાવે પરંતુ સત્ય તો એ છે કે તેઓના પોતાનામાં પણ ન તો સાહસ હતું ન તો બલિદાનની ભાવના કે તેઓ પોતાનો મનગમતો વ્યવસાય પસંદ કરતા. મોટાભાગના લોકોની આ જ દશા છે કે ''મનનું તો મળતું નથી એટલે જે મળ્યું એને ચાહું છું'' સ્વાભાવિક છે આવા લોકો પોતાના કામના શિખરે પહોંચી શકતા નથી કારણ કે ન તો તેઓમાં ઈચ્છા હશે ન તો ઝનૂન કે ન તો સ્વતઃપ્રેરણા.

નિર્ણયની સ્પષ્ટતા મોટા સાહસની માંગણી કરે છે. અમેરિકાના 'ડીક્લેરેશન ઑફ ઈન્ડિપેન્ડેન્સ' પર હસ્તાક્ષર કરનારા ૫૬ લોકોએ પોતાના જીવની બાજી લગાવીને આ દસ્તાવેજને કાયદેસર બનાવ્યો હતો. દરેક માણસે સફળતાની કિંમત ચૂકવે છે પરંતુ એના માટે સાહસ પણ પુષ્કળ જોઈએ છે. લિંકન, એડીસન કે હેનરી ફોર્ડે પોતાના જીવનો જ હોમી દઈને આ સફળતા અર્જીત કરી હતી. જો તમે ધનવાન બનવા ચાહો છો અને એ માટે અદમ્ય ઈચ્છા રાખો છો તો ઝનૂન ઉત્પન્ન કરો જેનાથી તમે પોતાનું સ્વપ્ન સાકાર કરી શકો. સેમ્યુઅલ એડમ્સે ' કૉલોનીઓ' માટે સ્વતંત્રતાની ઈચ્છા રાખી હતી એ પણ પૂરા ઝનૂન સાથે. તમે પણ જો કરોડપતિ, અબજોપતિ બનવા ચાહો છો તો એના માટે ઈચ્છા, સાહસ, ઝનૂન અને ધ્યેયની સ્પષ્ટતા પ્રાપ્ત કરો- અને પછી જૂઓ કે તમારી આ ઈચ્છા કઈ રીતે ફળીભૂત થાય છે.

પાછલા આગલા અધ્યાય 'વ્યવસ્થિત યોજનાબદ્ધતા'માં તમે પૂર્ણ નિર્દેશ મેળવશો કે કેવી રીતે દરેક પ્રકારની સેવાઓનું યોગ્ય વેપારીકરણ કરી તમે લાભાન્વિત કરી શકો છો. એ અધ્યાયમાં તમને નિર્દેશ મળશે કે કેવી રીતે પોતાનો મનગમતો વ્યવસાય-નોકરી જ નહી બલ્કે માલિક(એમ્પલૉયર)ને પસંદ કરવા. પણ આ નિર્દેશ કોઈ જ કામના નહી આવે જો તમે સ્પષ્ટતાથી એની ઉપર ધ્યાન આપવાનું પસંદ નહી કરો. એટલે જ શાંત ચિત્તથી એને પસંદ કરો અને વ્યવસ્થિત થાઓ.



અમીર બનવા તરફ ઉપાડો આઠમું પગલું



ખંત

જો ઈચ્છાને સાકાર રૂપ આપવું છે તો અધ્યવસાય કે ખંત એક પરમ આવશ્યક તત્વ છે. અધ્યવસાયનો મૂળ આધાર છે ઈચ્છા-શક્તિ.

જો ઈચ્છાશક્તિ અને અધ્યવસાય એક સાથે જોડાઈ જાય તો એ અસીમિત શક્તિ ઉત્પન્ન કરી દે છે. કાયમ મોટી સંપત્તિ-સંપન્નતા અર્જીત કરનારાઓને ટાઢા લોહીવાળા અને થોડી હદે નિર્ભય માનવામાં આવે છે. આ એક વિશુદ્ધ ભ્રમણા છે. તેઓ માત્ર અધ્યવસાયી હોય છે અને પોતાની ઈચ્છાને સાકાર રૂપ આપવાનું જાણે છે. એડીસન, હેનરી ફોર્ડ, કાર્નેગી અને રોકફેલર્સ આ જ શ્રેણીમાં આવે છે.

જો તમે પણ આ પુસ્તક આ જ મંતવ્યથી વાંચો છો તો કે આમાં આપવામાં આવેલા સિદ્ધાંતોને તમે તમારા પોતાના જીવનમાં લાગૂ કરશો, તો પહેલાં પોતાના અધ્યવસાયની પરખ કરી જૂઓ અને બીજા અધ્યયનમાં આપવામાં આવેલા છ પગલાંઓનું અક્ષરસઃ પાલન કરો.

બધી જ ઉપલબ્ધિઓનું પ્રથમ ડગલું હોય છે- અદમ્ય ઈચ્છાનું હોવું. એને કાયમ તમારા મગજમાં રાખો. જો ઈચ્છા નબળી હશે તો નબળું પરિણામ લાવશે- જેવી રીતે થોડી આંચથી તો થોડી ગરમી પ્રાપ્ત થશે. પહેલાં પોતાની ઈચ્છાની પારખું કરો પછી એને કામનાની આગમાં તપાવીને તપ્ત કરો.

પ્રથમ આખું પુસ્તક વાંચો અને પછી બીજા અધ્યાયને ફરીથી વાંચો અને એમાં આપવામાં આવેલા છ પગલાં સંબંધી નિર્દેશોનું પાલન કરો. જેટલી તત્પરતાથી તમે એને વાંચશો અને પાલન કરશો એટલી જ તમારી ઈચ્છાની અદમ્યતા સાથે તમારો સાક્ષાત્કાર થશે. જો તમને લાગે તમારા પર ઉદાસી હાવી થઈ ગઈ છે તો સમજી લો કે તમારી ઈચ્છા હજુ અદમ્ય થઈ શકી નથી.

મહાનતાની ઝંખના લોકોને એ જ રીતે ખેંચે છે જેવી રીતે સરિતાઓ સમુદ્ર ભણી વહે છે. જો ખંતમાં ઊણપની અનુભૂતિ હોય તો ‘માસ્ટરમાઈન્ડની શક્તિ’વાળા અધ્યાયમાં આપવામાં આવેલા નિર્દેશોનું ધ્યાનપૂર્વક વાંચો. ‘માસ્ટરમાઈન્ડ’ની સંગત ખંતની ઊણપને નિવારી શકે છે. કેટલાક નિર્દેશો ‘સ્વતઃપ્રેરણા’ના અધ્યાયમાં આપવામાં આવ્યા છે જેમાં અચેતનની શક્તિનું વિવેચન કરાયું છે. એનાથી તમને ખબર

પડશે કે ક્યારેક ક્યારે કરવામાં આવેલ કામ એટલા જ વ્યર્થ હોય છે જેટલા એક તળાવને ભુરું કરવા માટે એમાં નાંખવામાં આવેલું એક બાલ્ટીભર રંગ. ઈચ્છિત પરિણામ ત્યારે જ તમને પ્રાપ્ત થશે જ્યારે તમે પૂર્ણ મન લગાડીને પ્રયાસ કરશો. પૂર્ણ મનથી પ્રયત્ન ન કરવાનો અર્થ છે કે તમારામાં ઈચ્છા અને ખંતની ઊણપ છે. વસ્તુતઃ મૂળભૂત સિદ્ધાંત એ જ છે : જેવું તમે ઈચ્છશો તેવા તમે બની જશો.

જો તમારું મન ગરીબી ભણી ખેંચાણ અનુભવે છે તો તમે ક્યારે ધનાઢ્ય નહી બની શકો. ગરીબીનો ભાવ, સહાનુભૂતિ, સંવેદન તમારી શ્રીમંતાઈની ઈચ્છાને દબાવી દેશે. આ અચેતનનો પ્રભાવ છે.

તમને એ દૃષ્ટાંત આપું છું. માની લો કે તમે એક ખરાબ સ્વપ્ન નિહાળી રહ્યા છો. તમને લાગી રહ્યું છે કે તમે એક પાટા ઉપર છો અને સામેથી પુરપાટ એક એન્જિન આવી રહ્યું છે. પૂરી તાકાત લગાવવા છતાં તમે ટસના મસ થઈ શકતા નથી. હવે એન્જિન એકદમ પાસે આવી ગયું છે ત્યારે તમે તમારી પૂરેપૂરી તાકાતથી પડખું ફેરવીને ત્યાંથી ખસી જવા ઈચ્છશો. ત્યારે તમે જોશો કે તમે માત્ર એન્જિનથી જ બચી ગયા નથી બલ્કે જાગૃત અવસ્થામાં પણ પડખું ફરી રહ્યાં છો. એનો અર્થ એ કે સ્વપ્નની ભયાનકતાએ જાગરણમાં પણ તમારી પર અસર કરી. તમારા અચેતનના પ્રભાવમાં તમારું ચેતન મન પણ આવી ગયું.

આ પ્રકારનું અચેતન-બળ જાગૃત કરવા માટે સ્વતઃપ્રેરણા કાર્ય કરે છે. આ જ સ્વતઃપ્રેરણાને તમે 'માસ્ટરમાઈન્ડ ગ્રુપ' ને શોધો છો. જો થોડી સાવધાનીથી આવું કરશો તો તમતે એ સમૂહમાંથી ઓછામાં ઓછો એક માણસ તો ચોક્કસ એવો મળી આવશે, જે તમારામાં અધ્યવસાયની ઊંડતાને પ્રદાન કરે એનાથી પ્રેરિત થઈને તમારામાં પણ એ લગની લાગી જશે.

ખંત કે અધ્યવસાય વિના તો તમે અપંગ જ રહેશો, ખાસ કરીને ઈચ્છાપૂર્તિના ક્ષેત્રમાં, કારણ કે અધ્યવસાયની પૂર્તિ બીજા અન્ય ભાવ સાથે થઈ શકતી નથી. પરંતુ એને તમે નિશ્ચિપણે વિકસિત કરી શકો છો- વ્યક્તિગત અનુભવ અને ઈચ્છા શક્તિના જોરે. આ તો તમારા મનની એક પ્રવૃત્તિ છે. જો તમે નક્કી કરી લો કે મને કોઈ વસ્તુ મેળવવી છે, તો મન એવી રીતે કાર્ય કરવા લાગે છે. એને વિકસિત કરવા માટે નીચે થોડા પગલાં સૂચવવામાં આવ્યા છે.

(૧) **ઉદ્દેશ્યની સ્પષ્ટતા-** આ પ્રથમ પગલું એટલા માટે છે કારણ કે જો તમને એ જ સ્પષ્ટ નથી કે તમારે શું મેળવવું છે તો તમે કઈ બાજુ જશો. આ ધ્યેય તો સ્પષ્ટ હોવો જ જોઈએ.

(૨) **ઈચ્છા-** ઉદ્દેશ્યની સ્પષ્ટતા તમારી ઈચ્છાની અદમ્યતાને જ પ્રગટ કરી દેશે. જો ઈચ્છા તીવ્ર હશે ઉદ્દેશ્ય પોતાની મેળે સ્પષ્ટ થવા લાગશે.

(૩) **આત્મ નિર્ભરતા-** જો તમને વિશ્વાસ હશે કે તમે તમારું પ્રાપ્ય તમારી મેળે મેળવી લેશો, તો તમારી ઈચ્છા પણ બળવત્તર બનશે અને ખંત પણ પેદા થશે.

(૪) **સ્પષ્ટ યોજના-** યોજના ભલે નબળી હોય કે બિનવ્યવહારૂ પ્રતીત થાય પણ, એનાથી ઈચ્છા શકિતને જોમ પ્રાપ્ત થાય છે અને ઈચ્છાશકિતથી અધ્યવસાયમાં ગતિ આવે છે. વસ્તુતઃઆ બધા આવેગો એકબીજાની સાથે એકીકૃત રૂપે સંબંધ રહે છે.

(૫) **યોગ્ય જ્ઞાન-** આમાં કોઈ તીન-તુક્કા હોતા નથી. યોગ્ય જ્ઞાનની પ્રેરણા ખંતથી થાય છે. જો એડીસનમાં ખંત હતું કે વિજળીનો બલ્બનું સંશોધન કરીશ તો પોતાના ખંતથી છેવટે યોગ્ય જ્ઞાન પણ મેળવી લીધું.

(૬) **સહયોગ-** જો આજુબાજુના લોકો જોમ વધારનારા હોય તો ખંત બળવત્તર બનતું જાય છે- પણ જો કેટલાક લોકો હતાશ કરી દેનારા હશે તો પણ તમારા ખંતમાં ધાર લાગશે અને મનમાં એ ભાવ જાગવા લાગે છે કે 'આ તો મારે કરીને જ દેખાડવું છે.'

(૭) **ઈચ્છા શકિત-** ઈચ્છાશકિત તો ખંત અને અધ્યવસાયનો આધાર છે. કોઈ પણ ધ્યેયને મેળવવાની ઈચ્છા, જ્યારે ઈચ્છા શકિતનો સાથ મળે છે ત્યારે ખંત બનીને ઉભરે છે.

(૮) **ટેવ-** આ એક પરમ આવશ્યક તત્વ છે. એટલા માટે વારંવાર કહેવામાં આવે છે કે જીતવાની ટેવ પાડો! કારણ કે જો એક વાર પણ હાર સાથે સમજૂતી કરી લીધી તો એવી જ ટેવ પડી જશે. કદીયે ઉદ્દેશ્યથી ઓછા પર સમજૂતી કરવી જોઈએ નહી. કહે છે કે પ્રસિદ્ધ ઈટાલિયન શિલ્પકાર ભાઈ... રોમમાં એક ચર્ચમાં હજારો ભીતચિત્ર બનાવાવનું કાર્ય પૂર્ણ કરી લીધું અને તેની ચકાસણી કરવા લાગ્યો ત્યારે તેણે જોયું કે તેના દ્વારા બનાવવામાં હજારો ચિત્રમાંથી એક ચિત્ર એવું હતું કે જેમાં એક માણસનું નાક વાંકુ લાગી રહ્યું હતું. જો કે માથું ઉંચું કરીને કામ કરતાં એની ડોક એટલી જકડાઈ ગઈ હતી કે એને હલાવવી પણ મુશ્કેલ હતું, તો પણ એણે એ ચર્ચના વ્યવસ્થાપકને છીણી, હથોડી અને સીડી લાવવાનું કહ્યું. એ વ્યવસ્થાપકે કહ્યું : "આટલા હજારો ચિત્રમાંથી એક ચિત્રની આ ખામી કોણ જોશે! જવા દો!" પરંતુ યશસ્વી શિલ્પકાર બોલ્યા:"ના, સામાન લાવો! હું તો આ ખામી જોઈ રહ્યો છું!"એટલે કામ સંપૂર્ણતાથી કરવાની આદત ઉત્પન્ન કરવી જોઈએ. ત્યારે અધ્યવસાય કે ખંતની ધારમાં તીક્ષ્ણતા આવશે.

ખંતની ઊણપના કારણો

આ ઉપશીર્ષકમાં એ શત્રુઓનો હવાલો આપવામાં આવ્યો છે જે તમારી અને તમારી ઈચ્છિત ઉપલબ્ધિઓની વચમાં અડિંગો લગાવીને ઉભા છે. તેઓને ઓળખો અને એને દૂર કરવા(વધ કરવા)નો પ્રયત્ન કરો.

(૧) પોતાના સ્પષ્ટ લક્ષ્યને ન ઓળખી શકવું

(૨) કોઈ વ્યાજબી કારણ સિવાય બહાનાબાજી કરવાની પ્રવૃત્તિ

(૩) વિશિષ્ટ જ્ઞાન મેળવવા માટેની અરુચિ અને આળસ

(૪) અનિર્ણયની સમસ્યા કે નિર્ણય ન લઈ શકવાની સમસ્યા કે પલાયનવૃત્તિ

(૫) મહેનતથી મેળવવામાં આવેલી શોધ યોગ્ય નિષ્કર્ષોને બદલે તુક્કાઓ અને ઈલહાસ ઉપર કાર્ય કરવાની રીત

(૬) શીઘ્ર સંતુષ્ટ થઈ જવાની ટેવ. અગાઉ પણ લખવામાં આવ્યું છે કે આ એક ખોટી ટેવ છે અને આને દૂર કરવાનો દરેક સંભવ પ્રયાસ કરવો જોઈએ.

(૭) ઉદાસીનતા- આ પણ પલાયનવૃત્તિનું એક પ્રારંભિક લક્ષણ છે.

(૮) બીજા ઉપર દોષ ઢોળવાનો સ્વભાવ- આવા લોકો પોતાની ભૂલને બીજા ઉપર ઢોળવા માંગતા હોય છે અને પોતાની (ખામી)નબળાઇનો સ્વીકાર કરતા નથી

(૯) ઈચ્છાની નબળાઈ-જેમ કે ઉદ્દેશ્યની યોગ્ય પસંદગી કરવામાં આવતી નથી.

(૧૦) પ્રથમ હાર કે ઝટકાને કારણે બધું છોડીને નાસી છૂટવાની આતુરતા(આનું કારણ આગળ ભય સંબંધી અધ્યાયમાં જોઈશુ)

(૧૧) ના વિચાર ગ્રહણ કરવાની આતુરતા, ના તક છોડવાની ઈચ્છા

(૧૨) માત્ર ઈચ્છા ધરાવવી, એને સંબંધિત કોઈપણ ઊંડ ઈચ્છાની અનુપસ્થિતિ હોવી.

(૧૩) વ્યવસ્થિત યોજનાઓનો અભાવ

(૧૪) ધન-સમૃદ્ધિ મેળવવા માટે તનતોડ મહેનત કરવાને બદલે, ગરીબી સાથે સમજૂતી કરી લઈ પોતાના દુર્ભાગ્યને દોષ દેતા સમય વ્યતીત કરવો.

(૧૫) ધન-સમૃદ્ધિ મેળવવા માટે હંમેશા સાંકડી શેરી(શોર્ટકટ)ની શોધમાં રહેવું અને ક્યારેય સીધા માર્ગે ધન-પ્રાપ્તિ માટે પ્રયત્ન પણ ન કરવો. આવા લોકો હંમેશા જુગાર, લૉટરી, સટ્ટો, ઘોડાદોડ(રેસ) વગેરેના આકર્ષણ પાછળ પોતાનું સર્વસ્વ ગુમાવી બેસે છે.

(૧૬) ટીકાનો ભય. આવા લોકો બીજા શું કહેશે એ વિચારસરણીમાં ખોવાયેલા રહે છે અને પોતાની ઈચ્છા પ્રાપ્ત કરી શકતા નથી.ખરેખર આ ગભરૂ સ્વભાવ અધ્યવસાયને સર્વાધિક નબળો પાડી દે છે. કામ શરૂ કરવાનો ભય અને એમાં નિષ્ફળતાનો ભય આવા લોકોને કામ જ કરવા દેતો નથી. ટીકાનો ભય એવો ભાવ છે જે મોટામાં મોટી ઈચ્છાનો નાશ અને ખંતને તોડી નાંખી શકે છે. આવા લોકો બીજાને પોતાની ઉપર પ્રભાવ જમાવવા દેવાની ખુલ્લી છૂટ આપી દે છે અને પ્રભાવ હેઠળ પોતાની મનગમતી તક પણ મેળવી શકતા નથી. સાચું કહીએ તો આવા લોકો બહુ મોટા અર્થમાં પ્રતિક્રિયા વાદી છે. એમની બધી જ ક્રિયાઓનો આધાર બીજાની પ્રતિક્રિયા હોય છે.

હું મારૂં જ ઉદાહરણ આપું છું. જ્યારે એન્ડ્રૂઝ કાર્નેગીએ આ સુઝાવ આપ્યો હતો કે આ કામમાં હું મારા વીસ વર્ષ આપું, મારો પણ પ્રથમ વિચાર હતો- લોકો શું કહેશે. મેં પણ આવું કામ પહેલાં કર્યું નહોતું. મારૂં મન પણ તત્કાળ એને ન કરવાના બહાનાઓ શોધવા લાગ્યું. મારી અંદરથી જાણે કોઈ મને કહી રહ્યું હતું, તું આવું કરીશ તો કમાઈશ શું? કઈ રીતે પોતાનું ગુજરાન ચલાવીશ? શું કોઈએ આ પહેલા પણ આવી રીતે સફળતાનો વ્યવસ્થિત માર્ગ બનાવવાનો પ્રયાસ પણ કર્યો છે? તું કઈ રીતે વિચારે છે કે આ કામ તું કરી શકીશ? આવા બધા હતોત્સાહિત કરી દેનાર વિચારો મારા મનમાં ગુંજવા લાગ્યા. મને લાગ્યું કે આખુંય વિશ્વ મને અપમાનિત કરવા અને મારી મશ્કરી કરવા માટે જાણે મને જ જોઈ રહ્યું છે.

આ સંભાવનાની ભૃણ-હત્યા કરવાની મારી પાસે એક તક હતી. પછી મેં મારી શોધ દરમ્યાન જોયું કે આપણા મોટાભાગના વિચારો ઉત્પન્ન થાય ત્યારે જ મૃત બની જાય છે. જ્યાં સુધી આપણે એમાં આશા રૂપી પ્રાણવાયુનો સંચાર એમાં ન કરીએ! એટલા માટે જો કોઈ વિચાર પોતાના જન્મ સમયમાં જ આશારૂપી પ્રાણવાયુ પ્રાપ્ત ન કરે તો મૃત્યુ પામશે. એને મારવા માટે ટીકાનો ભય એક મોટું ઘાતક હથિયાર સાબિત થાય છે. આ ભયથી મુક્તિ મેળવવી આવશ્યક છે.

ઘણા લોકોની ભ્રમણા છે કે ધન-સંપત્તિની પ્રાપ્તિ કોઈ 'સૌભાગ્યશાળી બ્રેક'થી થાય છે. પણ આ સાચું નથી. એમાં ભાગ્યનો હાથ જરૂર હોય છે પણ આખુંય ભાગ્ય જ કામ નથી આવતું. એમાં પ્રયાસ પણ સમ્મિલિત હોય છે જે એ 'બ્રેક'ને શોધવામાં સહાયક સાબિત થાય છે. અર્થાત્ જેને આ 'બ્રેક'નો આઈડીયા હોય છે એ જ આને શોધી શકે છે. ઓછામાં ઓછું એ ક્ષેત્રમાં તો ઘૂસો જેમાં તમે 'બ્રેક' ઈચ્છો છો. એ બરાબર છે કે સફળતાના ભવનમાં તમને પ્રવેશ ત્યારે જ મળે છે જ્યારે ભાગ્ય દ્વાર ખોલે છે પરંતુ એ દ્વાર સુધી પહોંચીને એને ખટખટાવાનું કામ તો તમારૂં છે, ભાગ્યનું નહી.

એનું કારણ એ જ હોય છે કે આપણે યોગ્ય રીતે એ જાણતા નથી કે આપણને જીવનમાં શેની તલાશ છે. તમે ઈચ્છો તો આ પરીક્ષણ જાતે કરી શકો છો. તમે કોઈ દસ માણસની પસંદગી કરી લો અને તેઓને પૂછો કે ખરેખર તેઓને જીવનમાં શું જોઈએ છે. પહેલા તો તેઓ અવાચક બની તમારી સામે જોયા કરશે. જ્યારે તમે બહુ ભાર આપીન પૂછશો ત્યારે કશુંક કહેશે! 'સલામતી'- કેટલાક 'ધન' માંગશે. બહુ ઓછા ખુશીની વાત કરશે-કેટલાક 'માન્યતા' ઈચ્છશે તો કેટલાક આધ્યાત્મિક 'આનંદ'ની ઈચ્છા જણાવશે. પરંતુ કોઈ પણ સ્પષ્ટ શબ્દોમાં પોતાની વાસ્તવિક ઈચ્છાને ભાગ્યે જ જણાવી શકશે- કારણ કે તેઓને પોતાને જ ખબર નથી કે તેમની ઈચ્છા શું છે. કારણ, એ જ એમની જીવન જીવવાની શૈલી અને દોયમ પરિસ્થિતિમાં જીવન જીવવાનું આળસ. આવામાં ખંત કે અધ્યવસાયનો ભાવ કઈ રીતે આવી શકે છે.

એના માટે નીચે જણાવ્યા મુજબ ધ્યાન રાખવું જોઈએ, જીવનનું એક ધ્યેય ઉત્પન્ન કરો અને નક્કી કરો કે તમારે શું જોઈએ છે. પછી એ ચાહને એક અદમ્ય ઈચ્છાનું રૂપ આપો; યોજના બનાવો અને એક વાર જે માર્ગ નક્કી કરી લીધો એનું ખંડન કરવા માટે કોઈ પણ પ્રકારના નકારાત્મક વિચાર, ટીકા કે હતોત્સાહિત કરનારી વાતો કદાપિ ન સાંભળો. એના બદલે એ લોકનો સંગાથ કરો જે એને આગળ ધપાવવામાં તમારા ઉત્સાહમાં વૃદ્ધિ કરે.

આ પ્રક્રિયા ફક્ત ધન-પ્રાપ્તિ માટે નહી કોઈ પણ પ્રિય વસ્તુને મેળવવા માટે અસરકારક બની શકે છે. ઉદાહરાણર્થે શ્રીમતી વાલિસ સિમ્પસન અને ઈંગ્લેન્ડના રાજા કિંગ એડવર્ડનો મામલો જ લઈ લો. શ્રીમતી સિમ્પસને પુનઃલગ્ન કર્યા પરંતુ તેમને પોતાના મનનો માણીગર ન મળ્યો. પણ એમના મનમાં લગની હતી એટલે એમની શોધ ચાલુ રહી. છેવટે કિંગ એડવર્ડને મેળવીને આ શોધ સમાપ્ત થઈ. બન્નેને લાગ્યું કે જાણે તેમની ઈચ્છા સાકાર સ્વરૂપે એમની સમક્ષ આવીને ઉભી રહી ગઈ. આ કિસ્સો બીજા વિશ્વયુદ્ધ પહેલાંનો જ છે. એ સમયે આખાય વિશ્વમાં ઈંગ્લેન્ડનો ડંકો વાગતો હતો.ઈંગ્લેન્ડના રાજા હતા કિંગ એડવર્ડ! જ્યારે તેઓએ એ અમેરિકન છૂટાછેડાવાળી મહિલા, શ્રીમતી સિમ્પસન સાથે લગ્નની ઈચ્છા વ્યક્ત કરી તો બ્રિટનના કાયદાઓ આડે આવી ગયા. બ્રિટીશ કાયદાઓ મુજબ ત્યાંના રાજા કોઈ છૂટાછેડાવાળી સ્ત્રી સાથે લગ્ન કરી શકતા નથી.પરંતુ કિંગ એડવર્ડ પણ જીદ્દી હતા. તેમને પોતાની ઈચ્છા સાકાર થતી જોવા મળી રહી હતી. એટલે તેઓએ કાયદાની સલાહ માનતા રાજગાદીનો ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો પણ શ્રીમતી સિમ્પસનનો ત્યાગ ન કર્યો. પ્રેમનું આવું જ્વલંત ઉદાહરણ આધુનિક યુગમાં દુર્લભ છે. જ્યાં સત્તાના મોહમાં લોકો પોતાના પ્રિયમાં પ્રિય વ્યક્તિની બલિ ચઢાવતા પણ ખચકાતા નથી. બન્નેને લાગી રહ્યું હતું કે પ્રેમની આગળ રાજગાદી, વૈભવ કે સત્તા કે સમગ્ર વિશ્વનું પણ કોઈ જ મોલ નથી. બન્નેએ પોતાની ઈચ્છાનું સાકાર રૂપ પ્રાપ્ત કરી લીધું હતું.

સ્ટૂઅર્ટ ઑસ્ટિનના શબ્દોમાં આપણે પણ આપણી ભાવના ભેળવીને કહી શકીએ છીએ :

"સૌભાગ્યશાળી છે એ માનવી જેણે પિછાણ્યું કે આપણા વિચારો એ આપણાં જ મધુરતમ્ વિચાર હોય છે.

એ માનવી જે કાજળઘેરા ઊંડાણમાંથી પ્રેમનો પ્રકાશ નિહાળી શકે છે.

અને કહી શકે છે

કે મારા મધુરતમ્ ભાવ માત્ર તારા જ માટે છે.-મારા પ્રિય"

જો તમે અધ્યવસાય કે ખંતનો જાદુ સમજવા ચાહો છો તો પયગમ્બર મોહમ્મદની જીવનગાથા વાંચો- એ જે થૉમસ સુગ્રુ દ્વારા લખવામાં આવી છે અને એનો સાર નીચે આપવામાં આવ્યો છે.

અંતિમ મહાન પયગમ્બર

મોહમ્મદ એક પયગમ્બર હતા પણ તેઓએ કોઈ ચમત્કાર કદીયે દેખાડ્યો નહોતો. આ તો એક રહસ્યવાદી સંત હતા જેમને □□પરાચિક શિક્ષણ પણ મળ્યું નહોતું. તેમનું ખરૂં કાર્ય તો ચાળીસ વર્ષની ઉંમર પછી શરૂ થયું હતું. જ્યારે તેઓએ ઘોષણા કરી કે તેઓ પરમાત્માનો પયગામ લઈને આવ્યા છે, આખીય દુનિયાને ગરીબીનો પાઠ ભણાવવા માટે તો તેમની મશ્કરી કરવામાં આવી અને પાગલ ઠેરવવામાં આવ્યા. બાળકો તેમને હેરાન કરતા અને સ્ત્રીઓ તેમની ઉપર ગંદકી ફેંકતી. તેમને પોતાના શહેર મક્કામાંથી બહાર કાઢી મૂકવામાં આવ્યા. બધોય સરસામાન પડાવી લઈને તેમના ગણ્યા ગાંઠ્યા અનુયાયીઓ સાથે અરણ્યમાં મોકલી દેવામાં આવ્યા જ્યાં તેઓએ દસ વર્ષો સુધી ઉપદેશ આપ્યો. તેમની પાસે નિષ્કાસન, ગરીબી અને ઉપહાસને દેખાડવા સિવાય બીજું કશું નહોતું. પરંતુ દસ વર્ષોનો સમય પસાર થતાં સુધીમાં તેઓ આખાય અરબસ્તાનના અધિનાયક અને મક્કાના મઠાધીશ તરીકે ઓળખાવા લાગ્યા હતા. તેઓ એક નૂતન વિશ્વના સર્જક હતા જેનો પ્રભાવ ડેન્યુબથી માંડીને પાયરેનીઝ પર્વતશ્રૃંખલા સુધી છવાયેલો રહ્યો હતો. તેમની ઉપદેશાત્મક શિખામણમાં મુખ્ય ત્રણ બાબતો હતી, શબ્દોની તાકાત, પ્રાર્થનાની સત્યતા અને માણસનું ઈશ્વર સાથેનું સામિપ્ય.

તેમનું જીવન અત્યંત વિચિત્ર રીતે પ્રારંભ થયું હતું. મક્કામાં એક પ્રતિષ્ઠિત પરંતુ ગરીબ પરિવારમાં તેમનો જન્મ થયો હતો. એ સમયે મક્કા સમગ્ર વિશ્વનું વેપારનું કેન્દ્ર, પ્રસિદ્ધ જાદુઈ પથ્થર કાબાનું એક બિનસ્વાસ્થ્યકારી હવાપાણીવાળું શહેર હતું, એટલે ત્યાંની બેદૂઈન જાતિ પાસે અરણ્યમાં તેમને મોકલી દેવામાં આવતા હતા. મોહમ્મદનું આવા વાતાવરણમાં લાલન-પાલન થયું. ભટકતી જાતિના લોકો સાથે ફરતા-

રખડતા. તેમનું ગોવાળીયાનું કામ હતું-ઘેટાંને ચરાવવાનું અને તેની રખેવાળી કરવાનું. એક વિધવાએ શીદર તેમને પોતાના કબિલાના મુખિયા બનાવી દીધા. તેઓએ પૂર્વીય-વિશ્વનું ભ્રમણ કર્યું- ઘણાય ધર્મોના લોકો સાથે વાર્તાલાપ કર્યો અને ખ્રિસ્તી ધર્મનો પરાભવ પણ જોયો, જે ઘણી બધી શાખાઓમાં વહેંચાઈ રહ્યો હતો. અઠ્ઠયાવીસમાં વર્ષે તેઓએ ખદીજા નામની એક વિધવા સાથે લગ્ન કરી લીધા, જો કે તેમના પિતાએ તેમનો વિરોધ કર્યો હતો પરંતુ એ વિધવાએ તેમને રાજી કરી લીધા. ત્યાર પછીના ૧૨ વર્ષ સુધી તેઓ એક ધનવાન વેપારીની જેમ દોરદમામમાં જીવ્યા. પછી તેઓએ અરણ્યમાં ફરવાનું ચાલુ કર્યું. એક દિવસે જ્યારે પાછા આવ્યા ત્યારે તેમણે ખદીજાને જણાવ્યું કે તેમની પાસે કુરાનનું જ્ઞાન આવી ગયું છે. એક મોટા દૂત જબરીલે તેમને જણાવ્યું કે તેઓ ઈશ્વરના પયગમ્બર છે.

અલ્લાહ દ્વારા પ્રયુક્ત કુરાનનું જ્ઞાન જ એક માત્ર ચમત્કારિક સત્ય ઘટના છે જે તમના જીવનમાં ઘટી. તેઓ કોઈ કવિ નહોતા, શબ્દોનો યોગ્ય પ્રયોજનથી અજાણ-પરંતુ જે કુરાનની આયાતો તેઓ ઈમાનવાળા લોકોને સંભળાવતા હતા કોઈ પણ પ્રબુદ્ધ કવિની કવિતાથી વધુ પ્રભાવશાળી હતી. અરબસ્તાનના લોકો માટે આ એક ચમત્કારથી ઓછું નહોતું. પછી કુરાને એક નવું જ્ઞાન આપ્યું કે બધા જ માણસો એકસમાન છે અને સમગ્ર વિશ્વ બધાનું છે. આ એક લોકતાંત્રિક વ્યવસ્થા છે મોહમ્મદ કાબામાં ૩૬૦ મૂર્તિઓની પૂજાપાઠના વિરોધી હતા, જેના માટે તેમને ત્યાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા. તેમનું માનવું હતું કે આવી મૂર્તિપૂજા વૈમનસ્ય ઉત્પન્ન કરે છે. ત્યાર બાદ તેઓ અરણ્યમાં ભ્રમણ કરવા માટે અને વિશ્વના રાજા હોવાની ઘોષણા કરી.

તેઓ દ્વારા જ ઈસ્લામનો ફેલાવો થયો-જ્ઞાનનો એક દીપ પ્રગટ્યો, અને એનો પ્રકાશ ફેલાયો. મોહમ્મદે બધાને પોતાના એકેશ્વરવાદી ધર્મ સ્વીકાર કરવા માટે આમંત્રિત કર્યા. જેમાં યહુદી પણ હતા અને ખ્રિસ્તી પણ. જો આ લોકો યોગ્ય રીતે એકેશ્વરવાદી ધર્મ સ્વીકારના નિમંત્રણને સ્વકારી લેત તો ઈસ્લામ આખાય વિશ્વમાં પ્રસરી ગયો હોત. પરંતુ લોકો તો એકેશ્વરવાદી ધર્મ સ્વીકાર દ્વારા શરૂ કરવામાં આવેલ માનવીય જેહાદ પણ સ્વીકારી શક્યા નહી. જ્યારે આ પયગમ્બરની સેવાઓ યરૂશાલેમની અંદર પહોંચી ત્યારે પોતાના ઈમાનને કારણે એક પણ માણસ મૃત્યુ પામ્યો નહોતો થયો. પણ ત્યાર પછી જ્યારે બીજા ધર્મના યોદ્ધાઓ ત્યાં પહોંચ્યા ત્યારે એક પણ મુસલમાન માણસ, સ્ત્રી કે બાળકોને પણ નહોતા છોડવામાં આવ્યા. પરંતુ ખ્રિસ્તી ધર્મે તો એક પાઠ મુસલમાનો પાસેથી શીખ્યો તે વિશ્વ બંધુત્વ.



અમીર બનવા તરફ ઉપાડો નવમું પગલું

१०

'માસ્ટર-માઈન્ડ'ની શક્તિ

ધન-રાશિ પ્રાપ્ત કરવા માટે શક્તિ કે તાકાતનું કેન્દ્રીકરણ અત્યંત આવશ્યક છે. જો તમારી પાસે તાકાત નથી તો દરેક યોજનાઓ એમને એમ પડી રહેશે. આ અધ્યાયમાં અમૂક એ યુક્તિઓ ઉપર વિચાર કરવામાં આવ્યો છે જેમાં કોઈ પણ વ્યક્તિ તાકાત મેળવીને ધનવાન બની શકે છે.

શક્તિની પરિભાષા કહીએ તો આમ કહી શકીએ " આ વ્યવસ્થિત અને બુદ્ધિમત્તાથી લાગૂ કરવામાં આવેલ જ્ઞાન છે." એટલે કે આ એક વ્યવસ્થિત પ્રયાસનું દ્યોતક છે. જેના દ્વારા કોઈ પોતાની ઈચ્છાને ધનના રૂપમાં પરિવર્તિત કરી શકે છે.

આવો આ શક્તિપ્રાપ્તિના રીતો ઉપર વિચાર કરીએ. જો શક્તિ "સુવ્યવસ્થિત જ્ઞાન"નું સ્વરૂપ છે, તો આપણે જોઈશું કે આ જ્ઞાન પ્રાપ્ત કરવા માટેના ક્યા ક્યા સ્રોત હોઈ શકે.

(ક) **અનંત મેધા-** રચનાત્મક કલ્પનાની સહાયતા વડે આ સ્રોત સાથે સંપર્ક સાધી શકાય છે.

(ખ) **એકત્રિત અનુભવનો ખજાનો-** આનો સ્રોત કોઈ પણ સારા વાંચનાલયમાંથી મહાન લોકોના જીવન ચરિત્રો વાંચીને મેળવી શકાય છે.

(ગ) **પ્રયોગ અને શોધ-** વિજ્ઞાન અને જીવના અન્ય ક્ષેત્રોમાં પ્રયોગો તો થતા જ રહે છે, જેનાથી નવા નવા સાથ ઉપલબ્ધ થઈ રહ્યા છે. જો એકત્રિત અનુભવોનો ખજાનો અનુપલબ્ધ હોય તો જે નવા પ્રયોગો સંસારમાં થઈ રહ્યા છે, એની સહાય લેવી જોઈએ.

જ્ઞાન આમાંથી ગમે તે સ્રોત દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. એ જ્ઞાનને સ્પષ્ટ યોજનાઓ દ્વારા કાર્યાન્વિત કરી શક્તિ પ્રાપ્ત કરી શકાય છે. આ ત્રણેય સ્રોતોને જોઈ-ચકાસીને તમે જ્ઞાનને, પોતાની ઈચ્છાને જીવંત કે પૂર્ણ થતી જોઈ શકો છો. આના સિવાય શક્તિ પ્રાપ્ત કરવા માટેનો એક બીજો મોટો સ્રોત છે 'માસ્ટરમાઈન્ડ.'

માસ્ટરમાઈન્ડ દ્વારા શક્તિ પ્રાપ્તિનો ઉપાય

એક સ્પષ્ટ ઉદ્દેશ્યને મેળવવા માટે બે કે વધારે લોકોની મધ્યે, એકાત્મભાવથી કરવામાં આવેલો પ્રયાસ આ માસ્ટરમાઈન્ડને પરિભાષિત કરે છે. કોઈ પણ વ્યક્તિ એ એની શક્તિના ઉપયોગ કર્યા વિના મહાન શક્તિ મેળવી શકતો નથી. પાછલા અધ્યાયોમાં નિર્દેશિત કરવામાં આવ્યું છે કે કઈ રીતે તમે યોજનાબદ્ધ રીતે પોતાની નિરાકાર ઈચ્છાને સાકાર ભાવ-ધન-સંપત્તિમાં પરિવર્તિત કરી શકો છો. જો તમે આ ખંત અને અધ્યવસાય સાથે કરશો અને માસ્ટરમાઈન્ડ ગ્રુપનું યોગ્ય રીતે ચયન કરશો તો તમે દરેક પ્રકારની તમારી વાંછિત ઉપલબ્ધિ મેળવી લેશો. આ ગ્રુપ સાથે તમારે પૂર્ણ પ્રામાણિકતા અને સમરસતાથી કાર્ય કરવું આવશ્યક છે. આ એક પ્રકારનું જોડાણ છે જેમાં એક જ ઉદ્દેશ્ય પ્રાપ્ત કરવા માટે કેટલાક લોકો જોડાયેલા હોય છે. સાચું પૂછો તો દરેક મોટી ઉપલબ્ધિની પાછળ કોઈ એકનો નહી પણ ઘણાય લોકોનો હાથ હોય છે- જો કે શ્રેય કોઈ એકાદને જ મળતો હોય છે.

ખરેખર તો આ ધ્યાનમાં રાખવું જોઈએ કે સમસ્ત બ્રહ્માંડ બે અસ્તિત્વમાં કે બે તત્વોથી જ બને છે. પદાર્થ અને ઊર્જ(પાછલી શતાબ્દીના ચુનંદા મહાગણિતજ્ઞ, આલબર્ટ આઈનસ્ટાઈને આ બન્નેનો સંબંધ સ્થાપિત કરતા પોતાના પ્રસિદ્ધ સૂત્ર ઈ-એમસી(વર્ગ)(ઈ$=mc^2$) બનાવ્યું હતું. જ્યારે બે માનવ મગજ પૂર્ણ તાદાત્મયતાની સાથે કાર્ય કરવા લાગે છે તેની ઊર્જા સમ્મિલિત થઈને એક ત્રીજા મગજનું સર્જન કરે છે. આર્થિક જગતમાં આની બહુ મોટી ઉપલબ્ધિ છે. સર્વપ્રથમ આ માસ્ટરમાઈન્ડ સિદ્ધાંતના વિશે મને એન્ડ્રૂઝ કાર્નેગીએ આશરે પચ્ચીસ વર્ષ પહેલા જણાવ્યું હતું. સાચું કહું તો આ સિદ્ધાંતથી પ્રભાવિત થઈને મેં તેમણે દર્શાવેલું કામ લીધું હતું જે કદાચ મારા જીવનનું સૌથી મહત્વપૂર્ણ કામ બની ગયું.

કાર્નેગી મહાશયના માસ્ટરમાઈન્ડમાં પચાસ માણસોનો સમૂહ કામ કરતો હતો. બધાની સમક્ષ એક ચોક્કસ ઉદ્દેશ્ય હતો- સ્ટીલનું માર્કેટીગ. તેઓએ ત્યાર પછી જણાવ્યું કે તેઓ તેમની સમગ્ર ઉપલબ્ધિનો યશ આ માસ્ટર માઈન્ડ સમૂહને આપે છે. વસ્તુત:તમે કોઈ મોટા કે મહાન માણસનું જીવન વૃતાંતનું વિશ્લેષણ કરશો ત્યારે જાણી શકશો કે અજાણતામાં તેઓ દરેક જણ આ માસ્ટરમાઈન્ડના સિદ્ધાંતથી લાભાન્વિત થયા હતા.

હેનરી ફોર્ડનું જીવનવૃતાંત જ લઈ લો. જ્યારે તેમણે કાર્ય આરંભ કર્યું ત્યારે તેઓ ગરીબી, અશિક્ષિતપણા અને અજ્ઞાનથી ભરેલા હતા. પરંતુ જ્યારે તેઓ માસ્ટર માઈન્ડો સાથે જોડાઈ ગયા ત્યારે એ નબળાઈઓને તેમણે કાઢીને બહાર ફેંકી દીધી અને તેઓની સમકક્ષ કે એનાથી કે એમનાથી પણ વધારે મહાન વ્યક્તિ બની ગયા. તેઓને માત્ર અખૂટ ધન જ નહી બલ્કે અસીમિત શક્તિ પણ પણ પ્રાપ્ત થઈ. તેમની સાથે જોડાયા હતા એડીસન, બરબેંક, વરોજ અને ફાયરસ્ટોન. જે અમેરિકાની પ્રસિદ્ધ અને ધન સંપત્તિના નિર્ણાયક ભાગીદાર માનવામાં આવી રહ્યા છે.

તમે ગાંધીજીને જ જુઓ? એમની પાસે એવું શું હતું કે તેઓ ભારતમાં આંદોલનોમાં કૂદી પડયા-ફક્ત પોતાના દક્ષિણ આફ્રિકાના કડવા અનુભવ, બ્રિટિશ રાજનો તિરસ્કાર, એક અસ્પષ્ટ ભાષા અને એક માયકાંગલું શરીર. પરંતુ તેમની પાસે મનની શક્તિ હતી- એવી શક્તિ જેણે તેમના સહયોગીઓ સાથે ભેગા મળીને બ્રિટિશ શાસનને ભારતમાંથી તગેડી મૂલ્યું. એમના એક અવાજનો સાથ આપવા માટે આશરે ૨૦ કરોડ અવાજ ઉત્પન્ન થઈ ગયા. તેઓ જ્યાં કંઈ જતા જાણે સમગ્ર દેશ તેમનું અનુસરણ કરવા લાગતો. આ શક્તિ તેઓને ક્યાંથી પ્રાપ્ત થઈ? પોતાના સહયોગીઓ પાસેથી, પોતાના અનુયાયીઓ પાસેથી અને પોતાના અનુભવોમાંથી. આ જ માસ્ટરમાઈન્ડના સિદ્ધાંતનો તેઓએ સર્વાધિક અસરકારક ઉપયોગ કર્યો. આ એક ચમત્કાર જ હતો કે એક સામાન્ય જેવો માણસ કરોડો માણસોના હૃદયમાં રાજ કરવા લાગ્યો. તેમણે પોતાના સાથીઓને શીખવ્યું કે કઈ રીતે કઈ રીતે એક થઈને પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં બધા સહભાગી બની શકે છે. એ એક ચમત્કાર જ હતો- એટલા માટે આલબર્ટ આઈનસ્ટાઈને તેમના મૃત્યુવેળાએ આવા ઉદ્ગાર વ્યક્ત કર્યા હતા:આવનારી પેઢીઓ બહુ મૂશ્કેલીથી વિશ્વાસ કરશે કે આવો હાડ-માંસનો માનવી ખરેખર આ પૃથ્વી પર પેદા થયો હતો.

યાદ રાખો, ધન-સંપત્તિ એક શરમાળ નખરાળી યુવતી છે. એને પટાવવી અત્યંત કઠીન કાર્ય છે. કારણ કે એ સરળતાથી હાથમાં આવે એવી નથી હોતી. એના માટે અદમ્ય ઈચ્છા, જાત પર ભરોસો, ખંત, સ્વતઃપ્રેરણા અને કાર્ય કરવાની યોગ્ય યોજનાઓની આવશ્યકતા હોય છે.

એ પણ યાદ રાખો કે આ ધન-સંપત્તિ સ્વભાવે અત્યંત ચંચળ હોય છે.એને પ્રાપ્ત કરવી મુશ્કેલ જ નહી પણ એને જાળવી રાખવી એ પણ લોઢાના ચણા ચાવવા જેવું છે. કારણ કે એ જે ગતિએ આવે છે એ જ ગતિએ પાછી પણ જતી રહે છે. આ એક અદૃશ્ય શક્તિ દ્વારા સંચાલિત હોય છે. જેની તુલના એક નદી સાથે કરી શકાય. પરંતુ આ ધારામાં અને નદીની ધારમાં એક ફેર પણ હોય છે. જ્યાં નદીની ધારા હંમેશાં એક દિશામાં વહે છે. આ ધારાના બે ભાગ હોય છે જે બન્ને કિનારે જુદી જુદી અને એકદમ વિરૂદ્ધ દિશામાં વહે છે. એક કિનારા પર આગમનવાળી ધારા હોય છે જે હકારાત્મક વિચાર, પ્રબળ ઈચ્છા-શક્તિ વગેરેમાં વહે છે. પરંતુ બીજી બાજુ નકારાત્મક ધારા હોય છે જે મુંઝવણો, અડચણો અને પરેશાનીઓને બીજી તરફ વહાવીને લઈ જાય છે. એક કિનારાથી એક ધારા ધન-સંપત્તિ પ્રદાન કરે છે તો બીજી બાજુ જનારી આ ધારા એ ધારાને પ્રાપ્ત કરવા માટેની અડચણોને દૂર કર્યા કરે છે. આ બન્ને ધારાઓ નિરંતરરૂપે પ્રવાહિત થાય છે ત્યારે જ માણસ વિપુલ સંપત્તિ મેળવી એડીસન, ફોર્ડ કે ગાંધી સદૃશ્ય થઈ શકે છે. જો તમારી પાસે ઈચ્છા શક્તિ છે, વિચાર છે, વિશ્વાસ છે તો

તમે હકારાત્મક ધારા સાથે વહો છો-જો નથી તો અભાવની ધારા તમને ગરીબી તરફ ધકેલ્યા કરે છે.

સંસારમાં બન્ને બળ હંમેશા વિદ્યમાન રહે છે. સંસારનો મૂળ અર્થ છે સમ-સાર, એટલે બે સરખી તાકાતવાળા ગુણોના સારનું રૂપ. આને ચાહો તો સંપન્નતા, વિપન્નતા(અભાવ) કહી લો કે સુખદુખ. સંસારમાં બન્ને બળ એક સમાન છે. એ તમારી શક્તિ પણ નિર્ભર કરે છે તમે કોની સાથે જોડાવા ઈચ્છો છો. એ જ રીતે સંપન્નતા એક નખરાળી નાજૂક બ્યુટી ક્વિન છે જેને પૂષ્કળ જહેમત વડે તમે કબ્જામાં રાખી શકો છો. જો એક પ્રત્યે પણ બેદરકાર રહ્યા તો બીજી તમારી ઉપર હાવી થઈ જશે.

ધનપ્રાપ્તિની આશા તો બધા રાખે છે પણ મળે તેઓને જ જેઓ તેની અદમ્ય ઈચ્છા રાખે છે, અને પૂર્ણ પ્રમાણિકતાથી પ્રયત્ન કરે છે, યોજનાઓ ઘડે છે અને એને કાર્યાન્વિત કરીને પોતાની નિરાકાર ઈચ્છાના સાકાર રૂપમાં ધનસંપત્તિની નક્કર ઉપલબ્ધિના રૂપમાં બદલવાનું સાહસ રાખે છે.



અમીર બનવા તરફ ઉપાડો દસમું પગલું

૧૧

યૌનભાવોમાં પરિવર્તનનું રહસ્ય

યૌનભાવોમાં પરિવર્તનનું રહસ્ય રૂપાંતરનો મૂળ અર્થ થાય છે એક રૂપનું તદ્દન બીજા રૂપમાં કાયાકલ્પ થઈ જવું. યૌનભાવ તો એ મૂળભાવ છે જે બધા જીવધારીઓમાં વિદ્યમાન રહે છે. શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે દરેક જીવની મૂળ પ્રકૃતિમાં ચાર ક્રિયા અંર્તર્નિહિત છે :આહાર(ખાવું-પીવુ), નિદ્રા(સૂવું), ભય અને મૈથુન. આ ચારેય કોઈ પણ જીવધારીની નિતાન્ત આવશ્યકતા છે. એમાં યૌનભાવની સંપૂર્તિ એક અત્યંત શક્તિશાળી ભાવ છે. સાધારણ ભાષામાં યૌનભાવને કામના રૂપમાં સમજવામાં આવે છે.

કહેવાય છે કે ઈશ્વરે આ ભાવનું સર્જન ત્રણ કાર્યો માટે કરવામાં આવ્યું હતું:

૧. મૈથુની સૃષ્ટિ દ્વારા માનવતાનું અસ્તિત્વ જાળવી રાખવું,

૨. માનવના સ્વાસ્થ્યને સારું રાખવું,

૩. યૌનભાવના રૂપાંતર દ્વારા એક સાધારણ માણસ્ ને જીનિયસ બનાવવું.

ત્રીજું કારણ થોડું અટપટું જરૂર લાગી શકે છે પણ આ તદ્દન યોગ્ય વાત છે. યૌનભાવ કે કામ એ શક્તિશાળી આવેગ કે ભાવ છે. આ જ એ ભાવ છે જેનાથી વશીભૂત થઈને મોટામાં મોટા આત્મસંયમી, સંત કે ઋષિનું કારણ પણ આ જ ભાવ હતો અને છે. એક યુવતીના યૌવનને પ્રાપ્ત કરવા માટે કેવા કેવા યુદ્ધો ખેલાયા હતા. મહાભારતનું મૂળ કારણ દ્રૌપદી નહોતી શું? આજ ભાવ અત્યંત મૂશ્કેલી પછી વશમાં આવે છે. એના માટે લોકો આખીયે જીંદગી હોમી દે છે પરંતુ તેઓ કામના વશમાં જ રહે છે. રાવણનું જ ઉદાહરણ સામે છે. શૂપર્ણખા દ્વારા સીતાનું એવું નખશિખ વર્ણન કરાયું કે રાવણ સીતાને પ્રાપ્ત કરવા માટે વ્યાકુળ બની ગયો હતો. અને પછી શું થયું? એની આખીયે પેઢી આ કામની જ્વાળામાં બળીને ખાખ થઈ ગઈ. રાજ્ય, પદ, સિંહાસન, વંશ સર્વસ્વ રાવણે પોતાની કામની જ્વાળામાં હોમી દીધું.

આ એક સહજ ભાવ છે એનો ન તો નાશ કરી શકાય છે ન તો સંપૂર્ણ રીતે તૃપ્ત કરી શકાય છે. આ એક ઘુઘવતી નદી સમાન છે. થોડી વાર એક બોધ દ્વારા સ્થિર થઈ જાય પરંતુ થોડા વખત પછી એ ઉચ્છૃંખલ બની જાય છે. જો આ ભાવને સર્જનાત્મકતામાં તબ્દીલ કરવામાં આવે તો ચમત્કારિક ઉપલબ્ધિઓ મેળવી શકાય છે.

વૈજ્ઞાનિક શોધખોળો દ્વારા નિમ્નલિખિત તથ્યોની સચ્ચાઈ માનવામાં આવી છે.

૧. સંસારમાં જે મહાન લોકો થઈ ગયા તેઓમાં 'કામ-ભાવ' પ્રબળ હતો જેને તેઓએ સર્જનાત્મક રૂપમાં ઢાળી દીધો.

૨. એ વ્યક્તિઓ જેઓએ અસીમિત સંપત્તિ કે કોઈ પણ ક્ષેત્રમાં માન્યતા મેળવી છે, કોઈને કોઈ સ્ત્રીથી નિશ્ચિતરૂપે પ્રભાવિત હતા.

આ બન્ને સત્યના સંબંધમાં ભારતમાંથી ઘણા ઉદાહરણો રજુ કરી શકાય એમ છે. ગાંધીજીએ સ્વયં સ્વીકાર્યું હતું કે તેઓ કામથી અત્યંત પ્રભાવિત હતા અને ગમે એવી વિપરિત પરિસ્થિતિઓમાં પણ તેઓ પોતાની પત્ની સાથે મૈથુનરત થઈ જતા હતા. એમની આત્મકથા ખરેખર તો યૌનભાવને રાષ્ટ્રીય ચેતનાના ભાવમાં પરિવર્તિત થવાની અદ્ભુત કથા છે. ભારતીય સંતોમાં તુલસીદાસનું નામ શિરોમણી કવિઓમાં ગણવામાં આવે છે. તેમના દ્વારા લખવામાં આવેલા ગ્રન્થો હિન્દુ સમાજ તો શું આખાય માનવ સામાજ માટે પણ પવિત્ર ધર્મગ્રંથનું સ્થાન ધરાવે છે. તેમની પ્રસિદ્ધ કૃતિ 'શ્રી રામચરિતમાનસ'માં જો કે ભક્તિભાવની વિસ્તૃત ચર્ચા છે, પણ મહાભારત(રામાયણ)નો છેલ્લું પદ છે

કામહિ નારિ પિપરિ જિમ, લોભહિં જિમ ઉર દામ!

તિમિ રઘુનાથ નિરન્તરહિ, પ્રિય લાગહુ મોહિ રામ!

અર્થાત્ જે રીતે કામી પુરુષને, નારી લોભને, ધન પ્રિય હોય છે તમે પણ મારા પ્રિય બનો, હે રઘુનાથ! સ્પષ્ટ છે કે પૂર્ણ ગ્રંથ લખ્યા પછી તુલસી દાસે ભક્તિની તીવ્રતા દર્શાવવા માટે બે નકારાત્મક ભાવોનો ઉપયોગ કરીને પોતાના મનના ઉદ્ગારોને વ્યક્ત કર્યા. એટલા માટે પ્રસિદ્ધ આલોચકોનું એ તારણ છે કે તુલસી દાસ 'કામ'ને પાર કરીને જ 'રામ' સુધી પહોંચ્યા હતા. તેઓ પ્રમાણે સંસારમાં એનાથી મોટી કસોટી કોઈ જ હોતી નથી. એટલા માટે જ્યારે મોટા-મોટા સંત મહાપુરૂષો, મહામુનિઓ તપસ્યા કરે છે ત્યારે તેઓને તેમની તપસ્યામાંથી ચલિત કરવા માટે ઈન્દ્ર હંમેશા અત્યંત સ્વરૂપવાન અપ્સરાઓને મોકલતા હતા. તેમને ખબર હતી કે કોઈ ગમે તેટલા પ્રયાસો કરી લે, આ યૌનભાવથી બચીને નથી જઈ શકતા.

એની સાથે એ તથ્ય પણ સંકળાયેલ છે કે યૌનભાવ જ નવસર્જનનું પ્રેરકબળ છે. જો કામેચ્છા ન હોય તો મનુષ્ય પ્રજોત્પત્તિ કરી શકતો નથી. અર્થાત્ યૌનભાવમાં અસીમિત સર્જનાત્મક ઊર્જા સમાયેલી છે. જો કોઈ જીવમાંથી એની કામોત્તેજક ગ્રંથિઓને કાઢી લેવામાં આવે તો એ તદ્દન નકામો થઈ જશે કદાચ એટલે જ બળદને ખસી કર્યા પછી કશાય કામનો રહેતો નથી. તેઓનું શારીરિક બળ જ ખતમ થઈ જતું

નથી પરંતુ કશું પણ કરવાનો ભાવ પણ સમાપ્ત થઈ જાય છે. આવા જીવમાં સંઘર્ષ શક્તિ કે સર્જનાત્મક ઉદ્વેગ કામની સાથે જ ઉછરે છે.

વસ્તુત:મગજને શીદર અનુપ્રાણિત કરનારા દસ ભાવ હોય છે જેનો હવાલો નીચે આપવામાં આવ્યો છે.

૧. કામેચ્છા કે યૌન-અભિવ્યક્તિ

૨. પ્રેમ

૩. ધન-સંપત્તિ, સત્તા અને પ્રસિદ્ધિ માટેની અદમ્ય ઈચ્છા

૪. સંગીત

૫. મિત્ર-લૈગિંક કે સમલૈગિંક વ્યક્તિઓમાં આપસનો એકાત્મનો ભાવ

૬. પૂર્ણ સમરસતા અને નિષ્ઠા દ્વારા મેળવવામાં આવેલ માસ્ટરમાઈન્ડ સમૂહનો પ્રભાવ

૭. અત્યંત ત્રાસદાયક પરિસ્થિતિઓમાં ફસાયેલા લોકોની વચ્ચે સહાનુભૂતિનો ભાવ

૮. સ્વત:પ્રેરણા

૯. ભય

૧૦. માદક પદાર્થો અને આલ્કોહૉલ પ્રત્યે ખેંચાણ

કામેચ્છા યોગ્ય રૂપે આ યાદીમાં સૌથી મથાળે રાખવામાં આવેલી છે.આ જ એ ભાવ છે જે એકી સાથે મનહૃદય ઉપર છવાઈ જાય છે અને શરીરને પણ ઈચ્છા પૂર્તિ માટે ઉત્તેજીત કરે છે.

ઉપર આપવામાં આવેલા દસ મનોભાવોમાંથી આઠ તો સહજ અને સકારાત્મક ભાવ છે- ફક્ત બે વિનાશાત્મક છે. એ ભાવોનું વર્ગીકરણ એટલા માટે કરવામાં આવ્યું છે કે કામેચ્છા કે યૌનભાવ કોઈ ઋણાત્મક કે વિનાશાત્મક ભાવ નથી. કહેવાય છે કે 'કામાનન્દ''બ્રહ્માનન્દ' સહોદર હોય છે. એટલે કે કામના આનંદમાં આજ ભાવ વિદ્યમાન રહે છે. જે બ્રહ્મના સાક્ષાત્કારમાં સ્પષ્ટ થાય છે.

કામાનન્દનું આ સુદીર્ઘ વિવેચન ખાસ કારણોસર કરવામાં આવ્યું છે. એ દર્શાવવા માટે કે આ સર્વાધિક શક્તિશાળી ભાવ છે. એને જો એને યોગ્ય રીતે નિયંત્રિત કરવામાં આવે તો એક સામાન્ય વ્યક્તિને એક જીનિયસ બનાવી શકે છે. એનું સમાનાન્તર ઉદાહરણ વિજળીનું આપી શકાય. વિજળી અત્યંત શક્તિશાળી હોય છે. આકાશથી પડનારી વિજળી એટલી શક્તિશાળી હોય છે કે એને એકઠી કરી લેવામાં

આવે તો એકવાર પડનારી વિજળીથી બે દિવસ સુધી આખાય વિશ્વની વિજળીની આપૂર્તિ કરી શકાય. ચાહે તો ગિઝરમાં પાણી ગરમ કરવા માટે કે ફ્રીઝમાં પાણીને ઠંડુ કરવા માટે. આખીય વાત વિજળીના યોગ્ય ઉપયોગ ઉપર અવલંબે છે. એ જ રીતે જો યૌનભાવની ઊર્જાને રૂપાંતરિત કરવામાં આવે તો એવી કઈ ઉપલબ્ધિ છે કે જે માણસ પ્રાપ્ત કરી ન શકે. આવા લોકો જીનિયસ હોય છે. જીનિયસનો અર્થ એટલે એક લાંબાવાળવાળો, મેલોઘેલો રહેનારો અને ગંધાતો પાગલ નહી પણ એ વ્યક્તિ કે જે પોતાની સર્વાધિક શક્તિશાળી ભાવનાને પોતાના મનગમતી ઢબે ક્રિયાત્મક ઊર્જામાં તબ્દીલ કરી શકે છે.

ચોક્કસ આ પરિભાષાઓ ઉપર ઘણા પ્રશ્નો ઉભા થાય તેમ છે. એક સહજ પ્રશ્ન છેઃ આવા લોકો પોતાના સાધારણ કંપન દ્વારા ઉત્પન્ન થયેલ વિચારોને કઈ રીતે અસાધારણ મેઘાના વિચારો બનાવી શકે છે! તથા કઈ રીતે એ વિચારોને કાર્યાન્વિત કરી શકાય એમ છે ! આ પ્રશ્નોના જવાબો આપણી છઠ્ઠી ઈન્દ્રિયમાં ગોપિત હોય છે જેનું વિવેચન નીચે કરવામાં આવ્યું છે.

'છઠ્ઠી ઈન્દ્રિય'કે 'સિક્સ્થ સેન્સ'ની વાસ્તવિકતા એક સિદ્ધ થયેલ તથ્ય બની ગયું છે. આને જ આપણે 'રચનાત્મક કલ્પનાશીલતા'ના નામે ઓળખીએ છીએ. મોટાભાગના લોકો એનો ઉપયોગ જીવનમાં કદીયે કરતા નથી- અને જો કરે છે તો તે પણ સહસા એક ઝટકા સાથે-એ પણ અકસ્માતે. બહુ થોડા લોકો છે જેઓ આનો સહેતુક ઢંગથી અને સમજી-વિચારીને કરવામાં સક્ષમ બની શકે છે-અને એવાજ લોકો જ જીનિયસની શ્રેણીમાં આવે છે.

અહીયા રચનાત્મક કલ્પનાશીલતા સાથે સંપર્કસૂત્ર સ્થપાય છે માનવ સીમિત મેઘા અને અનંત મેઘામાં અચાનક આવનારી 'અન્ત પ્રજ્ઞા' કે 'અંતપ્રેરણા'(ઈન્ટ્યૂશન)ને લહેરની વાહક પણ આ જ રચનાશીલતા હોય છે જેનો આભાસ ધાર્મિક લોકોને ઈશ્વરીય વાણી અને સંશોધકોને નૂતન ખોજના રૂપમાં થાય છે.

જ્યારે આ વિચાર કે આઈડિયા મગજમાં ઝબકે છે ત્યારે તેનો સ્રોત નીચે આપવામાં XSઆવેલ માધ્યમ દ્વારા બને છે-

૧. અનંત મેઘા કે ઈન્ફાઈનાઈટ ઈન્ટેલીજન્સ

૨. અચેતન મનમાં જ્યાં પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા મોકલવામાં આવેલ આવેગો એકઠા થતાં રહે છે.

૩. કોઈ અન્યના મગજમાંથી સહસા કોઈ વિચાર કે છબિનું દિગ્દર્શન કરવામાં આવ્યું હોય.

૪. કોઈ અન્યના અચેતન મનમાંથી જેની અનુભૂતિ તમને જાગૃતિ કે સ્વપ્ન દ્વારા થાય છે.

રચનાશીલતા સર્વાધિક સક્રિય ત્યારે જ રહી શકે છે જ્યારે કોઈ પ્રેરણાથી તમારા મનમાં કંપન થવા લાગ્યું હોય- અર્થાત્ સામાન્ય અવસ્થાથી વધારે ઝડપથી જ્યારે મગજ કામ કરે છે ત્યારે જ રચનાત્મક કલ્પનાશીલતા સક્રિય હોય છે અને અંતઃપ્રેરણા હોય છે. તે એ અવસ્થા હોય છે જેમાં સંપર્કસૂત્ર સાથે અનંત મેધા જોડાવા લાગે છે. એ જરૂરી નથી કે આ બધું અચાનક જ થઈ જાય. એવા ઘણા ઉદાહરણ છે જ્યારે કોઈ સતત સતાવનાર વિચાર મગજ ને અચાનક અંતઃપ્રેરણા આપે. આઈનસ્ટાઈન વિશે પ્રસિદ્ધ છે કે નાનપણથી પ્રકાશની ગતિ અંગેનો વિચાર એમના મનમાં સતાવ્યા કરતો હતો. જ્યારે તેઓ સાતમા ધોરણમાં ભણતા હતા ત્યારે તેઓએ પોતાના ભૌતિક વિજ્ઞાનના શિક્ષકને પૂછયું હતું કે "જો આપણે પ્રકાશની ગતિના સમકક્ષ વેગથી ચાલીએ તો શું પ્રકાશ આપણેને ઉભેલો જોવા મળશે?"શિક્ષકે તેમને કશો જવાબ તો ન આપી શક્યા પણ તેમને ધમકાવીને બેસાડી દીધા. પરંતુ આ વિચાર તેમના મગજને મથ્યા કરતો હતો અને છેવટે એનો જવાબ તેઓએ પોતાના 'સાપેક્ષતાના સિદ્ધાંત'માં વર્ષો પછી શોધી કાઢ્યો. એ ઠીક છે કે પ્રકાશની ગતિ અંગેનો વિચાર પહેલાં ન હતો, તો આઈનસ્ટાઈનના મનમાં કેવી રીતે આવ્યો આ જ રચનાત્મક કલ્પના શીલતાનો પરિચાયક છે. અનંત મેધા સાથે કઈ રીતે સંપર્ક જોડાયો જેણે આ સવાલ ઉત્પન્ન કર્યો અને છેવટે અનંત મેધાએ જ એનો ઉત્તર પણ આપ્યો. આ પ્રકારના અંતપ્રેરણાની અનુભૂતિ અન્ય લોકોને પણ થઈ હશે પરંતુ બધા તો આઈનસ્ટાઈન બની શકતા નથી કે અંતપ્રેરણા ને પોતાના મનમાં સંકોરીને રાખે.

ઘણા લોકો એને આત્માનો અવાજ પણ કહે છે. આ પણ છઠ્ઠી ઈન્દ્રિયના દ્વારા જ સાંભળી શકાય છે. મોટા ભાગના ઉમદા ભાષણકર્તાઓ પોતાનું ભાષણ આપતા પહેલાં થોડી ક્ષણો સુધી આંખો બંધ કરી મૌન રહી કશુંક વિચારે છે. જ્યારે એક મોટા પ્રભાવશાળી વક્તાને પૂછવામાં આવ્યું તો તેઓએ જવાબ આપ્યો:"હું આંખો બંધ કરીને પોતાના આત્માનો અવાજ સાંભળવાનો પ્રયત્ન કરૂં છું. આ અવાજ જ મને સાચો માર્ગ દર્શાવે છે."દરેક મોટામાં મોટા લેખક, સાહિત્યકાર, સંગીતકાર, કવિ કે શિલ્પકાર પણ આવું જ કહે છે કે "તેઓ તો નિમિત્ત માત્ર છે સાચો જાદુ તો આ અંદરનો અવાજ જ દેખાડે છે."

ડૉ ગેટ્સ નામના એક અમેરિકી વૈજ્ઞાનિકે તો પોતાની પ્રયોગશાળામાં એક 'વ્યક્તિગત સંપ્રેષણ કક્ષ' બનાવેલું હતું. એ સાઉન્ડ પ્રૂફ હતું અને એ રીતે પ્રકાશની વ્યવસ્થા કરવામાં આવી હતી કે જ્યારે ઈચ્છો ત્યારે એને સંપૂર્ણ રીતે પ્રકાશશૂન્ય પણ કરી શકાતું હતું. જેમાં એક ટેબલ પડયું રહેતું હતું જેની ઉપર લખવા માટેની સામગ્રી અને સામેની દિવાલ ઉપર પ્રકાશને મનગમતી ઢબે કરવા માટેનું એક

'પુશ બટન 'હતું. જ્યારે પણ તેમને પોતાની રચનાત્મક કલ્પનાશીલતામાં કશુંક આંદોલિત થતું લાગતું તો તરત જ તેઓ એ કક્ષમાં જઈને બેસી જતા હતા અને વિચાર કરતા હતા. ત્યાં જ તેઓને એ વિચારો સ્ફૂરતાં જે તેમના મહાન સંશોધનનું સૂત્રપાત કરતા હતા.

જ્યારે આવા વિચારો ઝબકતા હોય ત્યારે એમાં તર્કનું કોઈ જ સ્થાન નથી હોતું. કારણ કે તર્કનો આધાર આપણા અનુભૂત અનુભવો ઉપર જ હોય છે. જ્યારે આ વિચારોનો સ્રોત એનાથી પર હોય છે. આઈનસ્ટાઈને જ્યારે પ્રકાશગતિની સમકક્ષ વેગથી ચાલવાની વાત વિચારી ત્યારે તર્ક મુજબ તો આ વાહિયાત(નકામી) વાત જ હતી. એ સમય સુધીના જ્ઞાનના અનુભવમાં આનો કોઈ જ ઉલ્લેખ પણ નહોતો. એટલા માટે તેમના શિક્ષકે તેમને નાનપણમાં ધમકાવી નાંખ્યા હતા. કોઈ સામાન્ય માણસ હોત તો આ વિચારને એ સમયે ઉપલબ્ધ તર્ક વ્યવસ્થાના આધારે જવાબ આપત. પરંતુ આઈનસ્ટાઈનમાં જીનિયસ હોવાના સૂત્રો હાજર હતા. તેઓ મંડ્યા રહ્યાં અને છેવટે એક યુગાન્તકારી સૂત્રને શોધી જ કાઢ્યું.

આ જ ફેર હોય છે એક સંભવિત જીનિયસ અને તુક્કાવાળા જીનિયસમાં. સંભવિત જીનિયસની વિચાર પ્રક્રિયા ક્યારેય બંધ થતી નથી, જ્યારે તુક્કાવાળા જીનિયસને કાં તો પુરી અંતઃપ્રેરણા હોય છે કાં તો કશું પણ હોતું નથી. આ ગેટ્સ, આલ્બર્ટ આઈનસ્ટાઈન અને એડીસન સદૃશ મહાનુભાવ પહેલી શ્રેણીમાં આવે છે. આ લોકો પોતાના 'ઝબકાર'ને ઉછેર્યા કરે છે. આવા લોકો મોટા ભાગે યૌનભાવથી વિમુખ જ રહે છે. એવું નથી કે તેઓની અંદર વિજાતીય લિંગ પ્રત્યે આકર્ષણ નથી હોતું, પણ તેઓ એ આકર્ષણને પ્રદાન કરનાર યૌનભાવને પોતાની રચનાત્મક ક્રિયાશીલતામાં તબ્દીલ કરવાની યોગ્યતા ધરાવતા હોય છે. એટલા માટે મોટા ભાગના સંશોધકો જીવનના ઉતરાર્ધમાં જ પોતાની મોટી-મહાન શોધખોળ કરતા હોય છે. પહેલા ભાગમાં તેઓ જીવનમાં પ્રાપ્ત યૌન તીવ્રતાને સમજીને પછી બીજા ભાગમાં એને રચનાત્મક કલ્પનાશીલતામાં બદલી નાંખે છે.

એટલા માટે મોટા ભાગના સંશોધકો, મહાન કવિઓ, લેખકો કલાકારોના જીવનમાં સ્ત્રીઓનું બહુ જ મોટું યોગદાન રહ્યું છે. ફ્રાન્સના શહેનશાહ નેપૉલિયન બોનાપાર્ટ આ વાત સારી પેઠે જાણતા હતા.નીચે કેટલાક મહાન જીનિયસોના નામો આપવામાં આવ્યા છે. એમાંથી દરેકની જીવન કથની દર્શાવે છે તેઓમાં યૌનાવેગ કે યૌન-ભાવ છલોછલ ભરેલો હતો.

જ્યૉર્જ વૉશિંગ્ટન

નેપૉલિયન બોનાપાર્ટ

અબ્રાહમ લિંકન

રાલ્ફ વાલ્ડો ઈમરસન

રૉબર્ટ બર્ન્સ

થૉમસ જેફરસન

આલબર્ટ હબ્બાર્ડ

ઈલબર્ટ એચ.ગેરી

ઑસ્કર વાઈલ્ડ

વુડરો વિલ્સન

જૉન એચ. પિટરસન

એન્ડ્રૂઝ જેક્સન

આ કથનનો આશય એવો નથી કે આ લોકો દુશ્ચરિત્ર હતા કે સ્ત્રીઓ સાથે તેમના શારીરિક સંબંધો હતા. એનો માત્ર એટલો જ અર્થ છે કે તેઓએ પોતાના જીવનમાં આ યૌનભાવને કે યૌનાવેગની તીવ્રતાને સમજી અને પછી એને પોતાની રચનાત્મક કલ્પનાશીલતામાં તબ્દીલ કરી દીધી. એટલા માટે આ યૌવનારંભમાં કોઈ મહાન કાર્ય કરી શક્યા નહોતા અને તેઓની મહાન કૃતિઓ/ઉપલબ્ધિઓનો ગાળો ચાળીસ વર્ષ પછીનો જ રહ્યો હતો.

ચાળીસ વર્ષની પહેલા માણસને સફળતા શા માટે મળતી નથી

મેં ૨૫૦૦૦થી વધારે માણસોના જીવનનું ઊંડું વિશ્લેષણ કર્યું છે અને જાણ્યું કે ચાળીસ વર્ષથી પૂર્વે સફળતાવાળા(ખેલાડીઓ કે અભિનેતાઓ સિવાયના) લોકો વીરલા જ હોય છે. એ વિષયે મારી અંદર એટલી ઉત્સુકતા ઉત્પન્ન કરી કે હું બાર વર્ષ સુધી આ જ સંશોધન કરતો રહ્યો.

મારૂં તારણ એ જ હતું કે ચાળીસ વર્ષ પૂર્વે માણસ પોતાની ઊર્જાનો હ્રાસ યૌનભાવની શારીરિક આપૂર્તિમાં જ કરતો હોય છે. થોડા પુખ્ત થાય પછી એ ક્રિયાશીલ લોકોની સમજમાં આવે છે કે યૌનભાવની તીવ્રતા કેવી અસહાય કરી દેનાર હોય છે અને એને સર્જનાત્મક કલ્પનાશીલતામાં પણ પરિવર્તિત કરી શકાય છે. ત્યારે જ તેઓને ખબર પડે છે કે તેઓના શરીરમાં એક જ્વાળામુખી છુપાયેલો છે. એની શક્તિને એક ક્ષણિક ઉન્માદમાં .. વાપર્યા સિવાય જો એને ક્રમબદ્ધ રૂપે યોજવામાં આવે તો આ શક્તિ એક ચમત્કાર ઉત્પન્ન કરી શકે એમ છે. પોતાની આ યૌનશક્તિને જાગૃત અને જીવન્ત રાખવા માટે જ અમેરિકામાં સ્વરૂપવાન(સ્ત્રી) સચિવ રાખવાનું ચલણ શરૂ થયું.

સેલ્સલાઈનના એક નિષ્ણાત શિક્ષણકર્તાએ પોતાનું નામ ખાનગી રાખતા મને એ સત્ય જણાવ્યું કે જે સેલ્સમેન પોતાના યૌનભાવથી વધારે ચિંતિત હોય છે, તેઓ નિર્વિવાદપણે એક ઉત્તમ સેલ્સમેન સાબિત થાય છે. આવા લોકોના વ્યક્તિત્વમાં એક ચૂંબકીય આકર્ષણ પેદા થતું હોય છે જેનાથી કોઈ બચી જઈ શકતું નથી. તેમનું હલન-ચલન, વાતચીત કરવાની ઢબ, અવાજમાં એવી વિલક્ષણતા હોય છે કે આકર્ષિત થયા વિના રહી જ ન શકાય. પરંતુ આવા લોકોની એક નબળાઈ હોય છે તેઓ પોતાનું નિયંત્રણ અત્યંત ઝડપે ગુમાવી બેસે છે. જો તેઓ પોતાની ઊર્જાને યોગ્ય દિશામાં વાપરે તો તેઓ દરેક ક્ષેત્રમાં પોતાની રચનાત્મક કલ્પનાશીલતાનું કૌવત દેખાડી શકે છે.

યૌનભાવનું મહત્વ મનોચિકિત્સકો અને ડૉક્ટરો પણ ખૂબ સારી રીતે જાણે છે. તેઓનું માનવું છે કે સ્ત્રીના પ્રેમથી ભયંકરમાં ભયંકર ગૂન્હેગાર પણ સુધરી શકે છે. યૌનભાવ એક ભાવનાત્મક પરિવર્તન ઉત્પન્ન કરે છે. કેટલાય એવા ડાકુઓનું પ્રમાણ મળી શકે છે જેમાં સ્ત્રી-પ્રભાવના કારણે ભાવનાત્મક પરિવર્તન થયું અને તેઓ સુધરી ગયા. ફક્ત યૌનભાવ નહી, એની સાથે પ્રેમનો ભાવ જ્યારે ઉદ્‌ભવે છે ત્યારે આવું પરિવર્તન જોવા મળે છે. આ જ ભાવના પ્રાધાન્યને કારણે એવું માનવામાં આવે છે કે દરેક માણસની ઈચ્છા સ્ત્રીઓ ઉપર પ્રભાવ પાડવાની હોય છે. કહેવાય છે કે સંસારમાં ઘણાય હથિયારોની શોધ એટલા માટે થઈ કે આદિમ અવસ્થામાં નર પોતાની માદાને પ્રભાવિત કરવા માટે ઘણી બધી રીતે શિકાર કરી પોતાની પ્રિયતમાને સારૂ લાગવા ઈચ્છતો હતો. એટલા માટે એવી માન્યતા બંધાઈ કે જો સમગ્ર સંસાર એકલૈંગિક બની જાય તો તેનો સમસ્ત વિકાસ રૂંધાઈ જાય. આ પણ એક સત્ય છે પરંતુ માણસ ક્યારેય આ વાતનો સ્વીકાર કરતો નથી. પરંતુ સત્ય તો એ પણ છે કે એ સાધુ-સમાજો, અખાડાઓમાં જ્યાં સ્ત્રીનો પ્રવેશ વર્જિત હોય છે, મનુષ્ય પશુત્વની ઉપર ઉઠી શકતો નથી. ઈશ્વરે સ્ત્રી-પુરૂષને એક બીજાના પૂરક બનાવ્યા છે.એકના વગર બીજું નકામું છે. સ્ત્રીનો મૂળ ભાવ પુરૂષને પ્રસ્તાવિત કરવાનો હોય જ છે.એનું કારણ છે એક બીજા પ્રત્યેના યૌનભાવની ઉપસ્થિતિ- કારણકે એ બધાને ખબર છે કે આ ભાવ માનવ પ્રકૃતિનો સર્વાધિક શક્તિશાળી આવેગ હોય છે. આ ભાવને નિયંત્રણમાં લાવી શકાય તો મોટા-મોટા જીનિયસો પેદા થઈ જાય છે.

એટલા માટે યૌનભાવની ઉપસ્થિતિ પહેલા શારીરિક ક્રિયાકલાપો સુધી જ સીમિત રહે છે અને ચાળીસ વર્ષો પછી મેધાવી લોકો એને રચનાત્મક કલ્પનાશીલતામાં બદલી નાંખે છે. આ રૂપાતંર દરેક જીનિયસના ચમત્કારોનો મૂળ આધાર છે.



અમીર બનવા તરફ ઉપાડો અગિયારમું પગલું

૧૨

અવચેતન મસ્તિષ્ક

અવચેતન મસ્તિષ્ક એ સંપર્ક સૂત્ર છે જે ચેતન મસ્તિષ્કમાં પ્રાપ્ત કરવામાં આવેલ પ્રત્યેક આવેગોને ચાળીને એનો સમેકીત પ્રભાવ એકત્રતિ કર્યા કરે છે અને જેનાથી અસીમિત મેધાના તંતુ જોડાય છે. આમાં દરેક પ્રકારના ચેતન આવેગ જોડાયા કરે છે ભલેને ગમે એવા હોય. જ્યારે ચેતન આવેગ સાથે અનંત મેધાના તંતુઓ જોડાય છે ત્યારે મગજમાં જાદુઈ વિચાર કે વિચાર શ્રૃંખલા શરૂ થઈ જાય છે. જો એની એક વાર અનુભૂતિ થઈ જાય તો એને નિયંત્રિત પણ કરી શકાય છે.

આ એક ભ્રમયુક્ત ધારણા છે કે અચેતન મન ત્યારે જ કાર્યરત રહે છે જ્યારે ચેતન મન સુષુપ્ત અવસ્થામાં જતું રહે છે. એમાં આવેલા આવેગ અને અનંત મેધાની આંતરક્રિયા હંમેશા ચાલ્યા કરે છે. વસ્તુતઃસત્ય તો એ છે કે એ રાત-દિવસ કાર્યશીલ રહે છે. એ ઠીક છે કે ચેતન રૂપે આપણે આપણા અચેતન મન ઉપર નિયંત્રણ કરી શકતા નથી, પરંતુ એમાં એક ઈચ્છા તો સ્થાપિત કરી જ શકીએ છીએ. એવા ઘણા ઉદાહરણો છે કે અચેતન મનમાં મૂકવામાં આવેલી ઈચ્છા ચેતન મનને પણ નિયંત્રિત કરે દે છે. એક જુનો ઉપાય છે કે તકિયાને કહીને સૂઈ જવું કે અમને સવારે ૫ વાગ્યે (અથવા જેટલા વાગ્યે પણ ચેતન મનની ઉઠવાની ઈચ્છા હોય) ઉઠાડી દેજે.એવા ઘણા લોકો મળી આવશે જેઓ આ રીતે સૂઈને ઉઠી જાય છે. આખરે ચેતન મન તો ઊંઘતું હોય છે તો એ કઈ પ્રેરણા છે જે રાત્રે જણાવેલા સમયે જ સવારે આપણને સજાગ કરી દે છે. આ તો આપણા રોજીંદા જીવનનું દૃષ્ટાંત છે. એ જ કારણે એવું માનવામાં આવે છે કે ચેતન મન અને અચેતન મનમાં નિશ્ચિત એક સંપર્કસૂત્ર હોય છે. ત્યારે જ તો ઈચ્છાનું સાકાર રૂપ આપણી સમક્ષ આવી શકે છે.

પરંતુ અચેતન મનની સમક્ષ એક ચોક્કસ ધ્યેય હોવો જોઈએ. એટલા માટે પાછલા અધ્યાયોમાં વારંવાર જણાવવામાં આવ્યું છે કે પોતાની ઈચ્છાને સ્પષ્ટ રાખો- ઈચ્છો તો તો એને સુક્ષ્મરૂપે એક કાગળ ઉપર લખીને એને ચેતન મનની અંદર ઠસાવી દો. એ ચોક્કસપણે અચેતન મન સુધી પહોંચી જશે.

આ પુસ્તકમાં આપવામાં આવેલા ૧૩ સિદ્ધાંતો એ પ્રણાલીને દર્શાવે છે કે જેના દ્વારા તમે તમારા અચેતન મનને પણ જાગૃત કરી શકો છો. આમ તો આ હંમેશા જાગૃત જ રહે

છે પરંતુ આ સિદ્ધાંતોના માધ્યમથી તમે એને મનગમતી દિશામાં સજાગ કરી શકો છો. એનો ઉત્તર પણ સંભવ છે. જો ચેતન મનની ઈચ્છાને તમે અચેતન મન સુધી પહોંચાડી શકતા નથી તો આ તમને કોઈને કોઈ પ્રકારે વારંવાર એવું કરવા માટે 'ટકોર્યા 'કરશે. માની લો તમારે તમારે આવકવેરાનું રીર્ટન એક ચોક્કસ તારીખ સુધીમાં ભરવાનું છે અને તમે ભૂલી ગયા છો. તો નાણાં અંગેનું કોઈ પણ કાર્ય તમે જ્યારે કરશો ત્યારે તમને એનો વિચાર વારંવાર આવશે. ત્યાં સુધી આવશે જ્યાં સુધી તમે એને પૂર્ણ કરી નહી લો.

માણસ જે પણ કરે છે એનો સર્વપ્રથમ વિચાર એના આવેગના રૂપમાં ઉભરાતો હોય છે. આ આવેગ જ ઈચ્છા બને છે, જેમાં કલ્પના અને વિશ્વાસનું સંયોજન અદમ્યતા ભરે છે. આ અદમ્યતા ઈચ્છાને ઊંડતા પ્રદાન કરે છે અને અચેતનમાં એની ઉપસ્થિતિને દાખલ કરે છે. જ્યારે કોઈ વિચાર તમારા અચેતન મનમાં વહેવા લાગે છે ત્યારે જ એનું સાકાર રૂપ પ્રાપ્ત કરવાની ઝંખના તમારા મનમાં ઉભરાય છે. આ પ્રક્રિયા આપમેળે ચાલ્યા જ કરે છે. એમાં ચેતનનું કાર્ય એ ફક્ત એ ઈચ્છાને જીવંત રાખવાનું છે.

આ પુસ્તક દ્વારા તમે તમારી જાતને તૈયાર કરો છો કે કઈ રીતે પોતાના અચેતન મનના 'શ્રોતાગણો'ને સંબોધિત કરવામાં આવે, જેની માંગ દ્વારા એક આવેગ ઈચ્છા બનીને પોતાનું સાકાર સમરૂપ-ધન-સંપત્તિ વાસ્તવમાં પ્રદાન કરી શકે. એટલા માટે આ અત્યંત જરૂરી છે કે તમે સમજો કે કઈ રીતે એમાં રહેલા 'શ્રોતાગણો'ને સંબોધિત કરવામાં આવે. તમારે એ જ ભાષામાં બોલવું પડશે જે તેઓની સમજમાં હજુ આવે છે. જેવી રીતે 'શ્રોતાગણ'ને નિર્દેશ આપવા માટે તમારે એ ભાષાનો પ્રયોગ કરવો પડે જે તેઓ સમજે છે, એ જ રીતે તમારી એ ભાષા હોવી જોઈએ જે અચેતન મન સમજી શકે. એને સમજવા માટે આ જાણી લો કે સાત હકારાત્મક (ધનાત્મક)ભાવ ઉપર વધુ ભાર આપીને નકારાત્મક(ઋણાત્મક) ભાવોથી બચતા રહેવું.

સાત મુખ્ય હકારાત્મક ભાવ

ઈચ્છાનો ભાવ

વિશ્વાસનો ભાવ

પ્રેમનો ભાવ

કામનો ભાવ

ઉત્સાહનો ભાવ

રોમાન્સનો ભાવ

આશાનો ભાવ

જો કે હકારાત્મક ભાવ ઘણા બધા બીજા પણ હોઈ શકે છે પરંતુ ઉપર મુખ્ય ભાવ દર્શાવવામાં આવ્યા છે. પ્રયત્ન કરો કે આ જ ભાવોનો તમારા મનમાં વધારે સમાવેશ થયા કરે.(જેટલું વધારે ગ્રહણ કરવાનો પ્રયાસ કરશો એટલા વધુ એ તમારા મનમાં આવતા રહેશે)એ સ્મરણ રાખો કે આ પુસ્તક તમે ધન-સંપત્તિ પ્રત્યે જાગૃત બનવા માટે વાંચી રહ્યા છો.તથા ધન-સંપત્તિ એક હકારાત્મક ઈચ્છા છે. જો નકારાત્મક ભાવ તમારા મનમાં આવ્યા કરશે તો હકારાત્મક ભાવો માટે જગ્યા રહેશે જ નહીં.

સાત મુખ્ય નકારાત્મક ભાવ

ભયનો ભાવ

ઈર્ષાનો ભાવ

ધિક્કારનો ભાવ

બદલાનો ભાવ

લાલચનો ભાવ

અંધવિશ્વાસનો ભાવ

ક્રોધનો ભાવ

એ યાદ રાખો કે મગજમાં નકારાત્મક અને હકારાત્મક ભાવ એક સાથે રહી શકતા નથી. એકની ઉપસ્થિતિ બીજાને ગળી જવા લાગે છે. એટલા માટે એ તમારી જવાબદારી છે કે હકારાત્મક ભાવોને હંમેશા રાખો અને નકારાત્મક ભાવોનો પ્રવેશ મગજમાં(મનમાં) થવા જ ન દો. આ વિષય માટે ટેવ જ બનાવી લેવી પડે કે મગજ સ્વયં નકારાત્મક ભાવોને સ્હેજ પણ ટકવા ન દે.

આ વિષયમાં એક અન્ય સત્ય તમારે સમજી લેવું પડશે. તમે હંમેશા જોયું હશે કે લોકો ત્યારે પ્રાર્થના કરે છે (હૃદયથી) જ્યારે તેઓ ચારેય બાજૂથી ઘેરાઈ ગયા હોય અસહાય બની ગયા હોય. ત્યાં સુધી આવું થતું નથી, ત્યાં સુધી તેઓની પ્રાર્થનાઓ પચારિક અને ઠાલી (બોદી) જ પ્રતીત થશે, મુશ્કેલીમાં જ્યારે તેઓ ખરા હૃદયથી પ્રાર્થનારત થાય છે ત્યારે હંમેશા તેઓ ભય અને સંશયથી ઘેરાયેલા હોય છે. કેમ કે ભય અને સંશય સતત વ્યાકુળ અચેતન મનમાંથી પ્રગટ થાય છે, તેઓ મગજમાં સ્વભાવત્ નકારાત્મકતાનો સંચાર કરી દે છે. આ એક સાર્વભૌમિક સિદ્ધાંત છે કે અચેતન મનમાં ભરેલા ભાવો જ અનંત મેધામાં આંતરક્રિયા કરે છે અને જે તમારી પાસે ઉપલબ્ધ હોય છે એને અનુરૂપ જ ફળ(પરિણામ)પ્રાપ્ત કરો છો. એટલા માટે પૂર્ણ વિશ્વાસથી પ્રાર્થના કરો અને એવું કરતા રહો દરેક કાર્ય કરતા પહેલાં-ન કે દરેક બાજૂથી અસફળ બન્યા પછી. જો આવું કરતા રહેશો તો હકારાત્મક આવેગ

હકારાત્મક ફળ(પરિણામ) પણ પ્રદાન કરશે. તમે તમારા વિશેના જીવનનું વિશ્લેષણ કરો તો તમને થશે કે જ્યારે જ્યારે પ્રાર્થના વિશ્વાસ પૂર્ણ રીતે કરવામાં આવી તો તમારી પ્રાર્થના સફળ પણ બની હતી. આ મગજમાં ઉપસ્થિત હકારાત્મક ભાવોને કારણે જ શક્ય બન્યું હતું. એટલા માટે જ જુની માન્યતા છે કે દુખમાં ઈશ્વરનું સ્મરણ કરવા કરતા સુખમાં સ્મરણ કરવું વધુ ઉત્તમ છે- કારણ કે આવું કરવાથી દુખ થશે જ નહી. પ્રાર્થનાથી બળ પ્રાપ્ત થાય છે અને અચેતન મન હકારાત્મક બની જાય છે. મારું તો માનવું છે કે સંસારમાં શીઘ્ર એવો યુગ આવશે જ્યારે શાળાઓ/કૉલેજોમાં 'પ્રાર્થના વિજ્ઞાન' ભણાવવામાં આવશે. આ શિક્ષણમાં શીખવવામાં આવશે કે પ્રાર્થના એક હકારાત્મક માનસિક વાતાવરણમાં કરવામાં આવવી જોઈએ. કારણ કે ત્યારે જ વિશ્વાસ અને નિષ્ઠા પ્રાર્થના સાથે જોડાઈને એને અમોઘ/અકસીર બનાવે છે. વિશ્વાસથી દૈવીકૃત્યોની વ્યાખ્યા બદલાઈ જાય છે. જેને એક દૃષ્ટાંત વડે સ્પષ્ટ કરી શકાય છે.

આજથી ૨૦૦ વર્ષ અગાઉ વિજળીનું પડવું ઈશ્વરીય અવિરત કોપનું હોવું સમજવામાં આવતું હતું. જો ક્યાંય વિજળી પડતી તો સમજવામાં આવતું કે ઈશ્વર એ વ્યક્તિ કે સ્થળ ઉપર ક્રોધિત છે. પરંતુ આજે વૈજ્ઞાનિક પ્રગતિના પરિણામ સ્વરૂપે આકાશની પડનારી વિજળીને સમેટીને પૃથ્વી ઉપર સમૃદ્ધિ લાવવા માટે સમગ્ર ઉદ્યોગ પ્રયત્નશીલ છે. કેટલાક દાયકા પહેલાં ગ્રહોની વચ્ચે એક પ્રકારના દ્રવ્ય 'ઈથર'ની કલ્પના હતી કારણ કે ત્યારેનો મનુષ્ય એ સમજી શક્યો નહોતો કે શૂન્યમાં પણ અરસપરસનો સંબંધ સંભવ થઈ શકે છે.

આ જ તર્કને આગળ વધારતા માનવ મસ્તિષ્કનું અનંત મેઘાની સાથે જોડાણ સમજાવી શકાય છે. માનવ મેઘા અને અનંત મેઘા ની વચ્ચે કોઈ જકાત નાકું નથી, ન તો કોઈ 'મીડિયા' છે. આ તો પ્રામાણિક અને અદમ્ય ઈચ્છા, ધૈર્ય,ખંત અને હકારાત્મક સમજણને કારણે શક્ય બની શકે છે.

તમે આખું જીવનભર પ્રાર્થનાને પોપટની જેમ રટ્યા કરશો, કશું જ ફળ(પરિણામ) પ્રાપ્ત થશે નહી. જ્યાં સુધી કે તે વિચારો જે તમે અનંત મેઘા સુધી પહોંચાડવા ઈચ્છો છો અને એ રૂપાંતરિત થઈ તમારા અચેતન મનમાંથી જ પ્રક્ષેપિત ન થાય.

અનંત મેઘા સાથે સંપ્રેષણ જોડવાનો ઉપાય એ જ છે જેના દ્વારા ધ્વનિકંપન રેડિયો દ્વારા કરવામાં આવે છે. જો તમે આ પદ્ધતિના જાણકાર છો તો તો તમને એ પણ ખબર હશે કે ધ્વનિકંપનના આ મોજા ઈથરના માધ્યમથી ત્યાં સુધી પ્રેષિત ન કરી શકાય જ્યાં સુધી એના મોજા બહુ જ નાની આવૃત્તિના ન હોય — જેને 'શોર્ટવેવ' કહેવામાં આવે છે. એને ગ્રહણ કરીને જ રેડિયોનું રિસીવર એને એ ટૂકડામાં વિભાજીત કરી નાંખે છે જેનાથી ફરીથી એ માનવભાષાનું રૂપ લઈ લે.

અવચેતન મસ્તિષ્ક આ સંદર્ભમાં મધ્યસ્થની ભુમિકા અદા કરે છે. આ ચેતન મન દ્વારા કરવામાં આવેલી પ્રાર્થનાને એ ભાષામાં રૂપાંતરિત કરી દે છે જે પુન અનંત મેઘા ગમ્ય હોય-અર્થાત્ જે ભાષા અનંત મેઘા દ્વારા સમજવામાં આવે છે. એ જ ક્રમમાં પ્રાર્થનાનું ફળ(પરિણામ)પણ પ્રાપ્ત થાય છે. આ સિદ્ધાંતને જો તમે સમજી લો તો એ એની મેળે જાહેર થઈ જશે કે ફક્ત પ્રાર્થના-પુસ્તકમાંથી સ્તૂતિના નાદો ઉચ્ચારવાથી કશું પણ વળશે નહી જ્યાં સુધી એમાં નિષ્ઠા અને વિશ્વાસ જોડાયેલો ન હોય. આ વિશ્વાસ અચેતન મનમાંથી પ્રગટ થાય છે અને એના દ્વારા જ માનવી અનંત મેઘા સાથે સંપર્ક સ્થાપિત કરી શકે છે.

તમારી પ્રાર્થના અનંત મેઘા (જેવી રીતે લેખક દ્વારા નિર્ધારિત સિદ્ધાંત છે)સુધી પહોંચતા-પહોંચતા એક આધ્યાત્મિક આયામ પ્રાપ્ત કરી લે છે, કારણ કે શ્રદ્ધાનું કે વિશ્વાસનું સંપૂટ જ સાંસારિક વિચારોને આધ્યાત્મિકતાનો આવેગ પ્રદાન કરી શકે છે. વિશ્વાસ અને ભયનો ક્યારેય એકબીજા સાથે મેળ નથી હોતો. એટલા માટે પ્રાર્થનામાં વિશ્વાસનો સમાવેશ કરો, ભયનો નહી.



અમીર બનવા તરફ ઉપાડો બારમું પગલું

૧૩

મગજ: વિચારોની પ્રાપ્તિ અને પ્રસારણનું કેન્દ્ર

કેટલાય દશકાઓ પહેલાં જ્યારે કે લેખક ડૉ.એલેકઝૅન્ડર બેલ અને ડૉ. એલ્મર ગેટ્સની સાથે કાર્ય કરી રહ્યા હતા, તેઓની સમજમાં આવ્યું કે માનવ મગજ વિચારોની પ્રાપ્તિ અને પ્રસારણના એક જાગૃત કેન્દ્રની જેમ કાર્ય કરે છે.

પાછળના અધ્યાયોમાં જે રચનાત્મક કલ્પનાશીલતાની ચર્ચા કરવામાં આવી છે એ મગજનું 'રિસીવિંગ સેટ' હોય છે જે બીજા લોકો દ્વારા પ્રેષિત ભાવોને ગ્રહણ કરે છે. અચેતન મગજ આ પ્રસારણ સ્ટેશન છે જેના દ્વારા વિચારોના કંપન કરવામાં અને મોકલવામાં આવે છે. આ કેન્દ્રનું સંચાલન સ્વતઃપ્રેરણાના સિદ્ધાંત દ્વારા થાય છે.

પાછળના અધ્યાયોમાં તમને એ સ્પષ્ટ કરવામાં આવ્યું કે કઈ રીતે ઈચ્છાદ્‌ને સાકાર રૂપે રૂપાંતરિત કરવામાં આવી શકે છે. એની સરખામણીમાં માનસિક પ્રસારણ કક્ષની પ્રક્રિયા સરળ છે. પરંતુ એ કાર્ય પ્રણાલીને યોગ્ય રીતે સમજવા માટે તમને ત્રણ સિદ્ધાંતોની સમજ હોવી જરૂરી છે : એ જેના દ્વારા અચેતન મગજ, રચનાત્મક કલ્પનાશીલતા અને સ્વતઃપ્રેરણાનું સંચાલન થાય છે. પરંતુ એ પણ સમજી લો કે :

સર્વાધિક શક્તિશાળી બળ હંમેશાં અમૂર્ત રૂપમાં જ હોય છે

સંસારમાં આવેલી હાલની મંદીએ વિશ્વને અમૂર્ત બળોનો પ્રભાવ સમજવાના આરે તો લાવીને મૂકી દીધા છે. કમનસીબે પહેલાંના યુગોમાં માનવી પોતાની જ્ઞાનેન્દ્રિયો ઉપર એટલો તો આધારિત રહ્યો છે કે એ એનું અસ્તિત્વ સમજતો હતો જે એના ભૌતિક શરીર દ્વારા અનુભવી શકાતું હતું કે માપી શકાતું હતું. એટલે કે એનું જેને અડી શકતો હતો, સૂંઘી શકતો હતો કે માપી શકતો હતો. પરંતુ હવે આપણે એક અદ્‌ભૂત યુગમાં પ્રવેશ કરી રહ્યા છે જ્યાં સંશોધનનું કેન્દ્ર અમૂર્ત બળોનું સંકલન છે. ધીમે ધીમે આપણી સમજણમાં આવવા લાગ્યું છે કે અદૃશ્ય દૃશ્યથી વધારે બળવાન હોય છે. મનુષ્ય હજુ સુધી સમજી શક્યો નથી કે એ બળ શું હોય છે જે દૃશ્યમાન નથી હોતું, ન તો એને અનુભવી શકાય છે-પણ જેનાથી સમગ્ર સમુદ્ર આંદોલિત થઈ જાય છે; જે એ પૃથ્વીને પોતાની કક્ષામાં નિરંતર ગતિમાં રાખે છે. આ જ એ બળ છે જે માનવ જીવનને

નિયંત્રિત કરે છે જો કે માનવી હજુ સુધી આ સત્યથી પૂર્ણ રીતે માહિતગાર નથી. એનું મૂળ કારણ એ જ છે કે પોતાની ભૌતિક જ્ઞાનેન્દ્રિયોના જોરે પોતાની સમજણને નક્કી કરતો રહ્યો છે. ફક્ત ૧૦૦ વર્ષ પહેલાં એની સમજણમાં ત્યારે એ વાત આવવા લાગી. વસ્તુતઃઆ જ ખરી વાત છે જે માનવ મગજને સંચાલિત કરે છે અને જેના દ્વારા મગજ પોતાની અમૂર્ત ઈચ્છાઓને મૂર્ત રૂપ પ્રદાન કરવામાં સક્ષમ થાય છે.પરંતુ એની કથાની અગાઉ આપણે માનવ મગજની આ કથા પણ જાણવી પડશે જે એટલી જ નાટકીય પ્રતીત થાય છે જાણે કે નાટકનો આલેખ જ ન હોય.

માનવ મગજની નાટકીય કથા

પોતાની બધી ઉપલબ્ધ જ્ઞાન-નિધિ છતાં હજુ માણસ વિચારોની અમૂર્ત શક્તિથી પૂર્ણ રીતે માહિતગાર બની શક્યો નથી. એને મગજના ભૌતિક રૂપનું થોડું ઘણું જ્ઞાન તો મળી ગયું છે પરંતુ કઈ રીતે એના દ્વારા પોતાના અમૂર્ત વિચાર પોતાનું મૂર્તિમાન સ્વરૂપ મેળવી શકે છે, એના વિશે હજુ સુધી એ ઘણો બધો અજાણ છે.

માનવમગજની સંચાર પ્રણાલીની એટલી બધી અસંખ્ય સુક્ષ્મ ધારાઓ છે કે, ડૉ. સી. જૂડસન હેરિક, યુનિવર્સિટી ઑફ શિકાગો, પ્રમાણે“પ્રકાશ વર્ષ સરખી કલ્પના પણ એની સામે વામણી લાગે છે.”

હજુ સુધી વૈજ્ઞાનિક શોધખોળોમાં એ તારણ કાઢવામાં આવ્યું છે કે માનવમગજમાં આશરે ૨૦ અબજ કોષો કે સેલ છે જે ચોક્કસ પેટર્નમાં ગોઠવાયેલા છે. સર્વાધિક આશ્ચર્યની વાત તો એ છે કે દરેક સેલ દરેક સમયે એકબીજા સાથે આંતરક્રિયા કર્યા કરે છે. આજનું સર્વાધિક કૉમ્પ્યૂટર પણ આ અસીમ સંવેદનશીલતાથી ક્યાંય પાછળ છે.

એની વિષમતા અને અસીમ સંપ્રેષણતાને જોતા આ માનવું વ્યર્થ લાગે છે કે આટલું શક્તિશાળી મગજ માત્ર ભૌતિક સંદેશ-વાહકનું કેન્દ્ર માત્ર હશે. શું એ અસીમ મેધા સાથેના સંબંધોનું વાહક નહી હોય? ચાક્કસપણે એનો સંબંધ અમૂર્ત આવેગના આદાન-પ્રદાન સાથે છે, આ વાત હજુ મનુષ્યનું તાર્કિક મગજ હજુ સુધી સમજી શક્યું નથી. જ્યારે આ પુસ્તક પૂર્ણ થઈ ગયું અને પ્રકાશકોની પાસે મોકલવામાં આવ્યું હતું ત્યારે ‘ન્યૂયૉર્ક ટાઈમ્સ’માં એક તંત્રી લેખ છપાયો. એમાં એક શોધ પત્રનો હવાલો આપવામાં આવ્યો હતો જે ‘ડૉ. રાઈન’ અને એમના સાથીઓએ ડ્યુક વિશ્વ વિદ્યાલયમાં કર્યો હતો. જેમાં ‘ટેલિપથી’ અને ‘ક્લેયર વૉએન્સ’ (‘અન્તર્પ્રજ્ઞા’ના બે પ્રકાર જેમાં ક્રમશઃભાવ-તાદાત્મ્ય અને અંતઃપ્રેરણાની શક્તિ ઉત્પન્ન થઈ જાય છે)ના વિશે નવીન સૂચનાઓ અને તારણો આપવામાં આવ્યા હતા. ડૉ. રાઈનના પ્રયોગોથી એ સ્પષ્ટ થતું હતું કે વૈજ્ઞાનિક રૂપે પણ ટેલિપથી અને ક્લેયર વૉએન્સનું અસ્તિત્વ સ્વીકાર્ય છે.

આ પ્રયોગમાં કેટલાય પ્રતિભાગીઓની સામે કેટલાક કાર્ડ રાખવામાં આવ્યા હતા(પત્તાના)અને એમાંના એકે જ્યારે એને જોયું તો એના દૂર બેઠેલા સાથીએ એકદમ સાચું ઓળખી લીધું. આવા કેટલાય પ્રયોગો કરવામાં આવ્યા. પૂરી સાવધાની રાખવામાં આવી કે એકની પાસે જે સૂચના હતી એને બીજાની પાસે મોકલવાનું કોઈ ભૌતિક સાધન ન હોય. એ પ્રયોગમાં તીર-તુક્કાની કોઈ જ શક્યતા(ગુંજાઈશ) નહોતી. તો પછી આ બધું કઈ રીતે થયું? જ્ઞાનેન્દ્રિયોના આપસના અનુભવના સંપ્રેષણનું અન્ય કોઈ જ ભૌતિક સાધન તેઓની પાસે નહોતું. એનું સ્પષ્ટીકરણ વિકિરણ કે રેડિયેશનના સિદ્ધાંતથી તો ક્યારેય ન થઈ શકે કારણ કે આ પ્રયોગમાં અંતરથી કોઈ ફેર પડતો નહોતો. કાર્ડ જોવાવાળું ૨૦ ફૂટ દૂર હોય કે ૨૦ માઈલ દૂર એનો સાથી તો પણ સાચી રીતે કાર્ડ ઓળખવા માટે સક્ષમ રહેતો હતો. આ એટલા માટે વધારે સાચું છે કારણ કે વિકિરણના સિદ્ધાંતવાળી ધારણામાં અંતરનું અત્યાધીક મહત્વ હોય છે. જેમ કે જાણીએ છીએ કે વિકિરણની તીવ્રતા મધ્યના અંતરના વર્ગના અનુપાતમાં ઘટતી જાય છે. અર્થાત્ જ્યારે બે વસ્તુઓ બિલકુલ પાસે હોય ત્યારે એમાં વિકિરણની તીવ્રતા વધારે રહે છે અને દૂર થવાથી એ ઘટતી ચાલે છે. વસ્તુતઃએ પ્રયોગથી આ પૂર્ણ રીતે સાબિત થઈ ગયું કે ટેલિપથી કે ક્લેયર વૉએન્સ ઉપર ભૌતિક તત્વોનો કોઈ પ્રભાવ પડતો નથી.

સામાન્ય ધારણાની વિપરિત એ બીજું સત્ય સામે આવ્યું કે જો સાધક કે'ઑબજેક્ટ' અર્ધ નિંદ્રિત કે નિંદ્રિત છે તો ક્ષમતા તદ્દન ઓછી થઈ જાય છે. જ્યારે એ પૂર્ણ જાગૃત હોય ત્યારે એ એની તીવ્રતા ઉચ્ચતમ ઉપર રહે છે.

આ પ્રયોગના હવાલાથી એના લેખક ઈ. એચ. રાઈટે હાયર મેગેઝીનના બે અંકોમાં એ અંગે છાપ્યું હતું. તારણ કાઢતા લેખકે ભાર દઈને કહ્યું હતું કે વસ્તુતઃટેલિપથી અને ક્લેયર વૉએન્સ એક જ વિદ્યા કે દૈવી ગુણોના બે રૂપ છે, એ બધામાં નથી હોતા. એ ગુણો પર નશાનો ખોટો પ્રભાવ પડે છે પરંતુ મગજ જો હકારાત્મક રૂપથી આંદોલિત હોય તો એનું પ્રદર્શન ઘણું જ સુધરી જાય છે. એ બન્ને'ઑબજેક્ટ'ની વચ્ચે કોઈ પણ પ્રકારના અડચણો કે ઉવેખનાથી કોઈ ફેર પડતો નથી.

ડૉ.રાઈન અને શ્રી રાઈટના એ પ્રયોગે એક વાત તદ્દન સ્પષ્ટ કરી દીધી કે માનવ મગજની પહોંચ અને ક્ષમતા અસીમિત છે. એ જ કારણે આ અસીમ મેધા સાથે સંપર્ક કરી 'અન્ર્તપ્રેરણા કે 'અન્ર્તપ્રજ્ઞા' પ્રાપ્ત થાય છે.

આ જ પ્રયોગ જેવો જ પ્રયોગ મેં પણ મારા બે સાથીઓની સાથે કર્યો. અમે જોયું કે આદર્શ સ્થિતિ ત્યારે જ ઉદ્દભવે જ્યારે છઠ્ઠી ઈન્દ્રિયનો પૂર્ણ વિકાસ થઈ શક્યો હોય. એ પ્રયોગમાં અમે અદ્રષ્ટ સલાહકારો પાસેથી પણ કામ લીધું. જેના વિશે આગળના અધ્યાયમાં દર્શાવવામાં આવ્યું છે. અમારી કાર્ય-વિધિ સ્હેજે જટિલ નહોતી.

અમે ત્રણેય એક કૉન્ફરન્સ ટેબલની પાસે બેસી ગયા હતા અને એ સમસ્યા ઉપાડી લીધી જેની પર અમે ચર્ચા કરવાનો નિર્ણય લીધો હતો. આ બેઠકમાં અમે એકબીજાના મગજને આંદોલિત કરવાના અમારા સર્વોત્તમ પ્રદર્શનને પ્રોત્સાહિત કરતા રહ્યાં. વાતચીત દરમ્યાન બધાને પૂરી છૂટ આપવામાં આવી હતી કે અમારા મગજ પૂર્ણ રીતે આંદોલિત હોય, એ સમયે અમે કોઈ અજ્ઞાત જ્ઞાનનો સહારો મળી રહ્યો હતો. કેવી રીતે મળી રહ્યો હતો એ વાત અમે સમજી શકતા નહોતા. પરંતુ એ પ્રયોગથી એ સાબિત થઈ ગયું કે જો યોગ્ય રીતે આંદોલિત હોય તો માનવ મગજના વિચારોમાં અનંત મેધાના સહયોગથી સ્પષ્ટ પરિણામ પરિભાષિત થતું હોય છે.

જો તમે પાછળના માસ્ટર માઈન્ડ સંબંધિત અધ્યાયને ધ્યાનથી વાંચ્યું હશે તો તમારી સમજમાં આવી જશે કે આ પ્રયોગ કૉન્ફરન્સ ટેબલની આજુબાજુ બેસીને અમે કર્યો હતો, વાસ્તવમાં માસ્ટરમાઈન્ડને જીવંત કરવાનો એક વ્યવહારૂ પ્રયોગ હતો. એમાં ત્રણ વ્યક્તિઓ બેસીને એક જ સમસ્યા ઉપર ખુલ્લા મગજથી વિચાર કરી રહ્યા છે. એમની સમ્મિલિત વિચાર વિશ્લેષણ શક્તિ કંઈક એવી રીતે સત્યને ઉદ્દઘાટિત કરે છે જે એકલા બેસીને કદાચ કોઈની પણ સમજમાં આવત જ નહીં. જો એ પ્રમાણે અભ્યાસ કરવામાં આવે તો આપણે ના તો ફક્ત બીજાના મગજના વિચારોને ગ્રહણ કરી શકીએ છીએ, બલ્કે મગજના તીવ્ર આંદોલનો દરમ્યાન અસીમ મેધા સાથે પણ સતત સંપર્ક સાધીને બિલકુલ અનોખી ઘોષણાઓ કરી શકીએ છીએ.

કોઈ પણ દર્શનનો વિદ્યાર્થી એક સીધી સાદી યોજના દ્વારા કાર્નેગીના એ ફૉર્મ્યુલાને પ્રાપ્ત કરી શકે છે જેનો આ પુસ્તકના આમુખમાં સંક્ષિપ્ત ઉલ્લેખ કરાયો છે. આ પુસ્તકને પૂર્ણ કર્યા પછી એને પુનઃવાંચશો તો વાત તદ્દન સ્પષ્ટ થઈ જશે.અમૂર્ત-વિચાર-સંપ્રેષણની પ્રક્રિયાને સ્વીકારવી કદાચ મંદીના એ સમયગાળાની સૌથી મોટી ઉપલબ્ધિ માનવામાં આવશે.



અમીર બનવા તરફ ઉપાડો તેરમું પગલું

૧૪

અતીન્દ્રિય જ્ઞાન

બુદ્ધિ મંદિરનું દ્વાર

આ તેરમો સિદ્ધાંત 'છઠ્ઠી ઈન્દ્રિય'ના રૂપમાં ઓળખવામાં આવે છે. જેના દ્વારા અનંત મેધા સ્વતઃપ્રેરણા કે માંગવા દ્વારા કોઈ વ્યકિત સાથે સંપ્રેષણ કાયમ કરે છે.

એ દર્શનનું આ શીર્ષ-બિંદુ છે માટે એનો પ્રયોગ પહેલા વર્ણવાયેલા બાર સિદ્ધાંતોને સારી રીતે આત્મસાત્ કર્યા પછી જ કરવો જોઈએ.

આ જ સિક્થસેન્સ કે છઠ્ઠી ઈન્દ્રિય છે જેને અચેતન મગજ સંદર્ભમાં રચનાત્મક કલ્પનાશીલતા રૂપમાં ઉલ્લેખિત કરવામાં આવ્યો છે. આ જ અનંત મેધા સાથે સંપ્રેષણ પ્રાપ્ત કરવાના 'રિસીવિંગ સેટ' પણ છે. એના માધ્યમ દ્વારા પ્રેરણા 'ઝબકે' છે અને 'અંર્તસ્ફૂરણા' પણ થાય છે.

છઠ્ઠી ઈન્દ્રિયને શબ્દોમાં સમજાવી શકાય નહી- ખાસ કરીને તેઓને જેઓએ હજુ બાર સિદ્ધાંતોને સમજ્યા નથી. કારણ કે એની સરખામણી બીજા કોઈ સાથે થઈ શકતી નથી. છઠ્ઠી ઈન્દ્રિયની સમજ તો સમાધિ લગાવવાથી કે દયાન ધરવાથી અંદર જ ઉત્પન્ન થાય છે. આ જ એ સંપર્ક સૂત્ર છે જેના દ્વારા માનવ-બુદ્ધિ અનંત મેધા સાથે સંબંધ સ્થાપિત કરી શકે છે. આ વસ્તુતઃમાનસિક અને આદયાત્મિક આવેગોનું સંગમસ્થાન છે. અહીયા માનવ-માનસ અને અનંત મેઘાનો સંયોગ પેદા થાય છે.

એના દ્વારા તમને અચાનક આગામી જોખમો વિશે ચેતવણી પ્રાપ્ત થાય છે. આ જ એ સંરક્ષક દૂત છે જે તમને તોફાનોથી બચાવીને મહાબુદ્ધિના દ્વાર સુધી દોરી જાય છે.

આ એ સત્ય છે કે નહી, એને સમજાવી શકાય નહી- આ તો ફક્ત અનુભવ કરવાનો ભાવ છે. અહીયા એ સ્પષ્ટ સમજી લેવાનું છે કે લેખક કોઈ 'ચમત્કારો'ના ચાહક નથી. પરંતુ છઠ્ઠી ઈન્દ્રિયની અનુભૂતિ એક ચમત્કારની સમકક્ષ જ હોય છે. જો કે મને એ ખબર નથી કે એ કઈ રીતે કામ કરે છે પરંતુ એ શકિતને નકારી શકાય પણ એમ નથી. આ એ શકિતનું મૂળભૂત રૂપ છે જે સૃષ્ટિના કણ-કણમાં વ્યાપ્ત છે આ જ પરમ શકિત છે જેને કારણે રાત-દિવસ થાય છે, પાણી ઉપર તળે થાય છે, ઝાડપાન ઉગે છે અને સૃષ્ટિનો ક્રમ ચાલે છે.

આ સિદ્ધાંત અંતિમ હોવા છતાં પણ એક ગહન અનુભૂતિનો છે અને એ કારણે અહીયા તેને ધીમે-ધીમે, બાર પગલાં પછી લાવવામાં આવ્યો છે. પરંતુ એને સમજતા પૂર્વે તમારે પહેલાં બાર સિદ્ધાંતોમાં નિપૂણતા કેળવવી પડશે.

જ્યારે હું વૃદ્ધિની ઉંમરમાંથી પસાર થઈ રહ્યો હતો - મારા મનમાં 'હીરો'ના ભાવોનો ઉદય થતો હતો- ત્યારે હું પણ મારા મનગમતા નાયકોની નકલ કરવાનો પ્રયત્ન કરતો હતો. મને અનુભવે એ જ્ઞાન આપ્યું કે જો સ્વયં મહાન ન બની શકાય તો ઓછામાં ઓછું એ મહાન લોકોનું અનુકરણ કરવાનો પ્રયત્ન તો કરવો જ જોઈએ.

હું પણ શરૂઆતથી જ મારા પ્રિય નાયકોનું અનુસરણ તો કરતો હતો પરંતુ પછીથી મેં તેઓના જીવનોમાંથી પાઠ શીખ્યો. મારા 'હીરો' હતા આ નવ વ્યક્તિઓ :ઈમરસન, પાઈન, એડીસન, ડાર્વિન, લિંકન, બરબેંક, નૅપોલિયન, ફોર્ડ અને કાર્નેગી.

હું રાત્રે મારી કલ્પનાશીલતામાં એ નવ મહાનુભાવો સાથે મુલાકાત કરતો હતો. તેઓને જ હું મારા 'અદૃશ્ય સલાહકાર' માનતો હતો. રોજ સૂતા પહેલાં હું આંખો બંધ કરીએ નવ લોકોને એક ટેબલની ચારેય બાજુ બેસાડીને, મંત્રણા કરતો હતો. જે એ સમયે એ કૉન્ફરન્સના 'ચૅયરમેન' હોવું સૌથી મહાન પ્રતીત થતું હતું.

આવું કરવા પાછળ મારો એક વિશિષ્ટ ઉદ્દેશ્ય છુપાયેલો હતો. હું ઈચ્છતો હતો કે મારા વ્યક્તિત્વ અને ચરિત્રનો એવી રીતે વિકાસ થાય જેમાં એ નવ મહાનુભાવોના વ્યક્તિત્વનો સમાવેશ થતો હોય. મને ખબર પડી ગઈ હતી કે અજ્ઞાન અને અંધ વિશ્વાસનું વાતાવરણ- જે મને નાનપણમાં પ્રાપ્ત થયુ હતું તેમાંથી (સાજાપણું)તારણ એક કાલ્પનિક પુર્નજન્મના માધ્યમ દ્વારા જ મને પ્રાપ્ત થઈ શકતું હતું. આ જ પદ્ધતિ છે જેનાથી હું મારી સ્વભાવગત નબળાઈઓથી છૂટકારો પ્રાપ્ત કરી શક્યો.

અતીન્દ્રિય જ્ઞાન દ્વારા ચરિત્ર નિર્માણ

મનોવિજ્ઞાનના વિદ્યાર્થી હોવાને કારણે હું જાણું છું કે મનુષ્ય છેવટે એ જ બને છે જે એના મગજના વિચારોના આધિપત્યને કારણે એની છબિ ઉપસી આવે છે. મને એ પણ ખબર છે કે મનમાં ઉત્પન્ન થયેલ દરેક ઈચ્છા પોતાની સાકાર સમ્મપૂર્તિ ઈચ્છે છે અને એટલા માટે બાહ્ય અભિવ્યક્તિ શોધ્યા કરે છે. એ જ કારણે સ્વતસૂચનોની પ્રક્રિયા ચરિત્ર નિર્માણમાં એક નિર્ણાયક ભુમિકા ભજવે છે. એટલા માટે હું મારી રાત્રિની કેબિનેટ મંત્રણામાં મારા કેબિનેટના દરેક સભ્યને અલગ અલગ સંબોધિત કરતો હતો. હું એવું શા માટે કરતો હતો, એની વિગતો નીચે આપવામાં આવી છે.

"મિ. ઈમરસન! આપની પાસેથી હું પ્રકૃતિ વિશે ગહન સમજણ લેવા માંગું છું જેણે આપના જીવનને વિશિષ્ટ બનાવ્યું. હું ઈચ્છું છું કે આપ મારા અચેતનમાં પ્રકૃતિને સમજવાના એ નિયમો ભરી દો અને એ જ્ઞાન અર્જનમાં મારી સહાયતા કરો."

"મિ.બરબેંક! હું આપને અરજ કરૂં છું કે મને પ્રકૃતિ વિશેના એ રહસ્યો જણાવો જેના દ્વારા આપે નાગફણી સદૃશ્ય ઝાડને કાંટાઓ ત્યાગીને ખાદ્ય-પદાર્થ બનવા માટે વિવશ કરી દીધું; અને ફૂલ તથા ફળોને સમૃદ્ધિવાન વિકાસનો માર્ગ ચીંધ્યો."

"મિ.નૅપોલિયન! હું આપની પાસેથી એ પ્રેરકશક્તિ ચાહું છું જેના માધ્યમથી આપ હજારો સૈનિકોને આપના આદેશ ઉપર પોતાનો જીવ ન્યોછાવર કરવા માટે તત્પર કરી દેતા હતા અને એ શ્રદ્ધા જે આપની હારને પણ એક વિજયશ્રીમાં પરિવર્તિત કરતી હતી."

"મિ. પાઈને! હું આપની પાસેથી વિચારોની સ્પષ્ટતા અને પોતાની ધારણાને વ્યક્ત કરવા કરવા માટેનું અસીમ સામર્થ્ય ઈચ્છું છું."

"મિ. ડાર્વિન! આપની પાસેથી હું એ ગહન દૃષ્ટિ ઈચ્છું છું જેના દ્વારા આપ પ્રકૃતિ વિકાસના સહજ નિયમોનું સંશોધન કરી શક્યા હતા."

"મિ.લિંકન! આપની પાસેથી હું અડગ ન્યાયપ્રિયતાનો ગુણ પ્રાપ્ત કરવા ઈચ્છુ છું, હું અસીમિત ધૈર્ય, સૂક્ષ્મ વિનોદ પ્રિયતા, માનવ માત્રના કલ્યાણ માટેની પ્રતિ નિષ્ઠા ઈચ્છું છું."

"મિ.કાર્નેગી! મને આપની પાસેથી જ મારા જીવનનો ઉદ્દેશ્ય પ્રાપ્ત થયો છે જેને માટે હું આપનો ઋણી છું! હું આપની પાસેથી સુયોગ્ય વ્યવસ્થિત પ્રયાસોના સિદ્ધાંતોમાં નિપૂણતા ચાહું છું જેના દ્વારા આપે આપનું સમસ્ત ��દ્યોગિક સામ્રાજ્ય ઉભું કર્યું છે."

"મિ. ફોર્ડ! આપના જીવનમાંથી જ મને મારા આ પુસ્તકની બહુધા સામગ્રી પ્રાપ્ત થઈ છે, જેના માટે હું આપનો અત્યંત આભારી છું. હું આપની પાસેથી અધ્યવસાય અને ખંત, ઊંડ-પ્રતિજ્ઞતા અને આત્મ-વિશ્વાસ ઈચ્છું છું જેણે આપને આટલા સફળ અને સમૃદ્ધ બનાવ્યા. "

"મિ.એડીસન! મેં આપની બેઠક મારી પાસે સૌથી નજીક રાખી છે કારણ કે મારા સંશોધનકાર્ય દરમ્યાન મને આપની પાસેથી વ્યક્તિગત રૂપે ઘણી જ સહાયતા પ્રાપ્ત થઈ છે. હું આપના એ ગહન શ્રદ્ધાનો ભાવ ઈચ્છું છું જેણે આપને આપના પ્રાપ્યને પ્રાપ્ત કરવા માટે મક્કમ રહ્યાં અને પ્રાપ્ત કર્યા પછી જ હટ્યા, તથા દરેક હારને જીતમાં પરિવર્તિત કરી શક્યા."

તેઓને સંબોધિત કરવાની રીત પણ બદલ્યા કરતો હતો, મારી એ દિવસની માંગણી અનુસાર, પરંતુ યાચનાનો મૂળભાવ અપરિવર્તિત જ રહેતો હતો.

એ નવ મહાનુભાવોમાં પોતાની એક અલગ લાક્ષણિકતા હતી જેણે મને થોડો આશ્ચર્યચકિત પણ કર્યો હતો. ઉદાહરણ માટે લિંકનને કાયમ મોડા પહોંચવાની ટેવ હતી

અને એ પણ પરેડમાં ધીરે ધીરે ચાલવાની. તેમના મુખ ઉપર સદાય ઓઢેલી ગંભીરતા જાણે કે વિભાજીત દેશની ચિંતા તેમના માથા પર સવાર છે.

મારી આ કેબિનેટનો ઉદ્દેશ્ય સ્પષ્ટ જ કરી દેવામાં આવ્યો હોય. હું ઈચ્છતો હતો કે હું એ લોકોના ગુણોની સાથે વિકાસ કરૂં પરંતુ તેઓના જેવો તો સ્હેજ પણ ન બનું. મારા અમૂક ગુણો તો રહેવા જ જોઈએ. મને કહેવામાં કોઈ સંકોચ થતો નથી કે આ કલ્પનાશીલ 'કેબિનેટ બેઠક'થી મને પુષ્કળ લાભ થયો છે.

પછી મારી આ 'કેબિનેટ બેઠક'માં કેટલાક નવા સભ્યો પણ જોડાયા- જેમ કે ક્રાઈસ્ટ, સેંટ પૉલ, ગેલેલિયો, કાપરીનિકસ, એરીસ્ટોટલ, પ્લેટો, સોકરેટીસ, હોમર, વૉલ્ટયર, બ્રુનો, સ્પિનોઝા, ડ્રમન્ડ, કાન્ટ, શોપનહૉવર, ન્યૂટન, કન્ફ્યુશિયસ, આલબર્ટ હુબ્બાર્ડ, બ્રાન ઈન્ગરસૉલ, વિલ્સન અને વિલિયમ જેમ્સ!

આ વાતનો ઉલ્લેખ કરવાનું સાહસ હું પ્રથમ વખત દેખાડી રહ્યો છું. એનું કારણ એ જ છે કે હું ઈચ્છું છું કે મારા લખેલ શોધ-સાધનાથી જેટલા પણ લોકો લાભાન્વિત થાય એટલું વધારે સારૂં! આધેડ કે પુખ્ત બન્યા પછી એ કામ પણ થાય છે કે તમારામાં સત્ય કહેવાનું સાહસ આવી જાય છે પછી ભલેને એનું ગમે તે પરિણામ આવે.

હું એ પણ સ્પષ્ટ કરવા ઈચ્છું છું કે મારી આ 'કેબિનેટ બેઠક' વાસ્તવમાં તો કલ્પનામાં જ થતી હતી અને એક અમૂર્ત ભાવમાં જ રહી હતી પરંતુ એનાથી મને કેટલાક નક્કર અને સાક્ષાત લાભો નિશ્ચિત પણે પ્રાપ્ત થયા છે. આ પણ મગજનો જાદુ જ છે.

આ જ મગજનો એક ગોપનીય ભાગ છે જેમાં વિચારો 'ઝબકે' છે, જેને આપણે 'અંર્તસ્ફુરણા'કહીએ છીએ. આ જ ભાગ આપણી છઠ્ઠી ઈન્દ્રિય નું ઘર છે. જો કે વિજ્ઞાન હજુ સુધી આની ચોક્કસ સ્થિતિ જાણી શક્યું નથી પરંતુ એનું કોઈ મહત્વ પણ નથી. સત્ય તો એ છે કે આ પ્રકારે દૈવી સંદેશ આપણા મગજમાં છઠ્ઠી ઈન્દ્રિયના માધ્યમ વડે જ ઝબકે છે. આ ઝબકાર વિજળીની ત્વરાએ પ્રગટ થાય છે. વાચકોમાંથી ઘણા લોકોએ એની અનુભૂતિ કરી હશે જેમ કે- તીવ્ર ગતિએ પસાર થતી મોટર કારને વૃક્ષ સાથે અથડાતા બચાવવાની યુક્તિ ડ્રાયવરને તત્કાળ જ સુઝે છે. આને 'અંર્તસ્ફુરણા'નો સ્ત્રોત અનંત મેઘા અને આપણી 'કેબિનેટ બેઠક'ના સભ્યો પણ હોઈ શકે છે કારણ કે એ બધાને તેઓની છઠ્ઠી ઈન્દ્રિયનો યોગ્ય ઉપયોગ કરવાનું આવડે છે.

છઠ્ઠી ઈન્દ્રિય કોઈ એવી વસ્તુ નથી કે જે ખૂલે કે બંધ થાય. એમાં પોતાની ઈચ્છા સ્હેજ પણ ચાલતી નથી. આ જો જાગૃત છે, તો છે. આમ પણ આ બહુ જ ધીમે ધીમે જાગૃત થાય છે. એના પુખ્ત બનતા સુધી સમજ કહેવાય છે અને તમારી પોતાની ઈચ્છા આમ તો એનો લય કે આયુ સાથે કોઈ જ સંબંધ નથી પરંતુ ક્યારે ઈચ્છા કે છઠ્ઠી

ઈન્દ્રિય બોલે છે એની ઓળખ પુખ્તતા પછી જ આવે છે અને કદાચ એનો યોગ્ય ઉપયોગ તો પચાસ વર્ષો પછી જ સંભવ થાય છે.

આ અધ્યાયને વાંચતી વખતે તમને લાગ્યું હશે કે જાણે તમારું માનસિક સાર-અનુભૂતિનું ક્ષેત્ર થોડુંક વિકસિત અને સંવેદનશીલ બની રહ્યું છે. જો આવું હોય, તો બહુ સારું છે. એક માસ પછી આને પુનઃબેવડાવો- ત્યારે તમને તમારા સંવેદના-સ્તરમાં ઘણી વૃદ્ધિ મળશે. ધીમે ધીમે અભ્યાસ કરતા કરતા તમારી પાસે એક એવી શક્તિ આવી જશે જે તમારા દરેક પ્રકારના ભય, ટાળમટોળનો ભાવ અને હતાશાની ઈતિશ્રી કરી તમારી કલ્પનાશીલતાને ઉન્મુક્ત છોડી દેશે. પછી તમે જોશો કે તમારી છઠ્ઠી ઈન્દ્રિય સક્રિય થવા લાગી છે અને તમે પણ 'અંર્તસ્ફુરણા' કે 'અંર્ત પ્રજ્ઞા'નો સ્વર ઓળખવા લાગશો. આ તમારી ઈચ્છાને સાકાર રૂપ આપીને તમને ધનવાન અને સમૃદ્ધ બનાવવાનું એક મહત્વપૂર્ણ સોપાન હશે.

વિશ્વાસ વિરુદ્ધ ભય

પાછળના અધ્યાયોમાં જણાવવામાં આવ્યું છે કે કઈ રીતે સ્વતસૂચન, ઈચ્છા અને અચેતનના માધ્યમથી તમે વિશ્વાસ ઉત્પન્ન કરી શકો છો. આગલા અધ્યાયમાં ભય કાબુમાં કરવાનું બૃહદ્ વિવેચન કરવામાં આવ્યું છે. એમાં છ પ્રકારના ભયનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જે દરેક પ્રકારની હતાશ, ભીરુતા, ટાળમટોળી, ઉદાસીનતા, અનિર્ણયાત્મકતા અને મહત્વાકાંક્ષા, જાત પર ભરોસો, પહેલ અને આત્મ નિયંત્રણ અને ઉત્સાહની ખામી કે ખોટ મૂળ કારણ છે.

ધ્યાનપૂર્વક આ છ શત્રુઓનું અધ્યયન કરો કારણ કે તમારા અચેતનમાં સંતાઈ રહી શકે છે અને તમે એને શોધી પણ નહી શકો.

એ યાદ રાખો કે આ છ પ્રકારના ભય એક પ્રકારના ભૂત જ છે, કારણકે એનું કોઈ જ ભૌતિક અસ્તિત્વ જ નથી. તેઓ તો તમારા મગજમાં જ રહે છે. આ તમારી અનિયંત્રિત કલ્પનાની જ પેદાશ હોય છે. લોકોએ તેમના દ્વારા પોતાનું ખૂબ જ અહિત કર્યું છે. તેઓનું અસ્તિત્વ સમાપ્ત કરવામાં નહી આવે તો આ એક ભૌતિક અસ્તિત્વ મેળવીને વધારે ભયાવહ બની શકે છે.

યાદ રાખો કે ૧૯૨૯માં ગરીબીના ભયે કેવડું મોટું નુકસાન કર્યું હતું. એવી મંદી કદાચ પુન ઉભી ન થાય પણ એનું ભૂત આજે પણ લોકો ને ભયભીત કર્યા કરે છે.



અમીર બનવા તરફ ઉપાડો ચૌદમું પગલું

૧૫

ભય

ભયરૂપી છ ભૂતોથી કઈ રીતે છૂટવું

આ પુસ્તકમાં વર્ણિત દર્શન કે થિયરીને તમે કાર્યાન્વિત ત્યારે જ કરી શકશો જ્યારે તમે તમારા ત્રણ ભયાવહ શત્રુઓથી તમારો પીછો છોડાવી શકો. એ છેઃ અનિર્ણયાત્મકતા, સંદેહ અને ભય.

જો આ ત્રણ શત્રુઓમાંથી એક પણ નકારાત્મક બોધ જીવંત રહેશે તો તમારી છઠ્ઠી ઈન્દ્રિય ક્યારેય જાગૃત નહીં થઈ શકે.

વસ્તુતઃઅનિર્ણયાત્મકતાથી ભયનું બીજ વવાય છે કારણ કે અનિર્ણયાત્મકતા સંદેહની જનેતા છે અને એના સંયોગથી જ ભયનો જન્મ થાય છે. આ ત્રણેય પ્રચ્છન્ન કે ગોપિત રૂપે તમારા મગજમાં વાસ કરે છે એમને શોધી કાઢવા મુશ્કેલ છે બલ્કે એનો નાશ થવો એ તો એનાથી પણ વધારે કઠિન હોય છે.પહેલાં તો એ ભયોની યોગ્ય રીતે ઓળખ મેળવી લઈએ.

મૂળ છ ભય

આ છ પ્રકારના મૂળ ભય હોય છે જેનાથી કે જેના આપસના સંયોગથી મોટાભાગે લોકો શાસિત રહે છે. જે રીતે સામાન્ય રૂપે આ કે ઉત્પન્ન થાય છે એને નીચે દેખાડવામાં આવ્યું છે.

અભાવ કે ગરીબીનો ભય

ટીકાનો ભય

ખરાબ સ્વાસ્થ્યનો ભય

કોઈનો પ્રેમ ગુમાવી દેવાનો ભય

વૃદ્ધાવસ્થાનો ભય

મૃત્યુનો ભય

આ ત્રણ ભય તો કોઈ પણ

ચિંતાઓનું મૂળ કારણ હોય છે.

બાકી જે પણ ભય હોય છે :તે એ જ મૂળ ભયોની શાખા-પ્રશાખાના રૂપમાં વર્ગીકૃત કરી શકાય છે. સમયાન્તરે આ ભય પોતાનું વર્ચસ્વ દેખાડ્યા કરે છે. જો મંદીમાં ગરીબીનો ભય સમગ્ર વિશ્વને સતાવે છે તો વિશ્વ યુદ્ધમાં મૃત્યુનો ભય દરેકને આતંકિત કરતો હતો. પછી મહામારી ઈત્યાદિમાં સ્વાસ્થ્યનો બગડવાનો ભય તમને પણ સતાવે છે

પરંતુ સ્પષ્ટ સમજી લો કે સ્વાસ્થ્યનો ભય એક માનસિક સ્થિતિ માત્રનું પરીચાયક છે. બધા જાણે છે અને સમજે છે કે સારા ડૉક્ટર અને વૈદ્ય મોટાભાગે માંદા પડતા નથી- કારણ કે તેઓ પોતાને રોગના ભયથી મુક્ત રાખે છે.

જે પ્રકારે હકારાત્મક ભાવ મનમાંથી જ ઉદ્ભવે છે એ જ પ્રકારે આ ભય પણ મનમાંથી ઉદ્ભવે છે, એ જ પ્રકારે ભય પણ અલ્પથી જ પેદા થાય છે. પહેલાં તો એક ભ્રાન્ત ધારણાને કારણે મનમાં ભય ઉત્પન્ન થાય છે પછી એનું કારણ બહાર શોધવામાં આવે છે.

ગરીબીનો ભય

ગરીબી અને અમીરીમાં કોઈ જ સમજૂતી થઈ શકતી નથી. બે બન્નેના માર્ગો એકમેકથી વિપરિત હોય છે. જો તમે ધનવાન કે શ્રીમંત થવા ઈચ્છો છો તો તમારે એ પરિસ્થિતિ કે માર્ગ પસંદ કરવાથી દૂર રહેવું જોઈએ, જે ગરીબી તરફ તમને લઈ જાય છે. અમીરીનો રસ્તો પસંદ કરવો છે તો એના માટે ઈચ્છા ઉત્પન્ન કરો. પરંતુ એના માટે તમારી ઈચ્છા સ્પષ્ટ અને મૂલ્યાંકન યોગ્ય માત્રાત્મક હોવું જરૂરી છે. પહેલાં તો એ નક્કી કરો કે તમારે કેટલી સંપત્તિ જોઈએ છે- ત્યારે તમે સ્વયંને શ્રીમંત કહી શકો છો. કારણ કે અમીરી-ગરીબી તુલનાત્મક શબ્દ છે. તમારી વિદ્યમાન પરિસ્થિતિથી એનું મૂલ્યાંકન સંભવ બને છે. કોઈ જમાનામાં લાખોપતિ હોવું શ્રીમંતાઈની નિશાની માનવામાં આવતી હતી- પરંતુ નાણાં ખરીદવાની ક્ષમતાનો હ્રાસ થવાને કારણે હવે એક સામાન્ય માણસને પણ દસ લાખ કે એક મિલિયન અમીરીની પ્રથમ નિસરણી લાગી શકે છે.

એટલા માટે તમારે પહેલાં એ નક્કી કરવું કે તમારે કેટલી દોલતની ઈચ્છા છે. ઈચ્છાને સ્પષ્ટ કરો અને એનું સાકાર રૂપ પ્રાપ્ત કરવા પોતાનો રોડ-મેપ બનાવો. જો તમે એમાં સ્પષ્ટ કે બારીકાઈમાં ચોક્કસ ન રહ્યા તો તમારો રસ્તો શરૂ જ નહી થાય. આની સંપૂર્ણ જવાબદારી તમારી જ પોતાની છે. આ તમારી માનસિક સ્થિતિનું પ્રતિફળ છે.

અને માનસિક સ્થિતિ શું છે? એ જ જે તમે વિચારો, નિર્ધારિત કરો. એ પ્રકારે ગરીબીનો ભય તમારી એક માનસિક સ્થિતિ માત્ર છે. એનું કોઈ ખરીદ- વેચાણ થઈ શકતું નથી, આ તો સ્વયં સર્જી શકાય છે.

હવે જો તમારા મનમાં ગરીબીનો ભય છે તો તમારી માનસિક સ્થિતિ કોઈ નિષ્પક્ષ મૂલ્યાંકન કરી શકતી નથી. આ એક અત્યંત ભૂખ્યા માણસના સાધારણ ખોરાકનું મૂલ્યાંકન એની વર્તમાન સ્થિતિથી નથી થઈ શકતું. પરંતુ જો તમારામાં ગરીબીનો ભય છુપાયેલો છે તો તમે તમારી જવાબદારી કેવી રીતે પૂર્ણ કરી શકો છો. શું વહેતા પાણીમાં કોઈ રેખા દોરી શકાય છે.

આ ગરીબીનો ભય છે જે તમારી તર્ક શક્તિ, કલ્પનાશક્તિ, આત્મવિશ્વાસ, ઉત્સાહ વગેરે બધાને ખલાસ કરી નાંખે છે. એક વાર મનમાં કશો પણ ભય બેસી ગયો તો તમારું સમગ્ર વ્યક્તિત્વ ફિક્કું પડી જશે. ખાસ કરીને ગરીબીનો ભય સૌથી વધારે ઘાતક હોય છે. એટલા માટે ભયોના આ વર્ગમાં એને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. આ ભય ઉપર કાબુ મેળવવો સૌથી વધારે કઠિન કાર્ય છે. અહીયા ગરીબીનો અર્થ સાધનહીનતા સમજવો અને અમીરીનો અર્થ સાધનસંપન્નતા. જો તમારી ઈચ્છા પૂર્તિ માટે દરેક પ્રકારની સગવડો અને સાધનો પ્રાપ્ય છે તો તમે અમીર છો, નહી તો ગરીબ.

આજના યુગમાં ગરીબીથી મોટો કોઈ જ અભિશ્રાપ નથી. એક જુની કહેવત છે કે બધા ગુણ-અવગુણનો નિર્ણય તમારી પાસે હોવા કે ન હોવાથી જ થાય છે. ભલેને તમે તેટલા ગુણવાન વ્યક્તિ કેમ ન હોવ, જો તમારી પાસે ધન-સાધન નથી તો કદીયે તમારી કદર થતી નથી. એવી જ સમાજગત માન્યતાઓને કારણે ગરીબી સૌથી મોટો અભિશ્રાપ માનવમાં આવે છે. જેઓ જાહેર રીતે ગરીબોની હિમાયત કરવાનો ઢોંગ કરતા હોય છે તેઓ સતત એવા પ્રયાસમાં લાગેલા હોય છે કે તેઓ કેવી રીતે અમીર બને. કોઈ ગરીબ થવાનું ઈચ્છતું નથી, તો પણ ગરીબી પ્રસરતી જાય છે. એનું કારણ છે, આપણે ગરીબી લાવતા લક્ષણોથી અજાણ રહીએ છીએ. જે રીતે પૂરનું પાણી મકાનોમાં ચૂપકીદીથી પ્રવેશ કરે છે એવી જ રીતે આપણને ખબર પડે એ પહેલાં આપણે ગરીબ થઈ જઈએ છીએ. એટલા માટે ગરીબી લાવનાર ભયના લક્ષણોને ઓળખવા જરૂરી છે.

ગરીબીના ભયના સ્પષ્ટ લક્ષણ

ઉદાસીનતા: એનું સામાન્ય રૂપમાં મહત્વાકાંક્ષાની ગેરહાજરી, ગરીબી સહન કરવાની સ્વીકાર્યતા, અને કોઈ જ વાંધા વિના જીવનમાં જે પ્રાપ્ય થઈ જાય એને નિભાવવાનો ભાવ; માનસિક અને શારીરિક આળસ વગેરેને સ્પષ્ટ કરવામાં આવે છે. એ જ કારણે માણસમાં પહેલ કરવાની ઈચ્છા, કલ્પના, ઉત્સાહ અને આત્મ- સંયમ ઉપર તાળાં વાગી જાય છે.

અનિર્ણયાત્મકતા: એટલે કે જાતે વિચારવા સમજવાને બદલે બીજાના વિચારસરણીથી દોરવાતા હોવાથી એક પ્રમાદયુક્ત ઈચ્છા. આવા લોકો હંમેશાં દર્શકો હોય છે પાત્ર નહી.

સંદેહની પ્રચુરતા- બહાના બાજી પોતાની અક્ષમતા કે નિષ્ફળતા દેખાડવા માટે; દરેક વાતમાં શંકાના ચશ્માથી જોવું અને પોતાની યોગ્તાને પણ પારખી ન શકવાની પ્રમાદી ઈચ્છા.

ચિંતિત રહેવું: એની શરૂઆત તો થાય છે અન્યોના દોષ શોધવાથી, આવકથી વધારે ખર્ચ કરવાથી; દારૂ અને માદક પદાર્થોનો આશરો લેવાથી; ખોટું કરવાથી; ગભરાટ અને આત્મ-વિશ્વાસ અને સંયમની ખોટ પરેશાન કરે છે.

અતિ-સાવધ રહેવાની પ્રવૃત્તિ: દરેક સ્થિતિનું નકારાત્મક મૂલ્યાંકન; કાયમ નિષ્ફળતા અને પોતાની યોજનાને સફળ બનાવાના હેતુ માટે ભરચક પ્રયત્ન કરવાને બદલે હારની કલ્પના કરવી! આ લોકો કાયમ વિનાશ અને નિષ્ફળતાની સંભાવનાથી આતંકિત રહેતા હોય છે.આવા લોકો કાયમ એવા લોકોનો હવાલો આપ્યા કરે છે કે જેઓ નિષ્ફળ બન્યા અને ક્યારેય તેઓની વાત કરતા નથી જેઓ કાયમ વિપરિત પરિસ્થિતિઓમાં પણ સફળ બની શક્યા હતા. છિદ્રાન્વેષણ તેઓની ટેવ હોય છે અને કાયમ નિરાશ રહેવું તેઓની પ્રવૃત્તિ.

ટાળમટોળી કરવી: એના વિશે પહેલાં પણ ઉલ્લેખ કરવામાં આવી ગયો છે. ટાળવું એ એમની ટેવનો ભાગ બની જાય છે. આજનું કામ તેઓ કાલ ઉપર એટલા માટે ટાળતા હોય છે તેઓ એવું વિચારે છે કે પરિસ્થિતિ સુધરી જશે. પરંતુ કેમ કે પરિસ્થિતિમાં કોઈ જ સુધારો લાવાનો પ્રયત્ન જ કરતા નથી. એટલા માટે ‘જરૂરી કામ’ કાયમ ‘મુલત્વી’ જ રહેતું હોય છે.

સ્વાભાવિક છે કે એવા લોકોને ક્યારેય સફળતા મળતી નથી અને ગરીબીને વેંઢાર્યા કરે છે. કારણ તેઓની પોતાની કરણી જ હોય છે. આવા લોકો ક્યારેય એવા લોકોનો સંગાથ કરવા ઈચ્છતા નથી જેઓ પોતે પોતાના પ્રયાસોથી અમીર બન્યા છે-કારણકે તેઓને મળવામાં તેમનો હિણપતનો ભાવ સામે આવવા લાગે છે. પરીણામ સ્વરૂપ તેઓ ક્યારેય ગરીબીના કલણમાંથી બહાર નીકળી શકતા નથી.

ધન-સંપત્તિની જ કામના શા માટે?

ઘણાય વાચકોના મનમાં એ પ્રશ્ન ઉદ્ભવે છે કે મેં આ પુસ્તક ધન-સંપત્તિની પ્રાપ્તિને અનુલક્ષીને જ શા માટે લખ્યું છે. છેવટે નાણાં જ તો બધું નથી. જીવનમાં એવી ઘણીય સમૃદ્ધિ હોય છે જે નાણાંથી ખરીદી શકાતી નથી. દરેક પ્રકારની ખુશી પ્રાપ્ત કરવી નાણાંના હાથની વાત નથી.

આ ઠીક છે અને હું પણ એ તથ્યોનો નકાર કરતો નથી. નાણાં ખરેખર ઈશ્વર તો નથી પણ વ્યવહારીક રીતે જોઈએ તો ઈશ્વરથી ઉતરતા પણ નથી. ધનની સમૃદ્ધિ પહેલી સમૃદ્ધિ છે. જ્યારે પેટમાં રોટલી હોય છે ત્યારે શરીરના નગ્નપણાનું માન હોય છે; રહેવાનો, સૂવાનો વૈભવ મગજમાં આવે છે. આ કરન્સી નોટ અને સિક્કાઓ સાધન ઉપલબ્ધ કરાવે છે જેની કૃપાથી મોટામાં મોટા અભાવો સંપન્નતામાં ફેરવાઈ જાય છે. એટલા માટે ગરીબીનો ભય સર્વાધિક કંપાવી નાંખનાર ભય હોય છે. એટલા માટે આ પુસ્તક લખવામાં આવ્યું છે. તમને પહેલાં જીવનની મૂળભૂત સમૃદ્ધિ પ્રાપ્ત કરવા માટેનો માર્ગ સુઝાડવામાં આવે- બાકી બધું તો પછી પણ પ્રાપ્ત થઈ શકે છે. જો ધન-સંપત્તિની જરૂર એટલી અપરિહાર્ય ન હોત તો આજે વિશ્વનો ઇતિહાસ કંઈક જુદો જ હોત. ન ભાઈ-ભાઈનો ખૂની હોત, ન તો માતા પોતાના સંતાનોને વેચતી હોત. એટલા માટે એનો ઉપચાર દરેક વ્યક્તિનો પ્રથમ ઉદ્દેશ્ય હોય છે.

સ્ત્રીઓ પોતાના અભાવો વધારે સારી રીતે છુપાવી લે છે

જો કે સ્ત્રીઓ સ્વભાવગત કોમળ અને નાજૂક માનવામાં આવે છે પરંતુ એ પણ સત્ય છે કે પ્રતીક્ષા અને સહન કરવાની ક્ષમતા જેટલી સ્ત્રીઓમાં હોય છે એટલી પુરૂષોમાં નથી હોતી. કઠણમાં કઠણ પરિસ્થિતિઓમાં પણ એ ટકી શકે છે પરંતુ પુરૂષ એની સરખમાણીમાં જલ્દી ભાંગી પડે છે. તમે આ વાતના દૃષ્ટાંતથી વધુ સારી રીતે સમજી શકશો-તમે શહેરોમાં જ્યાં પણ જોશો, સ્ત્રી ભિખારીઓની સંખ્યા પુરૂષ ભિખારીઓથી ઓછી હોય છે. ઘણા લોકો એવો તર્ક પણ કરે છે કે સ્ત્રીઓ પાસે શરીરરૂપી ધન હોય છે જેના દ્વારા તે જરૂરી સાધન પેદા કરી શકે છે, પરંતુ આ વાત હંમેશા અને દરેક મામલામાં સત્ય હોતી નથી. ખરું કારણ તો સ્ત્રીઓનું પુરૂષોથી વધારે ઉદ્યમી હોવું . તે પોતાની દરેક યોગ્તાનો છેલ્લું ટીપું પણ રેડી કશું ને કશું પેદા કરીને રહી શકે છે જ્યારે પુરૂષ આ જ પરિસ્થિતિઓમાં હથિયાર હેઠાં મૂકી દે છે.

ટીકાનો ભય

આ ભયનો સંચાર માનવમનમાં કેવી રીતે થયો એનો કોઈ સ્પષ્ટ જવાબ નથી પરંતુ એટલું તો નક્કી છે કે આ ભય ત્યારે માનવમનમાં ઉતરવા લાગ્યો જ્યારે એણે સામાજીક રૂપે એક સાથે સમૂહમાં રહેવાનું શરૂ કર્યું હશે. કેટલાક લોકોનું માનવું છે કે આ ભયની શરૂઆત ત્યારથી થઈ જ્યારથી 'રાજનીતિ' એક ધંધાના રૂપમાં ઉભરીને સામે આવી. કેટલાક લોકોનું માનવું છે કે સ્ત્રીઓએ જ્યારથી પોતાના પહેરવેશને દેખાડવાની શરૂઆત કરી ત્યારથી આ પ્રકારની આલોચનાની શરૂઆત થઈ.

જ્યાં સુધી આ પુસ્તકના લેખકનો મત છે, આલોચનાનો ભય ત્યારથી માનવમનમાં ઉતરવા લાગ્યો જ્યારથી એના મનમાં ઈર્ષા કે દાઝનો સંચાર થયો. જાહેરાતની ભાષામાં

કહીએ તો આવું કહી શકાય કે આલોચનાની શરૂઆત "એનું ખમીસ મારા ખમીસ કરતાં વધારે સફેદ કેમ?" વસ્તુતઃઆલોચના શરૂઆત ભયને કારણે ફેશનની શરૂઆત થઈ. બીજાથી સારૂં ઉત્તમ લાગવાની ઈચ્છાએ એક એવી પ્રક્રિયાનું સૂત્રપાત કર્યું જે નીત-નવિનીકરણના પ્રાણવાયુ ઉપર જીવંત રહી શકે છે.

ફક્ત ફેશન જ નહી મનોવિજ્ઞાનના ધૂરંધરોનું માનવું છે કે આલોચનાનો ભય રીતિ-રિવાજોના નિયમ બનાવે છે. લોકો રીતિરિવાજોનું પાલન એટલા માટે કરે છે કે બીજાઓની આલોચનાનું કેન્દ્ર ન બને. જો કે રીતિરિવાજોનું પૂર્ણ પાલન થયું કે નહી, આ આલોચનાનો એક નવો આયામ હોઈ શકે છે, જે એક જુદો જ વિષય છે, તો પણ દરેક સમાજ રીતિ-રિવાજ એટલા માટે જ બનાવે છે. ક્યારે ક્યારે માણસ પોતાના મનની વાત પણ એટલા માટે સંતાડી દે છે કે એને ટીકાનો ભોગ ન બનવું પડે. તો પણ દરેક વ્યક્તિ આલોચનાની ભેટ જ મળે છે. વ્યક્તિગત દાઝ, હીનતાની ભાવના, પોતાને વધારે સારા દેખાડવાની ઈચ્છા આલોચનાને જન્મ આપે છે.

આલોચના (ટીકા)- ભયના લક્ષણ

આ ભય પણ ગરીબીના ભયની જેમ વ્યક્તિ વ્યાપક છે અને એનો પ્રભાવ પણ વ્યક્તિગત વિકાસ કે આર્થિક વિકાસ માટે એટલો જ વિનાશકારી છે જેટલો ગરીબીનો ભય. આલોચનાના ભયના લક્ષણો નીચે પ્રમાણે છે.

અત્યંત શંકાળુ હોવાનો ભાવ

આનું દર્શન અત્યંત ભયભીત જેવુ રહેવું, ગભરાટ, વાતચીતમાં ઓછપાઈ જવું, અજાણ્યા લોકો સાથે મળવાનો ભય, અમસ્તા હાથ-પગ હલાવવા, આંખો પટપટાવાથી પ્રગટ થાય છે.

આશ્વસ્તિનો અભાવ

આવા વ્યક્તિઓ હંમેશા આતુર, પરેશાન, અત્યંત ઝડપથી બોલવાની ટેવથી આક્રાન્ત, સ્મૃતિ-લોપ વગેરેનો શિકાર રહે છે.

ઢચુપચું વ્યક્તિત્વ

અનિર્ણયાત્મકતા, મોં ઉપર હવાઈઓ ઉડવી, સીધી વાત કહી ન શકવાની ક્ષમતા, વિષયને ફેરવી નાંખવાની પ્રવૃત્તિ, બીજાની હા માં હા મિલાવવી, એ તર્ક સંગત હોય કે ન હોય.

હીનતાની ભાવના

આલોચનાનો ભય સૌથી વધારે એ જ લોકોને પરેશાન કરે છે જે હીન ભાવથી ગ્રસિત હોવાને કારણે આ લોક પોતે પોતાને હીન-દીન સમજે છે, અને જો એના પર એમની ટીકા થઈ તો એકદમ ગભરાઈ જાય છે. પોતાની હીનતાની ભાવનાને તેઓ મોટી મોટી વાતો અને વાતોડીયાપણાની આડશમાં સંતાડવાનો પ્રયાસ કરે છે, પરંતુ એવું કરવામાં તેઓ વધારેને વધારે 'એક્સપોઝ્ડ' થઈ જાય છે. ઉદાહરણ રૂપે માની લો કે કોઈ વ્યક્તિનું અંગ્રેજી નબળું છે. આવી વ્યક્તિ વાતચીતમાં ચોક્કસ મોટા મોટા અંગ્રેજી શબ્દોનું ઉચ્ચારણ કરી બીજા ઉપર પ્રભાવ પાડવાનો પ્રયત્ન કરશે, પણ હંમેશાં ખોટા શબ્દોનો પ્રયોગ કરી અને ખોટા ઉચ્ચારણને કારણે વધારે હાસ્યાસ્પદ બની જાય છે.

નકામો ખર્ચ કરવાની આદત

આવા વ્યક્તિઓ જરૂરિયાત કરતાં વધારે નાણાંનો ખર્ચ કરી પોતાની હીનભાવનાને સંતાડવાનો પ્રયત્ન કરતા હોય છે. પરંતુ તેઓની હીનભાવના તો ઓછી નથી થતી પરંતુ તેઓની આર્થિક સ્થિતિ વધારે બદતર બનતી જાય છે. બીજા પર પ્રભાવ પાડવાની પ્રવૃત્તિ તેઓને પોતાની નબળાઈઓને કારણે વધારે નરકમાં ધકેલતી જાય છે.

પહેલની ખોટ કે ખામી

આગળ વધીને તક ઝડપી લેવાની અને તેનો લાભ ન મેળવવાની ભીરૂતા, પોતાની વાત બીજાને ન કહી શકવાનો ભય, પોતાના વિચારો પ્રત્યે આશ્વસ્તિનો અભાવ, પ્રશ્નોને ટાળવા માટેનો જવાબ આપવાનો સ્વભાવ અને દરેક કામમાં એક ભૂંડાપણું એમનું ખાસ લક્ષણ બનતું જાય છે.

મહત્વાકાંક્ષાનો અભાવ

માનસિક અને શારીરિક આળસ, નિર્ણય લેવામાં વાર લગાડવી, બીજાના પ્રભાવમાં તરત જ આવી જવું, પીઠ પાછળ નિંદા કરવી, થોડા જ વિરોધમાં મેદાન છોડીને નાસી જવું, વાતચીતમાં ક્યાંય દૂર સુધી મેળ ન હોવો હંમેશા એમના લક્ષણ હોય છે. જેઓની સામે ન તો કોઈ મહત્વાકાંક્ષા હોય છે ન તો પોતાનું નામ વધારવાની ઈચ્છા. પરંતુ બીજા ઉપર દોષારોપણ કરવામાં તેઓ નિષ્ણાત હોય છે.

ખરાબ સ્વાસ્થ્યનો ભય

આનો સીધેસીધો સંબંધ ભૌતિક અને સામાજીક વારસામાં શોધી શકાય છે. જો કે દરેકને સારૂં સ્વાસ્થ્ય પ્રિય હોય છે પરંતુ અમૂક લોકો પોતાની માંદગી 'સૂંઘતા' ફરતા હોય છે. થોડી ખાંસી થાય તો એટલા ચિંતાતુર થઈ જાય છે કે જાણે તેઓને ટી.બી. કે ન્યુમોનિયાએ ન જકડી લીધા હોય. આવા લોકો માંદગીથી આક્રાન્ત જ નથી રહેતા

પણ કોઈ તેમને એવું કહી દે તમારી તબિયત સારી લાગે છે તો તેઓને ખોટું લાગી જાય છે. અંગ્રેજીમાં ભયથી ગ્રસિત લોકો માટે એક શબ્દ 'હાઈપોકેન્ડ્રિયાક' છે જેનો મૂળ અર્થ છે કાલ્પનિક માંદગીથી ગ્રસિત લોકો. આવા લોકો જ ઊંટવૈદ્યોને રોજીરોટી પૂરી પાડે છે. કશા પણ કારણ વગર દવાઓ ખાવી એ તેમનો સ્વભાવ હોય છે. શહેરમાં કે દેશમાં કોઈ મહામારી ફેલાય એ એનાથી પહેલાં સંભવિત શિકાર બની જવાના ભયને કારણે પોતાને રોકી શકતા નથી.

વસ્તુતઃપોતાની કોઈ ખામીને સંતાડવા માટે આવા લોકો માંદગીનો આંચળો ઓઢી રાખે છે અને હંમેશા બીજાની સહાનુભૂતિના પાત્ર બની રહેવા ઈચ્છે છે. વેપારમાં કે પ્રેમમાં નિષ્ફળતા, આગળ વધીને કોઈ કામ ન કરવાની આળસ વગેરે આ ભયના મૂળમાં હોય છે. આવા લોકો માંદા તો પડવા માંગે છે પરંતુ મરવા તો ક્યારેય ઈચ્છતા નથી. બલ્કે શારીરિક અક્ષમતા કે વૃદ્ધાવસ્થાનો ભય તેઓના આ મૃત્યના ભય સાથે જોડાઈને તેઓને વધુ હાસ્યાસ્પદ બનાવી મૂકે છે. તેઓના નોંધનીય લક્ષણો નીચે દર્શાવવામાં આવ્યા છે, આમ તો તેઓને ઓળખવા કોઈ મુશ્કેલ કાર્ય નથી.

ખરાબ સ્વાસ્થ્ય - ભયથી ગ્રસિત લોકોના લક્ષણ

સ્વત: પ્રેરણા

તેઓની અંદર સ્વતઃપ્રેરણા કાયમ નકારાત્મક રૂપમાં કાર્યરત રહેતી હોય છે. સારા-ભલા શરીરમાં પણ તેઓને તાવનો આભાસ થઈ શકે છે કારણ કે અંદરથી તેઓ પોતાને એવું જણાવ્યા કરે છે કે ''શરીર ગરમ થઈ રહ્યું છે'' તેઓ દરેક પ્રકારના ઉપચારોની સાથે 'પ્રયોગ'કર્યા કરે છે અને ક્યારેક ક્યારેક તો પોતાની કાલ્પનિક માંદગીનો 'આનંદ' માણ્યા કરે છે.

કાલ્પનિક માંદગીનો ઓઢો ઓઢી રાખવો

આવા લોકો હાઈપોકેન્ડ્રિયાક કહેવાય છે. તેઓને સૌથી વધારે આનંદ પોતાની કાલ્પનિક રોગો અને એની ભયાનકતાનું વર્ણન કરવામાં આવતો હોય છે. તેઓ પોતાના સ્નાયુઓને એટલા બધા નબળા બનાવી દે છે કે કયારેક કયારેક કાલ્પનિક રોગ ખરેખર તેઓની પોતાની ચંગુલમાં લઈ લે છે.

વ્યાયામ-વિમુખતા

આવા લોકો કદીયે કોઈ પણ જાતનો વ્યાયામ કરવા ઈચ્છતા નથી કારણ કે તેઓને લાગે છે કે વ્યાયામથી તેઓનો રોગ 'વધારે વકરી જશે'. ઘરમાં પડયા રહેવું અને દવાઓ વિશે વાંચ્યા કરવું કે ચર્ચા કરવી તેઓનો 'પ્રિય ટાઈમ પાસ ' કે પ્રવૃત્તિ હોય છે.

રોગ પ્રવણતા

ખરાબ કે માઠાં સ્વાસ્થ્યનો ભય તેઓને એટલો જ હેરાન કરે છે તેઓના શરીરની સાહજીક રોગ પ્રતિકારક પ્રણાલી ઓછી (મંદ)થઈ જાય છે અને તેનું શરીર વાસ્તવમાં રોગોથી જકડાઈ જાય છે. જો ઠંડી વધે તો તેઓ તત્કાળ ખાંસી-શરદી-તાવના શિકાર બની જાય છે. પછી માંદગીનો ભય તેઓની ગરીબીના ભયને વધારી મૂકે છે કારણ કે તેઓને લાગે છે કે હવે ડૉક્ટરોની ફી અને દવાઓના ખર્ચા તેઓને વધારે ગરીબ બનાવી દેશે. ક્યારેક ક્યારેક તો પોતાની અંતિમ ક્રિયાના ખર્ચાઓને લઈને ઉદાસ થઈ જાય છે, ભલેને તેઓનો રોગ અસાધ્ય પણ ન હોય.

પોતાની જાતની દયા ખાવી

આ એક સ્પષ્ટ લક્ષણ છે જેની વ્યાખ્યાની આવશ્યકતા નથી. માનસિક રૂપે રોગ ગ્રસિત થઈને તેઓ પોતાના કામમાં પણ પલાયન(બધું છોડી નાસી જવું) કરે છે અને કહે છે કે "આ રોગને કારણે હું કશાય કામનો રહ્યો નથી."ક્યારેક ક્યારેક તેઓ પોતા પર દયા ખાઈને બીજાની સહાનુભૂતિ મેળવવા માંગતા હોય છે, કેમ કે તેઓને ખબર હોય છે કે બીજાઓનું ધ્યાન પોતાના તરફ આકર્ષિત બીજી કોઈ રીતે કરી શકતા નથી.

સંયમનો અભાવ

આવા લોકો કદીયે કોઈ પણ સ્થિર ચિત્તે કદી પણ કરી શકતા નથી. કાયમ બબડાટ કરીને જ કામ કરતા હોય છે. સંયમનો તો અભાવ હોય જ છે. એટલા માટે કાયમ તેઓ દારૂ વગેરેનું સેવન કરતા રહેતા હોય છે અને પોતાનું સ્વાસ્થ્ય વધારે બગાડ્યા કરે છે. દરેક કાર્યમાં તત્કાળ ઈચ્છે છે. જો કોઈ પણ દવાની એક કે બે માત્રાથી અસર ન થાય તો તરત જ તેઓ દવા લેવાનું શરૂ કરી દે છે. દવાઓની જાહેરાતો વાંચવી એ એમની પ્રિય પ્રવૃત્તિ હોય છે.

પ્રેમી કે પ્રેમિકા ગુમાવવાનો ભય

આ ભય બહુ-લગ્નની (પ્રથા)પ્રવૃત્તિમાં રહેલો હોય છે. કેમ કે અન્યોની પ્રેમિકાઓને પટાવવાનો પ્રયત્ન કરતા રહેતા હોય છે એટલે તેઓને એ બીક સતાવ્યા કરે છે કે ક્યાંક એમના પ્રતિ-દ્વંદીઓ પણ આવું ન કરી રહ્યા હોય. આ જ ભયની અધિકતા દાઝ કે અદેખાઈની જનેતા હોય છે. આ ભય મહિલામાં વધારે જોવા મળે છે. આથી 'શોક્યની દાઝ' સહજ ઉત્પન્ન થતી હોય છે. જો તેનો પતિ કોઈ સ્ત્રી સાથે ઘનિષ્ઠતાથી વાતચીત કરે તો પણ તેને લાગે છે એ તેને ત્યજી દેશે.

પ્રેમી કે પ્રેમિકા ગુમાવવાના ભયના લક્ષણ

દાઝ કે અદેખાઈ

આવા વ્યક્તિઓમાં એ ભરપૂર માત્રામાં જોવા મળે છે. સૌ પ્રથમ તો શંકા ઉત્પન્ન થાય છે અને એનું પુષ્ટિ કર્યા વગર એવો વિશ્વાસ કરી લે છે કે ચોક્કસ કશીક ગરબડ છે. આવા વ્યક્તિઓ બહુ જલ્દી મેણાં ટોણાં મારવા લાગે છે અથવા તો પોતાના વફાદાર પ્રેમી/પ્રેમિકા સાથે રૂસણાં લઈ લે છે. શક કે સંદેહ કરવો આવા લોકોના સ્વભાવનો એક ભાગ જ હોય છે.

છિદ્રાન્વેષણ કરવું

ફક્ત પ્રેમી/પ્રેમિકાના જ નહી બલ્કે તેઓ તો પોતાના મિત્રો, સંબંધીઓ, વ્યાપારિક સાથીદારો વગેરેના જીવનોમાં ડોકિયાં કરવા અને એમની ખરાબીઓનું અન્વેષણ કર્યા કરે છે. જો કોઈની ખરાબી નજરે ચઢી જાય તો તેને તો એવી રીતે પ્રકાશમાં લાવવાનો પ્રયત્ન કરશે કે તેઓની નબળાઈઓનો આભાસ થવા લાગે. આ કારણ વગરના છિદ્રાન્વેષણની પ્રવૃત્તિ આવા લોકોની પોતાની હીન ભાવનાની તીવ્રતાને શાંત પાડવા માટે જ હોય છે.

જુગારબાજી

જુગારબાજી, ચોરી, અપ્રમાણિકતા અને આવા બીજા અનૈતિક કામોનો પ્રયોગ આ લોકો એટલા માટે કરતા હોય છે કે પોતાના પ્રિય પાત્રના દૂર જવાના કે ગુમાવી દેવાના ભયથી બચવા નાણાં અને કિંમતી ભેટ-સોગાદો આપતા હોય છે. તેઓના મનમાં એ ભાવના પ્રબળ હોય છે કે તેઓ કદાચ પ્રેમને ખરીદીને સુરક્ષિત રાખી શકશે. પોતાની હેસિયત કે પહોંચથી વધારે પોતાના પ્રેમી/પ્રેમિકા ઉપર પૈસા લૂંટાવાની આ ટેવ તેઓને હંમેશા પરેશાન કર્યા કરે છે અને તેનાથી ઉગરી શકતા નથી.

આ જ કારણે અનિદ્રા, ગભરાટ, અનિર્ણયાત્મકતા, આત્મ-સંયમની ખામી અને ચિડીયલપણાંના તેઓ જલ્દી શિકાર બની જતા હોય છે.

વૃદ્ધ થવાનો ભય

આ ભયના બે મુખ્ય (કારણ) સ્રોત હોય છે. એક તો સ્પષ્ટ છે જ ઃવૃદ્ધ થવાથી નિસહાય,પર-નિર્ભર અને એટલા માટે દીન-હીન કે ગરીબ થવું સ્વાભાવિક છે, અને બીજા પોતાના અનુભવો- જ્યારે તેઓ પોતે જ વૃદ્ધો સાથે સારી વર્તાવ કર્યો નથી — એટલા માટે તેઓને પોતાના કૃત્યોથી ડર લાગે છે કેમ કે તેઓનું કરેલું તો એમની સામે આવશે જ. આ ભયમાં ફક્ત ગરીબી અને નિસહાયતા જ તેઓને ગ્રસિત કરતી નથી પરંતુ ખરાબ તબિયતની સંભાવના પણ આ ભયને વધારે ભયાવહ કરે છે. તેઓને લાગે છે કે હજુ સુધી તો તેઓએ જે મેળવ્યું એ તેમની પાસેથી ઝુંટવાઈ જવાનું છે અને તેઓ

ફરીથી ગરીબ થઈ જશે. પોતાના અહમ્‌ને કારણે આ ભય તેઓને ખુબ જ સતાવે છે. એટલા માટે મોટાભાગના લોકો વૃદ્ધાવસ્થાને એક અભિશ્રાપ માને છે. હંમેશા એ લોકો એવું કહેતા સંભળવા છે,"શું કરૂં, હવે ઘડપણ આવી ગયું છે કે હવે હું ઘરડો થઈ ગયો છું." આવું કહેવું બહુ પહેલાથી જ —વનમાં પ્રવેશતાં જ કહેવા લાગે છે. તેઓને એ સહેજ પણ ખ્યાલ નથી હોતો કે તેઓ હવે વધારે પરીપક્વ અને બુદ્‌ધિશાળી બની ગયા છે. તેઓ પોતાની અક્ષમતાને આ ભયની આડમાં સંતાડવા માંગે છે. પરંતુ મનમાં ને મનમાં આ અવસ્થાને ધકેલી દેવા માટે ગુપચુપ એવી ક્રીમ અને પ્રસાધનોનો ઉપયોગ કે છે જેનાથી ઘડપણને સંતાડી શકાય. આ પ્રવૃત્તિ તેઓને ઘણી બધી વખત મશ્કરી અને તિરસ્કારના શિકાર બનાવી દે છે છતાંય આવું કરવાથી ઊંચા જ આવતા નથી. શાલીનતામાં વૃદ્ધ થવું તેઓને કદીયે સ્વીકાર્ય થતું નથી.

મૃત્યુનો ભય

મૃત્યુનો ભય દરેક જીવધારીની સ્વાભાવિક નબળાઇ હોય છે. ભલેને ગમે તે નિસહાય પરિસ્થિતિમાં મૂકાઈ જાય, કોઈ મરવા ઈચ્છતું નથી. રસપ્રદ વાત એ છે કે જેમ જેમ મનુષ્ય સભ્ય બનતો ગયો આ ભય વધારે તીવ્ર બનતો ગયો. કારણ સ્પષ્ટ જ છે : જેમ જેમ સુખ-સગવડોના નીત નવા સાધનો શોધતો ગયો, એને જીવન વધારે સુખમય લાગતું ગયું. એટલા માટે એની સૌથી મોટી ઈચ્છા મૃત્યુને તગેડી મૂકવાની થતી ગઈ. બધાય ધર્મશાસ્ત્ર અમરપણાના કેટલાય નૂસખાં બતાવ્યા કરે છે પરંતુ એની અક્સીરતા ક્યારે સાબીત થઈ નથી. જ્યાં સુધી શ્વાસ ચાલે છે ત્યાં સુધી મૃત્યુ દૂર છે- જ્યારે શરીરમાં મૃત્યુનો પ્રવેશ થાય ત્યારે તમે પોતે એ શરીરમાં નથી હોતા. તો પણ એ મૃત્યુનો ભય બધા પર હાવી રહે છે. લાખો દેવતાઓ અને ઈશ્વરોની કલ્પના એટલા માટે કરવામાં આવી છે — દરેક પાસે આશા રાખી શકાય કે એ મૃત્યુથી બચાવશે. આ જ યક્ષ-પ્રશ્ન છે જે બધાને ખબર છે કે મૃત્યુથી કોઈ જ બચી શકવાનું નથી છતાં બધા એવી રીતે જીવે છે જાણે કે તેઓ કદીયે મરવાના નથી! સમગ્ર માનવતાના વિકાસનું એક જ લક્ષ્યબિંદુ છે અમરતા પ્રાપ્તિ. એટલા માટે જાત જાતની ચિકિત્સા પદ્ધતિ બની અને જાત જાતના પ્રયોગો થયા. પછી જ્યારે લાગવા માંડ્યું કે મૃત્યુ અવશ્યંભાવી અને અનિવાર્ય છે તો મૃત્યુ પશ્ચાતની સ્થિતિઓની કલ્પના થવા લાગી તથા સ્વર્ગ અને નર્કનું સર્જન થયું. સ્વર્ગ અને નર્ક એ માનવીની કલ્પનાની ફળશ્રુતિ છે. કોઈ વાસ્તવિક સત્તા નથી. આ જ સુધી કોઈએ સ્વર્ગ અને નર્ક જોયું નથી- ફક્ત એના વિશે વાંચ્યું જ છે. પરંતુ એના વિશે કદાચ દરેક ધર્મ અને સમાજમાં ઉલ્લેખ મળે છે. વસ્તુતઃઆ ભય નિરાધાર છે. મૃત્યુ તો આવશે જ. જે જન્મ્યું છે તે મરશે જ. આ વિશ્વ મૃત્યુલોક એટલા માટે જ કહેવાય છે કારણ કે આ તો સૃષ્ટિનો નિયમ છે. પ્રયત્ન તો એ હોવો જોઈએ કે જ્યાં સુધી જીવો સુખમાં જીવો, સાધન-સમ્પન્ન થઈને, અમીર બનીને જીવો. જીવન તો પદાર્થ અને ઊર્જાના સંગમથી બને છે. પદાર્થ અને ઊર્જા બન્ને અલગ અલગ અવિનાશી

છે, પરંતુ એના સંયોગથી બનેલું આ શરીર નાશવંત છે. કારણ કે આ બીજા રૂપમાં પ્રગટ થાય છે. સૃષ્ટિનો નિયમ પરિવર્તન છે. ઈશ્વરના સિવાય કોઈ પણ અસ્તિત્વ ન તો અવિનાશી છે ન તો અપરિવર્તનીય. તો, મૃત્યુ ચેતનાની સમાપ્તિ નહી પણ જાણે પરિવર્તન છે. એટલા માટે ઉર્દુ અરબી ભાષામાં એક શબ્દ 'ઈન્તકાલ'છે જેનો મૂળ અર્થ લોક- પરિવર્તન કે એક દુનિયામાંથી બીજી દુનિયામાં જવું. મૃત્યુને ચિર-નિદ્રા પણ કહેવામાં આવે છે. ચિર-નિદ્રા એટલે લાંબી નિદ્રા- એ સુષુપ્તાવસ્થા જેમાં સુખ-દુખ કશાની પણ અનુભૂતિ થતી નથી, અનુભૂતિ હોય છે તો માત્ર એક અપરિવર્તનીય આનંદ! તો એનાથી શું ડરવાનું ?

મૃત્યુ-ભયના લક્ષણ

આવા લોકો હંમેશા મૃત્યુ વિશે વિચાર્યા કરે છે. એવું વિચારે છે કે એમના જવાથી પરિવારની કેવી પ્રતિક્રિયા હશે, પત્ની-બાળકો કઈ રીતે આ આઘાતને સહન કરશે. અને આ વાતો વિચારીને એ કલ્પનામાં પણ આંસુઓ વહાવ્યા કરે છે. આવા લોકો પાસે જીવવાનો ન તો કોઈ ઉદ્દેશ્ય કે લક્ષ્ય હોય છે ન તો કોઈ જાતનો ઉત્સાહ. મૃત્યુનો ભય જીતવાનું સૌથી મોટું હથિયાર. એક એવી ઈચ્છાને જાગૃત કરવી જેને પૂર્ણ કરવા માટે તમારા જીવનમાં પુનઃઉત્સાહનો સંચાર થાય. જો તમે પોતાને વ્યસ્ત રાખશો તો તમને આવા નકારાત્મક વિચારો આવશે જ નહી. જો તમે જલ્દી માંદગીમાં સપડાઈ જાઓ છો તો પહેલાં તમે માંદગીને દૂર ભગાડવાનું શીખી જાઓ. સમતોલ આહાર લો, વ્યાયામ કરો અને પોતાનું રોજનું એક લક્ષ્ય રાખો. એ યાદ રાખો કે 'પહેલું સુખ તે જાતે નર્યા ' હોય છે. જો આ નબળાઈને પાર કરી ગયા તો મૃત્યુનો ભય આપ મેળે સમાપ્ત થઈ જશે.

આ સંદર્ભમાં એક દૃષ્ટાંત અત્યંત રસપ્રદ સાબિત થશે. એક વાર ફાંસી આપવામાં આવેલા કેદીઓ સાથે સાક્ષાત્કાર કરવા માટે હું ગયો હતો. તેઓ આઠ હતા અને બહુ શીદર તેઓને ફાંસી આપવામાં આવનાર હતી. જ્યારે હું એ કોટડીમાં ગયો ત્યારે તેઓની મુખમુદ્રા સંતોષ અને આહ્લાલાદપૂર્ણ હતી. મને અત્યંત આશ્ચર્ય થયું. મેં વિચાર્યું : આ માણસ જે આવતી કાલનો સૂર્ય જોવાનો નથી, આટલો નિશ્ચિંત અને પ્રસન્ન કઈ રીતે હોઈ શકે છે? થોડી ઘણી વાતચીત કર્યા પછી મેં આજ પ્રશ્ન એની સામે રાખી દીધો. પ્રશ્ન સાંભળીને તેણે મંદ હાસ્ય વેર્યું અને બોલ્યોઃ- "મારા વિતેલા દરેક દિવસો મારા મૃત્યુ સમાન જ હતા. ખબર નહી કેવી રીતે પોતાનું પેટ ભરવાનું, પોતાના પરિવારનું ભરણપોષણ કરવાનું અને આવા જ દુખદાયક કર્તવ્યોમાં હું પિસાતો રહ્યો. એક દિવસ પણ ચિંતા વગરનો વીત્યો નથી. એક ચિંતા પૂરી થાય ત્યાં એની સામે બીજી બે આવીને ઉભી રહી જાય. હવે જ્યારે હું મરી જઈશ, ન તો કોઈ ભાગંભાગ, ન આપાધાપી, ન ઝગડા, ન ટંટો ન કોઈ જવાબદારી, ન કોઈ અપમાન, ન તો કોઈ કર્તવ્યનો બોજો. આવી સ્થિતિ તો મને જીવનમાં ક્યારેય પ્રાપ્ત થઈ શકવાની નહોતી.

ત્યારે મૃત્યુ એક આરામ અને નિંરાતનું નામ નથી શું? હું તો આવું જ સમજી રહ્યો છું અને એટલા માટે હું પ્રસન્ન છું!"

ચિન્તાની ચિતા

ચિન્તા ખરેખર તો ચિતાનું પ્રથમ લાકડું હોય છે. કેટલાક લોકાનું ચિન્તા કરવી અને ચિન્તાતુર રહેવું સ્વભાવ બની ગયો હોય છે. એને 'બુઢમસ'નું પરિણામ પણ કહે છે-અર્થાત્ ઘરડા માણસોનો સ્વભાવ. આવા લોકો સૌથી વધારે આનંદ ખુશીમાં પણ કોઈ ને કોઈ ચિન્તાની શોધમાં હોય છે.આવા લોકો એ જ હોય છે જેઓ પોતાનું મગજ સામાન્ય રીતે ખાલી રાખતા હોય છે. ચિન્તા અને ખાલી મગજ શેતાનનું કારખાનું હોય જ. તેઓનું ચિત્ત એકદમ અસ્થિર હોય છે. એનું મૂળ કારણ ઉદ્દેશ્યહીનતા અને લક્ષ્યહીનતા છે. તેઓ કોઈ નિર્ણય લઈ શકતા નથી કેમ કે તેઓની સામે કોઈ દિશા પણ હોતી નથી. કહેવાય છે કે જ્યારે વીસમી શતાબ્દીના ત્રીજા દશકના ઉતરાર્ધમાં ભયંકર મંદીનો દોર આવ્યો ત્યારે અમેરિકામાં બે નવા પ્રકારના રોગ ઉત્પન્ન થઈ ગયા હતાઃ 'ફિયરેન્ઝા' અને 'વરીઅઈટીસ' જે ભય અને ચિન્તા (ફિયર અને વરી) શબ્દોથી બનાવવામાં આવ્યા હતા. લોકો કાયમ એ જ કલ્પિત રોગો અને ચિન્તાથી ગ્રસિત રહેતા હતા. સાધનોના અભાવ સિવાય ચિન્તા કરવા માટે તેઓ પાસે કોઈ વિકલ્પ જ રહ્યો નહોતો. યાદ રાખો જો ચિન્તાનો અગ્નિ એક વાર સળગવાનો શરૂ થયો તો પછી એ ચિતાના ઠંડા થવા સાથે જ ઠંડો થાય છે. એનાથી જેટલી જલ્દી મુક્તિ મળે એટલું વધારે સારૂં. એનાથી મુક્ત થવાનો સરળ ઉપાય છે નિર્ણય લેવો. તમે અનિર્ણયની સ્થિતિમાંથી જેટલું બને તેટલું જલ્દી મુક્ત થશો એટલી જલ્દી ચિન્તાથી પણ મુક્તિ મેળવી લેશો. કાયમ હકારાત્મક વિચારો રાખો અને એવું વિચારો કે જેણે અત્યાર સુધી સમસ્યાઓનું સમાધાન કર્યું છે આગળ પણ તે જ કરાવશે. જો ઈશ્વરને મંજુર ન હોત તો શું આજે તમે જીવંત કે સ્વસ્થ રહી શકત? જ્યારે જીવનમાં તમારે આધીન કશું પણ નથી તો શા માટે સદાય ઊંધું વિચારવામાં આવે? એવું શા માટે વિચારવામાં આવે કે હું કાલે માંદો પડીશ કે અકસ્માતનો ભોગ બનીશ જઈશ. એવું કેમ વિચારી ન શકાય કે કાલે મને એક કરોડની લૉટરી લાગશે કે લોકો મારૂ સન્માન કરશે! આવું વિચારવું ધીમે ધીમે તમારા અચેતનમાં વિશ્વાસ ભરવા લાગશે કે જે સૌથી વધારે સારૂં છે એ હજુ બન્યું નથી અને થવાનું જ છે. પોતાના મગજને નિયંત્રિત કરતાં શીખી જાઓ અને જીવનને જીવનની રીતે જીવો, મૃત્યુની જેમ નહી. જ્યાં સુધી તમે તમારા વિચારો ઉપર કાબુ નહી મેળવો, એનું વારંવાર ઊંધી દીશામાં જવું, તમારા અચેતનને વધારે વિકૃત કરી દેશે અને પછી તમે ચિન્તાના એ યંત્રણા ચક્રમાંથી કદીયે બહાર આવી નહી શકો. તમારૂં ભવિષ્ય તમારા કૃત્યોમાં બંધ છે અને કૃત્યોના સંચાલક તમારા પોતાના વિચારો છે. પોતાના પર વિશ્વાસ રાખી આગળ વધો અને ચિન્તાની આગને પોતાના

કૃત્યોના ગંગાજળ વતી શાંત કરો. પરિસ્થિતિ તમારે અનુરૂપ ત્યારે જ ફેરવાશે જ્યારે તમે અને ફેરવવા માંગશો.

નકારાત્મક ભાવોના પ્રભાવમાં આવવાની નબળાઈ: શેતાનનું ઘર

આ નબળાઈ પહેલા વર્ણવામાં આવેલ ભયો કરતા વધારે ખતરનાક છે. જો આવી નબળાઈ તમારામાં આવી ગઈ છે તો સફળ બનવાની સંભાવનાને ભૂલી જ જાઓ. આ ભય નહી બલ્કે ભયથી વધારે ભયાનક એક નકારાત્મક ખામી છે, જે વ્યકિતત્વમાં એટલે ઊંડે પેસે છે કે એને ઓળખવી અસંભવ થઈ જાય છે.

નકારાત્મક ભાવોને માનસમાં ભરનારા તમારી આજુ બાજુ બહુ મોટી સંખ્યામાં રહેતા હોય છે, તેઓ પ્રત્યેક ડગલે ને પગલે તમને 'અપનાવી' તમને નિરંતર હતોત્સાહિત કરતા રહેશે. તમારી કોઈ પણ યોજનામાં તેઓ એટલી બધી ત્રુટીઓ કાઢી દેશે કે તમે તમારી નિષ્ફળતા અંગે પૂર્ણ રીતે આશ્વસ્ત થઈ જશો.

જેઓ જીવનમાં સફળ બન્યા છે, અખૂટ ધન મેળવ્યું છે તેઓ કાયમ તેઓથી બચતા રહ્યા છે. શું એડીસન કે શું ફોર્ડને તેઓને શું તેઓને સહેવા પડયા નહોતા. શું અંગ્રેજીના પ્રસિદ્ધ કવિ શૈલી આવા જ નકારાત્મક ભાવોને કારણે આત્મહત્યા કરવા સુધી પહોંચી ગયા નહોતા? તમે સંસારના કોઈ પણ મહાન વ્યક્તિનું જીવન ચરિત્ર વાંચો, તમને ખબર હશે કે તેઓનો કેટલો વિરોધ અને નકારાત્મક પ્રભાવ વહન કરવો પડે છે. તમે નિશ્ચિંત ભાવથી પોતાની પ્રકૃતિ ઉપર વિચાર કરો- શું તમારી અંદર પણ એવા જીવાણું તો નથી ને? જો છે તો એનાથી મુક્ત થવા માટે નિમ્નલિખિત ઉપાયો ઉપર ગંભીરતાથી વિચાર કરો.

કઈ રીતે મેળવવી, આ શેતાનથી મુક્તિ?

૧. પોતાની ઈચ્છાશક્તિમાં ઊંડતા લાવો. દરેક વાત યથાવત્ સ્વીકારવાની પ્રવૃત્તિથી મુક્તિ મેળવો. પોતાની ઈચ્છાશક્તિની વાંરવાર કસોટી કરો. ઉદાહરણાર્થે જો તમે નક્કી કર્યું રોજ ઓછામાં ઓછા દસ પાનાનું લેખન કરશો, તો તમે એના માટે પ્રયત્ન કરશો- ભલે કેટલીય અડચણો કેમ ન આવે. વ્રત કરવું, અમૂક સીમા સુધી જીદ્દી બનવું એના માટે જરૂરી છે. જો તમારા રોજીંદા જીવન પોતાના વ્યાયામ માટે અર્ધો કલાક નિશ્ચિત રાખ્યો છે તો ગમે ત્યાં જાઓ, ગમે તેટલી ઝંઝટો થાય, પોતાની દિનચર્યા જરૂરથી પૂરી કરો. આવા જ કોઈ પણ નિયમ નક્કી કરો અને એનો પૂર્ણ રીતે અમલ કરો. આવું કરવાથી તમે તમારી ઈચ્છા શકિતમાં ઊંડતા પ્રાપ્ત કરી શકશો.

૨. એનો સ્વીકાર કરવામાં કોઈ ખચકાટ હોવો જોઈએ નહી કે તમે પણ સામાન્ય માણસની જેમ આળસુ અને નકારાત્મક ભાવની પ્રભાવમાં આવનાર વ્યક્તિ છો. પહેલા પોતાની ખામીઓનો સ્વીકાર કરો. પછી એને દૂર કરવાનો પ્રયત્ન કરો.

૩. એ નકારાત્મક પ્રભાવની ઓળખ મેળવો જે તમારા અચેતનમાં સંતાઈને બેસી ગયો છે. આ સરળ નથી કારણ કે આ પ્રભાવ ખૂબ ઊંડે રહેતો હોય છે.એવા લોકોથી પીછો છોડાવો જે કાયમ નિષ્ફળતા અને હારના રોદણા રડ્યા કરતા હોય છે.

૪. પોતાની દવાઓની અભરાઈએથી બધી જ દવાઓ ઉતારીને ફેંકી દો, જે કોઈ ડૉક્ટરે સૂચવી નથી બલ્કે તમે તમારા આત્મ સંતોષ માટે એનું સેવન કર્યા કરો છો- જેમાં વિટામિનની ગોળીઓ અને ઊંઘની ગોળીઓની વિપુલતા હોય છે. જો તમને અનિદ્રાની ફરિયાદ રહે છે તો ડૉક્ટર પાસે એનો ઉપચાર કરાવો. જો તમને એવી શંકા છે કે તો તમારા શરીરને એટલું બધું થકવી નાંખો કે રાત્રે બિછાના પર પડતા વેંત નસકોરાં બોલાવા લાગે.

૫. એ લોકોનો સંગાથ કરો જેઓ સ્વસ્થ અને હકારાત્મક વિચારો ધરાવતા હોય, જેઓએ જીવનમાં કશું કરી દેખાડ્યું છે કે કરી દેખાડવાનું સાહસ ધરાવે છે.

૬. સમસ્યાઓને કદીયે આમંત્રણ ન આપો-એની ટેવ હોય છે કે તે તમને કદીયે નિરાશ કરતી નથી! જ્યારે ખરેખર સમસ્યા સામે આવીને ઉભી રહી જાય તો તેનો ઉકેલ શોધો.

૭. પોતાના ઉપર તથા પોતાના ઈશ્વર ઉપર ભરોસો રાખો! જો ઈશ્વર ન ઈચ્છત કે તમે જીવતા રહો તો કદાચ આજે તમે જીવતા હોત પણ નહી! જો તમે સ્વસ્થ શરીરની સાથે હયાત છો તો આકાશમાં કોઈ છે જે તમારી સુરક્ષા કરી રહ્યું છે.

૮. ભલેને એ તમારા ઘનિષ્ટતમ મિત્ર છે કે સગાંવ્હાલાં છે, નકારાત્મક વિચારો ધરાવનારાઓથી તત્કાળ પીછો છોડાવી લો

આત્મ -વિશ્લેષણની પરખ કરવા માટે થોડાક પ્રશ્નો

૧. શું તમને હંમેશા એવું લાગે છે કે ‘ કશુંય સારૂં લાગતું નથી?’ જો આવા વિચારો આવે છે તો એનું મૂળ કારણ જાણવાનો પ્રયત્ન કરો

૨. નાની અમથી વાતોમાં શું તમે બીજોઓની ખામીઓને પ્રકાશમાં લાવવામાં આનંદ મેળવો છો?

૩. શું તમે તમારા કાર્યમાં વારંવાર વ્યંગાત્મક કરો છો . જો એવું હોય તો કેમ એવું થાય છે. ભૂલોને તરત જ સુધારી લો.

૪. શું તમે ચર્ચા વખતે વધારે આક્રમક કે વ્યંગાત્મક બની જાઓ છો?

૫. શું તમે કોઈ ખાસ વ્યક્તિથી જાણી જોઈને દૂર રહો છો? આવું છે તો શા માટે?

૬. શું તમને હંમેશાં કબજિયાતની તકલીફ હેરાન કરે છે? એનું કારણ પરેજી ન પાળવાનું છે કે બીજું કઇંક?

૭. શું હંમેશાં તમને જીવન નિરર્થક અને ભવિષ્ય આશાવિહીન લાગે છે?

૮. શું તમને તમારો વ્યવસાય ગમે છે પસંદ છે? જો નથી તો ક્યા કારણોસર?

૯. શું તમે કાયમ પોતાની દયા ખાઓ છો?

૧૦. તમારાથી આગળ વધી જનારા પ્રત્યે શું તમે ઈર્ષા ભાવ અનુભવો છો?

૧૧. કોના વિશે તમે વધારે વિચાર્યા કરો છો : સફળતા કે નિષ્ફળતા?

૧૨. ઉંમરની સાથે શું તમારો આત્મ-વિશ્વાસ વધી રહ્યો છે ઘટી રહ્યો છે?

૧૩. શું તમે તમારી ભૂલોમાંથી પાઠ શીખો છો?

૧૪. શું તમે તમારા કોઈ પરીચિત કે સંબંધીઓને તમને ચિંતાગ્રસ્ત કરવાની છૂટ આપો છો? તો શા માટે?

૧૫. શું તમે ક્યારેક ક્યારે પોતાને(આનંદ/ખુશીનાના માર્યા)આકાશમાં વિહરતા અનુભવી શકો છો?

૧૬. તમારા પર સૌથી વધારે કોનો પ્રભાવ રહ્યો છે અને કેમ?

૧૭. તમે જે નકારાત્મક કે હતોત્સાહિત કરી દેનારા પ્રભાવોથી બચી શકો છો કારણ કે તમે એને સહન કરતા રહો છો?

૧૮. શું તમે તમારા દેખભાળથી બેદરકાર રહો છો- તો ક્યારે ક્યારે એવું થાય છે અને શા માટે?

૧૯. શું તમને તમારા પ્રશ્નો કોઈના દ્વારા ખતમ કરવા કે ભૂલી જવાનું આવડે છે? અર્થાત્ કોઈ એવું માધ્યમ છે જેમાં તમે પોતાને ભૂલી જઈને સમસ્યા પ્રત્યે વિમુખ થઈ જાઓછો.

૨૦. જો બીજાને તમારા વિશે નિર્ણય લેવાની છૂટ તમે આપો છો તો તમે પોતાને માટીના માધો સમજવા માટે તૈયાર છો?

૨૧. જ્યાં સુધી તમારૂં સ્વ તમને ઉન્માદી, ચીડિયલ અને વાતવાતમાં ઉશ્કેરાઈ જવાનો સ્વભાવવાળા બનાવી ન દે ત્યાં સુધી તમે પોતાના મનને ધોઈને શુદ્ધ કરવાનો પ્રયત્ન પણ કરતા નથી!

૨૨. જે અડચણો કે ગરબડોથી તમે બચી શકો છો એને પણ તમે સહી લો છો:શું તમને ગુસ્સો (સ્વયં ઉપર)નથી આવતો?

૨૩. શું તમે જુદા જુદા માદક દ્રવ્યોનો સહારો લઈ પોતાનું દુખ ઓછું કરવાનો પ્રયત્ન કરો છો? શું તમે તમારી માત્ર ઈચ્છાશક્તિના આધારે પોતાનું દુખ દૂર કરવાનો પ્રયત્ન કેમ કરતા નથી?

૨૪. શું કોઈ તમારી પાછળ પડેલું રહે છે? ક્યા કારણોને લઈને?

૨૫. શું જીવનમાં તમારો કોઈ મોટો અને સ્પષ્ટ ધ્યેય-ઉદ્દેશ્ય છે? જો એવું છે તો એ શું છે કે જેને તમે તેને કઈ રીતે મેળવવા ઈચ્છો છો? તમારી યોજના શું છે?

૨૬. શું દર્શાવેલા છ ભયોમાંથી તમે કશાથી પણ ભયભીત છો? જો હા તો ક્યા ક્યા?

૨૭. શું તમારી પાસે કોઈ સુરક્ષાનું સાધન છે જેના દ્વારા તમે બીજા દ્વારા પ્રદત્ત નકારાત્મક પ્રભાવથી પોતાને બચાવી શકો છો?

૨૮. શું તમે ક્યારેય સ્વતઃપ્રેરણાના દ્વારા પોતાના મગજના વિચારોને હકારાત્મક રાખવાનો પ્રયાસ કરો છો?

૨૯. શું તમે તમારો નિર્ણય બીજાના પ્રભાવમાં બદલી નાંખો છો?

૩૦. શું આજે તમે પોતાની જ્ઞાનવૃદ્ધિ કે વિચારશ્રૃંખલામાં કશું ખાસ પ્રાપ્ત કર્યું છે?

૩૧. શું તમે અપ્રિય પરિસ્થિતિઓથી ભાગવાનો પ્રયત્ન કરો છો અથવા એનો જવાબદારીપૂર્વક ઊંડતાથી સામનો કરો છો ?

૩૨. શું તમે તમારી ભૂલ કે અસફળતાઓથી કોઈ પાઠ શીખવાનો પ્રયત્ન કરો છો કે સમજો છો કે આ કામ તમારું નથી ?

૩૩. શું તમે તમારા ત્રણ સૌથી વધુ ઘાતક અવગુણ બતાવી શકો છો ? જો હા તો તમે એને દૂર કરવા માટે શું પ્રયત્ન કર્યો છે ?

૩૪. શું તે એવા લોકોને પ્રોત્સાહન આપો છો જેઓ પોતાની ચિંતાઓ તમને જણાવીને તમારાથી સહાનુભૂતિ મેળવવા ઈચ્છે છે ?

૩૫. શું હંમેશાં તમારી ઉપસ્થિતિ લોકો પર ઋણાત્મક અસર જ નાંખે છે ?

૩૬. લોકોની કઈ ટેવોથી તમે સૌથી વધારે ચીડાઓ છો ?

૩૭. શું તમે તમારો સ્પષ્ટ અભિપ્રાય રાખો છો કે બીજાઓને એમાં પરિવર્તનની છૂટ આપો છો ?

૪૦. શું તમે તમારી એવી સ્થિતિ બનાવી શકો છો કે ઋણાત્મક પ્રભાવ તમને અડી જ ના શકે ?

૪૧. શું પોતાના વ્યવસાયથી તમને વિશ્વાસ અને આશાની પ્રેરણા પ્રાપ્ત થાય છે ?

૪૨. શું તમારી પાસે એટલા બળશાળી આધ્યાત્મિક ચેતના છે કે તમે દરેક પ્રકારના ભયોથી પોતાના મગજને મુક્ત રાખી શકો ?

૪૩. શું તમારી ધાર્મિક માન્યતા તમારા મગજને ધનાત્મક રાખવામાં મદદ કરે છે ?

૪૪. શું તમે લોકોની ચિંતાઓને વહેંચવી પોતાનું કર્તવ્ય સમજો છો ? જો એવું છે તો શા માટે ?

૪૫. શું તમે સંગતિની અસરના સિદ્ધાંતના કાયલ છો ? તો તમે તમારા મિત્રો પાસેથી શું મેળવ્યું ?

૪૬. શું તમે તમારી સંગતિ અને પોતાના દ્વારા અનુભૂત દુખોમાં કોઈ સૂત્રને જોડાયેલું સમજો છો ? એટલે કે શું તમારી સંગતિ તમને વધારે દુખ આપે છે ?

૪૭. શું તમારો કોઈ નજીકનો મિત્ર તમારા ઉપર ઋણાત્મક અસર છોડવાને કારણે દુશ્મન જેવો પ્રતીત થાય છે, કે થયો છે ?

૪૮. તમારી પાસે શું સાબિતી છે, એ નક્કી કરવા માટે કે ખરેખર કોણ તમારો સહાયક છે અને કોણ કામ બગાડવાવાળો ?

૪૯. શું તમારું ઘનિષ્ઠ મિત્રગણ તમારાથી માનસિક રૂપથી વધારે વિકસિત છે કે અવિકસિત ?

૫૦. પોતાના ૨૪ કલાકોમાં કેટલો સમય તમે નિમ્નલિખિત કામ કે ગતિવિધિમાં વિતાવો છો :

(૧) તમારો વ્યવસાય

(૨) નિદ્રા

(૩) રમત-ગમત અને આરામ/મનોરંજનમાં

(૪) ઉપયોગી જ્ઞાન પ્રાપ્ત કરવામાં

(૫) બિલ્કુલ સમયની બરબાદીમાં

૫૧. તમારી ઓળખાણવાળા લોકોમાં કોણ તમને :

(૧) પ્રોત્સાહિત કરે છે,

(૨) તમને સાવધાન કરે છે,

(૩) નિરુત્સાહિત કરે છે,

(૪) દરેક પ્રકારથી તમારી મદદ માટે તત્પર રહે છે?

૫૨. તમારી સૌથી મોટી ચિંતા શું છે ? શું કારણ છે કે તમારા દ્વારા આને સહન કરવાનું ?

૫૩. જ્યારે લોકો તમને વણમાંગી સલાહ આપતા રહે છે તો તમે એને ચૂપચાપ સ્વીકાર કરી લો છો કે એમના ઉદ્દેશ્યને વિશ્લેષિત કરવાનો પ્રયત્ન પણ કરો છો?

૫૪. તમારી સૌથી વધારે અદમ્ય ઈચ્છા કઈ છે, કે તમે અત્યારે એને નક્કી કરી રહ્યાં છો ?

૫૫. શું આ ઈચ્છા તમારી દરેક કામના કે ચાહની ઉપર છે ? એટલે કે એના માટે તમે કંઈ પણ કરવા તૈયાર છો ?

૫૬. તમે એને પ્રાપ્ત કરવા માટે રોજ શું પ્રયત્ન કરો છો ?

૫૭. શું તમે તમારો અભિપ્રાય જલ્દી-જલ્દી બદલતાં રહો

છો. જો એવું છે તો એનું શું કારણ છે ?

૫૮. શું તમે કોઈ કામ અધૂરું નથી છોડતા ? જેને પ્રારંભ કરી દીધું એને પુરું કરો જ છો ?

૫૯. શું તમે બીજાઓની વ્યાપારિક કે વ્યવસાયિક પ્રતિષ્ઠા, શૈક્ષણિક ડિગ્રી કે ધન- સંપત્તિના પ્રભાવમાં જલ્દીથી આવી જાઓ છો ?

૬૦. શું તમે કોઈની સામાજિક કે વ્યાપારિક પ્રતિષ્ઠાને કારણે એની ચાપલૂસી કરવાથી નથી અચકાતા?

૬૧. તમારા પ્રમાણે આજે જીવિત સૌથી મહાન વ્યક્તિ કોણ છે ? એ કયા અર્થમાં તમારાથી શ્રેષ્ઠ છે ?

તમે આ પ્રશ્નોને વાંચવા અને જવાબ આપવામાં કેટલો સમય વ્યતીત કરો છો. (ઓછામાં ઓછું એક દિવસ તો જોઈએ તેનું વિશ્લેષણ કરી પ્રામાણિકતાથી એનો જવાબ આપવા માટે)

જો તમે આ પ્રશ્નોના પૂર્ણ પ્રામાણિકતાથી ઉત્તર આપી દીધા છે તો તમારે તમારા વિશે બીજા કોઈ વ્યક્તિથી વધારે સારી રીતે જાણો છો. એ પ્રશ્નોને વારંવાર વાંચતા રહો અને એના ઉત્તર પ્રામાણિકતાથી ચકાસતા રહો. થોડા મહીના પછી તમે પોતે આશ્ચર્યચકિત થઈ જશો, આ વધારાના જ્ઞાનને પ્રાપ્ત કરીને તમે તમારા વિશે જે જવાબો પ્રાપ્ત કર્યા છે. જો કેટલાક પ્રશ્નો એવા છે કે જેનો ઉત્તર તમે આપી શકતા નથી તો તમારા ઘનિષ્ટ મિત્રો દ્વારા એનો ઉત્તર પ્રાપ્ત કરવામાં મદદ મેળવી શકો છો-ખાસ કરીને તેઓ પાસેથી જેઓ તમારી ખોટી ખુશામત/વખાણ (ચમચાગીરી)થી કશું પણ મેળવી શકવાના નથી. આ અનુભવ તમારા માટે ખરેખર ચમત્કારિક સાબિત થશે.

યાદ રાખો કે તમે ફક્ત એક જ વસ્તુ પર જ તમારૂં પૂરેપૂરૂં નિયંત્રણ ધરાવી શકો છો-તમારા પોતાના વિચારો ઉપર. આ સત્ય માનવીને સર્વાધીક પ્રેરણા પ્રાપ્ત કરવામાં સહાયભૂત બને છે અને માણસમાં રહેલી દિવ્ય-ચેતનાની અનુભૂતિ કરાવે છે. કારણ કે આ સગવડ ફક્ત માનવ-મગજની સાથે જ સંભવ બની શકે છે. ભલે તમે તમારી સ્થાવર/જંગમ મિલ્કત (ધન-સંપત્તિ) વિખરાયેલી પડી રહેવા દો. પરંતુ તમે તમારા વિચારોને વ્યવસ્થિત કરવાનું શીખો. આ દૈવી અધિકાર માત્ર મનુષ્યને જ મળેલો છે જેના દ્વારા તે પોતાની નિયતિ ઉપર કાબુ મેળવી શકે છે. જો તમે તમારા મગજ ઉપર નિયંત્રણ પ્રાપ્ત કરી શકતા નથી તો તમે બીજા કશા ઉપર નિયંત્રણ મેળવી શકશો નહી. એના માટે જ તમને ઈચ્છા-શક્તિ નામની એક વિશિષ્ટ ભેટ ઈશ્વરે પ્રદાન કરી છે.

કમનસીબે જે લોકો જાણી જોઈને કે અજાણતા, બીજાના મગજમાં વિષ ભરે છે તેઓની વિરૂદ્ધ કોઈ પણ સંવિધાન કે કોઈ કાયદામાં વ્યવસ્થા કરવામાં આવી નથી. ખરેખર તો આવા લોકોની વિરૂદ્ધ કડક કાયદો હોવો જોઈએ. તેઓ એક કે બે નહી સમગ્ર પેઢીને બગાડી શકે છે કે ચિત્તભ્રમ કરી શકે છે. આ જ નકારાત્મક મગજવાળા લોકો એડીસન પાસે ગયા હતા એવું કહેવા માટે કે માનવ-ધ્વનિને બનાવનારા મશીન (ગ્રામોફોન)ની શોધ તેઓ ક્યારેય કરી શકશે નહી કારણ કે કોઈ પણ આવું કરી શક્યું નથી.પરંતુ એડીસને તેઓને તગેડી મૂકીને પોતાનું સ્વપ્ન સાકાર કરી લીધું. (આવા જ લોકોએ જ્યોર્જ વૉશિંગ્ટન કે ગાંધીને કહ્યું હતું કે તે લોકો બ્રિટિશ સામ્રાજ્યની સામે ટકી શકશે નહી. જયારે ફોર્ડે પોતાનું પ્રથમ અટપટું મોટરકારનું મૉડલ બનાવ્યું ત્યારે મોટા ભાગના લોકોનું મંતવ્ય હતું કે "આ ચાલી શકશે નહી!" એના ઉત્તરમાં ફોર્ડનો દાવો હતો, "એક દિવસ આખીય દુનિયામાં આ સવારી દોડતી હશે" અને તેમની વાત સત્ય સાબીત થઈ.

આ લોકો શા માટે સફળ બન્યા? કારણ કે તેઓને પોતાના ઉપર સ્વયં ઉપર વિશ્વાસ હતો અને પોતાના મગજ ઉપર પૂરેપૂરૂં નિયંત્રણ. આ જ તફાવત સફળતા અને નિષ્ફળતાની વચ્ચે રહેતો હોય છે. મગજ ઉપર નિયંત્રણ આત્મ વિશ્વાસ અને

ટેવથી સુઊંડ થાય છે. સીધી વાત છે : કાં તો તમે તમારા મગજ ઉપર નિયંત્રણ કરો નહી તો તમે તેના નિયંત્રણમાં આવી જશો. એને નિયંત્રિત કરવાનો એક સીધો સાદો સિદ્ધાંત છે —એને એક વિશિષ્ટ યોજના અંતર્ગત જેનાથી તમે તમારું મનોવાંછિત પરિણામ/ફળ પ્રાપ્ત કરી શકો એમાં સદા વ્યસ્ત રાખો. એ નિયંત્રણ વગર તમે કશું પણ તમારું મનગમતું આજકાલ કરી શકશો, નહીતર તમારી પાસે ઉપલબ્ધ એક શક્તિશાળી હથિયારને પણ તમે બુઠ્ઠું કરી નાંખશો.

આવા લોકો બહાના કાઢવાનું જાણાતા નથી. તેઓ જાણે છે કે દુનિયા બહાનાઓ પર વિશ્વાસ કરતી નથી-એને તો નક્કર ઉપલબ્ધિ જોઈએ. મોટા ભાગના લોકો જેઓ સફળ બનતા નથી, એવા એવા બહાનાઓ બતાવે છે કે સાંભળનારને એની પ્રત્યે સહાનુભૂતિ થવા લાગે. પરંતુ બહાના અને સહાનુભૂતિથી શું પ્રાપ્ત થાય?'મનનું ધન(સમાધાન)'ભલે કરી લેવામાં આવે, પણ કઠોર વાસ્તવિકતા તો તમારી સામે મ્હોં ફાડીને ઉભી રહેશે-તમે નિષ્ફળ રહ્યા-તમે યુદ્ધમાં હારી ગયા.

એક માનવ ચરિત્ર વિશેષજ્ઞે આવા બહાનાઓની એ યાદી તૈયાર કરી છે જે મોટાભાગના લોકો પોતાની નિષ્ફળતાના કારણો દર્શાવવા ઘડી કાઢે છે(જો કે તેઓ જાણતા હોય છે કે આ સાચું નથી)તમે તેમાંથી જેટલા ઓછા કરી શકો કે કાપી નાંખી શકો એટલી જ તમારી સફળતાની સંભાવનાઓ વધતી જશે. અને જેટલા બહાના તમે એમાં ઉમેરશો એટલી સંભાવના ઘટતી જશે.

સત્તાવન સામાન્ય બહાનાઓ

૧. શું કરું... બાળ-બચ્ચા. પરિવારને કારણે...

૨. કાશ મારો પણ ક્યાંક છેડો અડતો હોત

૩. કાશ થોડુંક એ પ્રમાણે થાત તો....

૪. મારું ભણતર વ્યવસ્થિત ન થઈ શક્યું...

૫. નોકરી ના મળી શકી...

૬. કદાચ, મારું સ્વાસ્થ્ય સારું હોત...

૭. સમય જ ના મળ્યો...

૮. દિવસો જ કંઈક ગડબડવાળા ચાલી રહ્યાં હતા...

૯. કાશ, લોકો મને સમજી શકતાં...

૧૦. કાશ, મારી પરિસ્થિતિ ઉત્તમ હોત...

૧૧. જો મને ફરીથી આ જીવન જીવવાની તક મળે...

૧૨. જો મને લોકોની વાતોનો ડર ના હોત....

૧૩. કાશ, મને સાચી તક મળી હોત...

૧૪. જો હવે તક મળે તો...

૧૫. જો કોઈ રુકાવટ ના આવી હોત...

૧૬. કદાચ, મારી ઉંમર થોડી ઓછી હોત...

૧૭. કદાચ, હું સાંધન-સંપન્ન હોત...

૧૮. કદાચ, મને સાચા લોકો મળ્યાં હોત..

૧૯. કદાચ મારામાં પ્રતિભા હોત...

૨૦. જો મેં મારા મનના કહેવાનું સાહસ કર્યું હોત...

૨૧. જો લોકોએ મને પરેશાન ના કર્યો હોત...

૨૨. કદાચ, મારા બૉસ મને સમજી શકતા...

૨૩. કદાચ હું મોટા શહેરમાં મોટો થયો હોત...

૨૪. કદાચ, હું એટલો જાડો ના હોત...

૨૫. કદાચ, મારા પર દેવાનો ભાર ન હોત...

૨૮. જો મારો પરિવાર એટલો ફિઝૂલ ખર્ચ ના હોત...

૨૯. જો ભાગ્ય મારી વિરુદ્ધ ના હોત...

૩૦. કદાચ, મારા ગ્રહો સાચા હોત...

૩૧. કદાચ આ મારી પ્રકૃતિ જ ના હોત...

૩૨. કદાચ હું નુકસાન ન ખાતો...

૩૩. કદાચ મારું વિગતે ઉઠવું દૂષિત ન હોતું...

૩૪. જો લોકોએ મારી વાત સાંભળી હોત...

આ બધા ઉપરાંત સૌથી મોટું બહાનું હોય છે : " જો મારી પાસે બતાવવા માટે સાહસ હોત કે હું શું કરી શકું છું...

તો હું જરૂર સફળ થતો !

એ ઠીક છે કે એમાંથી ઘણાં બહાના યોગ્ય પણ લાગી શકે છે પણ સત્ય એ છે કે સફળતા અને અસફળતાનું મૂળ કારણ 'આપણે પોતે જ હોઈએ છીએ, દુનિયા નહી !'

આ પ્રકારની બહાનેબાજી કરવાનું આપણા દેશમાં જૂનું ચલણ છે અને એ પ્રકારના લોકો પોતાની અસફળતાનું કારણ બતાવીને ખુદને નકારી દે છે. જો તમારી અંદર અસફળતાની ઊંડી ઠેસ છુપાયેલી છે તો એના પર મલમ ન લગાવો, એને કણસવા દો. ત્યારે જ તમે સફળ થઈ શકશો. જો પોતાની અસફળતાનુ કોઈ 'ઉચિત' કારણ શોધીને બેસી જાય છે, તેઓ એના દૂર કરવાનો આગળ પ્રયત્ન જ છોડી દે છે. આથી પ્રસિદ્ધ ગ્રીક દાર્શનિક પ્લેટોની ઉક્તિ છે : 'સૌથી મોટો વિજય ખુદ પર વિજય પ્રાપ્ત કરવો અને સૌથી શર્મનાક હાર પણ ખુદથી જ હાર માની જવી છે.'

અંતમાં હું એ જ કહીને પોતાની વાત પૂરી કરીશ કે, ''જીવન એક શતરંજની રમત છે જેમાં તમારો વિરોધી સમય છે. જો યોગ્ય સમયે ચાલ સાચા ખાનામાં ના ચાલ્યા તો સમય તમને હરાવી દેશે. આ એક એવો વિરોધી છે જે તમારા અનિર્ણયથી સૌથી વધારે લાભાન્વિત થાય છે. ''

યાદ રાખો, સફળતાની માસ્ટર કી (ચાવી)છે તમારા મનમાં અદમ્ય ઈચ્છા હોવી. ફક્ત એમ જ ઈચ્છા કરવાથી કશું નથી મળવાનું. જો કરોડપતિ / અબજપતિ બનવા ઈચ્છો છો તો આ ઈચ્છાને તમારા અવચેતન સુધી ઉંડી રીતે ઘૂસવા દો...

ત્યારે જ સ્વતઃપ્રેરણા તમને રસ્તો બતાવશે અને તમે ઊંડતાથી પોતાના સપના સાકાર કરી શકશો.

